૩૧૫૮

પારસી મરત્યુક

ઇયાને

મુંબઈમાં ઈંગ્રેજી તથા ગુજરાતી વર્તમાંન પત્રોનો પાયો નખાયો
ત્યારથી તે ઇ૦ સ૦ ૧૮૬૦ સુધીનાં વરસોમાં થયલાં જાણીતા
પારસીઓનાં મરત્યુકોની તેમાં આવેલી નોધોનો સંગ્રહ,

કરનાર

બહમનજી બેહરાંમજી પટેલ,

તે "પારસી પ્રકાશ" ના કર્તા.

મુંબઈ,

દફતર આશકારા છાપાખાંના મધે,
રૂસતમજી નવરોજજી ખંબાતાએ છાપયું છે.
કોટ :—કાવસજી પટેલ સ્ટ્રીટ, ના૦ ૮૭.

સને ૧૨૫૬ યજદજરદી,
સને ૧૮૮૭ ઇસવી.

OBITUARY NOTICES OF PARSEES.

Republished from English and Gujarati Newspapers down to the year 1860

BY

BOMANJEE BYRAMJEE PATELL

Compiler, "Parsee Prakash."

BOMBAY

PRINTED AT THE DUFTUR ASHKARA PRESS, FORT.

1887 A.C.—1256 A.Y.

ઇશ્વી અને ૧૮૬૭ નાં ૨૫ માં કાએદા પ્રમાણે સરકારમાં નોંધાવેલું.

REGISTERED UNDER ACT XXV. OF 1867.

દીબાચો.

દુનીઆં કાંઇ આપણાજ જમાના માટે સરજેલી નથી. કંઇ કાંઇ થઇ ગયાછે અને કંઇ કાંઇ થાએછે. જેઓ આગલા જમાનાઓમાં સારાં કામ કરી તે જમાનાઓમાં વાખવાખી મેલવતા હતા તેઓનો મોટો ભાગ જેમ આજે વીસરાઇ ગયોછે તેમ આપણેબી આપણો વખત પુરો કરીને હવેપછીના જમાનાને આપણી જગા ઉપર દુનીઆંની સુકી લીલી ચાખવા મેલી વીસરાઇ જઇશું. એ પ્રમાણે આ બોહલી જાવેદાંનની દુનીઆં તેનાં ફરતાં ચકર સાથે સદા નીભી રહીછે, તોપણ માનવી અને બીજી દરેક ચીજના બાબમાં તે નાપાએદાર છે. વખતનો મસતાંન દેવ પોતાનાં ચલકતી ધારવાલાં દાતરડાંની રૂહે "ફના" નું કામ ચલાવ્યો જાયછે, અને કોઇ પણ માણસ ઇયા વસ્તુને ઠર પડવા દેતો નથી, તોપણ છાપાની શોધ કરનારનાં રૂહને હજારો હજાર દરૂદ હોજો કે એ શોધે કેટલીક આગલા જમાનાઓની અગતની નોધો જાલવી રાખવાની આપણને ટક આપીછે. આ પુસ્તક પણ એજ શોધને આભારી છે.

"પારસી પ્રકાશ" નું પુસ્તક રચવાના સંબંધમાં જે સંખીઆબંદ જુનાં વર્તમાન પત્રો અમારા વાંચવામાં આવ્યાં તે મધે આપણી કોમના આગલા વડવાઓનાં મરણ વખતે જેબી રૂદન, ખેદ, અથવા દલગીરીની નોધ લેવાઇ હતી તેના ઉતારા કરી તેઓના નબીરાઓ હજુર આ પુસ્તકમાં મેલયાછે. અલબતાં દુનીઆંઇ ખવાસ છેક અસલના વારાથી ચાલતો આવ્યોછે કે પોતાંના વડવાઓ માટે સદા મગરૂર રેહવું, તેમ આએ પુસ્તકમાં આપેલા ઉતારાઓથી હમારા ઘણાક હમદીન ભાઇઓને પોતાના વડીલો વિષે સંતોષ ભરી મગરૂરી ઉપજ્યા વગર રેહશે નહી. પોતાના વડવાઓએ બજાવેલાં કામો તથા પાંથરેલી ભલમણુશાઇની તે વખતના લોકોએ કરેલી હેવી પીછાંન ઉપરથી તેઓનાં નબીરાઓને પણ હમણાં તેવેજ પગલે ચાલવાની ઉલટ થાય તો તે કાંઇ જેવો તેવો ફાએદો નથી—પણ હું ફીલસુફી ઉપર જાઉંછું, કે જે કાંઇ આ દીબાચામાં મારૂં કામ નથી.

આ પુસ્તકમાં ઉતારો કરેલાં મરત્યુકો નીચલાં વર્તમાન પત્રોની ફાઇલોમાંથી લીધેલાંછે. એમાં કેટલાંક ગુજરાતી વર્તમાન પત્રોની ચોકસ વર્ષોની ફાઇલો અમોને ઘણીક કોશેશો કરતાં તથા પુરતી રીતે જાહેર ખબરો આપતાં પણ મલી શકી નથી, કે જે જો મલી આવતે તો આ સંગ્રહ અલબતાં સંપુરણ કેહવાતે.

બોમ્બે કુરીઅર, ૧૮૦૪ — ૧૦ — ૧૬ — ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦ — ૩૬ — ૪૦ — ૪૪, ૪૫.

બોમ્બે ગેઝેટ, ૧૮૨૫——૨૮——૩૦——૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧——૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૫૯, ૬૦.

કંતાંન રેજીસ્ટર, ૧૮૨૯.

બોમ્બે ટાઇમ્સ, ૧૮૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨——૫૫, ૫૬, ૫૭, ૫૮, ૫૯.

જેનટલમેનસ્ ગેઝેટ, ૧૮૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯.

ટેલીગ્રાફ એન્ડ કુરીઅર, ૧૮૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪——૫૬——૫૮, ૫૯, ૬૦.

મુંબઈ સમાચાર, ૧૮૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨——૫૭, ૫૮, ૫૯, ૬૦.

જામે જમશેદ, ૧૮૩૨, ૩૩——૩૬——૪૭——૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૫૯, ૬૦.

મુંબઈ ચાબુક, ૧૮૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯——૫૮, ૫૯.

રાસ્ત ગોફતાર, ૧૮૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૫૯, ૬૦.

આ પુસ્તક એકવાર વાંચી જોવાને અમો અમારા હમદીન ભાઇઓને ભલાંમણ કર્યે છિયે, કેમકે તે મધેથી આગલા વખતમાં થાઇ ગયલા જાણીતા પારસીઓની વીગત ઉપરાંત તે વખતનાં ગુજરાતી તથા ઈંગ્રેજી લખાંણોના નમુના, રૂઢી, અને વખતના આગલ વધવા સાથે થતા ફેરફારો માલમ પડી આવશે.

ઉપલાં મરત્યુકોના ઉતારા ઉપરાંત બીજી પારસીઓને લગતી ઘણીક બાબદોની નોધોના અમોએ સંગ્રહ કરેલાછે અને તે છપાવી પ્રગટ કરવાની દીલમાં ઉમેદ રાખીએ છીયે, લેકીન તે સંધાંનો આધાર અમારી જીંદેહગાંની તથા જોગવાઇઓ ઉપર છે.

બ. બે. પ.

સાંકળી ઉ

ગુજરાતી વર્તમાન પત્રોમાં આવેલાં મરત્યુકોનું.

ઈંગ્રેજી વર્તમાંન પત્રોમાં આવેલાં મરત્યુકોનું.

પારસી મરત્યુક

યાને

મુંબઈમાં ઈંગ્રેજી તથા ગુજરાતી વર્તમાંન પત્રોનો છાપો નખાયો ત્યારથી
તે ઈ૦ સ૦ ૧૮૬૦ સુધીનાં વરસોમાં થયલાં જાણીતા પારસીઓનાં
મરત્યુકોની તેમાં આવેલી નોધોનો સંગ્રહ.

OBITUARY NOTICES OF PARSEES.

Republished from English and Gujarati Newspapers down to the year 1860.

6th August 1799.

COWASJEE RUSTOMJEE PATELL.—6th August, at Bombay, Cowasjee Rustomjee Patel.

[*The Asiatic Annual Register, for the year* 1800. *p. p.* 101.]

3rd December 1802.

BYRAMJEE JAMSETJEE GAMADIA.—A few days since Byramjee Jamsetjee, a Parsee, who must have been well known to the inhabitants of Bombay as the owner of a shop in Hummum-street, committed the shocking act of suicide. The cause that could have driven him to this desperate alternative is not apparent. Upon an inspection into the state of his affairs, it is said that they are at least square with, if not before, the world. He bore a most excellent character for assiduity and honesty, and his appearance bespoke a steady and contented mind, till within a few days of the horrid catastrophe, when he was observed to have sunk into a state of despondency, from which every attempt to rouse him proved ineffectual. This melancholy continued till the evening preceding the fatal day, when having as usual secured his shop, and retired home, he was found the succeeding morning weltering in his own blood, having put an end to his existence by cutting his throat.

[*The Asiatic Annual Register, for the year* 1803. *p. p.* 48.]

12th May 1804.

LIMJEE BHICKAJEE PANDEY.—On Saturday last, Limjee Bhickajee, a respectable Parsee Merchant of this place.

[*Bombay Courier, 19th May.*]

13th August 1804.

DORABJEE RUSTOMJEE PATELL.—Last Sunday night, Dorabjee Rustomjee Patell, a respectable Parsee inhabitant of this place.

[*Bombay Courier, 18th August.*]

15th December 1804.

FRAMJEE MANECKJEE WADIA.—At Bombay, on the 15th ultimo, Framjee Maneckjee, master builder, in the honourable Company's marine yard, at Bombay; a man of very considerable talent in the line of his profes-

sion, added to a very amiable and obliging disposition.

[*The Asiatic Annual Register, for the year* 1805. *p.p.* 154.]

29*th June* 1810.

ARDASEER DADYSETT.—Died on Friday morning, the 29th inst. in the 55th year of his age, Ardaseer Dady, a highly respectable Parsee Merchant, of the first rank on this Island. He was distinguished among the wealthy and enterprizing Natives by a liberality of mind, that gained him the good will and esteem of the British inhabitants, and would have rendered him conspicuous in any Society. He was kind and charitable, and very many of the poor natives, loudly bewail the loss of their benefactor. The reflexion on these good qualities and the general regret of all classes, will be the best consolation which his family can receive on the present melancholy occasion.

[*Bombay Courier*, 30*th June*.]

29*th November* 1810.

MANCHERJEE CURSETJEE DESSOY.—At Nowsary in the neighbourhood of Surat, ou Thursday the 29th of November last, and at the advanced age of 88, Muncherjee Cursetjee Dessoy, a character well known to, and most deservedly respected by every European, who has visited that part of the country.

From a long and intimate intercourse with most of the servants of the Hon'ble Company, under this Presidency, he had imbibed a spirit of liberality, surpassed but by few of themselves—his hospitable home was hence ever open to the reception of the traveller, and every comfort that it yielded freely and spontaneously afforded. Descended from a head Dustoor of one of the ancient branches of Parsees, who first arrived in India, and landed at Nowsary Muncherjee continued until the hour of his disease to uphold unimpaired that respectability which his Forefathers bequeathed him. Through each successive generation, have they been employed in the same reputable capacity of Dessoy, during the Mogul Government, and afterwards under that of the Guikawar, in the service of the latter for 107 years for 35 of which Muncherjee himself officiated as such.

Under the Guikawar Government his faithful conduct was duly rewarded—and though he is now gone, a hope still lives, that a Government liberal and enlightened as that of the Hon'ble Company, will yet repay in the persons of his descendants, the eminent and acknowledged services he has, on most particular occasions, been the means of rendering to it.

He has left behind him a numerous family, consisting of 3 sons and 2 daughters, grand and great grand children, in all about 150.

[*Bombay Courier*, 15*th December*]

20*th August* 1816.

PESTONJEE BOMANJEE WADIA.—On the 21st instant, at half past two o'clock in the morning, Pestonjee Bomanjee, the well known and very respectable Parsee Merchant paid the great debt of nature, after having just completed his fifty-eight year.

He had, for some time, lingered under a very painful and depressing illness, which he bore with great fortitude, cheering his family and friends with the hopes of his recovery to the last. A few hours, however, before

his dissolution, he became sensible of the near approach of death; and in the full possession of his faculties, prepared his surrounding relatives for the awful separation that was about to take place, with a composure and resignation worthy of the most enlightened philosophy, exalted and refined by the most perfect reliance on the wisdom and goodness of God.

He addressed them with great affection, and with all that strength, clearness, and precision of language, for which he was held in so much estimation through life. He told them that he felt his hour was come, and that as such was the will of the high Providence that watched over them, he submitted himself to his gracious dispensations. That death was the last tribute to be paid in this world. The universal lot of human nature, and that as it must be paid sooner or later, when God determined the time, it is the duty of man to submit without future struggle, and to prepare himself for an event which he cannot delay. That as he felt all hopes of recovery were vain, he gave up, as far as man can be supposed to do, the very wish to live: and conjured his friends to imitate him in that resignation which was now his greatest comfort. He desired them to look back on the part he had so long played in life, that if they were satisfied he had conducted himself well, his memory would remain to them as a consolation after he was gone, and that instead of lamenting, they ought rather to give thanks to the Almighty for the prosperity with which he had been crowned, and for the powerful friends by whom he and they were supported both in India and in England. That, the same line of conduct which first obtained those blessings would preserve them; and that he had nothing left to wish for in this world but a long continuance of that prosperity, which God had been pleased to shew his family, before he took him to himself.

Such was the piety, such the resignation, and such the dignified morality of this dying believer in the religion of Zoroastrian. His loss has not been confined to his family and friends; It is felt by the natives of every description. His wealth and his knowledge gave him great power; and he was liberal of both without ostentation. From the earliest period of his life he was trained up in mercantile pursuits; and of all the Asiatics we have ever known he was eminently the best acquainted with our language, our customs and our laws. This enabled him to adjust many disputes among the rich, which might have involved them in ruin, and to relieve many of the poor from that pride of oppressian, which is so generally connected with the aristocracy of mere wealth. As the representative of successful industry, wealth indeed cannot be too much respected; but how many accomplishments and how many virtues are required to refine it into that respectability, which can only result from a proper use of the power which it bestows.

He was possessed of a very noble figure, an admirable address, and a copious flow of language. No man could possibly present himself in a more dignified or prepossessing manner; and the impression he made from such natural advantages, was uniformly supported by the resources

of a sound judgement, and a great variety and extent of information.

From the time his fortune first enabled him to lay out money on building even to his last illness he continued to beautify the town and Island of Bombay, with houses and gardens: and he may be truely said to have created that taste for an ornamental disposure of their wealth, by which the natives of this country have contributed so much to the comforts of the European population. The Gentlemen who have inhabited his numerous and stately houses will bear ample testimony to the liberality with which he uniformly met their whishes, and adopted their suggestions of improvement or even alteration: and the greater part of a very considerable fortune is actually vested in this manner.

The day before his death, we understand, he made and published his last Will and Testament, in which he displayed his usual good sense, and left his affairs in the most orderly arrangement. He adopted his eldest grandson Dadabhoy as his own son according to the custom of his nation: but left his very handsome fortune to be enjoyed equally by both his grandsons, the children of a beloved daughter, whose early loss he lamented as the greatest misfortune he had met with in life. She married Nowrojee, the eldest son of Jamsetjee Bomanjee our venerable naval architect, and Head of the Wadia family.—A family, which whether we consider them as British subjects, British merchants, or British architects, have largely contributed to the prosperity and strength of the British Empire in India.

[*Bombay Coeuirr*, 24*th August.*]

20*th December* 1819.

Nasserwanjee Cowasjee Petit.—On the 20th instant, Nasserwanjee Cowasjee Peeti, aged 50 years, lamented by all his Relations.

[*Bombay Courier, 25th December.*]

2*nd November* 1820.

Eduljee Cursetjee Baxter.—On Thursday the 2nd instant, Eduljee Cursetjee, a respectable Parsee merchant, who was for many years a partner in the firms of J. Baxter & Co., Baxter Ferrar & Co., and Ferrar & Eduljee. He was much respected during his life, and has left a large family and circle of friends to deplore his loss.

[*Bombay Courier. 4th November.*]

2*nd May* 1821.

Jeewajee Merwanjee Garden.—On Thursday morning after a few days indisposition, Jewajee Merwanjee, a respectable Parsee Inhabitant, many years Native Overseer of the Army clothing Department, an intelligent, zealous and most indefatigable public Servant.

[*Bombay Courier, 5th May.*]

31*st August* 1821.

Jamsetjee Bomanjee Wadia.—Our venerable and highly esteemed Master Builder Jamsetjee Bomanjee Wadia departed this life on Friday the 31st ultimo at half past 3 p. m. aged 67 years and 5 months, nearly 54 of which have been most zealously spent in the Hon'ble Company's service.

Jamsetjee Bomanjee was the first and indeed the only one who ever built a line of battle ship in India, although he had built a number of the largest class of Indiamen and several

of as large country ships; and so devoted has he been through the whole tenor of his smoothly gliding, though eventful life to the interest of his Honorable employers, that he endeavored to forego the honor of being the architect of line of battle ships from a disrelist to the expenditure of public money, till overcome by the repeated importunites of Admirals Rainier, Sir Thomas Trowbridge, Lord Exmouth and all their successors, he built that model for English men of war, the Minden of 74 Guns, which floated out of the Bombay Docks in the month of November 1810, since which period those magnificent Docks have not been unoccupied by a line of battle ship or Frigate building or repairing up to the present moment, when there is absolutely a prodigy in naval building upon the eye of being finished. The writer of these feebly constructed lines saw the stupendous fabric, but he did so with awe and admiration. It is upon Seppings's plan internally (knees excepted) transversely timbered and externally fastened in the usual manner, but the Ganges (for she is so called) will be a fortress; no the heaviest battering train can never penetrate her?

Jamsetjee Bomanjee seemed to feel no repose but when in the face of his duty, or happy but when in the Dock yard.

"Ezegit monumentum œre perrenius."

[*Bombay Courier, 8th September.*]

ઈ૦ શ૦ ૧૮૨૨.

• તા૦ ૨૯ મી સપટેમબર.
રોજ ૨૬ માહ ૧ (ક૦) ૧૧૯૨ યજદજરદી.

રતનજી બહુમનજી વાડીઆ—તા૦ ૨૯ મી સપટેમબરને દીને રાતનાં મુમબઈનો રેહવાશી પારશી નાંમે વાડીઆજી રતનજી બહમનજી આશરે ૫૭ વરશની ઉમરમો ૮ દાહાડાનાં માંદમો પાંશલગડના આજારથી ગુજરેઓછે. એ માંણશ ઘણુંજ ડાહીઉ અને શેઆંણું અને વીદેઆવાંન અને નમનતાઈ તથા માએઆ ભરેલું અને મીલનશાર હતું. અને એ શાહેબે શઘલો પોતાંનો જનમ શુખવાશીથી કાડેઓ હતો.

ગીઆં અકવાડીઆંનાં શમાચારમો વાડીઆજી રતનજી બહમનજીનાં ગુજરવાની ખબર મુખતેશર આપી હતી. કાંએજે વખત નહી પોંચેઓ હતો તેથી કરી હવે ફરીથી શરવે ચોકશ ખબર આપીછે.

તા૦ ૨૯ મી શપટમબર ગીઆ મહીનાંનીએ આતવારને દને પેહલી રાતનાં ૭ા કલાકને અમલે ૫૮ વરશની ઉમરમો ગુજરેઓ. એ શાહેબ ઘણું મોટું આદમી હતું અને હેનો શવભાવ ગણોજ શારો હતો. તેથી કરી હેની મોટાઈને ઘણી શોભા દેતો હતો. અને હેનાં જાંનપીછાંનવાલા જે લોકોને હેવાં માંણશોની કદર છે તે લોકો જીવશે તાંશુધી હેને ઈઆદ કરશે. અને એ શાહેબનાં મરવાથી હેનાં મોટાં નામીચા કબીલામો હેવોતો ગમ પેદા થાએઓછે જે કાંઈ બોલવામો આવતું નથી. અને એ શાહેબ ઘણો ડાએઓ અને વીદેઆવાંન અને સુધીવાંન અને શખાવત ભરેલો અને મીલનશાર અને નમનતાઈ ભરેલો તથા મીઠા શવભાવનો હતો. અને એ શાહેબમો એક ભાહરી ખુબી એ હતી જે હાવા શારા હાલ શાથે મનમો મગરૂરી અને મીજાજમો મોટાઈનો વાશ નહી હતો તેથી કરી ગરીબ તથા તવંગર શરવે શાથે મીલનશાર હતો. અને ગરીબ લોકોનું ધરમ ખાતે કાંમ ઘણું કરતો હતો. અને એ ધણીનો શવભાવ હેવોતો મીઠો હતો જે કધી પોતાંનાં જનમમો કોઈ કાંમ ઉપર મોટે શાદે બોલેઓ નથી. તેથી કરી હેવું માલમ પડેઅ જે એ

શાહેબ ઘણો માએઆવંત અને દએઆલુ હતો અને શરવો કાંમમો ઘણોજ શારતાબાજ હતો. અને પોતાંનાં મીતરો ઉપર હેવોતો મેહેરબાંન હતો જે તે લોકોથી કાંઇ લાભની આશા નહી રાખતો હતો. અને હેની ખાશીઅત એ હતી જે કોઇ દાહાડે હેનાં જાની દોશતદારોએ હેને ઘણી ખુશીથી ખુશી ભરેલો તથા ઘણી ગમાથી ગમી ભરેલો નથી જોએઓ એટલે જે શદા એ ઘણી ઓશમીજાજ હતો. અને શી મુમબઇની પારશીની અંનજુમનનો મરનાર વાડીઆજી જમશેદજી બહમનજી મોટો શેઠીઓ હતો તે શાહેબને ગુજરેઆ પછે તે શાહેબનો ભાઇ એ મરનાર રતનજી બહમનજીને શેઠાઇ મલી હતી તે શાહેબે ૧૩ મહીનાંથી વધુ નહી ભોગવી અને એ શાહેબને ગુજરેઆ પછે હમણાં મરનાર વાડીઆજી જમશેદજી બહમનજીનો વડો છોકરો નવરોજી જમશેદજીને અંજુમનનો મોટો શેઠીઓ ઠેરવેઓછે.

[મુંબઈના શમાચાર, તા૦ ૩૦ મી સપટેમબર તથા તા૦ ૭ મી અકટોબર ૧૮૨૨.]

29th September 1822.

Ruttonjee Bomanjee Wadia.— On Sunday the 29th ultimo, at half past 7 P. M., aged 58, Ruttonjee Bomanjee Waddia, a man whose estimable qualities, while they would shed a lustre around the highest condition, will long be remembered by those of his intimate acquaintance who know how to set a just value upon real worth. The loss of such a character to his numerous relatives is unspeakable. He was liberal, prudent, humane, and pleasant even to facetiousness; but upon all occasions his tones &c., were softened into a temperament which ever bespoke him the tender father, the chearful, intelligent, and kind companion, and the disinterested friend.

The only surviving brother of this truly worthy character, whose equanimity seems to have been peculiar to himself, is the younger of the whole of that highly respectable stock, Hormuzjee Bomanjee Waddia, the principal Parsee merchant of this presidency, the elder brother, our late venerable builder Jamsetjee Bomanjee having died in August last year.

The habitual equanimity of Ruttonjee was such that in the whole course of his life he was never known by any of his most intimate acquaintance to be once ruffled in temper.

[*Bombay Courier, 5th October.*]

તા૦ ૨૬ મી અકટોબર.

રોજ ૨૩ માહ ૨ (ક૦) ૧૧૯૨ યજદજરદી.

જમશેદજી બોઘાભાઇ મોદી—તા૦ ૨૬ મી અકટોબરને દીને પારશી જમશેદજી બોઘાભાઇ મોદી આશરે ૯૬ વરશની ઉમરમો ગુજરેઓ. અને એ શાહેબે શઘલો પોતાંનો જનમ ખુશી ઓશહાલીમાજ ગુજારેઓછે. અને જે કાંઇ શી મુંબઇના પારશીની અંજુમને મોત ખરચ વીશેનો નવો બંદોબશત કાઢેઓછે તે બંદોબશત એ મરનારનાં મોતથી જારી થાએઓછે.

[મુંબઇ સમાચાર, ૨૮ મી અકટોબર ૧૮૨૨.]

તા૦ ૨૯ મી અકટોબર.

રોજ ૨૬ માહ ૨ (ક૦) ૧૧૯૨ યજદજરદી.

મરજબાંન કાઉશ મુનજમ—શી મુમબઇ મધે તા૦ ૨૯ મી અકટોબરને દને પાછલી રાતનાં મોબેદ મરજબાંનજી દશતુર કાઉશજી મુનજમ અચચુચ કલાક ૪ નાં માંદમો ૬૦ વરશની ઉમરમો ગુજરેઓછે. એ ઘણોને પોતાની દીનધરમની કીરીઆથી તથા ફારશી રમલની વીદીઆથી ઘણીએક ખબર હતી અને રમલની વીદીઆંનો હેવોતો માહવેરો પડેલો હતો જે કચા જાએચો ખેંચવાની તથા પુશતક જોવાની દરકાર નહી રાખતો.

[મુંબઈ સમાચાર, ૪ થી નવેમબર ૧૮૨૨.]

તા૦ ૯ મી ડીસેમબર.

રોજ ૭ માહ ૩ (શે૦) ૧૧૯૨ યજદજરદી.

દશતુર દાદાભાઈ કુસતમજી સુરતવાલા—શ્રી શુરત મધે તા૦ ૯ મી ડીસેંમબર શને ૧૮૨૨ ને દીને રાતનાં શ્રી શુરતનાં શરવે રશમી પારશીઓની અંનજુમનનો દશતુર દાદાભાઈ કુશતમજી આએ દુખીઆરી દુનીઆને મુકીને શવરગલોગમાં ગીઓ. અશલ એ દશતુરીતો દશતુર ભીખાજી જમશેદજીની હતી તેહને પેટે છોકરો હતો નહી તેથી પોતાની છોકરીનો છોકરો કાવશજીને પોતાનો પાલક દીકરો કરી લઇને પોતાંની દશતુરી તેહને આપી. તે કાવશજી દશતુર શાહેબ ગુજરેઓ. તે વેલાએ તે એક છોકરો મુગો બેહરો બરજોરજી નાંમનો મુકી ગીઓ તેથી કરી દશતુરી તે પોતાંના મુગા છોકરાને આપી અને પોતાંનાં ભાઈ દાદાભાઇને નાએબ કીધો. એ મરનાર આગલ રહી એ દશતુરીનું કાંમ ચલાવતો હતો. હવે એ દશતુર દાદાભાઇનાં ગુજરેઆ પછે કોણને નાએબ ઠેરવેઓછે તે કાંઈ જણાંતુ નથી. પણ એ દશતુરનાં ટોલામો કોઈ ગરડું અને વીદેઆવાંન માંણુશ રહીઉં નથી અને જે છે તે કાંઈ ઓમરે તથા વીદેઆને પોંહચેલા નથી. તેથી કરી હવેનાં એ ટોલાનાં રહેલાં લોકોને ઘટેચ જે વીદેઆ તથા નમનતાઈ શીખીને પોતાના વડવાવોની જગોને શાચવી રાખે.

[મુંબઈ સમાચાર, ૧૬ મી ડીસેમબર ૧૮૨૨.]

ઈ૦ સ૦ ૧૮૨૩.

10*th January* 1823.

RUSTOMJEE FURDOONJEE KOHIYAR—On the 10th inst., at Viar in Salsette, Rustomjee the only Infant son of Furdoonjee Cursetjee: he was a most promising child, and died most deeply lamented by his sorrowing parents.

[*Bombay Courier*, 18*th January*.]

તા૦ ૨૩ મી જાનેવારી.

રોજ ૨૨ માહ ૫ (ક૦) ૧૧૯૨ યજદજરદી.

ફરામજી પેશતનજી મામા—તા૦ ૨૩ માએ પારશી ફરાંમજી પેશતનજી બેહલહિમજીનો મરનાર શેઠ દાદાભાઈ નોશેરવાંનજીનો ભાંણેજ વરશ ૬૦ ની ઉમરે જુઠી માએઆના શંનશારને મુકીને શાચી માએઆનાં શવરગ લોકોમો જઈ મલેઓ. એ ધણી ઘણોજ એકમારગી અને ભલું માંણુશ અને નમાણો અને દએઆલુ હતો. અને લખતાં ભણતાંતો કાંઈ આવડતું તું નહી. પણ ભાએગનો ઘણોજ બલીઓ હતો તેથી કરીને લાઓ રૂપીઆનો વેપાર કરીને ધન માલ તથા વશતીવાડી પોતાની પછવાડે નાંમલેહણું શારૂં મુકી ગીઓ. અને હેનાં ગુજરેઆ પછે ઉઠમણાંને દીને હેનાં શપુત છોકરાવોએ હેને નાંમે રૂ૧૦૦૦ એક હજાર પારશી લોકોની પંચમો ધરમ ખાતે આપેઆ તે મધેથી રૂ૫૦૦) કદમીનાં ધમખારનાં ખરચની પુંજીમો તથા રૂ૫૦૦) આંધલા તથા પાંગડાઓને પાલવાની પુંજી કરેછે તેહમો આપેઆ. અને એ વનાએ બીજો ધરમ કરશે તે જુદો. મોટુ જેહની શકમાઈની દોલત હશે તે ભાએગવનની દોલત હેવાં ધરમનાં કાંમમો ખરચ થાશે.

[મુંબઈ સમાચાર, ૨૭ મી જાનેવારી ૧૮૨૩.]

તા૦ ૧૭ મી મારચ.

રોજ ૧૫ માહ ૭ (ક૦) ૧૧૯૨ યજદજરદી.

બહુમનજી હોરમજજી મોટાભાઈ—શ્રી મુમબઈ મધે તા૦ ૧૭ મી મારચને દને રાતનાં કલાક ૧૦ ને અમલે ૨ ભલાં માંણુશ પારશીઓ ઘોડાની ગાડી ઉપર બેશીને વાડીથી કોટમો આવતા હતા તે મારગમો દારૂનાં કર આગલ ગાડી ઉપરથી પડેઆ તેમોથી એક ભલુ માંણુશ પારશી નાંમે બમનજી હોરમજજી મોટાભાઈ ૪૫ વરશનો હતો તે બેશુદ થાઈ પડેઓ અને વાછા બંધ થાઈ ગેઈ. પછે તાંહાંથી તેહવોનેતેહવો તેહને ઉંચકીને ઘેર લાવેઆ ને પરાંણુ મુકી દીધો. પણ એ પડવાનો બનાવ કાંઈ જણાંએઓ નહી જે શી રીતે પડેઆ પણ

હેની અચઅુચી મરતીઉ ઘાત જોઈને તેહનાં શગાંવાહાલાંઓ તથા મીતરોને ઘણોજ ઓચ-મબો લાગો.

[મુંબઈ સમાચાર, ૨૪ મી મારચ ૧૮૨૩.]

તા૦ ૨૬ મી મારચ.

રોજ ૨૪ માહ ૬ (શે૦) ૧૧૯૨ યજદજરદી.

બેહુરાંમજી નાનાભાઈ દાવર—શ્રી મુમબઈ મધે પારશી લોકોમાં મોહોટું પુરાતમ બનાજી લીમજીનું ઘરાંનું કેહવાએછે તે મધેનો એક શેઠ નાંમે બેહરાંમજી નાંનાંભાઈ દાવર કરીને હતો તે તા૦ ૨૬ મા મારચને દીને રાતનાં શવરગવાશી થાએઓ. એ મરનારને શારૂં શ્રી મુમબઈનાં શઘલા પારશી લોકો ઘણીજ વખાંણ કરેછે જે એ મરનાર ઘણોજ નમાંનો અને ભલું માંણશ અને રાંક હતો. પણ એ વાતની કાંઈ નવાઈ નથી કાંએજે હેવી ભલમનશાઈની મોહોટાઈ હેનાં પુરાતમ ઘરાંનાંથી ઉતરતી આવેલીછે.

[મુંબઈ સમાચાર, ૩૧ મી મારચ ૧૮૨૩.]

તા૦ ૪ થી મેએ.

રોજ ૩ માહ ૮ (શે૦) ૧૧૯૨ યજદજરદી.

શાપુરજી કાવશજી શોબેદાર—શ્રી મુંમબઈ મધે તા૦ ૪ થી મેએને દીને પારશી શાપુરજી કાવશજી શોબેદાર ૫૮ વરશની ઉમરમો ગુજરેઓ. એ મરનારનો બાપ કાવશજી શોબેદાર શ્રી મુંમબઈની માંડવીમો ઘણાં વરશ શુધી શોબેદારપણાંમાં હતો, તે તો ઘણું સારૂં માણશ થાઈ ગીઓછે પણ તેહનો છોકરો એ મરનાર શાપુરજી હેના બાપની જગો ઉપર શોબેદાર થાએઆથી શરકારની ઇછા પરમાણે ચાકરી બજા લાવેઓ અને પરજાનાં લોકો શાથે ભલાઇ કીધી તેથી કરી હેનાં મરણથી વેપારી લોકોને ઘણી ઉદાશી થાઈ.

[મુંબઇ સમાચાર, ૧૨ મી મેએ ૧૮૨૩.]

તા૦ ૧૪ મી જુન.

રોજ ૧૪ માહા ૧૦ (ક૦) ૧૧૯૨ યજદજરદી.

ફરાંમજી મનચેરજી કામાજી—તા૦ ૧૪ મી જુનને દીને શ્રી મુંમબઈના નામીચો વેપારી પારશી ફરાંમરજ મનચેરજી કાંમાંનાં પાહાંની પીડાકારીથી ૪૩ વરશની ઉમરમો શવરગવાશી થાએઓ. એ ઘણી ઘણો ચાતુર અને ભલું માણસ અને મીલનશાર અને માહાબાનું માણસ હતું અને વેપારનાં તા૦ હશાબનાં કાંમમો ઘણોજ પોહોચેલો હતો. હેવાં ગુણગારાં માંણશનાં મરતીઉકથી હેનાં કુટમ પરીવાર તા૦ ભાઈબંધુઓને મોહોટી દલગીરી ઉપજીછે.

[મુંબઇ સમાચાર, ૧૬ મી જુન ૧૮૨૩.]

તા૦ ૫ મી નવેમબર.

રોજ ૩ માહા ૩ (ક૦) ૧૧૯૩ યજદજરદી.

એદલજી દોરાબજી લશકરી—તા૦ ૫ મી નવેમબરને દીને શ્રી મુંમબઈના વેપારી અંધેઆરૂ એદલજી દોરાબજી લશકરી ૫૭ વરશની ઉમરે આએ જંજાલ ભરેલી ખોટી માએઆની દુનીઆને મુકીને શવરગલોકોમો વાશો કીધો. પણ હેનાં મરતીઉકથી હેનાં કુટમ પરીવારને તથા ભાઈબંધુઓને બહુ દુખ થાઈઉં.

[મુંબઈ સમાચાર, ૧૦ મી નવેમબર ૧૮૨૩.]

ઈ૦ સ૦ ૧૮૨૪.

તા૦ ૩ જી આપરેલ.

રોજ ૭ માહ ૮ (ક૦) ૧૧૯૩ યજદજરદી.

એદલજી ફરાંમજી કાવશજી બનાજી—પારશી એદલજી ફરાંમજી કાવશજી બનાજીનો શ્રી મધરાજથી પગવાતે શ્રી મુમબઈ આવતો હતો તેહને મારગમો શ્રી પુણેથી ૮ ગાઉ વેગલે તારીખ ૩ જી ચાલતા આપરેલ મહીનાનીએ અંણચાતી બંદુકની ગોલી વાગી તેથી તેહનો પવીતર આતમા આ જુઠી માએઆ ભરેલી જગતને મુકીને શાચી માએઆનાં શવરગલોગમો જાઈ વશેઓ. એ ધણીનાં હેવાં અણચીતાં મોહતથી તેહનાં કુટમપરીવાર તથા ભાઈબંદુઓને બહુ દુખ થાઈઉં. અને એ મરનારના ગુણગારા શારા શવભાવ તથા

નમંતાઇ તથા શેઆંણપણની માએઆનાં ફાંદાએ હેનાં મરતીઉકથી હેનાં કુટમપરવાર તથા ભાઇબંધુઓને એક ઓચંબાના ઘેરામો ઘેરેઆચ.

અને એ મરનારનાં અણચીતાં મરતીઉકની વારતા પુશતકોમો લખવાજોગ થાઈ પડીછે, તેથી કરી જો કદાપી ચોકશ માલમ પડશે તો હવે પછીનાં શમાચારમો પરગટ કીધામો આવશે.

[મુંબઈ સમાચાર, ૧૨ મી આપરેલ ૧૮૨૪.]

તા૦ ૧૪ મી આપરેલ.

રોજ ૧૮ માહ ૭ (શે૦) ૧૧૯૩ યજદેજરદી.

રતનજી નાંહલાભાઈ બંગાલેવાલા—તા૦ ૧૪ મી આપરેલને દીને પારશી રતનજી નાંહલાભાઇ બંગાલેવાલા ૫૫ વરશની ઉમંરમાં અચઅુઆ જુઠી રચના ભરેલી જગતને મુકીને શાચી રચનાનાં રેહવાશી શવરગ લોકોમો જાઇ વાશ કીધો. એ ધણીએ પોતાની ઉમરમોથી ૨૦ વરશ શ્રી કલકતામાં કાહાડેઆં અને હજુર ફરીથી શ્રી કલકતે જવાની ઘણી આશેઆ ધારી હતી તેટલે તો અજલ આવી.

[મુંબઈ સમાચાર, ૧૯ મી આપરેલ ૧૮૨૪.]

તા૦ ૧૭ મી જુલાઈ.

રોજ ૧૮ માહ ૧૦ (શે૦) ૧૧૯૩ યજદજરદી.

નવરોજજી હોરમજજી મોટાભાઈ—તા૦ ૧૭ મી જુલાઇને દીને વેપારી પારશી નવરોજી હોરમજી મોટાભાઇનો ગુજરેઓ.

[મુંબઈ સમાચાર, ૧૯ મી જુલાઈ ૧૮૨૪.]

તા૦ ૪ થી સપટેમબર.

રોજ ૨ માહ ૧ (ક૦) ૧૧૯૪ યજદજરદી.

ખરશેદજી દોરાબજી રાંદેલીઆ—તા૦ ૪ થી શપટેમબર ૧૮૨૪ ને દીને શ્રી મુમબઈ મધે આ૦ ઓશરોજી વી૦ દોરાબજી રાંદેલીઆ શ્રી મુંમબઇનો વેપારી આશરે વરશ ૨૫ નાં આવરદામો અચઅુચો ગુજરેઓ. એક અપહડ વઇદનું અઉશડ હેનાં જીવનો કાલ થાઇઉં.

[મુંબઈ સમાચાર, ૬ ઠી સપટેમબર ૧૮૨૪.]

તા૦ ૮ મી સપટેમબર.

રોજ ૧૧ માહ ૧૨ (શે૦) ૧૧૯૩ યજદજરદી.

માણેકજી શોરાબજી પારખ—તા૦ ૮ મી ચાલતા શપટેમબર મહીનાંનીને દીને રાતનાં શ્રી મુમબઇ મધે નામીચો વેપારી પારશી માણેકજી શોહોરાબજી પારખ આએ તરણ પાંચ દાહાડાની દુનીઆંમોથી નીકલીને શદાકાલની દુનીઆંમો કુચ કરી શવરગ લોકોમો વાશો કીધો. એ ધણીનાં ગુજરેઆથી હેનાં શગાંવાહલાં તથા કુટંમપરીવાર તથા ભાઇબંદુઓને હેનાં ગુણગારા શવભાવની માએઆ બહુ ઇઆદ આવેછે તેણે કરી મોહોટો કુહડાપો કરેછે. એ ધણી ઘણો ડાહેઓ અને શેઆંણો અને ચાતુર અને ભારે નમંનતાઇ ભરેલો તથા મીલંનશાર અને ધરમાતુ અને હરેક ગરીબનું પરતીપાલ કરનાર હતો. ભલું ધંનદોલતતો શાથે નહી લઇ ગીઓ પણ હાચી ભલાઇ પોતાંની પછવાડે મુકી ગીઓ.

[મુંબઈ સમાચાર, ૧૪ મી સપટેમબર ૧૮૨૪.]

ઈ૦ સ૦ ૧૮૨૫.

તા૦ ૧૧ મી મારચ.

રોજ ૧૦ માહ ૬ (શે૦) ૧૧૯૪ યજદજરદી.

એદલજી શોરાબજી પારખ—તા૦ ૧૧ મી મારચને દીને શહવારનાં શ્રી મુમબઈ મધે નાંમીચો એક વેપારી પારશી એદલજી શોરાબજી પારખ અચઅુચં બે તરણ કલાકનાં વચમો (   ) ની વએમો શવરગવાશી થાએઓ.

[મુંબઈ સમાચાર, ૧૪ મી મારચ ૧૮૨૫.]

તા૦ ૧૭ મી જુન.

રોજ ૧૮ માહ ૯ (શે૦) ૧૧૯૪ યજદજરદી.

નશરવાંનજી રૂસતમજી જશાંવાલા—તા૦ ૧૭ મી જુનને દીને પારશી નશરવાંનજી જશાંવોરાએ વરશ ૫૨ ની વએમો કુચ કીધું.

[મુંબઈ સમાચાર, ૨૦ મી જુન ૧૮૨૫.]

તા૦ ૧૯ મી જુન.

રોજ ૨૦ માહ ૯ (શે૦) ૧૧૯૪ યજદજરદી.

નશરવાંનજી જમુજી—તા૦ ૧૯ માએ પારશી નશરવાંનજી જમુજીએ વરશ ૬૫

ની વએમો આકાશ લોકમો જાઈ મલવાની ઇછા કીધી.

[મુંબઈ સમાચાર, ૨૦ મી જુન ૧૮૨૫]

તા૦ ૨ જી જુલાઇ.

રોજ ૩ માહ ૧૦ (શે૦) ૧૧૯૪ યજદજરદી.

નવરોજજી કાવશજી નાળીએરવાલા—તા૦ ૨ જી ચાલતા જુલાઈ મહીનાંનીને દીને શ્રી મુમબઈ મધે પારશી નવરોજજી કાવશજી નાલીઅરવાલા આએ જુઠી માએઆ ભરેલી દુનીઆને મુકીને શાચી માએઆનાં શવરગ લોકમો જાઇ મલવા શારૂં કુચ કીધું. એ પારશીના ગુજરેઆથી હેનું પરીવાર તથા ભાઇ બંધુએ બહુ શંતાપ કરેછે. અને ઘણાંએક લોકો જે એ મરનાર શાથે જાંનપીછાંન રાખતા હતા તે લોકો એ મરનારની ભલમંનશાઇ તથા નમંનતાઇની ઘણીજ વખાંણ કરેછે અને કેહેછે જે એ ધણી ઘણોજ ધરમાતુ હતો. અને એ ધણી ઘણોએક મોટો વેપાર ચલાવતો હતો. કેટલાંએક વરશ શુધી શ્રી આલપાઇ મધે આગલા શ્રી તરાવંનકોરના રજપુત રાંમરાજાના તાબામો વેપાર કીધો હતો અને તે જગોએ મોટો આદરભાવ પાંમેઓ હતો.

[મુંબઈ સમાચાર, ૧૧ મી જુલાઇ ૧૮૨૫.]

2nd July 1825.

NOWROJEE COWASJEE NARIELWALLA.—On the evening of the 2nd instant of that fatal disease the Liver, Nowrojee Cowasjee, a respectable Parsee merchant, aged 75 years, whose loss will be deeply felt by all who had the pleasure of his acquaintance, but more so by his disconsolate family, and a large circle of friends. Nowrojee Cowasjee was a principal merchant for many years at Alepey, under the protection of Ramrajah the late Prince of Travancore.

[*Bombay Gazette*, 13*th July*.]

તા૦ ૨ જી સપટેમબર.

રોજ ૫ માહ ૧૨ (શે૦) ૧૧૯૪ યજદજરદી.

નવરોજજી નશરવાંનજી ઘીસતા—તા૦ ૨ જી સપટેમબર ૧૮૨૫ ને દીને પારશી નવરોજજી નશરવાંનજી ઘીશતા પાંચ શાત દાહાડાના માંદમો ૪૧ વરશની વએમો આએ ખોટી માએઆની દુનીઆંને મુકીને શદાકાલની શાચી માએઆનાં લોકોમો કુચ કીધું. એ પારશી ઘણું ડાહીઉં અને શેઆંણું માંણશ હતું. અને શવભાવ ઘણોજ શારો હતો.

[મુંબઈ સમાચાર, ૫ મી સપટેમબર ૧૮૨૫.]

તા૦ ૪ થી સપટેમબર.

રોજ ૭ માહ ૧૨ (શે૦) ૧૧૯૪ યજદજરદી.

શોરાબજી કાવશજી પટેલ—તા૦ ૪ થી શપટેમબર ૧૮૨૫ ને દીને પારશી શોહોરાબજી કાવશજી પટેલ ૫૮ વરશની વએમો જુઠી મીતરાચારીના લોકોમાથી નીકલીને શાચી મીત રાચારી રાખનારા શવરગવાશી લોકોમો જવા શારૂં વાઇકુંઠનો મારગ પકડેઓ. હેના મુરણથી હેનાં ભાઈબંધુ તથા શગાંવાહલાંવોને બહુજ શંતાપ ઉપજેઓ. એ પારશી લોકોમો નામીચો ભલું માણશ હતા અને હેની ભલમંનશાઈને તથા નમંનતાઈને તથા દાતારીને તથા શાદેદલીને લોકો બહુજ ઇઆદ કરશે.

[મુંબઈ સમાચાર, ૫ મી સપટેમબર ૧૮૨૫.]

તા૦ ૨૮ મી સપટેમબર.

ગાથા ૧ (શે૦) ૧૧૯૪ યજદજરદી.

નવરોજજી શોરાબજી ઉમરીગર, બંગાલી—તા૦ ૨૮ મી શપટેમબર ૧૮૨૫ ને દીને પારશી નવરોજજી શોહોરાબજી ઉમરીગર ૮૫ વરશની વએમો શ્રી કલકતા મધે શવરગવાશી થાએઓ. એ મરનાર નાંમીચો વેપારી હતો અને ઘણાંએક વરશ શુધી શ્રી કલકતામો મોટો વેપાર ચલાવેઓ. હેના ગુજરેઆથી હેનાં કુટંમપરીવાર તથા ઘણાંએક ભાઈબંધુઓને બહુ શંનતાપ ઉપજેઓ. એ મરનારની ભલમંનશાઈ તથા નમંનતાઈની લોક બહુજ

વખાંણ કરેછે. અને એ નીશચેછે જે વખાંણવા જોગ માંણશ હતું.

ગએઆ હમારા શમાચારમો મરનાર પારશી નવરોજી શોહોરાબજી ઉમરીગર શ્રી કલકતેવાલાનું મરતીઉક છાપી પરગટ કીધું હતું. તે ઉપરાંત હમણે શ્રી કલકતાનાં અંગરેજી શમાચાર પતરોમો તે મરનારનાં મરતીઉક વીશે શઘલી વારતા છાપી પરગટ કીધેલો હમારા વાંચેઆમો આવી તેહનો શારાંશ કરીથી હેઠલ પરગટ કીધો છે. શા શારૂં જે તે મરનાર ઘણાં વરશ શુધી શ્રી કલકતામો હતો તેથી તે લોકોએ શઘલી તેહની ખબર ચોકશ પરગટ કીધેલી છે.

તારીખ ૨૮ મી શપટેમબર ૧૮૨૫ ને દીને શ્રી કલકતા મધે પારશી નવરોજી શોહોરાબજી શ્રી દુનતલા આગલ પોતાંનાં રેહવાનાં ઘરમો ૪૮ વરશની વએમો અચબુચો ગુજરી ગએઓ. તેહનાં મરણથી શઘલા લોકોને શંતાપ થાએઓ. શ્રી કલકતા મધે પારશીની ગનેઆતનાં વેપારીઓ આવેલાછે તે શઘલાવોનો એ મરનાર વડો હતો. જીવતો હતો તેહવારે મોટો ભાએગવંન હતો. જે કાંઈ કારબાર તેહને શોંપેઆ તે ઘણીએક ચતરાઈ અને શેઆંણપણ તથા ઉતાવલેથી બજાવેઆ. શ્રી મુમબઈ મધે તથા શ્રી ચીન કંતાંન મધે તથા શ્રી કલકતા મધે ગાંમડી લોકોમો તથા ચીનાઈ લોકોમો તથા ઇઓરોપીઆંન લોકોમો મીતરાચારી રાખી હતી તેથી મોહોટો આદરભાવ મેલવેઓ હતો. અને પોતાનો ધરમ જેમ શાચવવો ઘટે તેમ શાચવેઓ હતો. અને પારશી લોકોનો મોટો દાહાડો પડતો તે દાહાડે પોતાંના ઇશવરની ભગતીમો બેશતો. એ મરનારે શ્રી બંગાલા મધે પોતાંના પારશી લોકોને શારૂં દોખમુ બાંધીઉં છે તે ઉપર પોતે એખલાએ પોતાંની પાશેથી રૂ૩૫૦૦૦) પાંતરીશ હજાર ખરચ કીધાછે. એ પારશી મોટો ધરમાતુ અને મએઆલુ હતો. અને તેની પાએરી અને ચાલ જાટલીમેન એટલે જે શેઠીઆશાઈ હતી. અને ફીરીશટીઆંન લોકોમો જે કાંઈ કંગાલ હતા તેહોને દએઆદાંન કરતો. એવી કુરતાલુ ચાલ અને દએઆથી એ ગાંમના શઘલા વેપારીઓને એણે પોતાંનાં મીતર કરી લીધા હતા. એ મરનાર પારશી નવરોજીને ઘાણું એક શુધી લોકો ઇઆદ કરશે.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૪ તથા ૩૧ મી અકટોબર ૧૮૨૫.]

28th September 1825.

NOWROJEE SORABJEE OOMRIGUR, BENGALI.—At Calcutta, on the evening of Wednesday 28th September, very suddenly, at his Residence in Doontallah, in the 48th year of his age Nowrojee Sorabjee, a man universally lamented. He was a Parsee Merchant, and one of the first of his Nation that settled in Calcutta. His career in life was fortunate, and he evinced a peculiar shrewdness of mind and quickness of talent in all the situations of trust in which he was placed. In Bombay, in Canton, and in Calcutta, he formed friendships with Natives, Chinese, and Europeans, and was deservedly held in great respect. Whatever may be the peculiarities of different forms of Religion, it may be generally remarked, that the man who sincerely and piously observes the Ordinances of his faith will be a good member of Society; Nowrojee was a striking illustration of this fact. He lived in the most strict observance of the form of his Religion, and most of his leisure was devoted to the sacred offices which are hold of importance by the Parsees. That he spared no expense in his attention to these matters is best evinced by the very liberal share he contributed towards the establishment of a Burying-ground for his nation in Bengal; a piece of duty which cost him no less than 35,000 Rupees.

Pious without cant, liberal without affectation, he had the dignity and urbanity of the gentleman, and he was no less remarkable for the generosity of his disposition, which procured him the gratitude of many distressed Christians as well as other objects of compassion, than he was for those mild and respectful manners which gained him the esteem of the mercantile community of this city. His memory will long be cherished with feelings of unmingled regret.

[*Bombay Gazette, 26th October.*]

તા૦ ૨ જી અકટોબર.

રોજ ૩૦ માહ ૧ (કો) ૧૧૯૫ યજદજરદી.

મનચેરજી બેહુરાંમજી ગામડીઆ—તા૦ ૧ લી અકટોબર ૧૮૨૫ ને દીને પારશી મંનચેરજી બેહરાંમજી ગાંમડીઆ શ્રી કલકતા મધે ગુજરીઓ. એ મરનાર વેપારી હતો.

[મુંબઈ સમાચાર, ૨૪ મી અકટોબર ૧૮૨૫.]

તા૦ ૨૨ મી અકટોબર.

રોજ ૨૦ માહ ૨ (કો) ૧૧૯૫ યજદજરદી.

પેશતનજી એદલજી પાટક—તા૦ ૨૨ મી અકટોબર ૧૮૨૫ ને દીને પારશી પેશતંનજી એદલજી પાટકનો ૬૭ વરશની વએમો શ્રી મુમબઈ મધે શવરગ લોકમો કુચ કીધું. એ મરનારે ઘણાંએક વરશ શુધી શ્રી મુમબઈની કોરટમાં મોટા આદરભાવથી દોભાશીઆનું કાંમ ચલાવીઉં હતું. અને અંગરેજી વીદેઆમાં પણ ઘણી શારી પોંહચ હતી.

[મુંબઈ સમાચાર, ૨૪ મી અકટોબર ૧૮૨૫.]

22*nd October* 1825.

PESTONJEE EDULJEE PATUCK.—On the 22nd ult. Pestonjee Eduljee, chief Interpreter of the Maharatta and Guzerattee Language to the Honorable the late Recorder's Court at Bombay, aged 67 years and five months. He had been a man of the most pious disposition, and retired from the service but a short time before his death, to consecrate the remainder of his days to his Creator, with prayers that terminated with his life. He has left a disconsolate widow and three grand-children to deplore his death, and his loss is deservedly regretted by a large circle of Friends.

[*Bombay Courier, 5th November*]

તા૦ ૬ ઠી નવેમબર.

રોજ ૫ માહ ૩ (કો) ૧૧૯૫ યજદજરદી.

દીનશાહજી દાદાભાઈ શાએર—તા૦ ૬ ઠી નવેમબર ૧૮૨૫ ને દીને પારશી દીનશાજી દાદાભાઈ કાવશજી શાએરનો ૪૦ વરશની વએમો જુઠી માએઆ ભરેલી જગતમોથી શવરગ લોકોમો કુચ કીધું. એ મરનાર ઘણું ડાહીઉં અને ચાતુર માંણશ હતું અને પોતાંના બાપનો શઘલો વેપારનો કારબાર પોતે ચલાવતો હતો. અને લોકમો ઘણાંએક લોકો શાથે મીતરાચારી અને નમંનતાઈ અને ભલમંનશાઈમો નાંમ કાહડીઉં હતું. હેનાં ગુજરીઆથી હેનાં માબાપ તા૦ ભાઈબંધુઓને મોટો શંતાપ થાએઓ ઘણો કરીને એ શારૂં જે ઘણીજ થોડી વએમો ચાલતી પકડી.

[મુંબઇ સમાચાર, ૧૪ મી નવેમબર ૧૮૨૫.]

તા૦ ૨૧ મી નવેમબર.

રોજ ૨૦ માહ ૩ (કો) ૧૧૯૫ યજદજરદી.

જમશેદજી હીરજી પારખ—તા૦ ૨૧ મી ચાલતા નવેમબરને દીને શ્રી મુમબઈ મધે પારશી જંમશેદજી હીરજી પારખ શ્રી શુરતનો રેહવાશી ૬૫ વરશની વએમો શવરગવાશી થાએઓ. એ મરનાર પારશી લોકોમો એક નાંમીચું માણશ હતું. અને એક મોહોટો ગુણ એવો હતો જે શરવુ લોક શાથે ભલમંનશાઈ અને નમનતાઈ અને મીઠી આદરભાવ ભરેલી બોલીથી શરવે મીતરોની માએઆને પોતાંની ઉપર એંચી હતી.

[મુંબઈ સમાચાર, ૨૮ મી નવેમબર ૧૮૨૫.

ઈ૦ સ૦ ૧૮૨૬.

તા૦ ૭ મી મારચ.

રોજ ૬ માહ ૬ (શે૦) ૧૧૯૫ યજદજરદી.

હોરમજજી બહમનજી વાડીઆ—એક કુહડાપા અને શંતાપ ભરેલી શેઠ વાડીઆજી હોરમજજી બહમનજીને શવરગવાશી થાએઆની ખબર આ શમાચારમો આગલ મરતીઉકમો પરગટ કીધેલીછે. ઘણાં લોકો કે જેહોની ઉપર એ શાહેબનો ઉપકાર થાએલો તે લોકોને એ શાહેબનાં મરણથી બહુજ કુહડાપો ઉપજેઓ. એ શાહેબ આજનાં વખતમો અતરેનાં પારશીનાં ટોલામો શરવેનો વડો અને મોહોટો શેઠીઓ અને નાંમીચો વેપારી હતો. એ શાહેબે શઘલી ગનેઆતનાં લોકો શંગાથે ઘણીજ ભલમંનશાહી કીધી અને ઘણાં લોકોનું ભલું કીધું તેહમો અગત કરીને પોતાંનાં પારશીનાં ટોલાનાં ચાલચલણ શુધારવા વીશે પોતાંનાં જીવતાંમો ઘણી મેહેનત લીધી. પણ વલી પોતાંનાં ગુજરેઆ પછેખી પોતાંનાં ટોલાની રીતને શુધારવા શારૂં કેટલાએક વશીઅતો કરીછે. હેવું શાંભલેઆમો આવીઉંછે જે એ શાહેબે પોતે એક કાગજ લખીઉંછે તે મધે પોતાંનાં ફરજંદોને ઘણીએક નશીહતો તથા વશીઅતો લખેલીછે અને પોતાનાં મોત ખરચ વીશે હેવું લખીઉંચ જે જે કાંઈ ઘટારત ખરચ હોએ તેજ કરે તે વનાએ બીજા કેટલાએક અણઘટતા ખરચો જે પારશી લોકોમો છે તે શઘલા મને કીધાછે. એ શાહેબનાં એ રીતે લખેઆથી અને એ શાહેબનો મોત ખરચ તે લખેઆ પરમાંણે થાએઆથી અતરેનાં પારશી લોકોનાં શઘળા ટોલાને ઘણોજ ફાએદો થાશે. અને જનમ જનમ શુધી એ મરનારની વશીઅતને પારશીનાં ફરજંદાંન ફરજંદો ઈઆદ કરશે. અને એ રીતે કીધાથી એ શાહેબનું નેક નામ શદાકાલ પારશીનાં ટોલામો રહી જાશે. હવે પારશી લોકોને ઘટેછે જે પોતાંનાં ટોલાનો વડો જે ચાલ પોતાને ઘરથી કાહડી ગએઓ તે ચાલ તથા રીતને પકડીને સરવેને ચાલવું કે તેથી કરી પારશીનાં ટોલાનું ઘણુંજ ભલું થાશે. એ શાહેબને એ રીતે લખી જવાનું કારણ એ છે જે પોતાનો ટોલો શુખી થાએ.

તારીખ ૭ મી ચાલતા મહીનાંની મંગલવારને દીને પાછલી રાતનાં શેઠ વાડીઆજી હોરમજી બહમંનજીએ ૬૦ વરશની વએમો ૬ અઠવાડીઆંનાં માંદમો આ તરણ પાંચ દાહાડાની જુઠી માએઆ ભરેલી જગતમોથી નીકલીને શાચી માએઆનાં શવરગવાશી લોકમો કુચ કીધી.

એ મરનાર શ્રી મુમબઈનો રેહવાશી અને શ્રી મુમબઈમો હેવોતો મોહોટો નાંમીચો વેપારી હતો કે ચોખુણ પરથવીમો જે જગો શ્રી મુમબઈનો વેપાર ચાલેછે તે શઘલી જાગાવોનાં વેપારીઓ એ મરનારને ઘણાં દાહાડાથી ઓલખેછે. કાંએજે એ મરનારે પોતાંની શઘલી વએ વેપારનાં કાંમમો ગુજારી હતી. અને આશરે ૩૦ વરશથી વધુ થાએઆં મીશીઅરશ ફારબશ તથા કમપનીનાં વેપાર ખાતાંમો મોટી પીરીત અને મોખતેઆરીથી ભાગેઆપણું ચલાવેઉં. એ મરનારની વેપારખાતાંની રીત તથા હેનાં શરીરની ચમક તથા શવભાવ શેઠીઆ પરમાંણે હતા. અને હેને વેગલેથી જોતાંમોજ હરેક કોઈ જાંણે જે એ માંણશ ઘણું એક શેઆંણું અને ડાહીઉંછે. અને જેમ એક વખાર એક વશતુથી ભરેલી હોએ તેમ એ શાહેબનાં માથાંમો શઘલું શેઆંણપણ અને ચતરાઈ ભરેલી હતી. અને હરેક જુનાં તથા નવા ધારાવોનો જાંણનાર હતો. અને હરેક ગનેઆતનાં લોકોમોથી જે કોઈ એ શાહેબને હરેક પાંતીની અરજ કરતા તેહનો ઉપાએ તેહને હેવોતો બતલાવે જે તેથી તેહોને ગુણ થાએઆ વનાંએ રેહ નહી. અને જાંણે કે એક નેઆવ છાંડી મુકેલો હોએ તેહવોજ તે ઉપાએ તેહને દીશે. અને તેહોને મદદ આપવા શારૂં જેમ પોતાથી નીપજી આવતું તેમ તેહોને મદદ કરીને ખુશાલ રાખતો. અને એ શાહેબનાં કરતબને શઘલા લોકો ગુણગારૂં અને લાભકારી જાંણેછે. એક ભરથાર અને પીતાની પેઠે કુરપાવાલો અને

દએઆવંત હતો. એ શાહેબનાં વેગલેના તથા અતલગનાં શગાવાહલાવોને એ શાહેબનાં મરણથી બહુ શંતાપ થાશે કાંએજે તેહોને એ શાહેબથી બહુ આશરો અને આધાર હતો. અને એ મરનારનાં પરીવારમો હેની ધરીઆંણી તથા ૩ છોકરાવો તથા ૨ છોકરીઓછે તેહોને શરવે કરતાં મોટું દુખ અને શંતાપ થાએઓછે. શ્રી હીનદોશતાંન તથા શ્રી યઓરોપ મધે એ મરનારનાં જેટલા મીતરો છે તેહોને ઘણુંએક શુધી એ મરનારની મીતરાચારીની ઇઆદ રેહશે. અને જે લોકોએ પોરીતથી એ મરનાર શંગાથે ઘણાંએક વરશો શુધી કારબાર ચલાવેઓછે તેહોને બહુજ કુહડાપો થાએઓ. કાંએજે તેણાવોએ એ મરનારની ચતરાઈ તથા શચાઈ ઉપર મોટો ભરોશો રાખેલો હતો. અને તે લોકો શદાકાલ એ મરનારને મોટું માન દેતા આવેલાછે. મોટા આદરભાવવાલો મરનાર જમશેદજી બહમનજી વાહાડીઆ તથા નામીચો વેપારી પેશતનજી બહમનજીનો એ મરનાર નાધલો ભાઈ અને વાહડીઆનાં કુટંમનો વડો હતો. એ વાહાડીઆજીનાં કુટંમનાં અધીકારીઓની ચતરાઈ તથા શેઆણપણ આએ દેશના લોકોને અગતની વેલાએ ઘણુંજ કાંમ આવીઉં. એ મરનારની જગો ઉપર એ શાહેબનો ભતરીજો નવરોજજી જમશેદજી જે હમણે વાંહાંણ બાતાંનો વડો વાહડીઓ છે તેહને વાહડીઆનાં કુટંમનો તથા પારશીની પંનચાતનો વડો ઠરાવેઓછે.

[મુંબઈના શમાચાર, ૧૩ મી મારચ ૧૮૨૬.]

7th March 1826.

HORMASJEE BOMANJEE WADIA.—On the morning of the 8th Instant, in the 60th year of his age, Hormarjee Bomanjee, after an illness of above six weeks, which he bore with great resignation.

Engaged through life in extensive mercantile speculations to various parts of the world, and for upwards of thirty years intimately associated in trade with Messrs. Forbes and Co., he has been long known wherever the commerce of Bombay has extended, as the most eminent native merchant of this place.

With a dignified deportment and commanding figure his manners were gentlemanly and prepossessing, and the impression which his external appearance made was well supported by a sound and quick judgment, and a mind stored with a great variety of information.

His correct knowledge of the laws, institutions, and interests of the various classes of natives, who appealed to him on all occasions likely to excite his enlarged and philanthropic mind to action, secured a willing assent to his decisions, and his zeal and ability to guide and support every plan that could contribute to the advantage and happiness of his fellow subjects, gave unanimity and effect to their measures.

As a husband, and a father, he was most kind and indulgent, and his more remote and dependent relations will feel severely and lose in him of their principal support. His death is deeply deplored by his surviving family, consisting of a Widow, three sons, and two daughters: and his memory will be long respected by a numerous circle of friends, both in India and Europe, particularly by those, so long intimately connected with him in business, who placed the greatest confidence in his judgment and integrity, and always held his character in the highest esteem.

He was the youngest and last surviving Brother of the late venerable Builder Jamsetjee Bomanjee and of the celebrated merchant Pestonjee Bomanjee, and head of the Wadia Family—a family which through the talents and enterprize of these its

distinguished members, has contributed largely to the importance and prosperity of this settlement.

He is succeeded in his station as head of the family, and of the Parsee Punchaet, by his nephew Nowrojee Jamsetjee, the present respectable Head Builder in the Naval yard.

[*Bombay Courier*, 11*th March.*]

તા૦ ૧૮ મી આપરેલ.

રોજ ૧૮ માહ ૮ (કo) ૧૧૯૫ યજદજરદી.

ખરશેદજી જમશેદજી બાટલીબોઇ—તારીખ ૧૩ મી ચાલતા આપરેલ મહીનાંનીને દીને પારશી ખરશેદજી જમશેદજી બાટલીબોઈ ૪૯ વરશની વએમા ૩ દાહાડાના માંદમા આએ જુઠી માએઆ ભરેલી દુનીઆંને મુકીને શાચી માએઆનાં શવરગ લોકમાં કુચ કીધો. હેનાં ગુજરેઆથી હેનાં શગાંવાહલાંવોને શંતાપ થાએઓ તેતો ખરો પણ હેનાં ઘણુંએક મીતરો જેણુંવોએ એની ભલમંનશાઈ અને નમંનતાઇને શારી પેઠે વાપરેલીછે તે એ મરનારેનેં જનમ શુધી હઆદ કરેઆ કરશે.

[મુંબઇના શમાચાર, ૧૭ મી આપરેલ ૧૮૨૬.]

તા૦ ૨૩ મી આપરેલ.

રોજ ૨૩ માહ ૭ (શેo) ૧૧૯૫ યજદજરદી.

અરદેસર ફરાંમજી વાડીઆ—તારીખ ૨૩ મી ચાલતા આપરેલને દીને શહવારનાં શ્રી મુમબઇનો નાંમીચો પારશી વેપારી અરદેશરજી ફરાંમજી વાહાડીઆ ૩૮ વરશની વએમો એક અઠવાડીઆંનાં માંદમો આએ તરણ પાંચ દાહાડાની જુઠી માએઆની જગતમોથી નીકલીને શાચી માએઆનાં શવરગવાશી લોકમો કુચ કીધું. હેનાં નાંધલી વએનાં ગુજરવાનો ચોલો અને શંનતાપ હેની ઘરડી માતા તથા પરીવારને બહુ પોહોચેઓ. એ મરનારનાં ઘણુંએક મીતરો હેની ભલમંનશાઈ તથા નમંનતાઇને શદાકાલ હઆદ કરેઆ કરશે. એ મરનારે અંગરેજી તથા ફારશી વીદેઆનો અભેઆશ બહુ કીધો હતો અને વીદેઆ પણ શારી શીખેઓ હતો.

[મુંબઇના શમાચાર, ૨૪ મી આપરેલ ૧૮૨૬.]

તા૦ ૨૬ મી આપરેલ.

રોજ ૨૬ માહ ૭ (શેo) ૧૧૯૫ યજદજરદી.

ખરશેદજી કુવરજી જશાંવાલા—તારીખ ૨૬ મી ગએઆ આપરેલને દીને શ્રી મુમબઇ મધે વેપારી પારશી ખુરશેદજી કુવરજી જશાવાલાનો ૪૬ વરશનો વએમો ગુજરેઓ.

[મુંબઇના શમાચાર, ૧ લી મેએ ૧૮૨૬.]

તા૦ ૧૬ મી આગશટ.

રોજ ૧૮ માહ ૧૧ (શેo) ૧૧૯૫ યજદજરદી.

દસ્તુર અસપંદીઆરજી કામદીનજી—દસ્તુર અશપંદીઆરજી કાંમદીનજી શ્રી ભરૂચ મધે રોજ ૧૮ મો માહ ૧૧ મો રશમી માહ ૧૨ મો કદમી શને ૧૧૯૫ હઅજદજરદી તારીખ ૧૬ મી આગશટ ૧૮૨૬ અંગરેજીને દીને બેહેશતી થાએઓ. એ શાહેબ આશરે વરશ ૮૦ લગી દુનીઆંમાં જીનદગી કીધી. એ દશતુર ઘણો નાંમદાર દીનદાર અને અશો મરદ હતો. અને દીનમજહબનાં કામને શારી પેઠે શમજતો અને ફારશી તથા થોડીએક શનશકરૂતમાં માહેર હતો. પાંહાંચે વખતની બંદગી તથા ફરજીઆત દીનનાં ફરમાંન પરમાંણે ગુજારતો. હેને દશતુર જાંણુવો તથા કેહવો મુનાશેબછે. કેટલાએક ભરૂચનાં લોકોથી હેવું જાંણેઆમો આવેઉંછે જે એ દશતુરને પોતાંનાં વતંનમાંહાં હેવીતો હોરમત તથા આબરૂ હતી જે જારે પોતે ગારીમાં અથવા પગે ચાલીને જે મોહોલામો થાઇને જાતો તારે મરદ તથા ઓરત શરવે ઉઠી ઉભા થાઇને નમીને શલાંમ કરતા અને તાજીમ તકરીમ ઘણી બજા લાવતા. એ દશતુરની ચાલ એ હતી જે મુખતાદનાં દાહાડા ઉપર વરશો વરશ દીન ૧૮ શુધી હરએક મોહલામાં એક એક રાત બેઠક કરી વાએજી કરતો અને ઓરત તથા મરદ શરવેને દીનની વારતા શમજાવતો અને દીનનાં કામ ઉપર ઘણો ચુશત હતો અને અંગરેજ કુમપની બાહાદુરની શરકારમાં આશરે વરશ ૨૦ લગી અમાનીનાં કાંમ ઉપર હતો હઆને શ્રી ભરૂચ મધે કુમપની બાહાદુરની તરફથી અદાલતમાં કુલ રહઅત લોકોનો થોડીએક લેવડ દેવડનો હનિશાફ કરતો તેહનું કમીશન મલતું તે ઉપર પોતાંનાં પરીવા-

રનું પાલણ કરતો. એ દશતુરને મીશતર પરીદરગાશટ શાહેબ જે શ્રી ભરૂચ મધે આસરે વરશ ૮ શુધી હાકમી કીધીછે તે શાહેબ હેને શારી આબરૂ આપતો હતો તથા મીશતર રોમર શાહેબ તથા મીશતર બારનાડ શાહેબ જે હાલ શ્રી મુમબઈમાછે તે શાહેબ તથા બીજા શાહેબો જે શ્રીભરૂચનાં હાકેમો થાઈ ગીઆછે તે બધા એ દશતુરને શારી પરે બોલએછે. અને દશતુર અશફંનદીઆરજી પોતાની વશીઅતમાં ૪ છોકરા મેલી ગીઆછે તેહેમો વડો છોકરો દશતુર કાવશજી તથા પેશતનજી તથા રૂશતમજી તથા મંનચેરજી એ છોકરાવો છે.

[મુંબઈના શમાચાર, ૨૮ મી આગશટ ૧૮૨૬.]

તા૦ ૧૦ મી નવેમબર.

રોજ ૯ માહ ૨ (શે૦) ૧૧૯૬ યજદજરદી.

ફરાંમજી કુવરજી જશાંવાલા—તારીખ ૧૦ મી નવેમબરને દીને પારશી વેપારી ફરાંમજી કુંઅરજી જશાવોરા ૪૪ વરશની વએમો શવરગ લોકમો કુચ કીધું. એ ધણીનાં થોડી વએનાં ગુજરવાથી હેનાં કુટંમપરીવાર તથા ભાઈબંધુઓને બહુ શંનતાપ ઉપજેઓ.

[મુંબઈના શમાચાર, ૧૩ મી નવેમબર ૧૮૨૬.]

તા૦ ૨૧ મી ડીસેમબર.

રોજ ૨૦ માહ ૩ (શે૦) ૧૧૯૬ યજદજરદી.

પાહલણજી જીવણજી પાહલમ કોઠાવાલા—શ્રી મધરાજનાં પાહલમ કોઠા મધે તા૦ ૨૧ મી ડીસેમબરને દીને બે દાહડાનાં માંદથી ૬૯ વરશની વએમો પારશી પાહલણજી જીવણજી ગુજરી ગીઓ. હેનાં ગુજરેઆથી એહનાં શગાંઓને તથા એહનાં ભાઈબંદુઓ જે શંગાથે ઓલખાંણ હતી તે શઘલાંઓને ભારે શંનતાપ ઉપજેઓ. એ ધણી શ્રી પાહલમ કોઠા મધે આવીને વેપાર કરતો હતો. અને પોતાનું કામ ઘણી ચોકસાઈ તથા ચતરાઈથી ચલાવતો હતો. અને ૨૫ વરશ શુધી રહેઓ તાંહાંશુધી એ પરમાંણે ચલાવીઉં. હેનાં મરવાથી એહનાં શગાંઓ તથા ભાઈબંદુઓને ઘણું માઠું થાઈઉંછે. કાંએજે એ મરનાર પોતાનાં શગાંઓ ઉપર માએઆ રાખતો હતો. તથા પોતાનાં ભાઈબંધુ શંગાથે મીતરાચારીમો ચાલતો હતો. તથા ગરીબ લોકોને ધરમ કરીને પરતીપાલ કરતો હતો. [મધરાજ ગવરમેનટ ગેજેટ.]

[મુંબઈના શમાચાર, ૨૨ મી જાનેવારી ૧૮૨૭.]

તા૦ ૨૫ મી ડીસેમબર.

રોજ ૨૪ માહ ૩ (શે૦) ૧૧૯૬ યજદજરદી.

બેજનજી નશરવાંનજી જમુજી—તારીખ ૨૫ મી ડીસેમબરને દીને રાતનાં પારશી બેજનજી નશરવાંનજી જમુજીના અચાનુચ ૬૦ વરશની વએમો આએ માહકશટ ભરેલા દુનીઆંમાંહેથી નીકલીને શવરગ લોકોમો કુચ કીધું. એની થોડી વએનાં મરવાથી હેની બુઢી માતાને તથા હેનાં ભાઈબંધુઓને ભારે શનતાપ ઉપજેઓ.

[મુંબઈના શમાચાર, ૧ લી જાનેવારી ૧૮૨૭.]

ઈ૦ સ૦ ૧૮૨૭.

તા૦ ૨૦ મી જાનેવારી.

રોજ ૨૦ માહ ૪ (શે૦) ૧૧૯૬ યજદજરદી.

મેહરવાંનજી હીરજીભાઈ વાડીઆ—તા૦ ૨૦ મી જાનેવારી ૧૮૨૭ ને દીને શ્રી મુમબાઈ મધે વેપારી પારશી મેહરવાંનજી હીરજી વાડીઆ ૪૩ વરશની વએમો જગતના શંનશાર છોડીને વઈકુંઠવાશી લોકોમો કુચ કીધું. એ મરનાર ઘણોએક મીલંનશાર ભલું માણસ અને નમંનતાઈવાલો હતો. હેના પરીવાર તથા કુટમબીઓ તથા ભાઈબંધુઓને હેનાં શારા ગુણોની ઈઆદ જેવત શુધી રેહશે. હેનાં થોડી વએનાં જાવાથી હેનાં મલતા વીશેકો તથા બાલ ગોપાલને મોટો શંનતાપ થાએઓ.

[મુંબઈના શમાચાર, ૨૨ મી જાનેવારી ૧૮૨૭]

તા૦ ૪ થી જુન.

રોજ ૫ માહ ૯ (શે૦) ૧૧૯૬ યજદજરદી.

રતનજી નાંનજી તારાપોરવાલા—તારીખ ૪ થી ચાલતાં જુન મહીનાંની ૧૮૨૭ ને દીને શ્રી તારાપોર ગામ મધે પારશી રતનજી નાંનજી આશરે ૭૦ વરશની વએમો મરતીઉ લોગમોથી નીકલીને શવરગમો વાશો કરવાને

કુચ કીધું. એ મરનારે ઘણાંએક વરશ શુધી શ્રી તારાપોર તથા તેહને લગતાં ગામોમો હકુમત કીધી હતી. તે ગાંમની પરજા એ ધણીનાં મરણથી બહુ શંતાપ કરેછે. કાંએજે ગાંમનાં લોકોને એ મરનારની અતીઘણી ભલમંનશાઈ તથા નમંનતાઇ તથા મીલનશારીને લીધે બહુ માએઆ લાગીછે. અને હેનાં ગએઆથી હેનાં પરીવાર તથા મોહટાં કુટંબ તથા ઘણાંએક મીતરોને બહુ કુહડાપો થાએઓછે. હેની ભલમંનશાઈ હેનાં મલતીઆઓને શેવટ સુધી ઇઆદ રેહશે.

[મુંબઈના શમાચાર, ૨૫ મી જુન ૧૮૨૭.]

તા૦ ૧૦ મી જુન.

રોજ ૧૧ માહ ૧૦ (ક૦) ૧૧૯૬ યજદજરદી.

રુસતમજી લીમજી પાંડે—તારીખ ૧૦ મી ચાલતા જુનને દીને પારશી રુશતમજી લીમજી પાંડેના થોડાજ દાહડાની માંદમો ૪૦ વરશની વએમો શવરગ લોકોમો કુચ કીધું. એ મરનાર એક નામીચો વેપારી હતો. હેનાં ગુજરવાએ કરી હેનાં ભાઇબંદુ તથા પરીવારને તથા મલતા વીશેકને બહુ દુખ ઉપજીઉં. હેના શારા અને શુધા શવભાવને તથા શુભ કારબાર તથા નમનતાઈના ગુણને ઘણા લોકો ઇઆદ કરશે.

[મુંબઈના શમાચાર, ૧૮ મો જુન ૧૮૨૭.]

તા૦ ૧૦ મી જુન.

રોજ ૧૧ માહ ૯ (શે૦) ૧૧૯૬ યજદજરદી.

માણેકજી જીજીભાઈ વાછા—તારીખ ૧૦ મી ચાલતા જુન મહીનાનીને દીને પારશી માણેકજી જીજીભાઈ વરશની વએમો આ તરણ પાંચ દાહાડાની માએઆનાં લોગમોથી નીકલીને શવરગના લોગમો વાશો કીધો. પારશી જમશેદજી જીજીભાઈ જે હમણે મુમબઇમો નામીચા વેપારી છે તેહોનો એ મરનાર શગો ભાઈ થાએ. એ મરનાર ઘણું એકમારગી અને ભલું માણુશ હતો.

[મુંબઈના શમાચાર, ૧૮ મી જુન ૧૮૨૭.]

તા૦ ૨૮ મી જુન.

રોજ ૨૯ માહ ૯ (શે૦) ૧૧૯૬ યજદજરદી.

મોદી ખુરશેદજી ડોશાભાઈ સુરતવાલા, શ્રી શુરત મધે તારીખ ૨૮ મી ગએઆ જુન મહીનાંનીને દીને મોદીજી ખુરશેદજી ડોશાભાઈ ૫૮ વરશની વએમો શવરગવાશી લોકોમો કુચ કીધું. એ મરનાર શ્રી શુરતની પારશીની પંચનો મોટો શેઠીયો હતો. અને પારશીની પંચનાં કાંમની ઘણીજ તપાશ કરતો હતો. અને શ્રી શુરત શેહેરમો મોટું નામીચું અને માહાબાવાલું માંણુશ હતું. એ શાહેબનાં ગુજરવાથી ઘણાંએક પારશી તથા બીજી ગનેઆતના લોકો જે તેવણ શાથે મીતરાચારી રાખતા હતા તેવોનનાં મનને તેહોની ભલમંનશાઈ તથા નમનતાઈની ઇઆદ શેવટનાં દાહાડા શુધી રેહશે.

[મુંબઈના શમાચાર, ૯ મી જુલાઈ ૧૮૨૭.]

તા૦ ૨૩ મી સપટેમબર.

રોજ ૨૧ માહ ૧ (ક૦) ૧૧૯૭ યજદજરદી.

હોરમજજી એદલજી પાંડે—તારીખ ૨૩ મી શપટેમબર ૧૮૨૭ ને દીને શ્રી મચ્છરાજ મધે વેપારી પારશી હોરમજી એદલજી પાંડેનો ૫૫ વરશની વએમો ગુજરી ગએઓ. એ ધણીએ શ્રી મચ્છરાજ મધે ૨૫ વરશ શુધી વેપાર ચલાવેઓ.

[મુંબઈના શમાચાર, ૮ મી અકટોબર ૧૮૨૭.]

23rd September 1827.

HORMASJEE EDALJEE PANDEY.—At Madras, on the 23rd September, Hormasjee Eduljee Pandel, Merchant, aged 55 years.

[*Bombay Courier, 6th October.*]

ઈ૦ સ૦ ૧૮૨૮.

તા૦ ૬ ઠી ફેબરવારી.

રોજ ૭ માહ ૫ (શે૦) ૧૧૯૭ યજદજરદી.

મનચેરજી નવરોજજી મોદી—તા૦ ૬ ઠી ફેબરવારી શને ૧૮૨૮ ને દીને પારશી મંનચેરજી નવરોજજી મોદીએ ૨૮ વરશની વએમો શવરગ લોગમો વાશો કરેઓ. એ ધણીનાં નાંધલી વએનાં ગુજરવાથી હેનાં માબાપ તથા કુટંમપરીવાર તથા ભાઇબંધુઓને બહુજ શંન-

તાપ થાએઓ. અને હેની ભલમંનશાઈનાં ગુણ તે લોકોને શદાકાલ મંનમાં ઈઆદ આવિઆ કરશે.

[મુંબઇનાં શમાચાર, ૧૧ મી ફેબરવારી ૧૮૨૮.]

તા૦ ૨૬ મી મારચ.

રોજ ૨૬ માહ ૭ (ક૦) ૧૧૯૭ યજદજરદી.

દાદાભાઈ કાવશજી શાએર—તારીખ ૨૬ મી ચાલતા મારચને દીને પારશી દાદાભાઈ કાવશજી શાએરે ૭૦ વરશની વએમા આ તરણ પાંચ દાહાડાની પરથવીવાશી મીતરોમાથી શવરગ લોકોમા કુચ કરીઉં. એ પારશી મુમબાઈ વચે એક મોટો નાંમીચો વેપારી કેહેવાએચ. એ મરનારની ભલમંનશાઈ તથા નમંનતાઈ તથા મીલંનશારી તથા શારા ગુણની ઘણા લોકોને પોતાની હએઆતી શુધી ઈઆદ રેહશે. એ ધણીનાં ગુજરવાથી હેનાં પરીવાર તથા કુટંમબીઓ તથા ભાઈબિંધુઓને મોટો શંતાપ થાએઓ.

[મુંબઇના શમાચાર, ૩૧ મી મારચ ૧૮૨૮.]

તા૦ ૧૬ મી આપરેલ.

રોજ ૧૭ માહ ૭ (શે૦) ૧૧૯૭ યજદજરદી.

બેહુરાંમજી ભીખાજી ડાકટર, સુરતના, તા૦ ૧૬ મી ચાલતા આપરેલ મહીનાંનીએ શ્રી શુરત મધે પારશી બેહરાંમજી ભીખાજી ડાકટર આશરે ૫૯ વરશની વએમા આએ તરણ પાંચ દાહાડાની જુઠી માએઆ ભરેલી જગતમાથી નીકલીને શાચી માએઆનાં આકાશવાશી લોકમા અને શવરગવાશી જગતમા ચાલ પકડી. એ ધણીનાં ગુજરવાથી હેનાં ભાઈબિંધુઓ તથા કુટમપરીવાર તથા મીતરોને બહુ શંનતાપ થાએઓ. એ મરનાર શ્રી શુરતની વશતીમા એકો અને નાંમીચો અને ચાતુર તથા બુધીવાંન વઈદ કેહવાતો હતો અને અંગરેજી તથા ફારશી વઈદક શાશતરમા પરવીણ અને પોહોચેલો હતો. એ ધણીને વઈદકનાં કાંમમા શ્રી શુરતનાં ઘણાં ખરાં લોકો પોતાંના વખતનો લોકમાંન કરી જાંણતા. અને વલી હેવી માહભારત વીદેઆ શાથે ભલમંનશાઈ અને નમંનતાઈનો કશો પાર નહી હતો. એ મરનારનાં શઘલા વખાંણ ભરેલા મોટા ગુણોની ઈઆદ હેનાં મીતરો તથા ભાઈબંદુઓને શેવટનાં દાહાડા સુધી રેહશે. અને એ ધણી ભાએગનો પણ મોટો બલીઓ હતો. અને શઘલા શારા ગુણ જે માંણશને ઘટેછે તેમાનાં કાંઈ ગુણથી એ ધણી ખાલી નહી હતો.

[મુંબઇના શમાચાર, ૨૧ મી આપરેલ ૧૮૨૮.]

તા૦ ૭ મી જુન.

રોજ ૯ માહ ૧૦ (ક૦) ૧૧૯૭ યજદજરદી.

લીમજી કાવશજી બનાજી—તા૦ ૭ મી ચાલતા જુન મહીનાની શનવારને દીને રાતનાં શ્રી મજગાંમ મધે પોતાંની વાડીમા પારશી લીમજી કાવશજી બનાંજીનો ૨) દાહડાની તાવની પીડાકારીથી ૪૫ વરશની વએમા આએ લોભ લાલચ અને જુઠી માએઆ ભરેલી વશતીમાથી નીકલીને શાચી માએઆનાં શવરગ લોકોમા ચાલ પકડી. એ ધણી શ્રી મુમબાઈ મધે એક નાંમીચો વેપારી અને ભાએગવનોમા એક મોટો ભાએગવંન હતો અને પરમેશરની દએઆથી શઘલી પરકારે આનંદ હતો. એ ધણીનાં ગુજરવાથી હેનાં મોટા પરીવાર તથા ભાઈબિંધુઓને એક અચબુચો શંનતાપ અને ગંમ પોહોચેઓ. હેનાં શારા ગુણોની ઈઆદ તે લોકોને શદાકાલ રેહેશે.

[મુંબઇના શમાચાર, ૯ મી જુન ૧૮૨૮.]

7th June 1828.

LIMJEE COWASJEE BANAJEE.—On the evening of Saturday the 7th inst. at his residence in Nesbit lane, Limjee Cowasjee, in his 46th year, of an illness of five days duration.

From his great judgment and shrewd discernment, his long and active experience in trade, his extensive information and varied intelligence, his loss will be much felt and long regretted by the Society of Bombay in general, and by the mercantile community, Native as well as European, in particular to several of whom his qualities were most valuable and useful.

[*Bombay Gazette*, 11*th June.*]

તા૦ ૧૦ મી જુન.

રોજ ૧૨ માહ ૯ (શે૦) ૧૧૯૭ યજદજરદી.

નવરોજજી નશરવાંનજી વાડીઆ—તા૦ ૧૦ મી જુન ૧૮૨૮ ગએઆ મંગલવારને દીને પારશી નવરોજી નશરવાંનજી વાડીઆનાં ૭ દાહાડાનાં માંદગી ૩૮ વરશની વએમો આમીના વશનારા લોગોમાંથી નીકલીને શવરગ વાશી લોકોમો કુચ કીધું. એ મરનાર શ્રી મુમબઇમો એક નામીચાં કુટંમબનો અને વેપારીમો મોટો નાંમીચો વેપારી હતો. એ ધણીનાં ગુજરવાથી હેનાં કુટંમબ પરીવાર તથા ભાઈબંધુઓને બહુ દુખ અને મોટો શંતાપ થાએઓ. એ મરનારની ભલમંનશાઈ તથા નમંનતાઈ તથા શારા શવભાવ અને ગુણગારી માએઆને ઘણાં લોકો પોતાંનાં શેવટનાં દાહડા શુંધી વીશરશે નહી.

[મુંબઈના શમાચાર, ૧૬ મી જુન ૧૮૨૮.]

તા૦ ૩૧ મી આગશટ.

ગાથા ૪ (ક૦) ૧૧૯૭ યજદજરદી.

હોરમજજી મનચેરજી કામાજી—તારીખ ૩૧ મી આગશટ ૧૮૨૮ ને દીને શ્રી મુમબઇનાં કોટમો પારશી હોરમજી મંનચેરજી કાંમાએ ૪૪ વરશની વએમો પરથવીની વશતીને છોડીને આકાશી લોકની વશતીમો શવરગનાં ઘરમો ચાલ પકડી. એ પારશી એક નાંમીચો અને શાચો અને શુધો વેપારી હતો. એ ધણીએ શઘલા પોતાંની વયે વેપારનાં કાંમમો ડાપણ અને ચતરાઇથી કાહાડી. એ ધણીને ભલમંનશાઈ તથા નમંનતાઈ તથા શેઆંણપણને લીધે અતરેના શઘલા વેપારીઓ અને ઘણાંબરા લોકો શારીપરે ઓલખેછે. એ ધણીને થોડી વએમો ગુજરવાથી હેનાં કુટંમબપરીવાર તથા ભાઇબંધુઓને મોટો ઓચંમબો અને ભારે વતવતો થાએઓછે. એ મરનારનાં શઘલાં ગુણગારાં કરતબને એ લોકો શેવટનાં દાહાડા શુધી મંનથી વીશરશે નહી.

[મુંબઈના શમાચાર, ૧ લી સપટેમબર ૧૮૨૮.]

તા૦ ૯ મી સપટેમબર.

રોજ ૮ માહ ૧ (ક૦) ૧૧૯૮ યજદજરદી.

જાંગીરજી અરદેસર દાદીશેઠ—એક શંતાપ ભરેલું મરતીઉક, તા૦ ૯ મી ચાલતા શપટેમબર મહીનાંનીને દીને રાતનાં શ્રી મુમબઇનાં કોટમો પારશી શેઠ જાંહાંગીરજી શેઠ અરદેશેરજી દાદીશેઠનાંએ કોલેરા મારબશની પીડાકારીથી અચબુચ એક દાહાડાંમો ૪૭ વરશની વએમો આએ દુશટ અને ભએઅંકાર પરથવીને છોડી દઇને આકાશની શદાકાલની વશતીનાં પવીતર વઇકુંઠવાશી નીરંકાર લોકોમો કુચ કીધું.

એ મરનાર શેઠ જાંહાંગીરજી તે શેઠ અરદેશેરજીનો નાંહલો છોકરો થાએ. એ મરનાર એક નાંમીચા વંનશનો અને મોટી વખાંણ ભરેલાં કુલનો બાપ દાદાથી શેઠીઓ કેહવાતો હતો. અને એ શેઠાઈ તથા મોટાઈનું નાંમ એ મરનારની પેહડી દર પેહડીથી ઉતરતું આવેલુંછે. એ મરનારે પોતાંનાં બાપદાદાનાં શેઠાઇનાં મોટાં નાંમ તથા ચાલ પરમાંણે પોતે પણ તેહવુંજ નાંમીચું નાંમ તથા માહભારત માંન જાલવી રાખીઉં હતું. અને એ શેઠીઆનાં બાપ દાદાથી પારશી લોકોની ગનેઆત વચે ઘણાંએક શારાં અને દીશતાં માહભારત ધરમનાં કાંમો થાએલાં છે કે તેહને શઘલી જાગાનાં પારશી લોકો શારી પેરે જાંણેછે કે હેવાં ધરમનાં કામો આજનાં વખતમો કોઈ શેઠીઓ કરી શકશે હેવું કેહવાને વીલંમ છે. તે કાંમોની એ મરનારે પોતાંનાં વડવાઓ પરમાંણે પોતાંનાં શેઆંણાં વડા ભાઇના શંપજથી ઘણી શારી તપાશ અને ચોકશાઈ રાખી હતી. અને એ શેઠીઓ અગત કરીને શેઠાઇમાં વખાંણવા જોગ હતો. અને પોતાંના બાપદાદા જેહવો નાંમીચો વેપારી કેહવાતો હતો. એ નાંમીચા ટોલાની વખાંણ ચોખુણ પરથવીમો ફરી વલેલીછે. એ મરનારનાં મોહડાંનો ચેહરો શેઠાઈ અને મોટાઇની ભભુક મારતો હતો. અને ચેહરા ઉપરથી આકરો અને તીખો દીશતો હતો પણ ઘણો ચાતુર અને શીઆંણો અને નમંનતાઈ ભરેલો અને મંનનો ધોતો અને હઇઆનો દએઆલુ અને માએઆવંતો અને જીવથી મોટો દાતાર અને ધરમાતુ હતો.

એ મરનાર શેઠીઆને અતરેનાં શઘલી વરણનાં લોકો શારી પેઠે ઓલખેછે. અને અતરેનાં નાંમીચા શઘલા અંગરેજ લોકો શંગાથે ઘણીજ મીતરાચારી રાખતો. અને એ મરનારનાં ડાહપણ તથા શેઆંણપણથી શરવે શાહેબો હેને ઘણો વખાંણતા હતા. આ જગતમો અવતરેઓ તે દાહાડાથી તે ગુજરવાનાં દાહાડા શુધી પોતાંની શઘલી વએમો હરેક ગનેઆતનાં લોક શાથે ભલાઈ કરી દેખાડી. અને કોઈનાં આતમાને હરેક પરકારનું દુખ પોંહોંચીઊં તેહને પોતાનું દુખ શરીખું જાણીને પોતાના વડવાઓની પેરે બની આવીઊં તેમ પોતા પર કશટ ખેંચીને તેહનો દુખ ભંજંન થાએઓ. પરાએઆનાં લાભને પોતાંનો કરી જાંણતો. પરાએઆનાં દુખને પોતા ઉપર તાંણતો. એ ગુજરનાર શેઠીઆનાં હેવા શારા ગુણો તથા ભલમંનશાઈ તથા આભારની વખાંણ આપણથી થાઈ શકે હેવું નથી. હેનાં થોડી વએમો ગુજરવાથી હેનાં શઘલા નાંમીચા કુટંમબપરીવાર તથા ભાઈબિંધુઓ તથા મલતા વીશેકોને ભારે શંતાપ અને મોટા ઓચંમબો અને કડણ કુહડાપો થાએઓછે. એ મરનારની ગુણગારી માએઆ અને વખાંણને ઉપર કહેલા શઘલા લોકો પોતાંનાં શેવટનાં દાહાડા શુધી મનથી મુકનાર અને હઈઆંથી ભુલનાર નથી.

[મુંબઈના શમાચાર, ૧૫ મી સપટેમબર ૧૮૨૮.]

9th September 1828,

Jehangir Ardaseer Dady.—At his house in the Fort, on the 9th inst. of that fatal disease Cholera Morbus, Jehangeer Ardaseer, in the 47th year of his age, youngest son of the late Ardaseer Dady Sett.

Unassuming in his manners and address, he displayed an inbred courteousness of the most pleasing character.—To his many acquaintances, European as well as Native, he had rendered himself agreeable by his habitual politeness, his unvaried kindness, and his constant readiness to assist and oblige.—Those who knew him intimately have to regret a man of very amiable disposition, and a steady friend.

By his family, to whom he was endeared by many ties of affection, by the Parsee community at large, and by all, indeed, who knew him, will his loss long be regreted, and his memory ever held in grateful remembrance.

[*Bombay Courier, 13th September.*]

તા૦ ૧૧ મી નવેમબર.

રોજ ૧૧ માહ ૩ (કo) ૧૧૯૮ યજદજરદી.

ફરાંમજી જીવાજી ઢોંડી—તારીખ ૧૧ મી ચાલતા નવેમબર મહીનાંનીએ શ્રી મુમબઈનાં કોટમો પારશી ફરાંમજી જીવાજી ઢોંડીનાં એક અઠવાડીઆંનાં માંદમો ૩૯ વરશની વએમો આ તરણ પાંચ દાહાડાની જુઠી માએઆ ભરેલી જગતને તજીને શદાકાલનાં શવરગવાશી નીરંકાલ લોકોમો કુચ કીધું.—એ મરનાર પારશી ફરાંમજી મોટાં નાંમીચાં કુલનો શારા શવભાવનો અને ભલમનશાઈ તથા નમનતાઈ તથા શેઆંણપણમો વખાણાએલો એક મોટો વેપારી હતો. એ ધણીનાં થોડી વએમો ગુજરી જાવાથી હેનાં કુટંમબપરીવાર તથા ભાઈબિંધુઓને મોહોટો શંનતાપ ઉપજેઓ. હેનાં શઘલા શારા ગુણોની માએઆ હેનાં મલતીઆ લોકો પોતાંનાં જીવથી કધા વીશરશે નહી.

[મુંબઈના શમાચાર, ૧૭ મી નવેમબર ૧૮૨૮.]

11*th November* 1828.

Framjee Jeewajee Dhondy.—In the Fort on Tuesday the 11th Inst. after only a few days illness, Framjee Jeewajee, a respectable Parsee Merchant aged 39 years.

[*Bombay Gazette, 19th November.*]

તા૦ ૧૨ મી નવેમબર.

રોજ ૧૨ માહ ૩ (કo) ૧૧૯૮ યજદજરદી.

મનચેરજી એદલજી એદલકાકાના—તારીખ ૧૨ મી ચાલતા નવેમબર મહીનાંનીએ

શ્રી મુમબઈનાં કોટમો પારશી મનચેરજી એદલજી કાકાનાં એક અઠવાડીઆંનાં માંદમો ૨૯ વરશની ઉમરમો દુખ અને શંતાપનો કોટ જે આ પરથ-વીછે તેહને પડતી કરીને વઇકુંઠ જે શુખચેનનું શદાનું ઘરછે તાંની પવીતર આતમાની વશતીમો ચાલ પકડી.—એ મરનાર વેપારીઓમોનો એક વેપારી હતો અને બાપદાદાથી નાંમીચાં કુટંમ-બનો કેહવાતો હતો. એ મરનાર ઘણોજ ચાતુર અને બુધીવાંન નમંનતાઈ અને ભલમં-નશાઈ ભરેલો શુધો અને શાચા વચંનનો પુરશ હતો.—હેનાં હેત પરીતની માએઆ ભરેલી ઇઆદ હેનાં બાલગોપાલ તથા ભાઈબાંદુ તથા મીલનશારોને ઘેવટનાં દાહાડા શુધી હઈઆંથી ખીશશે નહી. એ મરનાર તથા ઉપર કહેલો મરનાર ફરાંમજી એ બંધે એક ગોઠવાલા અને એક એકબીજાનાં શાચા મીતર હતા તેહની શાખશી એજે જેમ આ જગતમો મીતરાચારી રાખી શાથે ફરતા તેજ રીતે બંધે મીતરોએ શાથે કુચ કીધી.

[મુંબઈના શમાચાર, ૧૭ મી નવેમબર ૧૮૨૮.]

12*th November* 1828.

MANCHERJEE EDULJEE EDULKAKA. —In the Fort on Wednesday the 12th Inst. after only a few days illness, Muncherjee Eduljee, a respectable Parsee Merchant aged 29 years.

[*Bombay Gazette, 19th November*]

ઈ૦ સ૦ ૧૮૨૯.

તા૦ ૯ મી મારચ.

રોજ ૯ માહ ૬ (શે૦) ૧૧૯૮ યજદજરદી.

માણેકજી નવરોજજી ફરાંમજી વાડી-આ—તા૦ ૯ મી ચાલતા મારચ મહીનાંની શને ૧૮૨૯ ને દીને વાડીઆ માંણેકજી નવરો-જજી ૩ મહીનાંનાં માંદમો ૩૨ વરશની વએમો શવરગવાશી થાએઓ. એ મરનાર નાંમીચા વાડીઆ માંણેકજીનાં કુટંમબનો હતો. અને હાલમો બંદરમો મોહટા વાડીઆજી નવરોજજી જમશેદજીનો બીજો આશીશટેનટ હતો. એ મરનાર ઘણું વખાંણવાજોગ અને નમાંણુ માંણશ હતું. હેનાં મરણથી વાડીઆજીવાલાં કુટંમબને તથા હેનાં ભાઈબંદુઓને મોહોટો શંતાપ ઉપજેઓ.

[મુંબઈના શમાચાર, ૧૬ મી મારચ ૧૮૨૯.]

9*th March* 1829.

MANECKJEE NOWROJEE FRAMJEE WADIA.—On the 10th March at 2 o'clock in the morning of an illness of three months duration, Manockjee Nowrojee Wadia, Second Assistant to the Master Builder, most deeply regretted by his mother, widow, and all who knew him, at the age of 32 years.

[*Bombay Courier, 14th March.*]

તા૦ ૧૭ મી મારચ.

રોજ ૧૭ માહ ૬ (શે૦) ૧૧૯૮ યજદજરદી.

ખરશેદજી ફરાંમજી વાડીઆ—તા૦ ૧૭ મી ગએઆ મારચ મહીનાંનીને દીને શ્રી ચીન કંતાનને લગતાં શ્રી મકાઉનાં બંદરમો પારશી ખુરશેદજી ફરાંમજી વાડીઆ ઘણાંએક દીવશ શુધી માંદ ભોગવીને ૪૮ વરશની વએમો આકાશી વશતીના વઈકુંઠવાશી લોકોમો ચાલ પકડી. એ મરનાર શ્રી મુમબઈનાં વાડીઆ-જીનાં મોટાં નામીચાં કુટમબમો એક મોટો વેપારી હતો. અને ઘણાં દીવશથી ઘણીએક ચતરાઈ અને શેઆંણપણથી મોટી આબરૂ શાથે શ્રી ચીનનાં બંદરનો વેપાર તથા વેહવાર તથા આડ-તનો કારભાર ચલાવતો હતો. અને ઘણાંએક વરશ શુધી શ્રી ચીન કંતાનનું પરદેશ ભોગવીને ઇઆરોપીઆંન તથા ચીનાં તથા હીનદોશતાંની વેપારીઓમો એક પોતાની શુધી ચાલચલણથી એક મોટું નાંમ ઉઠાવીઉ હતું. અને ઘણોજ માહબો મેલવેઓ હતો. એ મરનારને પરદેશમો ગુજરવાથી હેનાં નાંમીચાં કુટંમબપરીવારને તથા ભાઈબંધુઓને એકનો બમણો શંતાપ ઉપજેઓ.

[મુંબઈના શમાચાર, ૨૦ મી જુલાઈ ૧૮૨૯.]

17th March 1829.

CURSETJEE FRAMJEE WADIA.—Died at Macao on the night of Tuesday the 17th ultimo aged 48 years, of a lingering illness, which he bore with surprising fortitude, Cursetjee Framjee of Bombay, Agent of Messrs. Forbes & Co. and nephew of Jamsetjee Bomanjee, the celebrated ship builder, and of Hormarjee Bomanjee. He had been for several years in the habit of visiting China annually for commercial purposes, and was much esteemed among his countrymen for his personal qualities, and from the respectability of his connections in his native place, and he also stood high in the opinion of the Europeans, and the Chinese, who had an opportunity of appreciating his worth. His loss will be deeply and sincerely lamented by his family, relations, and friends whose grief must be embittered by the painful recollection of his being doomed to meet his fate in a foreign land.

His Remains were attended to within a short distance of the Grave by a member of the select committee, and one of the medical Gentlemen of the British Factory, and by several respectable European Gentlemen, who then retired and the last sad rites were performed in the presence of all the individuals of his nation then at Macao.

[*Canton Register, 4th April.*]

તા૦ ૧૫ મી આપરેલ.

રોજ ૧૬ માહ ૭ (શે૦) ૧૧૯૮ યજદજરદી.

મેહરવાંનજી ખરશેદજી શેઠના—તા૦ ૧૫ મી ચાલતા આપરેલ મહીનાંનીને દીને આ૦ શેઠ મેહેરવાંનજી ખરશેદજી ૮૧ વરશની વએમો શવરગ લોગમો કુચ કરીઉ. એ મરનાર નાંમીચાં કુટંબનો અને ઉંચા કુલનો એક શેઠીઓ હતો. અને એ ધણીએ પોતાંની શઘલી વએ ભલમંનશાઇ અને નમંનતાઇ અને મીલંનશારીમો કાહાડી. અને પોતાંના દાદા પરદાદાનું નાંમ તથા પતને ધણીએક શાચવણી કરીને વધારીઉં. એ શેઠીઆનાં ગુજરવાથી હેનાં કુટંમબપરીવારને તથા ભાઇબંધુઓને મોટો શંતાપ ઉપજેઓ. એ શેઠીઆનાં શારા ગુણોની માએઆને તે લોકો શેવટનાં દાહાડા શુધી પોતાંનાં હઇઆંથી છોડશે નહી.

[મુંબઇના શમાચાર, ૨૦ મી આપરેલ ૧૮૨૯.]

તા૦ ૨૩ મી મેએ.

રોજ ૨૪ માહ ૮ (શે૦) ૧૧૯૮ યજદજરદી.

દાદાભાઈ જીવાજી ગાંધી—તા૦ ૨૩ મી ગએઆ મેએ મહીનાંની શનવારને દીને પારશી દાદાભાઇ જીવાજી ધાંધીનાંએ ૫૨ વરશની વએમો વહકુંઠવાશી ભાઇબંધુઓમો ચાલ પકડી. એ પારશી એક વેપારી હતો. અને ઘણોજ ભલું માંણુશ અને નમંનતાઇ ભરેલો અને શારે લોકો શાથે મીલંનશાર અને ભારમોજવાલું માંણુશ હતું. હેનાં ગુજરવાથી હેનાં પરીવાર તથા ભાઇબંદુઓને એક મોટો શંતાપ શરીખું થાઇઉં.

[મુંબઇના શમાચાર, ૧ લી જુન ૧૮૨૯.]

તા૦ ૨૪ મી મેએ.

રોજ ૨૫ માહ ૮ (શે૦) ૧૧૯૮ યજદજરદી.

દસ્તુર ખરશેદજી જમશેદજી જામાસ્પ આશાના—તા૦ ૨૪ મી ગએઆ મેએ મહીનાંની આઇતવારને દીને દશતુરજી ખોરશેદજી જમશેદજી જાંમાશપજી આશાનાંએ ૮૩ વરશની વએમો એકુ દાહાડાના માંદમો આ ખોટી માંએઆની જગતને છોડીને શાચી માએઆનાં શવરગવાશી લોકોમો કુચ કરીઉં. એ મરનાર દશતુર ખોરશેદજી શ્રી મુમબઇનાં પારશી લોકોનો એક નાંમીચો દશતુર હતો. એ મરનાર ઘણોજ એકમારગી અને શુધો અને ધીરો અને ખમાઉ અને શાચો અને નમંનતાઇમો વખાંણવા જોગ માંણુશ હતું અને પોતાંનાં ધરમશાશતરની વીદીઆમો પરવીણ હતો. અને શઘલી પોતાંની વએમો એક દાહાડો શું કે એક શંદેઆપણી ઇશવરની ભગતી અને પોતાંનાં ધરમ શાશતરની

ફીરીઆથી ખાલી નહી મુકી હશે. પારશી લોકોની ગનેઆતમોથી ઘણાંએકને એ મરનારનાં શઘલા ગુણોની ઈઆદ શેવટનાં દાહાડા શુધી મનમો રેહશે.

[મુંબઈના શમાચાર, ૧ લી જુન ૧૮૨૯.]

તા૦ ૧૭ મી જુલાઈ.

રોજ ૧૯ માહ ૧૧ (ક૦) ૧૧૯૮ યજદજરદી.

શોરાબજી પેશતનજી પાટક—તારીખ ૧૭ મી ચાલતા જુલાઈ મહીનાંનીને દીને શ્રી મુમબઈનાં કોટબાહેર પારશી શોહોરાબજી પેશતનજી પાટકનાં ૪૨ વરશની વએમો આ જગતનાં લોકોમો પોતાંનુ ભલમંનશાઈ તથા વીદેઆવાંનનું નાંમ લેહાવું મુકીને શદાકાલનાં ભલમંનશાઈ ભરેલા આકાશવાશી લોકોમો કુચ કરીઉં. એ મરનાર શોહોરાબજી શ્રી મુમબઈમો પારશીનાં ટોલામો જેટલા અંગરેજી વીદેઆનાં પરવીણો કેહવાએછે તેહમોનો એક નાંમીચો અંગરેજી વીદેઆમો પરવીણ હતો. અને વલી હેવી માભારત વીદેઆની પુંજી શાથે ભલમંનશાઈ તથા નમંનતાઈ તથા શેઆંણપણમો એક એકો અને નાંમીચો પુરશ કેહવાતો હતો. અને શવભાવનો ઘણોજ શારો હતો. અને શેઠ જમશેદજી જીજીભાઈની નાંમીચી પેહડીમો ઘણાંએક શેઆંણપણથી ઘણાંએક વરશથી અંગરેજી લખવાનાં કાંમમો મોટો અધીકાર ધરાવતો હતો. અને એક માહભારત બોજવાલું માંણશ હતું. એ પુરશનાં થોડી વએનાં ગુજરી જાવાથી હેનાં કુટંમબપરીવાર તથા ભાઈબંધુઓને તથા મલતા વીશેકોને મોટો સંતાપ અને ભારે કુડાપો ઉપજેઓ. એ મરનારની ગુણગારી વખાણ એ શરવે લોકો પોતાનાં શેવટનાં દાંહાડા શુધી મોહથી છોડશે નહી અને હેની માએઆ છેલા દાહાડા શુધી હઈઆંમો ભમેઆ કરશે.

[મુંબઈના શમાચાર, ૨૦ મી જુલાઈ ૧૮૨૯.]

17*th July* 1829.

Sorabjee Pestonjee Patuck—On the 17 instant aged 42 years, Sorabjee Pestonjee Paddoc, leaving behind him the remembrance of his many virtues, talents and humanity.

The deceased was one of the most perfect masters of the English language amongst the Parsee caste, and to this gift he joined a kindness of heart, a meekness and sound understanding rarely equalled and never surpassed. He was for many years a faithful and confidential assistant in the respectable office of Messrs. Jamsetjee Jeejeebhoy and Co. His untimely death has caused great mourning and lamentations amongst his family and friends, who fully appreciated his excellence.

[*Bombay Courier, 25th July.*]

તા૦ ૨૮ મી જુલાઈ.

રોજ ૨૬ માહ ૧૦ (શે૦) ૧૧૯૮ યજદજરદી.

હોરમજજી ફરદુનજી મોટાફરાંમના—તારીખ ૨૪ મી ચાલતા જુલાઈ મહીનાંનીને દીને શ્રી મુમબઈનાં કોટમો આ૦ હોરમજજી ફરદુનજી મોટાફરાંમના ૩૨ વરશની વએમો ૩ દીવશની તાવથી અચબુચ આ તરણ પાંચ દાહાડાની જુઠી માએઆવાલી વશતીમોથી નીકલીને શદાકાલનાં શાચી માએઆનાં આકાશવાશી લોકોમો કુચ કરીઉં. એ મરનાર એક ખુબશુરત પેહલવાંન જેહવો શોભતો દીશતો હતો અને બોલવામો ઘણોજ ચતરા અને હરેકવાતમો હાજરજવાબી હતો. અને શરવ શાથે મીલંનશાર અને નમનતાઈ ભરેલો હતો. એ મરનારને છેકજ થોડી વએમો ભરજવાંનીમો ગુજરી જાવાથી હેનાં બુઢા બાપ તથા કુટંમબપરીવાર તથા ભાઈબંધુઓને મોટો શંતાપ ઉપજેઓ.

[મુંબઈના શમાચાર, ૨૭ મી જુલાઈ ૧૮૨૯.]

તા૦ ૨૩ મી. આગશટ.

રોજ ૨૬ માહ ૧૨ (ક૦) ૧૧૯૮ યજદજરદી.

શોરાબશાહ દાદાભાઈ લાંમના—તારીખ ૨૩ મી ચાલતા આગશટ મહીનાંનીને દીને પારશી શોહોરાબશાહ દાદાભાઈ જીજીભાઈ લાંમનાં ૩૩ વરશની વએમો અચબુચ અને અણચીત તરણપાંચ દાહાડાની ખોટી માએઆની જગતને છોડીને શવરગવાશી લોકોમો

ચાલ પકડી. એ મરનાર ઘણોજ શવરૂપ અને શેઆંણો અને આતુર અને નમંનતાઈ ભરેલો ધીરા શવભાવનો પુરશ હતો. હેનાં થોડી વએનાં ગુજરી જવાથી હેનાં પીતા તથા ભાઈબંધુઓ તથા મલતાવીશેકોને ભારે શંતાપ થાએઓ. એ પુરૂશનાં ગુણગારા મીતરાચારી તથા ભલમંનશાઈનાં હેત પીરીતને તે લોકો પોતાંનાં શેવટનાં દાહાડા શુધી મનથી મુકશે નહીં. અને શદાકાલ હેનાં મોત ઉપરથી મુંજાએઆ કરશે.

[મુંબઈના શમાચાર, ૩૧ મી આગશટ ૧૮૨૯.]

ઈ૦ સ૦ ૧૮૩૦.

તા૦ ૭ મી જાનેવારી.

રોજ ૮ માહ ૫ (ક૦) ૧૧૯૯ યજદજરદી.

પેશતનજી કાલાભાઈ વકીલ—તારીખ ૭ મી ચાલતા જાનેવારી મહીનાનીએ શ્રી શુરત મધે પારશી પેશતનજી કાલાભાઈ વકીલે આ પરથવીવાશી લોકોમાથી નીકલી આકાશનાં શવરગવાશી લોકોમા કુચ કરીઉં.

એ મરનાર શ્રી શુરતની પારશીની ગનેઆતનાં અકાબરોમા એક મોટા નાંમીચો અકાબર હતો. અને મોટા ધરમાતુ તથા દએઆવંત અને મીલંનશાર અને નમંનતાઈ ભરેલું અને માંનજોગ અને શેઆંણું અને ચતરા માંણુશ હતુ. એ ધણીએ પોતાંને જીવતાં પોતાંની શકમાઈની પુંજીથી એક મોટું ધરમનું કામ આતશબેહરાંમનું કરીને પોતાનું શદાકાલનું નાંમલેહણું પોતાંના લોકોમા રાખીઉં છે. એ નાંમીચા પારશીનાં ગુજરી જવાથી તેહના કુટુંમબપરીવાર તથા ભાઈબંધુઓ તથા ઘણાંએક લોકોને તેહની ગુણગારી માએઆની ઈઆદ શેવટનાં દાહાડા સુધી હઈદાંથી જાશે નહી.

[મુંબઈનાં શમાચાર, ૧૧ મી જાનેવારી ૧૮૩૦.]

તા૦ ૧૧ મી જાનેવારી.

રોજ ૧૨ માહ ૪ (શે૦) ૧૧૯૯ યજદજરદી.

કેખશરૂ શોહરાબજી રેડીમની—તારીખ ૧૧ મી ચાલતા જાનેવારી મહીનાંનીને દીને મોહોટા નાંમીચો પારશી નાંમે શેઠ કેખશરોજી શોહોરાબજી રેડીમનીનાંએ ઘણાંએક દીવશ શુધી માંદ ભોગવીને ૩૫ વરશની વએમા આ નાશત પાંમનારી જગતને છોડી દઈને શદા શુખવાશી આકાશી શવરગવાશી લોકોમા ચાલ પકડી.

એ મરનાર શેઠ કેખશરોજી એક મોહટાં નાંમીચા કુટમનો અને પારશીનાં ટોલામા બાપ દાદાથી મોહોટા શેઠીઓ અન નાંમીચો વેપારી હતો. અને હેનાં વડવા પારશી લોકોની ગનેઆતમા એક નાંમીચા અને મોટા માહાબાવાલા થાઈ ગએલાછે. તે વડવાનાં નાંમને એ મરનારે પોતાંનાં શેઆંણપણથી ઉગવી કાહાડીઉં હતું. અને હાલમા પારશીની ગનેઆતમા અંગરેજી વીદઆવાંનોમાનો એક મોટો નાંમીચો વીદઆવાંન હતો. અને રાજદોઆરની વાતોમા તથા અંગરેજી ધારા સમજવામા પુરોજ પરવીણ હતો. અને શેઆંણપણ તથા ચતરાઈ અને નમંનતાઈ તથા મીલંનસારી અને માહાબો તથા બોજ એ મરનારનાં ચેહરાથી ઉઘાડો માલંમ પડી આવતો. અને જીવનો દાતાર તથા શંશારનાં શમેની જોગવાઈની શાધનાનો કરનાર અને માહ ધરમાતુ અને મોહોટો દએઆલુ અને ભારે હીમતવાલો નર હતો. અને એ શઘલા ગુણ અને શારા શવભાવ અને મોટાઈ શાથે મંનમા કશો ગરવ અને મોહોડામા માઠો શબદ કધી હતોજ નહી. હવે હેવા ગુણવંતા નરના મરવાથી હેનાં કુટંમબપરીવારને તથા ભાઈબંદુઓને તથા મીલંનશારોને કેહવોતો ભારે શંતાપ અને કુહડાપો અને દુખ ઉપજીઉંચ કે તે લોકો હેની ગુણગારી માએઆને જીવશે તાંહાંશુધી પોતાંનાં મનને ચોહોટાડી રાખશે અને હેનાં થોડી વએમા જવાનાં કશટ ભરેલાં દુખને પોતાનું શેવટ આવશે તાંહાંશુધી ભુલશે નહી. અને દમેદમ હેનાં શારા શવભાવ તથા ગુણને ઈઆદ કરશે.

[મુંબઈના શમાચાર, ૧૮ મી જાનેવારી ૧૮૩૦.]

11*th January* 1830.

KAIKHOSRU SORABJEE READYMONEY.—In giving insertion to the following tribute to a late highly respectable member of the Parsee community we can not refrain from adding our humble testimony, derived from personal acquaintance, to the excellence of disposition and integrity of mind which at all times characterised the deceased. Keikusroo Sorabjee was one of the very few Native gentlemen on this side of India who thirsted after literature. His acquaintance with the English language was by no means confined, and the activity and research which he invariably manifested when questions were agitated having reference to the religion and ancient customs of the Parsees were as remarkable as they were honorable to his feelings and understanding.

At his house in the Fort, on the 11th instant, after a lingering and painful illness Keicusroo Sorabjee, one of the most respectable Parsee Merchants in Bombay. His loss will be severely felt by his relatives, to whom he was justly endeared by his kind Disposition, and the Interest he took in their welfare, and by the Parsee community at large he will be regretted as a valuable member of that enterprising and thriving class to whom the commercial prosperity of Bombay is so much indebted. His Remains were accompanied to the usual place of Interment by a most numerous and respectable assembly of his friends.

[*Bombay Courier*, 16*th January.*]

તા૦ ૫ જુલાઈ.

રોજ ૭ માહ ૧૧ (ક) ૧૧૯૯ યજદજરદી.

હોરમજજી એદલજી કામાજી—શ્રી મુમબઇ મધે તારીખ ૫ મી ચાલતા જુલાઇ મહીનાનીને દીને વેપારી પારશી નાંમે હોરમજી એદલજી કાંમાંએ ૬૧ વરશની વએમો પાઠાંનાં રોગથી મરતીઉ લોકમોથી શવરગવાશી લોકોમો કુચ કરીઉં.—એ મરનાર પારશી એક મોટો નાંમાચો વેપારી હતો અને પોતાંની શઘલી વએ વણજવેપારના કારભારમોજ કાહાડી. અને ઘણીએક શફરો શ્રી ચીનની કરી હતી. અને ઘણાંએક પારશીઓ ચીનની ઘણીએક શફરો કરેછે પણ એ મરનાર જેહવી કોઇ ચીનાઇ બોલી જાંણતું નથી. તેથી શ્રી મુમબઇની કોરટમો ચીનાઇ બોલી અંગરેજીમો શમજાવા થકી એ મરનારને પરશંન કરેઓ હતો. અને જારે કામ પડતું તારે તેડાવીને મોટો આદરભાવ કરતા. એ મરનારની ભલમંનશાઇ તથા નમંનતાઇ તથા શેઆંણપણ અગત વખાંણ કરવા જોગ હતું. અને શવભાવનો ઘણોજ ધીરો અને મનનો અતીશર માએઆવંતો હતો અને હરેક માણુશ પોતાંનું ભલું થાવાને એ ધણીથી કાંઇ મદદ માંગે તો ભલી રીતથી મદદ કરવાને પોતાંનેથી નીપજી આવે તેહવી મેહનત લઇ મદદ આપવાને જે તાલે જાંણતો. એ મરનારનાં ગુજરી જવાથી હેનું કુટંમબપરીવાર તથા ભાઇબંદુઓ તથા મલતા વીશેકોને બહુ શંતાપ ઉપજેઓ. અને એ મરનારની શારી ગુણગારી માએઆને તે લોકો પોતાનાં કુચનાં દાહાડા સુધી મંનથી વીશરનાર નથી.

[મુંબઈના શમાચાર, ૧૨ મી જુલાઇ ૧૮૩૦.]

તા૦ ૮ મી અકટોબર.

રોજ ૭ માહ ૨ (ક૦) ૧૨૦૦ યજદજરદી.

મુલ્લાં ફીરોજ બીન મુલ્લાં કાઉશ—પરથવીનાં વીદેઆવાંનોમોથી એક માહ વીદેઆવાંનને ઓછો થાએઆનો શંતાપ.

તારીખ ૮ મી ચાલતા મહીનાંની શુકરવારને દીને રાતનાં ૭ કલાકને અમલે ૬ દીવશનાં

માંદમો ૭૨ વરશની વએમો ફારશી ભાશાનો નાંમીચો પંડીત અને જાંણીતો આચારી મુલાં ફીરોજ બીને મુલાં કાઉશ આએ તરણ પાંચ દાહાડાની વગર ભરોશાની અને જુઠી માએઆની વશતીમાથી નીકલીને શદાકાલનાં શાચી માએઆનાં ખરા ભરોશાનાં શવરગવાશી લોકોમો કુચ કરીઉં.

એ શાહેબ એ ખુણ પરથવીના નાંમીચા વીદેઆવાંનોમાનો એક ફારશી ભાશાનો પારશીનાં ટોલામો માહા વીદેઆવાંન અને નાંમીચો પંડીત અને શરવેને જાણીતો કવેશર અને શુધો શાશતરી હતો. એ મરનારને પરથવીના શઘલી ગનેઆતનાં વીદેઆવાંનોમાથી થોડાજ કદાપી નહી ઓલખતા હશે. જેહવી ઈશવરે એ માહ ગનેઆંનીને શંમપુરણ વીદેઆ અને બુધી આપી હતી તેહવીજ ધીરજ અને નીતી તથા નમંનતાઈ તથા મીલંનશારી તથા શોભતો ચેહરો તથા બોલવાની મીઠાશ તથા શરીરનો બાંધો એ શરવે શંજોગ પણ શમપુરણ દીધો હતો.

એ શાહેબે પોતાંની શઘલી વએમાથી આશરે ૬૦ વરશ વીદેઆનાં અભેયાશમો અને શોધમાં કાહડેઆં તેહની વચમો ઘણાંએક વાંધા અને દુખ અને શંતાપ પોહોંચેઆ પણ તે શરવેને તેહનાં વીદેઆનો પીછો કોઈ પલેખી મુકેઓ નહી. એ બુધીવાંને પોતાની શઘલી વએમો કેટલાંએક પુશતકો નવાં બનાવેઆંછે, તેહની શઘલી ટીપ તો હમુને મલી નથી તોપણ જે કાંઈ હમુને માલમ છે તેહની વીગત હેઠલ પરગટ કરીછે.

પુશતક એક નાંમે અખલાકે મોહશની જે કે નશરમો છે તેહને એ શાહેબે નજમ એટલે જે કવેતમો કીધુંછે તે મધે ઘણીએક ચાંણુકની વારતા પોતાની તરફથી પણ કહેલીછે.

દશાતીર નાંમે પુરાતમ ફારશીનુ પુશતક અંગરેજીમો ભાશાંનતર કરી ફારશી તથા અંગરેજીમો છપાવીઉં અને તે પુશતક ઉપર ઘણાં દીવશ શુધી મેહનત લીધી હતી.

પુશતક એક નાંમે જારજનાંમે નજમમો એટલે જે કવેતોમો બનાવીઉંછે તે મધે આશરે ૪૦૦૦૦) ચેઆલીશ હજાર કવેતો કહેલાં છે. એ પુશતક મધે અંગરેજ લોકોને હીનદોશતાંનમો આવેઆની તથા હીનદોશતાંનનાં દેશો હાથ કરેઆની શઘલી વારતા છે. અને હાલમો છેલી વારતા પુણાંની છેલી લડાઈ શુધી આવી અટકેલીછે.

એક નાંધલી ચોપડી નાંમે કદીમનામું નશરમો બનાવીઉંછે.

એક નાંધલી ચોપડી નાંમે પંદનાંમએ ફીરૂજ નાંમની નજમમો એટલેજે કવેતોમો બનાવેલીછે. એ મધે શીખાઉને શારૂં ઘણીએક ચાંણુંક કહેલીછે.

એક પુશતક નાંમે દીનખેરદ નજમમો એટલેજે કવેતોમો કહેલુંછે તે મધે પારશી લોકોનાં ધરમની વારતા છે.

એક ચોપડી જરતોશત નાંમાંની કવેતોમો તથા એક ચોપડી પેહેલવીની ફરહંગ એટલેજે કોશની એ બંધે બનાંવા માંડી હતી તેટલે જારજ નામાંનાં પુશતકની તાકીદ થાઈ તેથી તે બંધે ફરીથી આગલ ચલાવાને જોગવાઈ થાઈ નહી તેથી થોડુંએકજ લખેલુંછે.

અદલએકવીએ નાંમે એક પુશતક નશરમો કખીશાની ભાંજગડમો બનાવીને છપાવેલુંછે.

અવીજેહ દીન નાંમે એક પુશતક ગુજરાતી ભાશામો એજ ઉપર કહેલી ભાંજગડમો બનાવીને છપાવીઉંછે.

ઘણાંએક કશાએદ તથા ગજલો તથા રોબાઈઓનાં કવેતો કહેલાંછે.

ઘણાંએક ફારશીનાં પતરો જે દેશાવરોપર લખેઆંછે તેહમાથી થોડાંએકની નકલો રાખેલીછે તે કાગજોને એકઠાં કરીને હવેથી એક પુશતક બનાવેતો તેખી ઈનશાએ ફીરૂજ નાંમનું એક પુશતક બનશે.

એ ઉપર કહેલી ટીપ વતરોગે બીજું જે કાંઈ એ શાહેબનું બોલેલું હશે તે હમારા ધેઆંનમો નથી. જેઆરે એ શાહેબનું નાંમીચું પુશતકખાંનું જોએઆમો આવશે તવારે જાંણેઆમો આવશે. અને નીશચે છે જે પારશીનાં ટોલામો હાલમો કોઈ એક બેત અથવા એક ઓરખી એ શાહેબનાં જેહવી લખી શકે એવું કોઈ નજર આવતું નથી. એ શાહેબની જગો એ

ટોલામો ખાલીછે. પણ એ શાહેબે પોતાની પછવાડે એક પોતાંનો ભતરીજો નાંમે મંનોચેરજી કેકોબાદજીને પોતાનો વશી મુકેઓછે તે ફારશી ભાશામો એ શાહેબના હાથ નીચે શારો પરવીણ થાએલોછે તે ઉપર ભરોશો આવેચ કે કાંઇએક અજવાલું રાખી શખશે.

એ મરનાર ગનેઆંનીએ પોતાંના ગુજરે-આને થોડા માશ આગમજ પોતાંના મીતરોને એક વશીઅત કરી હતી જે પોતાંનું નાંમીચું પુશતકખાંનું છે તે શઘલું પોતાંના ધણી દાદી-શેઠવાલાં આતશબેહરાંમની અંગારીને તાલુકે શરવે લોકોને વાંચવા શારૂં મુકે ને તેહનું નાંમ મુલાં ફીરોજનું કેતાબખાંનું કરી રાખે ને તે પુશતકો કોઇની મારાશ નથી જેહને ગમે તે જઇને વાંચે ને તે કાંમનો અખતીઆર કદી-મીનાં અકાબરોને આપેઓછે કે તે વીશે જે બંદોબશત કરવો જોઇએ તે તે શાહેબોની નજર પોંચે તેમ કરે. એ વશીઅત મુજબ એ શાહે-બનાં વારશોએ એ શાહેબને ગુજરેઆને તરીજે દીને ઉઠમણાંની શભામો તુરત તે શઘલું પુશ-તકખાંનું કદીમીનાં અકાબરોને શવાધીન આપી-ઉંછે. હવેથી તે શાહેબો નજર પોંચશે તેવો બંદોબશત કરવાને મુખતાર છે. એ ગુજરનાર શાહેબનું પુશતકખાંનું ઘણું અને માહભારત છે. તે મધે ઘણીખરી ફારશી તથા અરબી તથા તુરકી તથા જંદ તથા પેહલવી તથા પાજંદની પોથીઓ છે. એ શાહેબે પોતાંના બાપની શાથે ૧૨ વરશ શ્રી ઇરાંન દેશમો વીદીઆ શીખેઆ ઉપર કાહડેઆં તે વેલાએ ઘણાંએક પુશતકો ખરીદ કરેઆં હતાં તે શઘલાં પુશતકો ડટંનનાં તોફાંનમો ગએઆં તે મધેથી એખલાં પંદર વીશેક પુશતકો રહી ગએઆં હતાં તે પછી ૫૨ વરશમો ફરીથી ઘણાએક મેહનતથી નાંમીચાં પુશતકો મુમબઇમો બેઠાં મેલવેઆં હતાં તે શઘલાં આજે નામીચાં પુશતકો છે. અને કેટલાંએક પુશતકો એ શાહેબને પોતાને હાથનાં લખેલાં-બીછે. એ શાહેબનાં મેલવેલાં શઘલાં પુશતકોની ગણતરી હજુર શુધી ચોકશ માલુમ નથી પણ ધારેઆ મેલે નાંનાંમોટાં શરવે મલી આશરે ૧૦૦૦) પુશતકથી ઓછાં નહી હશે.

એ શવરગવાશી મુલાં ફીરોજ શાહેબને ફારશી તથા અરબી તથા તુરકીના ભાશા શમપુરણ હતી પણ તુરકી ભાશા બોલવાનો રાત દાહાડો અભેઆશ હતો નહી તેથી તે ભાશા થોડીએક ગએલી હતી પણ તેહનાં પુશતકો વાંચવાનો અભે-આશ ઘણો હતો. અને જંદ તથા પેહલવી તથા પાંજંદનાં પુશતકો એતો પોતાંનાં ધરમ શાશતરજ હતાં. અને એ શાહેબે ફારશી તથા પેહેલવીનાં પુરાતંમ શબદોની રાત દાહાડો બહુજ ચોકશાઇ અને શોધ રાખી હતી. અને તે શબદોની બારીકી ઉપર ઘણુંજ ધેઆંન પોંહોંચાડેઉં હતું. અને વીદીઆને તથા પુશ-તકો વાંચવાને હેવોતો અભેઆશ અને ઉલટ હતો કે જાંણે પુશતકોને પોતાંનાં માશુક જાંણે આંતાં. અને લખવાથી તથા કવેતો બનાવાથી તથા પુશતકો વાંચવાથી દાહાડો અને રાતમો એક પળ ખાલી નહી જાતું. દીશની બનેતો ૧ કલાક અને રાતની ૨ કલાક ઉંગ હતી. તે વનાંએ બીજો શઘલો વખત વીદીઆ પછ-વાડેજ જાતો. અને ભોજંન પણ ઘણું થોડું હતું. રાત દીવશનાં ૨૪ કલાકમો આશરે ૧૨ તોલાથી વધારે ભોજન નહી હશે.

એ શાહેબના ચેહરાની ઇઆદગારી વીશે અગમચેતી જેહવું બનીઉંચ કે આપણો નામ-દાર ચીફ જશટીશ શર જેમશ ડીઉઆર નાઇટ શાહેબે માશ ૬ ઉપર એ શાહેબની તશવીર ઉત-રાવી લેવાની ઇછા કીધી તે શાહેબે મી૦ હાપઉડ નાંમે ઇઓરોપીઆંન નાંમીચા ચીતારા પાશે તશવીર ઉતરાવી લીધી તે પછે એક નાંમીચા પારશી શેઠીઆનેબી એ કારણનો ઉલટ શુજેઓ તારે તે શાહેબેબી આજ માશ ૨ ઉપર બીજી એક તશવીર ઉતરાવીને માએઆથી જોનારાવોને શારૂં દાદીશેઠવાલાં આતશબેહરાંમ શાહેબની અંગારીમો મુકી.

એ શાહેબે પોતાંને પછે પોતાંનાં બનાવેલાં પુશતકો જે ઇઆદગારી મુકીચ તે હવે પછે લાંબા દાહાડા શુધી પારશીનાં ટોલાનાં એક વીદીઆવાંનની ઇધાંણીઓ છે.

હવે કેહવાનુંતો ઘાણું છે પણ ટુકું કરીને એટલુંજ કહીએચ કે હેવા વીદીઆવાંન અને

બુધીવાંન પંડીત અને આચારીનાં ગુજરી જાવાથી તેહનાં ભાઇબંધુઓ તથા મલતા વાશેકો તથા શગાં વાહાલાંવોને કેહવો શંતાપ અને શી રીતે કુહડાપો તથા કલકલાટ થાતો હશે તે તે લોકોનું જ મંન જાંણતું હશે. અને એ શાહેબની ગુણગારી માએઆને તે લોકો પોતાંનાં અંત અને શેવટનાં દાહાડા શુધી પોતાંનાં મંનમો નકશ કરી રાખશે.

[મુંબઇના શમાચાર, ૧૮ મી અકટોબર ૧૮૩૦.]

8th October 1830.

MOOLLA FIROZ BIN MOOLLA KAOOS, On Friday evening the 8th instant, at 8 P. M. the Venerable Moola Ferooz Bin Moola Cawoos, the learned high priest of the Zoroastrians, paid the debt of nature just as he had completed the 72nd year of his age: this amiable and venerable man has been known as an eminent Oriental scholar for upwards of half a century in the literary world, not only in Asia but in Europe. He was the Editor of the *Dessateer* and author of "George Nama" an Epic Poem on the conquest of India by the British Arms, to the completion of which he devoted all his time and he was engaged upon it only two days previous to his death. The work consists of about 40,000 Verses and is brought down to the Poona war of 1816-17 containing a complete Record to that period of the unrivaled Triumphs of British valor; and by it the name Moola Ferooz is enrolled amongst the select number of Persian Poets, and his fame will be rendered immortal as he wished it to be, by being, associated with the memory of British glory. Besides the above work the deceased was the author of several Persian tracts, and his loss must be felt as irreparable, not only by his friends and relations, but by the Literary community and the Public in General.—The latter have been deprived of a most valuable member and the former of the brightest ornament of their community.

The wild and cheerful qualities of his disposition endeared him particularly to them and they will always reflect with pleasure on the many instances of his sincere and devoted affection which are engraved on their hearts, and by which they will ever be led to entertain a grateful remembrance of his many Virtues: in this short notice they feel how little they are able to do him justice or to enable the Public to appreciate his pre-eminent merits, but they are assured that his fame does not depend upon any efforts of theirs and they are satisfied that his name is raised too high to require their humble tribute of Praise.—It should be mentioned that the valuable and extensive library of the deceased consisting of a very rare collection of Oriental Works has been bequeathed by him for the public use, and is to be deposited under the controul of its appointed managers at the Fire Temple to be called "Moola Ferooz's Library."

[*Bombay Gazette*, 13*th October*]

તા૦ ૩૧ મી અકટોબર.

રોજ ૩૦ માહ ૧ (શે૦) ૧૨૦૦ યજદજરદી.

જમશેદજી શેરાબજી લશકરી—તારીખ ૩૧ મી ગએઆ અકટોબરે આ૦ જમશેદજી શેરાબજી લશકરી ૩૧ વરશની વએમો આ તરણપાંચ દાહાડાની જુઠી માએઆ ભરેલી જગતમોથી નીશરીને શાચા શવરગવાશી લોકોમો ચાલ પકડી. એ ધણી એક વેપારી હતો અને એ માંહે મોહોટો ગુણ એ હતો જે શરવે શાથે મીલંનશાર તથા થંડા શવભાવનો અને નમનતાઇ ભરેલી ચાલનો હતો. એ ધણીનાં ટુકડી વએનાં મરણ ઉપરથી હેનાં ધરડા બાપને તથા શંધા મલતા વીશેકોને બહુજ શંનતાપ ઉપજેઓછે.

[મુંબઇના શમાચાર, ૮ મી નવેમબર ૧૮૩૦.]

ઈ૦ સ૦ ૧૮૩૧.

તા૦ ૧૨ મી આપરેલ.
રોજ ૧૩ માહ ૮ (ક૦) ૧૨૦૦ યજદજરદી.

ખોદાબખશ મેહરવાંન ઈરાંની—તારીખ ૧૨ મી ચાલતા મહીનાંની ગએઆ મંગલવારને દીને રાતનાં પારશી ખોદાબખશ બેને મેહરવાંન ઈરાંનીએ આશરે ૭૨ વરશની વએમો આએ તરણપાંચ દાહડાની એક જુઠી માંએઆની જગત છોડીને શાચી માએઆનાં શદાકાલનાં શવરગવાશી લોકોમો કુચ કરીઉં. એ ધણી આજ આશરે ૪૫ વરશ થાએઆં પોતાનું વતન શ્રી ઈરાંન છોડીને શ્રી હીનદોશતાંનમાં આવેઓ હતો. અને પોતાની શઘલી વએ વેપારવણજ અને શુભ કામ કરવામાં કાહડી અને શઘલી વાતે પોતે શુખી હતો અને મોટો મએઆલુ તથા ધરમાતુ અને શેઆંણો અને નમંનતાઈ ભરેલો પુરશ હતો. અને પોતાના પારશી લોકોના ધરમમો પરવીણ હતો. અને પરમેશરની ભગતી કદી ચુકતો નહી. અને શુધાઓમોંનો એક શુધો અને શશુગોમાનો એક શશુગ હતો. અને શું પારકા અને શું પોતીકા શરવેને શારી બુધ અને રૂડા મારગનો દેખાડનાર હતો. હેવા પુરશના ગમે એટલી પુગતી વએ હોએ તોપણ ગુજરી જવાથી તેહનાં કુટમબપરીવાર તથા ભાઈબંધુઓને બહુજ શંનતાપ અને ભારે કકલાટ લાગેઆ વનાંએ રેહશે નહી. અને એ મરનારની માએઆ તથા ગુણને તે લોકો પોતાનાં શેવટના દીવશ શુધી પોતાનાં મંનથી ભુલશે નહી.

[મુંબઈના શમાચાર, ૧૮ મી આપરેલ ૧૮૩૧.]

તા૦ ૨૨ મી આપરેલ.
રોજ ૨૩ માહ ૮ (ક૦) ૧૨૦૦ યજદજરદી.

શોહરાબજી માણેકજી રૂસ્તમ ફરાંમના—તા૦ ૨૨ મી ચાલતા મહીનાની શુકરવારને દીને રાતનાં પારશી શોહરાબજી માણેકજી રૂશતમ ફરાંમનાએ આશરે ૭૨.વરશની વએમો આએ જુઠી માએઆનાં મરતુ લોકોને છોડીને શવરગનાં અખઈવાસ લોકોમો ચાલ પકડી. એ ધણીએ પોતાની શઘલી વએ વેપારનાં કામમાં કાહડી હતી. તેથી કરી વેપારનાં કામમો ઘણોજ પરવીણ અને પાકો થાએલો હતો. એ ધણી એક ભાએગવંત તથા બુધવાંન અને ધીરા શવભાવ તથા મીઠી બોલીનું અને શતવચનનું તથા શુધું અને નમંનતાઈ તથા માએઆ ભરેલું અને એક શાદું માણુસ હતું. અને એ ધણીએ પોતાની છેલી વએના ઘણાખરા દાહડા ઈશવરની ભગતી કરેઆ શીવાએ બીજાં કશાં કાંમમો કાહડેઆ નહી. એ ધણીનાં ગુજરી જવાથી હેનાં પરીવાર તથા ભાઈબંદ તથા મલતા વીશેકોને મોટો શંનતાપ અને ભારે કુહડાપો લાગો હશે.

[મુંબઈના શમાચાર, ૨૫ મી આપરેલ ૧૮૩૧.]

તા૦ ૪ થી મેએ.
રોજ ૫ માહ ૯ (ક૦) ૧૨૦૦ યજદજરદી.

દીનબાઈ તે ફરાંમજી કાવશજી બનાજીની બેટી—ગએઆ બુધવારને દીને રાતનાં આ મુમબઈવાલા નામીચા વેપારી શેઠ ફરાંમજી કાવશજી બનાંજીનાંની છોકરી નાંમે બાઈ દીનબાઈ આશરે ૧૯ વરશની વએમો ૧૨ કલાકનાં માંદમો આ જુઠી માએઆની જગત છોડી શાચી માએઆનાં કઈલાશવાશી લોકોમો કુચ કરીઉં.

[મુંબઈના શમાચાર, ૯ મી મેએ ૧૮૩૧.]

તા૦ ૧૯ મી મેએ.
રોજ ૨૦ માહ ૯ (ક૦) ૧૨૦૦ યજદજરદી.

હોરમજજી ફરાંમજી મેહતા—તા૦ ૧૯ મા ચાલતા મહીનાંની ગએઆ શુકરવારને દંને રાતનાં આ૦ હોરમજી ફરાંમજી મેહતાનાં ૪૧ વરશની વએમો પગ ભાગાનાં દરદથી આએ જુઠી માએઆની ખોટી જગતને છોડીને શદાના શાચા અને વઈકુંઠવાશી લોકોમો કુચ કરીઉં. એ મરનાર એક શાચો અને શુધો અને મોટી દએઆવાલો અને શમજુ અને શેઆંણો પુરશ હતો. એ ધણીનાં ટુકી વએનાં તથા હાવાં મરણ ઉપરથી હેનાં કુટંમબપરીવારને તથા ભાઈબંદોને તથા મલતા વીશેકોને ભારે શંનતાપ અને મોટો કુહડાપો ઉપજેઓ. અને એ મરનારનાં ગુણ તથા માએઆને તે લોકો પોતાનાં શેવટનાં દીવસ શુધી પોતાનાં મંનથી ભુલશે નહી.

[મુંબઈના શમાચાર, ૨૩ મી મેએ ૧૮૩૧.]

તા૦ ૧૫ મી આગશટ.

રોજ ૧૮ માહ ૧૧ (શે૦) ૧૨૦૦ યજદજરદી.

બેહુશંમજી ફકીરજી—તા૦ ૧૫ મી ચાલતા આગશટ મહીનાનીને દંને રાતનાં પારશી બેરાંમજી ફકીરજી આશરે ૬૫) વરશની વએમો આએ તરણપાંચ દાહડાની જગત છોડીને શવરગવાશી લોકોમો કુચ કરી. એ ધણી શ્રી મુમબઇમો એક શારો વેપારી હતો.

[મુંબઈના શમાચાર, તા૦ ૨૯ મી આગશટ ૧૮૩૧.]

તા૦ ૧૯ મી આગશટ.

રોજ ૨૨ માહ ૧૧ (શે૦) ૧૨૦૦ યજદજરદી.

માણેકજી ડોશાભાઈ જમશેદજી વાડીઆ—તા૦ ૧૯ મી ચાલતા આગશટ મહીનાંનીને દંને વાડીઆ માંણેકજી ડોશાભાઈ ૨૨ વરશની વએમો આએ જુઠી માએઆની જગત છોડીને શાચા વઇકુંઠવાશી લોકોમો કુચ કરી. એ ધણી નાંમીચાં લવજી વાડીઆનાં કુટંમબનો હતો અને હેનાં ટુકડી વએનાં ગુજરવા ઉપરથી હેનાં માબાપ તથા ભાઇબંદો તથા શગાંવાલાંઓને ભારે શંનતાપ ઉપજેઓ.

[મુંબઈનાં શમાચાર, ૨૯ મી આગશટ ૧૮૩૧.]

ઈ૦ સ૦ ૧૮૩૨.

તા૦ ૨૫ મી ફેબરવારી.

રોજ ૨૭ માહ ૬ (ક૦) ૧૨૦૧ યજદજરદી.

બરજોરજી રૂસતમજી મોદી, દમણવાલા—તારીખ ૨૫ મી ચાલતા ફેબરવારી મહીનાંની એટલે જે આજ દીને શહવારનાં ૭ કલાકને અમલે શ્રી મુમબઇવાલો વેપારી પારશી બરજોરજી રૂશતમજી મોદી ૫૩ વરશની વએમો થોડા દીવશનાં માંદમો આએ મરતીઉ લોકમોથી નીકલી શદાવાશી આકાશી લોકોમો કુચ કરીઉં. એ પારશી મુમબઇનાં વેપારીઓમોનો એક ડાહેઓ અને શેઆણો વેપારી હતો. અને શવભાવનો ઘણોજ શારો અને પાકું માણશ હતું. હેનાં ગુજરી જવાથી હેનાં પરીવાર તથા ભાઇબિંધ તથા મલતા વીશેકોને તેહની માએઆથી એક શંતાપ શરીઓ ઓચંમબો શેવટનાં દાહાડા શુધી મનને રહી જાશે.

[મુંબઈના શમાચાર, ૨૫ મી ફેબરવારી ૧૮૩૨.]

તા૦ ૨૫ મી મેએ.

રોજ ૨૭ માહ ૮ (શે૦) ૧૨૦૧ યજદજરદી.

શાપુરજી નવરોજજી બંગાલી—કેહેવાને શંતાપ લાગેચ જે ગએઆ શુકરવારને દાહડે શ્રી કલકતાવાલા નાંમીચા વેપારી શવરગવાશી શેઠ નવરોજજી શોહોરાબજીનો છોકરો શાપુરજી નવરોજજી ૨૫) વરશની ઉમરમાં પાંચ દાહાડાની માંદમાં આએ તરણપાંચ દાહડાની ફાંની દુનીઆંથી હંમેશગીની દુનીઆંમાં કુચ કીધી. એ પારશી ઘણો દાએએ તથા મીલનશાર અને આબરૂવાલો હતો. હેનાં થોડી વએનાં ગુજરી જવાથી હેનાં ભાઇબંધુ તથા મીતરોને મોહોટો શંતાપ થાઓઓછે.

[મુંબઈના જાંમેજમશેદ, ૨૮ મી મેએ ૧૮૩૨.]

તા૦ ૨૮ મી જુલાઈ.

રોજ ૨૭ માહા ૧૧ (ક૦) ૧૨૦૧ યજદજરદી.

રૂસતમજી પેશતનજી કાલાભાઈ—તારીખ ૨૮ મા ચાલતા જુલાઈ મહીનાની મંગલવારને દીને પાછલા પોહોરનાં આશરે ૩॥ કલાકને અમલે શ્રી સુરતવાલા પારસી રૂશતમજી પેશતનજી કાલાભાઈ વકીલે એક દીવશનાં મુગી મોરચીના માંદથી આશરે ૨૮ વરશની વએમો આએ વગર ભરોશાની ખોટી માએઆની વશતી છોડી દઇને કઇલાશવાસી સાચા માએઆનાં લોકમો કુચ કરીઉં.—એ ગુજરનારે થોડી વએમો એક મોહટું શેઆંનપણ અને ડાહપણ મેળવેલું હતું. અને ઘણુંજ શાદું અને મીથા શવભાવનું મીલનશાર અને માએઆવંતું અને નમંનતાઇ ભરેલું અને સારી કેરવણી પાંમેલું એક વખાંણ કરવા જોગ માંણસ હતું. એ સાહેબનાં મુશાફરીમો અને અચખુચનાં ગુજરવાથી શ્રી મુમબઇ મધે કેટલાએક નવા ભાઇબંદોને તથા ઘણાએક જુનાં મીતરોને માહ શંનતાપ અને કુહડાપો ઉપજેઓ ને એ શાહેબનાં ગુજરવાની ખબર શ્રી સુરત પોંહતેથી હેનાં માતા તથા ભાઇબંદુ તથા

કટંમપરીવારને શી રીતનો કઠણ શંનતાપ અને કુહડાપો ઉપજશે તે કાંઇ કેહવાઇ શખતું નથી. અને તે સાથે તે લોકોને એક ભારે ઓચંમબો અને ચોલો રેહી જાશે. અને એ શવરગવાશી રૂશતમજીની માએઆને શરવે કુટંમબપરીવાર તથા મીતરો શેવતના દીવશ સુધી મંનથી ભુલશે નહીં.

[મુંબઈના શમાચાર, ૨૭ મી જુલાઈ ૧૮૩૨.]

તા૦ ૨૮ મી જુલાઇ.

રોજ ૧ માહ ૧૧ (શે૦) ૧૨૦૧ યજદજરદી.

એ૦ દોશાબજી બેહુરાંમજી સંજાણા—ચાલતા જુલાઇ મહીનાની તા૦ ૨૮ મી ને શનવારને દાહાડે બપોરનાં ૧૨) કલાકને અમલે એરવદ દોરાબજી બેહેરાંમજી શંણુજાંણા ૧૨) કલાકનાં માંદમાં આશરે ૧૫) વરશની વએમો મરતીઉ લોકોમાંથી આકાશી શવરગવાશી લોકોમાં કુચ કીધું. એ મરનાર છોકરો એકમારગી અને કંમઓલીઓ હતો અને તે શાથે વલી પોતાની વએ પરમાંણે ઘણોજ શારો ચલુક રાખતો હતો. અને તબીએતનો નાજુક અને અદબઆદાબમાં એક વખાંણ કરવા જોગ હતો. એ મરનાર પોતાની વએ મુજબ પોતાની દીનની કીરીઆમારગ શીખવામો શારો પરવીણ થાએલો હતો અને ફારશી જુબાંન શીખવાની તો પછવાડેજ હતો. પણ થોડાએક માશ થાએઆ દશતુર શાહેબ એદલજી દારાબજી શંણજાંણા જે એ મરનારના શગા કાકા થાએ તે શાહેબની નજદીક પેહલવી જુબાંન શીખવાની તાલીમ લેતો હતો. અને પોતાનો વકત હેવાં રૂડાં કાંમમાં ગુજારતો હતો. એ મરનારનાં થોડી વએમાં ગુજરી જાવા ઉપરથી હેનાં માતાપીતા તથા શગાંવાહલાંઓ તથા મીતરોને માહશંતાપ અને કુહડાપો ઉપજેઓછે.

[મુંબઈના જાંમેજમશેદ, ૩૦ મી જુલાઇ ૧૮૩૨.]

તા૦ ૨૩ મી આગશટ.

રોજ ૨૭ માહ ૧૨ (ક૦) ૧૨૦૧ યજદજરદી.

દશ્તુર મનોચેહરજી કેકોબાદજી મુલાં ફીરોજના—તારીખ ૨૩ મી ચાલતા આગશટ મહીનાનીએ રાતરે મુલાં મનોચેહેરજી કેકોબાદજીએ ૮૨ વરશની વએમો લાંબા દાહાડાનાં માંદથી આ શંતાપ ભરેલો શંનશાર છોડીને શવરગવાશી નીરંકાર લોકોમો કુચ કરીઉં.—એ શાહેબ શવરગવાશી માહ વીદેઆવાંન મુલાં ફીરોજજી શાહેબનો ભતરીજો થાએ. એ મરનાર ફારશી વીદેઆ પોતાંના કાકા શેઠ ઘણી શારી શીએલો હતો. અને ફારશી કવેત તથા દોહેરાવોમો ઘણીજ શમજ રાખતો હતો. અને શવભાવનો ઘણોજ ધીરો અને લોકોમો ઘણોજ માલનશાર અને મંનનો ભોલો અને માએઆવંતો હતો. એ શાહેબને થોડા વએનાં ગુજરી જાવાથી તેહનાં કુટંમબ પરીવાર તથા ભાઇબંધો તથા દોશતોને માહ શંતાપ શરીખું થાઇઉંછે. અને હેની માએઆને તથા ગુણનાં શઆદને તે લોકો પોતાનાં શેવટના દાહાડા શુધી મંનથી મેલશે નહીં.

[મુંબઇના શમાચાર, ૨૫ મી આગશટ ૧૮૩૨.]

ઈ૦ સ૦ ૧૮૩૩.

તા૦ ૧૬ મી ફેબરવારી.

રોજ ૧૯ માહ ૫ (શે૦) ૧૨૦૨ યજદજરદી.

ત્રણ જવાંન સ્વરૂપ છોકરાઓ—હમોને કેહવાને દુખ લાગેછે જે ગએઆં પખવાડીઆંમો પારશીઓનાં તરણ જવાંન સ્વરૂપ છોકરાઓ શેજ વખતંનાં માંદમો આએ તરણ પાંચ દાડાની દુનીઆંમાંથી નીકળી ચાલેઆ તેથી તેઓનાં માબાપ તથા મીતરોને માહ શંતાપ ઉપજેઓછે.

એ મધેથી એક જવાંન છોકરો ડોશાભાઇનાં બાપ શેઠ હોરમજજી ધનજીભાઇ પટેલ પોતાનાં ફરજંદની નાઇએતે તેહનાં પુન શારૂં શેહેનશાહીઓનાં ધાહંબારનાં ફંડમાં રૂ૫૦૦) આપતા કરેઆછે અને એક નવી શેહનશાહી દરેમેહેર બાંધવાની તંનદરોશતી પઢાવી.

[જામે જમશેદ, ૨૫ મી ફેબરવારી ૧૮૩૩.]

તા૦ ૧૭ મી આપરેલ.

રોજ ૧૯ માહ ૭ (શે૦) ૧૨૦૨ યજદજરદી.

હોરમજજી શોરાબજી પોટર—ચાલતા એપરેલ મહીનાંની તા૦ ૧૭ મી ને બુધવારને દીને રાતનાં શ્રી મુમબઈ મધે પારશી હોરમજજી શોરાબજી પોટર ૫૨) વરશની વએમો બે મહીનાંનું માંદ ભોગવીને અંતે આએ ફાંની દુનીઆંમથી નીકલીને હંમેશાંની દુનીઆંમાં કુચ કરી. એ મરનાર ઘણો ધીરા શભાવનો તથા મીલનસાર તથા પોતાનાં કુટમબને પાલનાર હતો. એ મરનાર હરેક નાંમાચી મજલેશોમો એક વખાંણવાજોગ આદમી હતું. એ મરનારનાં ગુજરી જવાથી એ મરનારનાં ધણી નામદાર શેઠ જમશેદજી જીજીભાઈ તથા બીજા એ મરનારનાં મીતરો તથા શગાવાલાઓને ભારે શંતાપ ઉપજેઓ હશે.

[જાંમે જમશેદ, ૨૨ મી આપરેલ ૧૮૩૩.]

તા૦ ૧૬ મી મેએ.

રોજ ૧૮ માહ ૮ (શે૦) ૧૨૦૨ યજદજરદી.

શોરાબજી ભીમજી ઉમરીગર—તા૦ ૧૬ મી મેએ ૧૮૩૩ ને ભરેશપતવારને દીને પારશી શોરાબજી ભીમજી ઉમરીગરે ૫૩) વરશની વએમાં ૧૭ દાડાનાં માંદમાં જુઠી મીતરાચારીનાં લોકોમોથી નીકલીને શાચા મીતરાચારી રાખનારાં શવરગવાશી લોકોમો જાવા શારૂં વઈકુનડનો મારગ પકડેઓ. હેનાં મરણથી હેનાં ભાઈબંદુઓ તથા શગાંવાલાંઓને તેમાં અગત કરીને હેના બુઢા બાપને બહુજ શંતાપ ઉપજેઓ. એ મરનાર ઘણું ભલું માંણશ હતો અને હેની ભલમંનશાઈ તથા નમંનતાઈને લોકો બહુજ ઈઆદ કરશે.

[જાંમે જમશેદ, ૨૦ મી મેએ ૧૮૩૩.]

તા૦ ૧૪ મી જુન.

રોજ ૧૭ માહ ૯ (શે૦) ૧૨૦૨ યજદજરદી.

નશરવાંનજી નવરોજજી શેઠના—તારીખ ૧૪ મી ચાલતા જુન મહીનાનીને દીને મોટા નાંમાચા અંચીઆંરૂ નામે શેઠ નશરવાંનજી નવરોજજીએ પાંચ દાહડાની તાવની પીડાકારીનુ માંદ ભોગવીને ૪૫ વરશના વએમો આ નાશ પાંમનારી જગતને છોડી દઈને શદા શુખવાશી આકાશી શવરગવાશી લોકોમો ચાલ પકડી.

એ મરનાર શેઠ નશરવાંનજી એક મોટા નાંમીચા કુટમબનો અને પારસીનાં ટોલામો બાપદાદાથી મોટા શેઠીઓ હતો. અને હેનાં વડવા પારશી લોકોની ગનેઆતમો એક નાંમાચા અને મોટા માહબાવાળા થાઈ ગએઆછે. તે વડવાનાં નામને એ મરનારે પોતાનાં શેઆંણપણથી ઉગાવી કાહડીઉં હતું. એ મરનાર શેઠનું શેઆંણપણ તથા ચતરાઈ અને નમંનતાઈ તથા મીલનશારી અને માહબો તથા બોજ એ મરનારનાં ચેહરાથી ઉઘાડો માલુમ પડી આવતો. અને જીવનો દાતાર અને શંનશારનાં શમના જોગવાઈના શાંધનાંનો કરનાર અને મોટા દએઆલુ નર હતો. એ શઘલા ગુણ અને શારા શવભાવ અને મોટાઈ શાથે મનમાં કશો ગરવ અને મોહોડાંમો મોઠો શબદ કધો હતોજ નહીં. હેવા ગુણવંતા નરનાં મરવાથી હેનાં કુટંમબપરીવારને તથા ભાઈબંદુઓને તથા મીલંનશારોને કેવો તે ભારે શંતાપ અને કુહડાપો અને દુખ ઉપજીઉંચ કે તે લોકો હેની ગુણગારી માએઆને અને હેનાં થોડા વએમાં જવાનાં કશટ ભરેલાં દુખને પોતાનું શેવટ આવશે તાંહાંસુધી ભુલશે નહીં. અને દમેદમ હેનાં શારા સભાવ તથા ગુણને ઈઆદ કરશે.

[જાંમે જમશેદ, ૧૭ મી જુન ૧૮૩૩.]

14*th* *June* 1833.

NASSERWANJEE NOWROJEE SETT.—On the morning of Friday, the 14th June, in the 45th year of his age, Nasserwanjee Nowrojee Shett, one of the principal and respected members of the "Shet's family" leaving a disconsoled Widow,—5 Children, a large family, and a circle of friends to lament his irreparable loss.

[*Bombay Gazette*, 19*th* *June*.]

તા૦ ૧૫ મી જુન.

રોજ ૧૮ માહ ૯ (શે૦) ૧૨૦૨ યજદજરદી.

હીરાજી કાઉભાઈ કોહલા—તારીખ ૧૫ મી ચાલતા જુન મહીનાંનીને દીને પારશી હીરાજી કાઉભાઇનાંએ તરણ દાહડાનાં માંદમો ૬૨ વરશની વએમાં આએ જુઠી માએઆના લોકોમાંથી નીકલીને શાચી માએઆનાં શવરગનાં રેહનારા લોકોમાં કુચ કરી. એ મરનાર ઘણો શઆંણો તથા નમંનતાઇ ભરેલો તથા એક નાંમીચો વેપારી હતો. એ મરનાર પોતાનાં ગરીબ કુટંમબનો પાલનાર તથા દએઆલુ હતો. એ મરનારનાં ગુજરી જાવાથી એ મરનારનાં ભાઇબંદુઓને તથા મીલંનશારોને ભારે શંતાપ અને કુહડાપો ઉપજેઓછે.

[જામે જમશેદ, ૧૭ મી જુન ૧૮૩૩.]

21*st July* 1833.

DINBOY WIFE OF CURSETJEE JAMSETJEE JEEJEEBHOY.—On the 21st Instant, the Wife of Cursetjee Jamsetjee, son of Jamsetjee Jeejeebhoy Esq. at an early age of 19 years, much beloved by her husband, family and friends.

[*Bombay Gazette, 24th July,*]

તા૦ ૭ મી સપટેમબર.

રોજ ૭ માહ ૧ (ક૦) ૧૨૦૩ યજદજરદી.

મેહુરવાંનજી જમશેદજી મજાઈના—તા૦ ૭ મી ચાલતા મહીનાની ગએઆ શનીવારને દંને રાતનાં ૩॥ કલાકે પારશી મેરવાંનજી જમશેદજી મજાઇનાંએ ૨૮ વરશની વએમો છ દાહડાનાં તાવનાં માંદમો આએ જુઠી માએઆ અને વગર ભરોશાની જગતને છોડી શાચી માએઆનાં નીરંકાર વઇકુંઠવાશી લોકોમો કુચ કીધી.—એ ધણી આગલા શ્રી કલકતાવાલા નાંમીઆ આડતીઆ તથા વેપારી જંમશેદજી કુકાજીની છોકરીનો છોકરો તથા ધરમપુતર થાએછે. એ ધણી ધીરા શવભાવનો—શંનશારી વીદીઆનો—મીઠી બોલીનો—સારાં રૂપનો—મોટાં દાહાપણનો—રૂડી ખુશીનો—અને મીતશાચારીમો ગુંઠાઓનો એક પુરશ હતો. એ ધણીનાં અચબુચ અને નાંચલી વએનાં ગુજરવાથી જે કોઇ હેને ઓલખતુંતું તેહોને એક મોટો શંનતાપ લાગેછે. અને તેહમો હેની ધરડી માતા તથા ભાઇબંધો તથા શગાં વાહલાં તથા પરાંણી મીતરોને હેવુંતો દુખ ઉપજેઉછે કે એક પલકબી તેઓની આંખ આંશુ વરશાવા વનાએ ખાલી નથી. • અને તે દુખ તેઓની હઇઆતી શુધી મંનથી મેલશે નહી ને હઇડાંથી ભુલશે નહી.

[મુંબઈના શમાચાર, ૧૨ મી સપટેમબર ૧૮૩૩.]

7*th September* 1833.

MERWANJEE JAMSETJEE MAJAINA.—In the Fort on Saturday night the 7th Instant, Merwanjee Jamsetjee, the adopted son of the late Jamsetjee Cookajee, of Calcutta, Merchant, aged 28 years: deeply and deservedly regretted by all who had the pleasure of his acquaintance. He has left a Mother, Brother, and a little Daughter, to bemoan his irreparable loss.

[*Bombay Gazette, 14th September*]

તા૦ ૭ મી અકટોબર.

રોજ ૮ માહ ૧ (શે૦) ૧૨૦૩ યજદજરદી.

મેહુરવાંનજી નવરોજજી નવલાઈ-શેખજીના—તા૦ ૭ મી ચાલતા મહીનાનીએ પારશી મેરવાંનજી નવરોજજી સરાફે ૫૩ વરસની વએમો આ જુઠી જગતમોથી શાચી અને નીરંનકાર જગતમો ચાલ પકડી. એ ધણીનાં મરવાથી હેનાં છઇઆં તથા ભાઇબંધોને તથા મીતરોને એક મોટું દુખ ઉપજેઉછે કે તે શદાકાલ તેઓ મંનથી મેલે નહીં ને હઇઆંથી ભુલે નહીં.

[મુંબઈના શમાચાર, ૧૦ મી અકટોબર ૧૮૩૩.]

તા૦ ૧૫ મી નવેમબર.

રોજ ૧૬ માહ ૨ (શે૦) ૧૨૦૩ યજદજરદી.

એદલજી રૂસતમજી બાટલીવાલા—તારીખ ૧૫ મી ચાલતા મહીનાંનીએ રાતનાં

પારશી એદલજી રૂશતમજી બાટલીવાલાએ ૫૫) વરશની વએમો આએ જુદી માએઆની જગતમાથી નીશરી શાચા વઇકુંઠવાશી લોકોમો જાઈ વાશો કરેઓ. એ મરનાર શુધા વેહવારનો એક વેપારી તથા જાતે રાંખ—વીશી—થોડ બોલેઓ—અને પકું માણસ હતો. એ ધણીનાં વગર માંદનાં એકાએક અને અચબુચ મરણથી એ ધણીનાં ભાઇબંધ તથા મીતરોમો એક મોટું દુખ અને ભારે શંનતાપ ઉપજેઓછે કે તે તેહોનાં શેવટનાં દાહડા શુધી મટશે નહી.

[મુંબઇના શમાચાર, ૧૭ મી નવેમબર ૧૮૩૩.]

તા૦ ૩ જી ડીશેમબર.

રોજ ૪ માહ ૪ (કo) ૧૨૦૩ યજદજરદી.

બેહરાંમજી કાવશજી બનાજી—તા૦ ૩ જી ચાલતા મહીનાંની ગએઆ મંગલવારને દીને શેઠ બેરાંમજી કાવશજી બનાજીનાએ આશરે ૫૩ વરશની વએમો ઘણાં દીવશનાં માંદથી ચંદરોકાલનાં વઇકુંઠવાશી લોકોમો આ જુઠી માએઆની તરણ પાંચ દાહડાની જગતને છોડી કુચ કીધી. એ મરનાર બનાંજીનાં નામીચાં અને ધરમાતુ ખાંનદાંનનાં વંશનો અને પોતે જાતે સારા શવભાવનો—રૂડી બુધીનો—મોટો માએઆવંત અને મીલંનશાર અને સાદો તથા કુરપાલુ હતો. એ ધણીએ પોતાથી જેમ બની આવેઉંચ તેમ કરીને શેકડો ગરીબોનાં કાંમને મદદ આપીછે. અને હરેક કોઇને કશી અડચન પડતી તો તે મોહટાં ડાહપણ અને ભારે મેહનતથી પોતાનું કામ જાણી પાર પાડતો. અને કોઇ વગર આશરાનું માણસ પોતાનાં કાંમ સારૂં ગએલું એ શાહેબને બારણેથી આશા ભશટ પાછું ફરેઉં નથી. તે સાથે શું ગાંમડીઓમો કે શું ઇઅરોપીઆંનોમા મીતરાચારીનાં ગાંઠથી ગુંથાએલો હતો. એ ધણીનાં ગુજરી જવાથી હેનાં બુઢા બાપ અને ભાઇઓ તથા કુટંમપરીવાર તથા મીતરોમો હેવુંતો ભારે દુખ ઉપજેઉંચ કે તે મંનથી મેલાશે નહી અને હઇઆંથી ભુલાશે નહી.

[મુંબઇના શમાચાર, ૫ મી ડીશેમબર ૧૮૩૩.]

3rd December 1833.

Byramjee Cowasjee Banajee.—Died on the 3rd instant, in the Fort, Byramjee Cowasjee, aged 55 years, mourned sincerely and deservedly by a large circle of friends in both the Native and European communities. This much esteemed individual was among the foremost of his enlightened countrymen the Parsees—to whose general enterprize and liberality, he added the ingenuity of a European artist, and the manly frankness of European manners. To his encourgement were mainly to be attributed the splendid importations of Arab horses, which raised the name of the Bombay studs so high in the days of Mr. Elphinstone; and three vessels out of this harbour, built after models of his invention, attest the practical utility of his mechanical talents. During the greater part of his career, his munificence and charity were as large as his fortune—and tho' in the autumn of his life misfortune eve took him; and a princely estate, fell like his years, "into the seir and yellow leaf" his generosity, and independence of character never forsook him; he died even more honored and more beloved in poverty, than he had been in wealth, a rare and unerring test of genuine worth.

[*Bombay Gazette*, 11*th December*.]

ઈ૦ સ૦ ૧૮૩૪.

તા૦ ૧૮ મી મેએ.

રોજ ૨૦ માહ ૮ (શ૦) ૧૨૦૩ યજદજરદી.

જાંગીરજી માણેકજી પંથકી—ગએઆ આઇતવારને દંને પાછલા પોરનાં આ૦ જેહાંગીરજી માણેકજી પંઠકીએ આસરે ચેઆલીશ વરશની ઉમરમો આએ જુઠી માએઆની જગતના લોકોને છોડી નીરંનકાલ લોકોમો કુચ કીધી.—એ ધણીએ પોતાની ઉમરના ઘણા દાહડા પરદેશ ખાતાંમો વેપારમો કાહડેઆ હતા. અને હવડે થોડું થાએઉં વેપારનાં કામથી પરવારી એક મોટો દરવ લેઈ પોતાના પરીવારમો આવી શુખગેનથી મોજમોજ કરવાને સારૂં વશીઓ હતો. તેટલાં આ અંનચીતી પરાંણઘાટ થાઈ. તેથી શરવ કાંઈ ઠેકાંણે રહીઉં અને એ ધણી ચાલ પકડી ગએઓ. એ મરનાર ઘણોજ ધીરા શવભાવનો અને મીલંનશાર અને દાહપણવાલું માણસ હતું. એ ધણીનાં મરવાથી હેનાં ભાઈને તથા શગાંવાહલાંઓને તથા માતરોને મોટું દુખ થાએઉં છે કે તે વીશરવું ઘણુંજ કઠંણું છે.

[મુંબઈના શમાચાર, ૨૨ મી મેએ ૧૮૩૪.]

તા૦ ૮ મી જુલાઈ.

રોજ ૧૧ માહ ૧૦ (શ૦) ૧૨૦૩ યજદજરદી.

તેહમુલજી રૂસતમજી મીરજાં—તારીખ ૮ મી ચાલતા જુલાઈ મહીનાંની બુધવારને દંને શ્રી ઉદેપોર મધે મોબેદ તેમુલજી રૂશતમજી મીરજાં ૨૬ વરશની વએમો ઘણાં દાહડાનાં માંદથી આ લોભ ભરેલી જુઠી માએઆની જગતમોથી નીકલી સદાનાં નીરંનકાલ અને સાચા વઈકુંઠવાશી લોકોમો પોતાના ભાઈબંધ તથા પરાંણુ મીતરોને બારે પરીતની માએઆ દેખાડી ચાલ પકડી ગએઓ. એ મરનાર ધણી કાંઈ વાહણવટી અથવા દરવવાંન અથવા મોટી મીલકતવાલો હતો નહી. પણ હેનાંમો જે કાંઈ ખુબી અને ગુંણ હતા તે હેવા હતા કે તે આગલ એ ચીજ કાંઈજ નથી. કાંજે ખુબી વનાંએ બીજું કાંઈ સાથે આવતું નથી તે શરવે કોઈ જાણે છે. એ ધણી મોટા વંશનો હતો કે હેનાં વડવાને શ્રી દીલીની પાદશાહતથી તે જગોએ અમલ ચલાવેઆથી મીરજાંનો એતાબ મલેઓ હતો. બીજું એકે હેનાં વડવા શ્રી ઉદેપોરમો આજ કેટલી મુદત થાઈ દશતુરી ચલાવતા આવાછે તેહમો એ ધણીનો બપાવો નામીચો પેહલવીઆં તથા ફારશીઆં થાઈ ગયોચ કે તેહને મુમબઈના લોકોમોથી ઘણા શાહેબો સારી રીતે પીછાંણે છે કે એકો પરવીણ હતો. એ મરનાર ધણીએ પોતાંની વએનાં ઘણાંખરાં વરશ મુંમબઈમો કાહડેઆં હતાં તેથી કરીને અતરેની ચાલ તથા રીતથી સારો જાંણીતો તથા માહીતગાર થાએઓ હતો. વીદેઆમો એ ધણી ફારસી તથા અરબી તથા જંદ તથા ગુજરાતી તથા બાલબોધ અખશરની લખેલી મરેઠી તથા ગુજરાતી સારી રીતે જાંણતો હતો. અને કાંઈએક અંગરેજી પણ વગર હાશકોલે પોતાંનાં ગનેઆંનથી શીખેલો હતો. એ ધણી લખવામો હેવોતો ઉતાવલો હતો કે તેવા થોડાજ ધણી હશે. તે શંગાથે એ ધણીના અખશર હેવાતો સરશ હતા કે તેહવા લખનારા પણ ઘણા થોડાજ હોએછે. અને તે લખવું વલી શુધ કે તેહવું શુધ લખવાનું તો આપણા ઘણા ખરા લોકોતો મુદલ સમજતા પણ નથી. અને હરેક વાત સાંભલી પોતાનાં દાહપણથી લખવામોતો જાણે એક ગરંથકાર હતો. એ સઘલી ખુબી સંગાથે મોટી ખુબી એ હતી કે શરવ કોઈને નમી ચાલવું. મીઠા શબદથી બોલવું. ગમે એ હોએ તેહને માંન આપવું. કોઈ માથું બોલેતો તે શાંભલી રેહવું. તેહનો પાછો ઉતર વાલવો નહી. અગત જેટલુંજ બોલવું. કોઈનું કામ પોતાથી બને તેહમો આસરો આપવો. હેવીજ ભલમંનશાઈ અને ખુબીથી આએ છેલાં બે વરશવેર મુખતીઆરીથી મુંમબઈ શમાચારખાંનાંના હદીપતીનું કામ ચલાવેઉં. હેવા ધણીનાં ટુકી વએમો તથા શંનશારનાં ભોગ ભોગવેઆ વનાંએ મરવાથી એ ધણીનાં માબાપ તથા કુટંમબપરીવારને હેવાતો કલેજે ઘાહો લાગાછે કે તે જેઆરે ઇઆદ આવશે તેહારે તેમોથી લોહી વીનાં બીજું કાંઈ

તપકશે નહી. તથા હેનાં ભાઈબંધો તથા મીતરોને જેમ જેમ એ ધણીનાં ગંમની ઈઆદ આવતી જાશે તેમ તેમ હવે પછે દુખ લાગતું જાશે.

શ્રી ઉદેપોરનાં પારશી લોકોનાં પુરાતંન શ્રી આતશબેહરાંમનું શવશથાંનછે તાંહાંનું એક પરવીણ પુરશનું મરતીઉક.

તારીખ ૮ મી ચાલતા જુલાઈ મહીનાનીને દીને શવારનાં એ૦ તેમુરજી દા૦ રૂશતમજી મીરજાંએ તરણ મહીનાંના તમબોલીઆ ખાહીનાં રોગથી ૨૬ વરશની વએમો આ વગર ભરોશાનાં જુઠી માએઆનાં શંનશારની વશતીમોથી નીકલી આકાશી શવરગવાશી લોકોમો વશતી કીધી. એ મરનાર મોટા નામીચા કાઉશજી મીરજાં ઓશરો બેગના વંશમોનો એક વીદેઆવાંન હતો. એ કાઉશજી મીરજાં ઓશરો બેગનો બેતાબ શ્રી હીનદુશતાંનવાલા નામીચા ધરમાતુ મોહમદશાહ પાદશાહે શ્રી દીલીમો શારી ચાકરી બજાવાથી આપેલો હતો. એ કાઉશજી મીરજાં ઓશરો બેગનો છોકરો દશતુર મીરજાં તેમુરજી શ્રી ઉદેપોરમો એક માહ વીદેઆવાંન થાઈ ગીઓછે. તે તેમુરજી મીરજાંનો છોકરો દશતુર રૂશતમજી હાલ શ્રી ઉદેપોરમો છે. તેહનો છોકરો એ ગુજરનાર તેમુરજી થાએ. હેનાં બપાવા તેમુરજી મીરજાંએ હેનું નામ તેહમતન રાખીઉં હતું પણ એ નાંમ લોકોને મોહડે નહી ચહડવાને લીધે હેનાં બપાવા દશતુર તેમુરજી મીરજાંના ગુજરીઆ પછે હેનું નામ લોકોએ તેમુરજી રાખીઉં હતું. પણ હેનાં બપાવાએ જે હેનું નામ તેહમતન રાખું હતું તેવો શરીરે બલવાંન તેહમતન નહી હતો તેની જગોએ નીશચે ગનેઆંન અને વીદેઆને શબુધનો તેહમતન એટલે જે બલવાંન હતો હેમો કશો શંધેજ નથી કાંએ જે છવીશ વરશની વએમો ફારસી વીદેઆમો પરવીણ તથા અરબી તથા અંગરેજી વીદેઆમો કામ ચલાવા જોગ થાએલો હતો. અને પોતાનાં ધરમ શાશતરથી માહેર હતો. અને ગુજરાતી ભાશાને ધણીજ શુધ લખવાની રીતી જાણતો હતો. એ મરનાર ૧૨ વરશની વએમો શ્રી ઉદેપોરથી શ્રી મુમબઈ જાઈને વીદેઆ શીખવા લાગો હતો. ને જે દીવશથી શ્રી મુમબઈમો આવેઓ તે દીવશથી આ શમાચાર નહી નીકલા આગમજથીજ એ આફીસમો અધીપતીના હાથ નીચે શીખવાને રહેઓ હતો તેથી એ શઘલી વીદેઆ સાથે છાપાખાંનાંના કામમાંબી પરવીણ થાએલો હતો. ને આશરે આજ ૩ વરશ થાએઆં આ શમાચારનાં પતરના અધીપતીનો ઓહોદો ધણીએક ચતરાઈ તથા શેઆંનપણાંથી ચલાવતો હતો. પણ હેવી શબુધી તથા ચતરાઈ તથા વીદેઆ તથા નમંનતાઈ તથા શાલેશાઈ તથા શેઆંણપણ તથા ધારા શવભાવવાલા નરને એ નાંધલી વએમો આ જગત છોડી જવાથી હેનાં માબાપ તથા કુટંમબપરીવાર તથા ભાઈબંધો તથા મીતરોને હેવોતો કઠણ શંતાપ ને ભારે કુડાપો થાએઓ છે કે તે લોકો એ ગુણવંનતા શઘલા પરકારની વખાંણ ભરેલા મરનારને પોતાનાં શેવતના દીવશ શુધી મંનથી વીશરશે નહી ને હેની ભલી માએઆની ઈઆદની મુરતને છેલા દાહડા શુધી મંનથી ચુકશે નહી.

[મુંબઈના શમાચાર, ૧૭ મી જુલાઈ ૧૮૩૪.]

તા૦ ૨૪ મી જુલાઈ.

રોજ ૨૭ માહ ૧૦ (શે૦) ૧૨૦૩ યજદજરદી.

આ૦ બરજોરજી રબાડી, સુરતવાલા—અચરત શરીખાં મરણમો દાખલ કરવા જોગ એક મરણ.

શ્રી સુરતવાલા એક ભાઈબંધનાં પતર પરથી હમારા જોએઆમો આવેઉં છે જે મોબેદ બરજોરજી રબાડીનાં તા૦ ૨૪ મી જુલાઈએ શહવારનાં ઉઠી શદાનાં શરેશતા પરમાણે હાથ મોડું ધોઈ દાટંણ કરેઆ પછે પોતાંનાંજ ધરમો ચાલતાં પડી ગએઆ અને તેહવોજ પરાંણ છોડી દીધો.

[મુંબઈના શમાચાર, ૩ જી આગશટ ૧૮૩૪.]

તા૦ ૩૧ મી જુલાઈ.

રોજ ૪ માહ ૧૧ (શે૦) ૧૨૦૩ યજદજરદી.

નશરવાંનજી રૂસતમજી નાદરશાહ—ગએઆ ભરેશપતવારને દંને પારશી નશરવાંનજી રૂશતમજી નાદરશાહ આસરે ૭૨ વરશની

વએમો ઘણાં દીવશનાં માંદથી આએ થોડા દાહડાની ઓટી માએઆનાં લોકોમાંથી ચાલ પકડી આકાશી લોકોમો શેવટ શુધીનો પોતાનો વાશો કીધો. એ મરનાર ઘણી મોટી શોભાનો અને પકી બુધીનો અને મોટાં માંણશોની ટોલ કીમોનો એક શાચો અને શુધો અને એક મારગી પુરશ હતો. એ મરનારે પોતાની વએના ઘણાખરા દાહાડા મોટી જોકમો અને પરમેશવરની ભગતી વીનાંએ બીજાં કશાંમો કાહાડેઆ નથી. તે શંગાથે એ મરનાર સઘલી વાતે પનોતો હતો કે કસી વાતની આપડા હતી નહી. હાવા કઠંણ શમેમો હેવાં માણસો ઘણાંજ થોડાં થાશે.

[મુંબઈના શમાચાર, ૩ જી આગશટ ૧૮૩૪.]

તા૦ ૧૧ મી આગશટ.

રોજ ૧૫ માહ ૧૧ (શે૦) ૧૨૦૩ યજદજરદી.

પેશતનજી બેહુરાંમજી બાકસટરનાં—તારીખ ૧૧ મી ચાલતા મહીનાંનીએ શહુવારનાં ઉંડરે કરડેઆનાં બાંહાંનેથી ૪૫ વરશની વએમો પા૦.પેશતનજી બેરાંમજી બાખશતરનાંએ આ વગર ભરોશાની જગતમોથી નીશરી શદાનાં નીરંનકાલ આકાશી લોકોમો જાઈ પોતાનો વાશો કીધો. એ ધણીનાં મરવાથી હેનાં ભાઈબંધો તથા પરાંણુ મીતરોને ભારેજ શંનતાપ ઉપજેઓછે અને એ મરનાર સારો શમજુ નમાંનો અને બુધીવાંન પુરશ હતો અને હરેક વગર આશરાનાં ગરીબોનાં કામમાં પોતાની મદદ આપવાને કશી પાંતીએ પાછી કાહડતોતો નહી.

[મુંબઈના શમાચાર, ૧૪ મી આગશટ ૧૮૩૪.]

11*th August* 1834.

Pestonjee Byramjee Baxter.—Pestonjee Baxter, a Parsee Merchant, so named from his connection with the late firm, died on Monday morning *from the bite of a rat*! The rat had gnawed his toe while he was sleep about a fortnight before; he thought nothing of it, neglected it; and mortification ensued.

[*Bombay Gazette*, 16*th August*.]

તા૦ ૨૪ મી આગશટ.

રોજ ૨૮ માહ ૧૧ (શે૦) ૧૨૦૩ યજદજરદી

હોરમજજી ડોશાભાઈ કાંદાવાલા—ગએઆ આહતવારે કંને છ જવાંન પારશીનાં છોકરાઓની એક ટોલકી ખાવાપીવા સારૂં ગઈ હતી તેઓ નાશતો કરેઆ પછે વાંકી આંમલી પરની વાડીઆજી હોરમજી બમનજીવાલી વાડીમોના તલાવમાં નાહવાને ઉતરેઆ હતા. તેઓમાં એક છોકરો નામે હોરમજી ડોશાભાઈ કાંદાવાલા કરી આસરે ૨૦ વરશની વએનો ડુબી મુવો હતો. તે મરનાર અતરેની માશીઅરસ રીચી સરૂઅરટની આફીસમાં સરાફની ચાકરી ઉપર હતો.

[મુંબઈના શમાચાર, ૨૮ મી આગશટ ૧૮૩૪.]

તા૦ ૪ થી સપટેમબર.

રોજ ૯ માહ ૧૨ (શે૦) ૧૨૦૩ યજદજરદી.

દોરાબજી બેહુરાંમજી બંગાલી—તારીખ ૪ થી ચાલતા મહીનાંનીએ શ્રી કલકતા મધે શેઠ દોરાબજી બેરાંમજી બાશુ ૬૮ વરશની વએમો આ તરણ પાંચ દાહડાની જગતમોથી નીશરી શાચા અને નીરંનકાલ વઇકુઠવાશી લોકોમો જાઈ વાશો કરેઓ. શ્રી કલકતા ખાતે મોટા પારશી વેપારીમો એ મરનાર ઘણી પેહલવેહલો હતો. અને ઘણાં વરશ શુધી મોટી આબરૂ અને માંન સાથે ભારે વેપાર શ્રી કલકતામો ચલાવેઓ હતો અને પારશી ગનેઆતનાં જે લોકો કે શ્રી કલકતા ખાતે જાઈ આવાછે તે શઘલા એ મરનારની મોટી વખાંણ કરેછે અને એ મરનારે પોતાનાં દાહડાપર પોતાથી જે મદદ બની આવીચ તે શ્રી કલકતા ખાતે ગએલા પારશી લોકોને કરી દેખાડીછે. એ મરનારે પોતાના શેવટના દાહાડા પછે પોતાનું નામ લેહણું રેહવા સારૂં પોતાના પુતરોને હેવા તો વીદેઆથી પરવીણ કરી બુધીવાંન કરેઆછે કે તેથી લોકોમો એ મરનારનું સારૂં નામ ચાલેછે તથા પુતરોની સારી વખાંણ થાએછે. પરમેશવર શરવેને હેવી બુધી આપે કે એ રીતે મેહનત કરી પઇશા ખરચી પોતા પછે નાંમ લેહણું રાખવાને પોતાંનાં બાલકોને વીદેઆ શીખવી ગનેઆંની કરે.

[મુંબઈના શમાચાર, ૨૫ મી સપટેમબર ૧૮૩૪.]

4th September 1834.

Dorabjee Byramjee Bengali.—At Calcutta, on the 4th instant, Dorabjee Byramjee, Merchant, aged 68 years, leaving a large circle of relations and friends to bemoan his irreparable loss.

[*Bombay Gazette, 24th September.*]

તા૦ ૧૮ મી સપટેમબર.

રોજ ૨૩ માહ ૧૨ (શે૦) ૧૨૦૩ યજદજરદી.

માણેકજી દોરાબજી વાછા—તા૦ ૧૮ મી ચાલતા મહીનાંનીએ પાઠાંનાં માંદથી પારશી માણેકજી દોરાબજી વાછાએ આશરે ૫૨ વરશની વએમો આએ વગર ભરોશાની અને વગર આશરાની જગત છોડી શદાનાં શવરગી અને શાચા લોકોમો કુચ કીધી. એ મરનાર ધણી પકો અને બુધીવાંન ધીરા શવભાવનો અને મીઠા શબદનો અને એકમારગી ધણી હતો તેથી કરી એ મરનારનાં શરવ કોઇ મીતર થાઇ રહેઆ હતા. એ મરનારે પોતાનાં રૂડાં શલુકને લીધે ધણીખરી પોતાની ઉમરનાં દાહડા ખુશી ખુશાલી અને મોટી જોકથી પોતાના મીતરો સાથે કાહાડેઆછે. એ ધણીનાં મરવાથી હેનાં ભાઇ તથા છોકરા તથા શગાંવાલાં તથા મીતરોની મોટી ટોલકીને હેવું તો ભારે દુખ અને શંનતાપ ઉપજેઓચ કે કવચીત ભુલે એવું નથી.

[મુંબઈના શમાચાર, ૨૫ મી સપટેમબર ૧૮૩૪.]

તા૦ ૧૮ મી સપટેમબર.

રોજ ૨૩ માહ ૧૨ (શે૦) ૧૨૦૩ યજદજરદી.

પેશતનજી દાદાભાઈ ગંદેવીગરા—ગએઆ ભરેશપતવારને દંને ઘણાં દાહડાનાં દંમના માંદથી પારશી પેશતનજી દાદાભાઇ ગંનદેવીગરાએ આસરે ૪૫ વરશની વએમો જુઠી માએઆનાં વગર વીશવાશી લોકોમોથી શદાનાં નીરંનકાલ શવરગવાશી લોકોમો કુચ કીધી. એ મરનાર એક મોટો માએઆવંતો અને રાંખ સારાં સલુકનો અને રૂડી બુધીનો એક પુરશ હતો. એ ધણીનાં મરવાથી હેનાં ભાઇ તથા છોકરા તથા કુટંમબપરીવારને હેવો તો ભારે શંનતાપ ઉપજેઓચ કે શેવતનાં દાહડા શુધી હઇઆંમોથી કબુ ભુલશે નહી.

[મુંબઈના શમાચાર, ૨૧ મી સપટેમબર ૧૮૩૪.]

તા૦ ૨૦ મી નવેમબર.

રોજ ૨૧ માહ ૨ (શે૦) ૧૨૦૪ યજદજરદી.

શાપુરજી ભીમજી ઉમરીગર—તારીખ ૨૦ મી ચાલતા નહીનાંનીએ પારશી શાપુરજી ભીમજી ઉમરીગરે આશરે ૩૪ વરશની વએમો આ જુઠી માએઆની શોચનાં ભરેલી જગત છોડી શાચા અને નીરનકાલ વઇકુંઠવાશી લોકોમો કુચ કરી. એ મરનાર ઘણો ભલાં માંણસ અને શમજુ અને મીલંનસાર હતો. એ ધણીનાં ટુકડી વએનાં ગુજરી જવાથી હેનાં બુધા બાપને કલેજાંનો બીજો એક કઠંણ ઘાઓ બેઠાછે તથા હેનાં ભાઇબંહેનોને તથા છઇઆંને તથા શગાં વાહલાંને તથા મીતરોને એક મોટું દુખ થાએછે છે.

[મુંબઈના શમાચાર, ૨૩ મી નવેમબર ૧૮૩૪.]

તા૦ ૧૬ મી ડીસેમબર.

રોજ ૧૭ માહ ૪ (ક૦) ૧૨૦૪ યજદજરદી.

કાવશજી બેહુરાંમજી બનાજી—તારીખ ૧૬ મી ચાલતા મહીનાની ગએઆ મંગલવારને દંને શેઠ કાવશજી બેહુરાંમજી બનાજીનાંએ ૮૭ વરશની વએમો આએ જુઠી માએઆની અને વગર ભરોશાની તરણ પાંચ દાહડાની જગતમોથી નીશરીને શદાનાં શાચા અને નીરંનકાલ વઇકુંઠવાશી લોકોમો વાશો કીધો. એ મરનાર બનાજીનાં નામીચાં અને પુરાતંમ ખાંનદાંનનો એક ભાએગવંત ધણી હતો અને આપણી ટાપુના નાંમીચા શેઠીઆ તથા વેપારી ફરાંમજી તથા ખરશેદજી તથા શ્રી કલકતાનાં નામીચા શેઠીઆ તથા વેપારી રૂશતમજીનાં પીતા થાએછે. કે જેહનાંનાં દએઆ અને ધરમ ભરેલાં શુભ કાંમથી પરજાના લોકો સઘલાં બનાજીનાં આખાં વંશને આશરવાદ દીએછે. એ મરનાર પણ હેવા નાંમીચા છોકરાઓનાં શુખથી શઘલી પાંતીએ મઘંન અને આનંનદ હતો. તેથી પોતાની વએનાં ઘણા દાહડા નચીંનતા-

ઈથી જોક અને મોજમાં કાહાડેઆછે. એ મરનારમો તે સાથે મોટી ખુબી એ હતી કે જાતે ભલાં માણસ અને એકમારગી કે તેવા ધણી આજનાં દાહડામો ઘણાંજ થોડા હોએછે.

[મુંબઈના શમાચાર, ૧૮ મી ડીશેમબર ૧૮૩૪.]

તા૦ ૧૬ મી ડીશેમબર.

રોજ ૧૭ માહ ૩ (શ૦) ૧૨૦૪ યજદજરદી.

દસ્તુર ફરાંમજી અસપંદીઆરજી રબાડી—શ્રી સુરત મધે તા૦ ૧૬ મી ચાલતા મહીનાંનીએ દશતુર ફરાંમજી અશપંદીઆરજી રબાડી આશરે ૫૬ વરશની વએમો આ વગર ભરોશાની જુઠી જગતમોથી નીકલી હમેશાંનાં નીરંનકાલ વઈકુંઠવાશી લોકોમો જાઈ વાશો કીધો. એ મરનાર ધણીને કેટલું એક થાએઉં લકવાનું દુખ થાએઉં હતુ પણ તે ઘણું ખરૂં શારૂં થાએઉં હતું. તેઆર પછે વલી ફરીને પાછું એજ દુખનું જોર થાએઉં તે શેવટે પરાંણની ઘાત કીધી. એ મરનાર આજના વખતમાં પેહેલવીની વીદેઆમો પરવીણમોનો એક મોટો પરવીણ હતો અને એ મરનારે પોતાની આખી વએ એ વીદેઆની પછવાડેજ ઘણી ખરી ઘશી નાખી હતી તેઆરે એ માહ કશત ભરેલી વીદેઆમો પરવીણ કેહવાતો હતો. અને એજ ઉપરથી એ મરનાર પાસે પારશીની પંચાતના અકાબર શાહેબોએ ભલાંમણ કરી પારશી ધરમનું પુશતક વંદીદાદ તથા ઈજશને તથા વીશપરદનું ગુજરાતીમાં ભાશાંતર કરાવેઉં કે તેથી કરી ધરંમ પરમાંણે જાણીતા થાઈ હરેક કાંમ કરવાને હોકમ કરે. એ મુરનાર શેઆંનો દાહિઓ મીલંનશાર અને એક વીદેઆવાંન પુરશ હતો તે સાથે ધીરા શવભાવનો અને મીઠા શબદનો અને મીતરાચારીને લાએકનો એક ધણી હતો કે હેવી હેની ખુબીથી અને રૂડી બુધીથી અને ધરંમની માહેતગારીથી પારશીના ટોલાના નામીચા શાહેબોનો હઈઆંનો હાર અને જાંણી મીતર થાઈ પડેઓ હતો. એ ધણીનાં મરવાથી જે જે ધણીઓને એ ધણી સાથે મીતરાચારીથી મંન લાગું હતું અને દેલ બાહધું હતું તેહનાંને એક મોટું દુખ ઉપજેઉંછે. અને શરવે કરતાંને ભારે દુખ એ મરનારના છોકરાઓને તથા કુટંમબપરીવારને થાએઉંછે કે તે કભુ મનથી મેલશે નહી અને હઈઆંથી ભુલશે નહી..

[મુંબઈના શમાચાર, ૨૧ મી ડીશેમબર ૧૮૩૪.]

ઈ૦ સ૦ ૧૮૩૫.

તા૦ ૧૨ મી જાનેવારી.

રોજ ૧૪ માહ ૪ (શ૦) ૧૨૦૪ યજદજરદી.

શાપુરજી પેશતનજી મેહતા—તારીખ ૧૨ મી ચાલતા મહીનાની ગએઆ શોમવારને દીને રાતનાં શેઠ શાપુરજી પેશતનજી મેતાએ આશરે ૬૩ વરશની વએમો આએ તરણ પાંચ દાહડાની જગતમોથી નીશરીને શદાના શાચા અને નચીનતાઈ ભરેલા વઈકુંઠવાશી લોકોમો કુચ કરી. એ મરનાર મોટાં દાહપણ અને ગનેઆંન ભરેલો ધીરા શવભાવનો અને ભલમંનશાઈની ચાલ ભરેલો એક પુરશ હતો અને અતરેની ટાપુમોનાં મોટા વેપારીઓમોનો એક વેપારી તથા વાંહાંણવટી હતો અને એ ધણીએ ઘણાં વરશથેર વેપારનો મોટો કારબાર શારાં ગનેઆંનથી આ ટાપુમો ચલાવેઓછે તે શરવ કોઈને થાવુંછે. એ મરનારનાં મરવાથી હેનાં કુટંમબપરીવાર તથા બચાવાને તથા મીતરોને મોટું દુખ ઉપજેઉંછે કે તે કભુ નહી ભુલશે.

[મુંબઈના શમાચાર, ૧૫ મી જાનેવારી ૧૮૩૫.]

તા૦ ૧૩ મી આપરેલ.

રોજ ૧૫ માહ ૭ (શ૦) ૧૨૦૪ યજદજરદી.

ખરશેદજી મનચેરજી લંગડા—તારીખ ૧૩ મી ચાલતા એપરેલ મહીનાંનીને દંને પારશી ખરશેદજી મંનચેરજી લંગડાનાએ ૨૬ વરશની વએમો શનેપાટની તાવની પીડાકારીથી આએ તરણ પાંચ દાહડાની વગર ભરોશાની જગત છોડી શવરગી વઈકુંઠવાશી લોકોમો કુચ કીધી. એ મરનાર ધીરા શવભાવનો અને શારી બુધીનો શંમજુ અને આદરમાંન ભરેલો એક પુરશ હતો. એ મરનારની

ઝુકડી વએનાં મરવાથી એ મરનારનાં બાપ તથા માએને એક પુરશ છોકરાને લીધે કાલે-જાંનો ભારે ધાહ લાગોછે તેથી કરી ભારે આપડામો અને મોટી વીપતમો શેવટનાં દાહડા શુધી પડેઆછે. તે શાથે એ મરનારનાં કુટં-બબને તથા માતરોને એ મરનારની પરીતને લીધે અતીઘણું દુખ ઉપજેછે.

[મુંબઈના શમાચાર, ૧૯ મી આપરેલ ૧૮૩૫.]

તા૦ ૯ મી જુન.

રોજ ૧૨ માહ ૯ (શે૦) ૧૨૦૪ યજદજરદી.

ફરાંમજી નવરોજજી હોમાવરાના, ભરૂચવાલા—તારીખ ૯ મી જુનને દને રાતનાં શાત કલાકને અમલે શ્રી ભરૂચ મધે વરશાત થાવા માંડેઓ તે કલાક ૭ા થાએઆ તારે ઘણો વરે-ઓ અને તે શાથે ગાજ તથા વીજ થાવા લાગી તે કલાક ૭ાા ને અમલે શ્રી ભરૂચના શેઠ ફરાં-મજી નવરોજી કરીને હતા તેણાંનાં ઘર ઉપર પડી તે તેણાંનાં ઘરની દેવાલ ફોડીને તેણાંનાં ઘરના ઉપલા માલાપર પડી તે માર પાટીઆં-નોછે તે માર ફોડીને તેહની હેઠલ જે ભારવ-ટીઓ હતો તે ભારવટીઓ ભાંજેઓ. તેજ ભારવટેઆએ હીંડોલો ટાંગેલો હતો અને તેપર શેઠ ફરાંમજી તથા તેહનો છોકરો બમંનશાહ જુલો ખાતા હતા તાંહાં હીંડોલાની હેઠલ વીજ પડી તે વીજની આંચ તે બંધો બાપ તથા દીકરાને લાગી તેથી તે બંધો જણાનો પરાંણ તરતજ તાંહાં નીકલી ગએઓ. એક પલ પણ લાગી નહી. અને વીજ તે માલ ફોડીને છેક ભાંએતલીએ પડી પણ તે કાંહાં પડી તે ડાવું નહી. પણ હમારો બીજો ભાઈબંધ લખેચ કે તે વીજ તાંકાંમો પડી. હવે હમારો લખનારો લખેચ કે એ બીનાં હમારી નજરના જોએલીછે અને જે વાત કે કાંને શાંભલતાતા તે નજરે જોવી પડીછે. એ મરનાર શેઠ ફરાંમજી આશરે ૪૮ વરશની વએના તથા હેનાનો છોકરો ૮ વરશની વએનો હતો. એ શેઠ ફરાંમજી ઘણાંજ ભલાં માણસ અને ધીરા શવભાવના અને પકી બુધીના શુલેહનાં કાંમનાં કરનાર તથા મોટાં કુટુંબના અને શારાં માંન વાલા ધણી હતા. હેનાંના મરવાથી શ્રી ભરૂચના શરવે લોકો તેમો શું પોતાની ગનેઆતનાં કે શુ પારકી ગને-આતનાં જેણાંને એ મરનાર શગાથે જાણ પીછાંણ હતી તે દુખી થાએઆછે.

[મુંબઈના શમાચાર, ૧૮ મી જુન ૧૮૩૫.]

તા૦ ૨૯ મી સપટેમબર.

ગાથા ૪ (શે૦) ૧૨૦૪ યજદજરદી.

ફરાંમજી માણેકજી કરાંની—તારીખ ૨૯ મી ચાલતા મહીનાંનીએ આશરે ૭૮ વરશની વએમો પારશી ફરાંમજી માંણેકજી કરાંણીએ આએ વગર માએઆની જુઠી જગતને છોડી શદાના શાચા વઈકુંઠવાશી લોકોમો કુચ કરી. એ મરનાર ઘણી એક શારો ભલું માણશ અને બુધીવાન તથા એક-મારગી અને મોટો ભાએગવંતો ધણી હતો. અને પોતાના છોકરાઓનાં શારાં શુખને લીધે આજ ઘણાં વરશ થાએઆં આએ જગતનાં શંનશારી કારભારથી વેગલો પડીને પોતાનાં પરમેશરની ભગતીમો અને પોતાનાં બાલ ગોપાલને રૂડા આશીરવાદ માગેઆનાં કાંમમો પડેઓ હતો તે છેક શેવટનાં દાહડા શુધી તેજ રીતે ચાલેઉં. પરમેશર કરેને શરવેને તાંહાં હેવા શપુત છોકરા નીકલે અને તેણાંને હેવી રૂડી આગનેઆ શુજ પડે જે પોતાના વડવા-ઓની હેવી રીતે પાછલે દાહડે ચાકરી કરે.

[મુંબઈના શમાચાર, ૧ લી અકટોબર ૧૮૩૫.]

તા૦ ૧૧ મી નવેમબર.

રોજ ૧૨ માહ ૩ (ક૦) ૧૨૦૫ યજદજરદી.

હોરમજજી ભીખાજી મેહરજી—ગએ-આ બુધવારે તા૦ ૧૧ મી ચાલતા મહીનાં-નીએ રાતરે કલાક ૧૨ નાં ૪૯ વરશની વએમો શેઠ હોરમજી ભીખાજી મેરજીએ આશરે પચીશ દીવશની તાવની પીડાકારીથી આએ વગર ભરોશાની અને જુઠી માએઆની જગ-તમોથી નીશરીને ચંદરોકાલ શુધી વઈકુંઠવાશી લોકોમો પોતાનો વાશો કીધો. એ મરનાર ઘણી નામીચાં ખાંનદાંનનો તથા મોટી આબ-રૂનો શેઠીઆઓની શંગતનો બેશનાર એક ભલાં માંણશ શેઆનો અને એકમારગી પુરશ

હતો. અને પોતાની વએના ઘણા દાહડા વેર એ મરનારે મોટી ભલમંનશાઈ અને નમંનતાઇથી પોતાનો કારભાર ચલાવેઓ હતો. એ મરનારનાં ટુકડી વએનાં મુઆથી એ મરનારનાં છોકરાઓ તથા કુટંબપરીવારને મોટો શંનતાપ અને ભારે કકલાત ઉપજેઓછે. તે શાથે મરનારનાં મીતરો તથા ઓળખીછાંણ વાલાઓને ભારે દુખ ઉપજેઉં છે કે તે શેવટનાં દાહડા શુધી કોઇ મંનથી મેલશે નાહી અને હઈઆંથી ભુલશે નાહી.

[મુંબઈના શમાચાર, ૧૫ મી નવેમબર ૧૮૩૫.]

11*th November* 1835.

Hormasjee Bhickajee Mehrjee.—At Bombay, in his family house, in Todd Street, after a lingering illness of nearly one month, in the 49th year of his age Hormasjee Bhickajee Mehrjee, senior Partner in the late firm of Bhickajee Mehrjee and Co. His gentleness of manner and goodness of disposition, will give his disconsolate widow and family, and numerous circle of friends and relations, much to regret at his loss. By all of them he was greatly respected and popularly treated.

[*Bombay Gazette,* 14*th November.*]

તા૦ ૧૨ મી નવેમબર.

રોજ ૧૩ માહ ૮ (શે૦) ૧૨૦૫ યજદજરદી.

હોરમજજી માણેકજી મેહતા—તા૦ ૧૨ મી ચાલતા મહીનાંની ગએઆ ભરેશપતવારને દંને શાંજનાં આ૦ હોરમજી માણેકજી મેતાનાં આશરે ૬૫ વરશની વએમા ઘણાં દાહડાનાં કશટ ભરેલા માંદગી આ તરણ પાંચ દાહડાની જુઠી માએઆની જગત છોડી શાચા શવરગી લોકોમા કુચ કીધા. એ મરનારે ઘણા દાહડા શુધી જુના કોરટ અથવા માહેલાં દેશાવરોની અદાલત ખાતે વકીલાતપણાંનું કાંમ શારી આબરૂથી અને મોટી ચંનચલાઇથી બજાવેઉં છે. અને હાલમા અતરેની શદર અદાલતનો એક વકીલ હતો અને એ કામમા શારો માહીતકાર હતો. એ મરનારનાં ટુકડી વએમા મરણ પામાથી એ મરનારના ઘરડા બાપને બીજો એક કલેજાંનો ધાહો લાગોછે અને એ મરનારનાં ભાઇઓ તથા કુટુંબ પરીવારને તથા મીતરોને ભારે દુખ ઉપજેઉં છે કે તે કભુ મટશે નાહી.

[મુંબઈના શમાચાર, ૧૫ મી નવેમબર ૧૮૩૫.]

ઈ૦ સ૦ ૧૮૩૬.

તા૦ ૭ મી જાનેવારી.

રોજ ૯ માહ ૫ (ક૦) ૧૨૦૫ યજદજરદી.

હોરમજજી શાપુરજી પસતાકીઆ—તારીખ ૭ મી ચાલતા મહીનાંની ગએઆ ભરેશપતવારને દંને પોતાનાં રેહવાનાં ઘરમા પારશી હોરમજી શાપુરજી પશતાકીઆએ આશરે ૫૭ વરશની વએમા થોડા દીવશનાં માંદમા આ વગર ભરોશાની અને જુઠી માએઆની જગત છોડી શાચા વઇકુંઠવાશી લોકોમા કુચ કરી. એ મરનાર ધણી આપણી ટાપુનો એક મોટો વેપારી હતો અને પોતાની વએના ઘણા દીવશ વેપારનાં કારભારમોજ કાહડઆ તેથી કરીને વેપારનાં કામમા શારો માહીતકાર હતો અને એ મરનાર ઘણો નમાંનો અને શમજુ અને શાદો તથા ધીરા શવભાવનો અને મીઠા શબદનો હતો અને જે પરમાંણે દરવ મેલવેઓ તે પરમાંણે શારે મારગે ખરચ પણ કરેઓ. એ ધણીનાં મરણ પામેઆથી હેનાં કુટંબ પરીવારને ભારે ધોકો લાગો અને મોટું દુખ ઉપજેઉં છે કે તે શેવટનાં દાહડા શુધી મનથી મુકશે નાહી અને હઇઆંથી ભુલશે નાહી. તથા મરનારનાં મીતરો કે જેણાંને એ મરનારની પરીતની મોટી માએઆ લાગીછે તેણાંને ભારે કકલાત પેદા થાએઓ છે કે તે કભુ જીવથી વીશરશે નાહી.

[મુંબઈના શમાચાર, ૧૦ મી જાનેવારી ૧૮૩૬.]

તા૦ ૧૨ મી ફેબરવારી.

રોજ ૧૫ માહ ૫ (શે૦) ૧૨૦૫ યજદજરદી.

જમશેદજી બેહેરાંમજી મોતીવાલા—તારીખ ૧૨ મી ફેબરવારી ૧૮૩૬ ને દીને પારશી જમશેદજી બેહરાંમજી મોતીવાલા થોડા

દાહડાનાં માંદમો ૭૫) વરશની વએમો આએ દુખીઆરી આલમમાંથી નીકલીને શદા શુખવાશી આકાશી લોકોમો કુચ કીધી. એ મરનાર એક નાંમીચો મોતી વીંધારો તથા એક મોટો પરખુ જવેરી હતો. અને તે શાથે નમાંનો તથા મીલંનશારી ભરેલો હતો. એ મરનારે ઘણાં વરશ શુધી મોટા મોટા જવેરાતના વેપારીઓનાં શારાં શારાં કાંમો બજાવેઆથી એક નાંમાચું નાંમ મેલવીઉં હતું. એ મરનારનાં ગુજરવાથી હેનાં શગાંવાલાં તથા ભાઈબિંદુઓને તેહમો અગત કરીને એ મરનારના બેએ છોકરાઓને મોટું દુખ ઉપજેઉં છે.

[જામે જમશેદ, ૨૨ મી ફેબરવારી ૧૮૩૬.]

તા૦ ૧૯ મી ફેબરવારી.

રોજ ૨૨ માહ ૫ (શે૦) ૧૨૦૫ યજદજરદી.

જમશેદજી એદલજી ઈસકોફવાલા—તારીખ ૧૯ મી ફેબરવારી ૧૮૩૬ ને દીને રાતનાં પોતાનાં કોટમોનાં રેહવાનાં ઘહરમો પારશી જમશેદજી એદલજી ઈશકોફવાલાનાં ૮ મહીનાંનાં માંદમો ૬૫) વરશની વએમો આએ જુઠી જગતમાંથી નીકલીને શાચી માએઆનાં વઇકુંઠવાશી લોકોમો ચાલ પકડી. એ મરનાર ઘણો દાહેઓ અને શાએઆંણો ઘણી હતો, અને તેહવાં મોટાં શેઆંનપણને લીધે મોટા મોટા લોકોનાં હલકાંનો હાર હતો. એ મરનારનાં ગુજરવાથી એ મરનારનાં ૮ છોકરા તથા તરંણ છોકરીઓ તથા બીજાં શગાંવાલાંઓને એક મોટું દુખ ઉપજી આવીઉં છે.

[જામે જમશેદ, ૨૨ મી ફેબરવારી ૧૮૩૬.]

તા૦ ૨૫ મી મારચ.

રોજ ૨૭ માહ ૭ (ક૦) ૧૨૦૫ યજદજરદી.

રતનજી મનચેરજી કોહલા—તા૦ ૨૫ મી ચાલતા મહીનાંનીને દને પારશી રતંનજી મનચેરજી કોહલા આશરે ૮૫ વરશની વએમો ઘણા દાહડાનાં કશત ભરેલા માંડથી આ વગર ભરોશાની અને ખોટી માએઆ ભરેલી જગતમાંથી નીશરી શરગી લોકોમો જાવેદાંન શુખનો વાશો કીધો. એ મરનાર એકમારગી થોડ બોલેઆ અને ધારા શવભાવનો મીતરાચારીને લાએક એક શારો શુખાવાંન ઘણી હતો. એ ધણીનાં ટુકી વએનાં મરવાથી મરનારનાં નામીઆ ભાઈ તથા કુટંમબ પરીવારને ભારે દુખ ઉપજેઉ છે. અને જાંની મીતરોને મોટો કકલાત પેદા થાએઓ છે કે તે શેવટ શુધી મંનથી મેલવો અને હઇડાંથી ભુલવો કઠણ છે.

[મુંબઈના શમાચાર, ૨૭ મી મારચ ૧૮૩૬.]

તા૦ ૨૦ મી આપરેલ.

રોજ ૨૩ માહ ૭ (શે૦) ૧૨૦૫ યજદજરદી.

શોરાબજી ધનજીભાઈ પુણેગર—તા૦ ૨૦ મી ચાલતા મહીનાંનીએ શવારનાં પા૦ શોરાબજી ધનજીભાઈ પુણેગર આશરે ૭૫ વરશની વએમો આગ્રે, તરણ પાંચ દાહડાની જુઠી માએઆની જગતમાંથી નીશરીને શરગવાશી લોકોમો જઈ પોતાનો વાશો કીધો. એ મરનારે ટુંકી વએમો અંગરેજી અને ઈંનજેનીઅરની નાંમાચી વીદેઆનો [illegible] શરકારી ઈંનજેનીઅર ખાતાંની મદદ લીધી હતી તથા એક પાકો ઈનજેનીઅર થાએઓ હતો અને તેથી ગાંમડીઓ એ મરનારને શોરાબજી ઈંનજેનીઅરને નાંમે ઘણુંખરું બોલાવતા હતાં. એ વીદેઆ શીખવા પછવાડે એ મરનારે મોટી કશટ ભરેલી મેહનત પણ કીધી હતી અને તેજ રીતે નાંણાં પણ ખરચેઆં હતાં. એ મરનારને શારી વીદેઆ શીખેઆ ઉપરથી ઈનાંમો પણ મલેઆં હતાં તે શાથે એ મરનારે શેઠ ફરાંમજીનાં બંધાવેલાં નવાં દાખમાંનો લાકડાંનો નકશો શ્રી ઈંગલાંડ મધેની રાએલ એશીઆટીક શોશાઈટીને શારૂં મોકલેઓ હતો તેથી તે શોશાઈટીવાલાઓએ પણ એ ધણીને મોટો માંન ભરેલો પતર લખેઓ હતો. એવી રીતે મુમબઈથી તે ઈંગલંડ શુધી એ મરનારનું નાંમ પોંચેઉં હતું તે શાથે એ ધણી મીતરાચારીને લાએઅક અને મીઠા બોલનો તથા ધારા શવભાવનો અને શંમજુ હતો. પણ બીચારાનાં ભાએગ માઠાં તેથી હાલી રીતે ટુકી વએમો મરણે શેતાબી કીધી તેહને લીધે મરનારનાં કુટંમબ પરીવારને ભારે શોકો અને મોટું દુખ પોંચેઉં છે કે તે દુખમાંથી જાંહાંશુધી જીવે તાંહાં-

શુધી તલે નહી હેવું છે. એ મરનારનાં મોતશે તથા ઓળખીછાંનવાલાઓને શરવેને એ ધણીનાં ટુકી વએનાં મરવાથી મોટી કકલાત લાગીછે.
[મુંબઈના શમાચાર, ૨૧ મી આપરેલ ૧૮૩૬.]

તા૦ ૨૯ મી મેએ.
રોજ ૨ માહ ૯ (શે૦) ૧૨૦૫ યજદજરદી.

દાદાભાઈ મેહરવાંનજી મુગાના—તારીખ ૨૮ મી ચાલતા મેએ મહીનાંનીને દીને બપોરનાં શેઠ દાદાભાઈ મેરવાંનજી મુગાનાં પોતાનાં રેહવાનાં ઘરમો થોડા દાહડાનાં માંદમો આશરે ૭૩ વરશની વએમો ગુજરી ગએઆ. એ મરનાર ધણી એક મોટા નાંમીચા ઘરમાતુ અને દએઆવાલો નર હતો. એ મરનારે ઘણાંએક વરશ શુધી નાંમદાર શરકારની ચાકરી મોટી ઈમાંનદારીથી બજાવી હતી તેથી મોટું માંન મેલવેઉં હતું અને હેવાં નાંમીચાં માંન અને મોટા દરવ હતાં મનમાં કશો ગરવ અને મોડાંમો મોટા શબદ હતાજ નહી. એ મરનાર શઘલાઓને જાણીતા મોટા વેપારી શેઠ જીજીભાઈ દાદાભાઈનો બાપ થાએછે. એ મરનારે પોતાની વએનાં ઘણાખરા દાહાડા મોટી મોજમો કાહડેઆછે કે તેવી વખાંણવા લાયક મોજ થોડાજ પારશીઓએ કરી હશે. એ મરનારનાં ગુજરી જવાથી એ મરનારનાં શગાંવાહાલાં તથા દોશત આશનાંવોને મોટો શંતાપ ઉપજેઓછે અને તેવો એ મરનારનાં શારાં શલુક અને મોટી માએઆને પોતાંના શેવટના દાહડા શુધી ભુલનાર નથી.
[જામે જમશેદ, ૩૦ મી મેએ ૧૮૩૬.]

તા૦ ૧૭ મી જુન.
રોજ ૨૧ માહ ૧૦ (શે૦) ૧૨૦૫ યજદજરદી.

દીનીઆર ખોદાબખશ ઈરાંની—તારીખ ૧૭ મી ચાલતા મહીનાંની ગએઆ શુકરવારને દને પોતાનાં રેહવાનાં ઘરમો આશરે ૩૩ વરશની વએમો અને ઘણા દાહડાના માંદમો પારશી દીનીઆર ખુદાબખશ ઈરાંનીએ આ મરતીઉક લોકોમોથી નીશરીને સદાનાં આકાશવાશી લોકોમો જાવેદાંન શુધીનો પોતાનો વાશો કીધો. એ મરનારે કેટલાંએક વરશ શુધી શ્રી હેદરાબાદ ખાતે સારી આબરૂથી પોતાનો વેપાર ચલાવેઓ. તારપછે આજ કેટલાંએક વરશ થાએઆં શ્રી મુમબઈમો ભાગીઆ થાઈ કાપડનો વેપાર ચલાવવા માંડેઓ તે એ મરનારનાં દાહપંણ અને ચંનચલાઈથી અને આંટથી હેવો તો વધી ગએઓ કે એ મરનારનું દુકાન આજે આ ટાપુમો નામીચું કેહવાએછે. હેવો વેપારનાં કામમો હોશીઆર હતો તે શાથે વીદીઆમો પણ માહીતગાર હતો અને શમજુ તથા વીશવાશી અને ખરો હતો. એ ધણીનાં ટુકી વએનાં મરવાથી હેનાં ભાઈ તથા કુટંમબને મોટો ધોકો અને ભારે દુખ લાગુંછે કે તે કબુ મંનથી મેલશે નહી અને હઈડાંથી ભુલશે નહી.
[મુંબઈના શમાચાર, ૧૯ મો જુન ૧૮૩૬.]

તા૦ ૧૦ મી સપટેમબર.
રોજ ૧૬ માહ ૧૨ (શે૦) ૧૨૦૫ યજદજરદી.

પેશતનજી શાપુરજી પારખ—ગઈ કાલ દને તારીખ ૧૦ મી ચાલતા મહીનાંનીએ કલાક ૮।। ને અમલે પોતાનાં વશવાશનાં ઘરમો ૩૪ વરશની વએમો પારશી પેશતનજી શાપુરજી પારખે આએ તરણ પાંચ દાહાડાની જુજી માંએ આની જગત છોડી શદાનાં શાચા વઈકુંઠવાશી લોકોમો પોતાનો ચંદરોકાલ શુધીનો વાશો કીધો. એ મરનાર આપણી ટાપુમોના વેપારીઓમોનો એક વેપારી અને વાંહાણવતી હતો. અંન ખુબીમો નમંનતાઈની ખાંણ હતી અને ભલમંનશાઈનો શમુદર હતો અને માએઆનો કોટ હતો. હેવી રીતે એ મરનારે પોતાની થોડી વએમો નામ ઉઠાવેઉં હતું. અને કશી રીતે આ જગતની ગરજીને તો પીછાંનતો હતો નહી હેવો શાદો હતો અને શવભાવનો ઘણો ધીરો અને શરવ સાથે મીલંનશાર હતો. એ મરનારે શુધા વેહવારથી અને સારી ચાલથી અને મીતરાચારી ભરેલી રીતથી અને પાકી શમજથી પોતાનો કારભાર શરવ કોઈ શંગાથે ચલાવેઓ. અને પોતાથી જે રીતે બની આવેઉં તે રીતે સારી આબરૂથી પોતાનાં વડવાંનું નામ રાખી પોતાનાં મોટાં કુટંમબનું પાલણ તથા ખબરદારી કીધી. એ

મરનારનાં ટુકી વએનાં મરવાથી એ મરનારની માતાને તથા ભાઇબંધ અને કુટંમબ પરીવારને મોટા ધોકો અને ભારે ચોલો લાગોછે તેથી કાલેજાંનું લોહી આંખ વટે શારો દીવશ અને શારી રાત ટપકે છે. વાશતે હેવાં દુખને શેવટનાં દાહડા શુધી મંનથી મેલશે નહી અને હઇઆંથી ભુલશે નહી. અને એ મરનારના મીતરોને મરનારની શચાઇ ભરેલી મીતરાચારીના ગાંઠ બંધાએઆને લીધે હેવોતો કકલાટ અને કુહડાપો લાગો છે કે એ મરનારનાં ખુબી ભરેલા ગુણને પોતાની હએઆતી શુધી કવચીત છાતીથી વીશરશે નહી અને મંનમોથી ટાલશે નહી.

[મુંબઇના શમાચાર, ૧૧ મી સપટેમબર ૧૮૩૬.]

તા૦ ૮ મી અકટોબર.

રોજ ૯ માહ ૨ (ક૦) ૧૨૦૬ યજદજરદી.

કાવશજી રૂસતમજી વાછાગાંધીના—તા૦ ૮ મી ચાલતા મહીનાંનીએ શ્રી આલપાઇ મધે પારશી કાવશજી રૂશતમજી વાછાગાંધીના ૨૪ વરશની વએમો આ તરણ પાંચ દાહડાની એલ ભરેલી જગતમોથી નીશરીને શદાનાં વઇકુંઠવાશી લોકોમો જાઇ વાશો કીધો.—એ મરનાર ખુબીવાંન શમજુ અને હઇઆંનો શાંખ એક પુરશ હતો અને શુખાકારી શારૂંજ દેશાવર ખાતે ગએઓ હતો. વાશતે ભર જવાનીના વખતમો એ ધણોનાં મરણ પાંમાથી એ ધણીનાં ઘરમોનાં શઘલાંઓમો એક અગનીનો વરશાત વરશેઓચ અને કલેજાંનાં લાભથી આંશુની જગોએ લોહી તપકેચ હેવું દુખ ઉપજી આવેઉંચ કે તે મંનથી મેલવું અને હઇઆંથી ભુલવું કઠંણછે.

[મુંબઇના શમાચાર, ૨૩ મી અકટોબર ૧૮૩૬.]

તા૦ ૧૮ મી અકટોબર.

રોજ ૧૯ માહ ૨ (ક૦) ૧૨૦૬ યજદજરદી.

બીખાઈજી તે ખરશેદજી અરદેસર દાદીશેઠનાં ધણીઆંની—હમો શઘલા જરતોશતીઓને ખબર આપવાને ઘટારત અને અગતનું જાંણીએચ તેથી જાહેર કરીએચ કે નાંમીચા નાંમનાં અને ધરમાતુ ખાંનદાંનનાં શેઠ ખરશેદજી અરદેશરજીની ધરીઆંણી શેઠાંણી બીખાઇજી ગએઆ મંગલવારને દંને રાતનાં થોડા કલાકના માંદમો આ જગતનાં લોકોમોથી નીશરીને શદાનાં શવરગવાશી લોકોમો કુચ કીધો. તેથી એ બાઇનાં ધણી તથા છઇઆં તથા કુટંમબ પરીવારમો એ બાઇનાં મોટા ગુણની ઇઆદથી મોટું દુખ ઉપજેઉંછે. તેણાંનાં છેઠેઆંણાંને દાહડે એ મરનાર બાઇનાં ધરમખાતાંને શારૂં તથા ચંદરોકાલ શુધીના નાંમ લેણાંને થકી પારશી ગનેઆતનાં લોકોનું દખમું જે ચોપાટીના ડુંગર ઉપરછે તેહની પછવાડે ખંમબાલા તરફથી એ મરનાર બાઇની જગો આવીછે તેહમોથી એક ગાડી જાએ એટલો રશતો પારશી ગનેઆતનાં લોકોને વાપરવાને શારૂં ધરમખાતાંમો શેઠ ખરશેદજી અરદેશરજીએ આપેઓ છે. વાશતે એ ગાડીનો રશતો થાશેતો જે લોકોથી ચડવાની અડચંનને લીધે ધરમની કીરીઆનાં કારણશર તે જગોએ જાવાને બનતું નથી તેણાંને જાવાને બની આવશે. કાંજે ગાડી છેક ઠેઠ જાએ એટલે પછે કોઇને કશી રીતે અડચન રેહ નહી વાશતે એ કામ હેવું બનેઉંચ કે એ ધરંમની ઇઆદદાશત શદાકાલ રેહશે કેમકે હાલમો જે રશતોછે તે ચડવાને ઘણો અડચંન અને અંગવર ભરેલોછે તથા હેવો શુતરો રશતો થાવાની શું મોટું કે શું નાંખલું ઘણાં વરશ થાએઆં વાત જોતાં હતાં તે કામ શેઠ ખરશેદજીની મોટી હીમતથી બનેઉંછે.

[મુંબઇના શમાચાર, ૨૩ મી અકટોબર ૧૮૩૬.]

તા૦ ૨૪ મી અકટોબર.

રોજ ૨૫ માહ ૨ (ક૦) ૧૨૦૬ યજદજરદી.

દાદીભાઈ ખરશેદજી દાદીશેઠ—હમો આ દુખ અને શંનતાપ ભરેલું મરતીઉક મુમબઇની ટીપમો દાખલ કરીએચ કે જે લખવાથી અમારો હાથ ઠરઠર ધ્રુજેચ અને હમારૂં હઇઉ નેતરનાં જાડની મીશાલે કાંપેચ અને હમારી કલમ આગલ ચાલવાથી અટકેચ કે તારીખ ૨૪ મી ચાલતા મહીનાંનીએ રાતનાં પોતાના વડવાની હવેલીમો શેઠ દાદીભાઇ ખરશેદજી અરદેશરજી શેઠનાંએ આશરે ૨૯ વરશની વએમો થોડા દાહડાનાં માંદથી આ તરણ પાંચ દાહડાની વગર ભરોશાની અને ખોટી માએઆની જગતમોથી

નીશરીને શદાનાં શવરગવાશી અમરતી લોકોમો જાઈ પોતાનો ચંદરોકાલ શુધીનો વાશો કીધો. એ મરનાર બાપદાદા પરદાદાથી આએ ટાપુમો શેઠનું નામ પામેલો. નમંનતાઈનો માહતાબ અને ખુબશુરતીનો આફતાબ. ખુબીનો શમુદર અને માએઆનો કોટ. વેપારનું છતર અને મીલંનશારીનું તાજ. મીતરાચારીની ખાંન અને ધરમ નીમનો ઠાંમ. શવભાવનો ધીરો અને શબદનો મીઠો. હેવો ગુનવાંન એ મરનાર ધણી હતો. એ મરનારનાં શેઠાઈનાં નામની જો ઓલખાંન આપીએતો દાદીશેઠનાં વંનશથી છે કે તેહનેથી આખા પારશીનાં ટોલાને નાંમીચું નાંમ અને મોટું માંન મલેઉં છે કે જેહની ઈઆદ વરશો ગુજરી ગએઆંચ તોપણ હર ઘડીએ અને હર વેલાએ શું નાંહલાં કે શું મોટાંનાં મોડાંમોથી કબુ ભીશતી નથી કે જેણે પારશીના આખા ટોલાનાં ભલાંને શારૂં જે વખતમો મુમબઈમો પારશીઓ કશી બાજી ગણતરીમો નહી હતા અને આટલા દરવ તથા નાંમે વધેઆતા નહી તેવા વખતમો લાખો રૂપીઆ ખરચીને પોતાની ગનેઆતનું નાંમ ઉઠાવેઉં છે કે તે વાતને એક બાલક પણ આજના વખતમોબી તેહની પછવાડેનાં નાંમ લેણાંની ઈધાંણીથી કબુલ કરેછે તેવાં નામીચાં ધણીનાં નાંમનો અને તેહની શેઠાઈની બરાબરનાં ઘપનો તેહનેથી ચોથો ધણી એ મરનાર હતો.—ચંદરનાં ઠંડક ભરેલાં અજવાલાંની જેવી ખુબી છે તે પરમાંણે એ મરનારે શરવ સાથે નમંનતાઈમો ખુબી કીધી છે કે શું દરવવાંન કે શું ગરીબ શરવ કોઈને શરખી રીતે નમીને આબરૂ આપીઆ વીનાં એ રહેઓ નથી કે તેથી કરીને શરવ કોઈનો આતમા એ મરનારને જોઈને ઠંડો થાતો હતો.—એ મરનારનું મોહડું અને ચેહેરો ચલકાત અને તેજી ભરેલો અને શદાનો હશતો હતો કે તેથી કરીને એ મરનારના હશતાં મોડાંને જોવાથી શરવ કોઈને શદા મોટી ખુશાલી ઉપજતી હતી.—એ મરનારમો બુધી હેવી પરાપત થાઈ હતી કે તેથી કરી એ મરનાર શંગાથે મોટા મોટા કારબારો શમંનધી નામીચા શાહેબો વીચાર કરતા અને એ મરનારનાં ડાહપણ ભરેલા વીચારને તેવા શાહેબો પરશંન કરી કબુલ રાખતા.—એ મરનાર હેવોતો માએઆવંત હતો કે જે કોઈ ધણી પોતાનાં દુખશર એ મરનાર આગલ જાઈ ઉભો રેહતો તો તે વેઆંનમો લેઈ શાંભલીને તેહનો પોતાથી જે બનતો તે ઉપાએ કરવાને મેહનત કરતો. પણ કશી રીતે કંનટાલો ખાતોતો નહી.—વેપારનાં કાંમમો હેવો શારો માહીતગાર હતો કે. ખરશેદજી અરદેશરજીની કંપનીની આએ ટાપુમોની નામીચી પેહડીનો શઘલો કારભાર ઘણોખરો એ મરનાર ચલાવતો હતો. તે શાથે એ પેહડીનો વેપાર પણ આગલનાં કરતાં એ મરનારની હીમતથી તથા શુધાં કામથી ઘણો વધી ગએઓતો. અને હજુર પણ એ મરનારની હોશીઆરીથી વધતે. તેજ પરમાંણે એ મરનાર અંગરેજી પેહડીવાલાઓને તાંહાંનો કારભાર પણ શારી રીતે ચલાવતો હતો. તેથી કરીને તે અંગરેજ લોકો એ મરનારને પોતાના પરાંણી મીતર જેવો ગણતા હતા.—આજે મુમબઈમો જેટલા વેપારી અને શારાં માણશો છે તે શઘલાં શંગાથે એ મરનાર હેવો મીલંનશાર હતો કે તેહની વખાંણ આજે શરવ કોઈ કરેછે.—એ મરનારે જેણાંની શાથે મીતરાચારીનો ગાંઠ પોતાની નાંહલી વએથી બાંધેઓતો તે હેવોતો ચાલાવેઓતો કે પોતાનાં સેવટનાં દાહડા સુધી કશી રીતે છોડેઓ નહી.—અને તેજ પરમાંણે એ મરનારે આ ટાપુનાં નાંમીચા અંગરેજી જાટલીમેનો શંગાથે પોતાનાં ડાહપણ ભરેલાં બલથી મીતરાચારીની માએઆ મેલવી હતી અને તે એટલીતો વધી ગઈતી કે શારાં શારાં કામમો એ મરનારને પોતાની શંગાથે રાખી આગલ પાડતા હતા. હેવું જે કાંઈ બનેચ તે અપરંમપાર બુધી વીનાંએ અને નામીચાં નાંમ મેલવેઆ વીનાંએ બનતું નથી.—એ મરનાર પોતાનાં વડવાઓનાં નાંમ લેણાંનાં ધરમખાતાંનાં કીધેલાં કાંમને શારી રીતે તપાશતો હતો. અને મોટી શોચનાંથી તેપર નજર રાખી તે કાંમ પછવાડે મેહનત કરતો હતો કે તેથી તે મરનારોનાં નામીચાં નાંમની વખાંણ ચાલુ રેહે. અને એ મરનારનો શવભાવ અમી રાઈ પરશંન હતો. હેવી ખુબીનાં અને મીથી

બોલીના બોલનાર ધણીએ આ થોડા દાહડામો લોકોને પોતાની માએઆનો ચોલો લગાડી છેકજ ટુંકી વએમો ચાલ પકડી તેથી કરીને એ મરનારનાં બાપ તથા બાઈ તથા કુટંમબ-પરીવાર કે જેણુંનાં દુખનાં આંશુ શુકાએઆં નથી તેણાંને એક મોટો ધોકો અને અપરંમપાર શંનતાપ ભરેલું દુખ પોંચેઉંછે કે તેથી કરીને આંખમોથી પાંણીની જગોએ કાલેજાંનું લોહી તપકેછે. હેવા ધણીની ઈઆદ જાંહશુધી જીવશે તાંહાંશુધા કવચીત કોઈ મનથી મેલશે નહી અને હઈઆંથી ભુલશે નહી. એ મરનારનાં ગુણની ઈઆદ હેવીતો લોકોનાં મનમો ઉતરી છે કે એ મરનારને લેઈ જાતી વેલા શું નાધલાં કે શું મોટાં જેણાંવોથી એ મરનારનાં બારણાં આગલ એક મોટી ઠઠ મલી હતી તે શઘલાં-ઓની આંખમોથી તે વેલાએ નવધાર આંશુ ગલવા લાગાં. એ મરનારનાં શોગમો અંગ-રેજ બજારમોના તથા ચકલામોનાં પારશી દુકાંનદારોએ શરેશતા પરમાંણે હરધાં હરધાં દુકાંન બંધ રાખેઆં હતાં.

[મુંબઈના શમાચાર, ૨૭ મી અકટોબર ૧૮૩૬.]

24*th* *October* 1836.

DADYBHOY CURSETJEE DADYSETT.—At his Fathers house, in the Fort, on Monday the 24th Instant, in the 29th year of his age, Dady Cursetjee, the eldest son of Cursetjee Ardaseer Esq. the representative of the Dady family, one of the oldest and most respectable Parsee families in Bombay.

For his amiable disposition, modest and retiring deportment, this excellent young man will long be remembered and lamented by all who knew him, both Europeans and Natives.

The hand of affliction has been heavy on this family of late,—the Mother having been carried off, but a few days previous to her son's death, by illness said to have been brought on by anxiety on his account.

[*Bombay Courier*, 29*th* *October*.]

તા૦ ૨૪ મી નવેમબર.

રોજ ૨૬ માહ ૨ (શે૦) ૧૨૦૬ યજદજરદી.

પેશતનજી રતનજી પટેલ—તા૦ ૨૪ મી ચાલતા મહીનાંની ગએઆ બરેશપતવારને દને રાતનાં પારશી પેશતનજી રતનજી પટેલે આશરે ૫૦ વરશની વએમો થોડાએક કલાકનાં માંદમો આ તરણ પાંચ દાહડાની ખોટી માએઆની જગતમોથી નીશરીને શવરગવાશી લોકોમો જાઈ પોતાનો વાશો કીધો. એ મરનાર ધણી આપણી ટાપુમો એક વેપારી હતો અને શારો ખુશીવાંન અને ભલમંનશાઈ ભરેલો એક શાદો પુરશ હતો અને એ મરનારની નમંનતાઈથી અને શાદા શવભાવથી આપણી ટાપુનાં ઘણાખરાં લોકો શાથે શારી જાંણ પીછાંણ અને મા[illegible]રા-ચારી હતી. એ મરનારનાં અચાનક અને એકા-એકનાં મરંણથી એ મરનારના બાઈ તથા કુટં-મબ પરીવારમો મોટું દુખ અને ભારે શંતાપ ઉપજેઓછે. અને એ મરનારનાં મીતરોમો મોટો કકલાટ પેદા થાએઓછે કે તે મંનથી મેલવો અને ચીતથી વીશરવો ઘણો કઠંણછે.

[મુંબઈના શમાચાર, ૨૭ મી નવેમબર ૧૮૩૬.]

24*th* *November* 1836.

PESTONJEE RUTTONJEE PATELL.—At his house, on Thursday evening the 24th inst. Pestonjee Ruttonjee Patell, leaving a disconsolate widow, seven children, and a large circle of friends to deplore his irreparable loss.

[*Bombay Gazette*, 26*th* *November*.]

ઈ૦ શ૦ ૧૮૩૭.

તા૦ ૨૬ મી જાનેવારી.

રોજ ૨૯ માહ ૪ (શે૦) ૧૨૦૬ યજદજરદી.

દસ્તુર રૂસતમજી નશરવાંનજી મેહરજી શંણાના—તારીખ ૨૬ મી ચાલતા મહીનાંનીને દીને શહવારનાં ૮ કલાકે શ્રી નોશારીનાં દશતુર રૂશતમજી નોશરવાંનજી આશરે ૫૮ વરશની વએમો એક અડવાડીઆંનાં માંડમો આ વગર ભરોશાની અને તરણ પાંચ દાહડાની જુઠી માએઆ ભરેલી જગતમોથી નીશરીને શદાના શવરગવાશી લોકોમો કુચ કીધો. એ મરનાર ધણી આ પાંચ પંનઠકમો જે વડું પંઠક નોશારીનું કેહવાએછે તેહનો મોહટો દશતુર હતો અને પારશી લોકોના ધરમ આચારની શઘલી બાબદમો શારી રીતે પરવીણ હતો. અને જે પરમાંણે એ મરનારને પારશી ધરમની કીરીઆ કરનારા શઘલા મોબેદો ઉપર મોટાઈ મલી હતી અને એ ધણીની શતા ચાલતી હતી તે પરમાણે એ મરનાર ધણીએ પોતાનાં ધરંમથી ઉલટું નહી થવાને અને પોતાનાં નામને અપમાંન નહી પોંચવાને શારૂં પોતાના હાથ હેઠલના મોબેદોને ઉપર ખબરદારી રાખી કીરીઆનું કાંમ શારી રીતે ચલાવાને ધાશતી રાખી હતી તેથી કરીને શરવ કોઈની કીરીઆનું કાંમ બરાબર બનતું હતું. અને તેથી નોશારીનાં દેશાઈથી તે એક બીચારા ગરીબ શુધીનાં શરવ કોઈ એ મરનારને ઘટતું માંન આપતા હતા.—એ મરનાર શારો દાહપંણવાલો ધણી હતો અને શાદો તથા નમંનતાઈ ભરેલો હતો અને શવરૂપ ચેહરાવાલો હતો. અને પોતાનાં ધરંમ પરમાંણે પરમેશવરની ભગતી કરવામો ચુકતોતો નહી. અને મોટાં કુટંમવાલો હતો કે તેહની પોતાથી બનતી તેવી બરદાશ કરતા હતા. એ ધણીનાં મરવાથી આખા નોશારીના કશબાને તથા એ મરનારનાં જાંણ પીછાંણવાલા બીજા દેશાવરવાલા લોકોને મોટું દુખ ઉપજેઉંછે. કે તે કદાચજ મંનથી મેલશે અને હઈઆંથી ભુલશે. એ મરનારનાં ઉઠીઆંણાંને દાહડે એ મરનારના છોકરા કૈકોબાદને શાલ આપી શ્રી નોશારીનાં અંનજુમને પોતાનો દશતુર ઠેડવેઓ છે.

[મુંબઈના શમાચાર, ૨૭ ફેબરવારી ૧૮૩૭.]

તા૦ ૧૬ મા ફેબરવારી.

રોજ ૨૦ માહ ૫ (શે૦) ૧૨૦૬ યજદજરદી.

નવરોજજી રૂસતમજી નાદરશાહ—તારીખ ૧૬ મી ચાલતા મહીનાંની ગએઆ ભરેશપતવારને દંને રાતનાં શેઠ નવરોજજી રૂશતમજી નાંદરશાહે ઘણાં દાહડાનાં માંડથી આશરે ૬૮ વરશની વએમો આંએ જુઠી માએઆની જગતમોથી નીશરીને શદાના વઈકુંઠવાશી લોકોમો જાવેદાંન શુધીનો પોતાંનો વાશો કીધો.—એ મરનાર ઘણો મોટો માએઆવંન શંમજુ અને શવભાવ તથા ચાલચલંણનો શાદો અને રૂદી બુધીનો તથા ધરમાતુ અને એક મારગી અને હઈઆનો રાંખ એક પુરશ હતો. એ મરનાર હેવા શારા ગુણને લીધે આપણી ટાપુના નાંમીચા શેઠીઆઓનો મોતર થાએઓ હતો. અને તેનાંની પંગતનો બેશનાર એક ધણી હતો. એ ધણીનાં મરવાથી હેનાં કુટંમબ પરીવારને મોટું દુખ અને શંનતાપ ઉપજેઓછે કે તે મંનથી મેલશે નહી અને હઈઆંથી ભુલશે નહી.

[મુંબઈના શમાચાર, ૧૯ મી ફેબરવારી ૧૮૩૭.]

તા૦ ૧૪ મી આપરેલ.

રોજ ૧૭ માહ ૭ (શે૦) ૧૨૦૬ યજદજરદી.

બેહરાંમજી ફરાંમજી જશાંવાલા—તારીખ ૧૪ મી ચાલતા મહીનાની ગએઆ શુકરવારને દંને રાતરે પારશી બેરાંમજી ફરાંમજી જશાંવારાનાએ પોતાનાં વશવાનાં ઘરમો આશરે ૩૪ વરશની વએમો અચબુચ થોડા દાહડાનાં માંડથી આ તરણ પાંચ દાહડાની જગતમોથી નીશરીને ચંદરોકાલ શુધી શવરગવાશી લોકોમો જાઈ પોતાનો વાશો કીધો. એ મરનાર બાપ દાદેથી અતરેનાં વેપારીઓમોનો એક શારો વેપારી હતો. અને ધંધામો શારી રીતે માહીતગાર હતો. અને શવભાવનો ધીરો તથા શબદનો મીઠો અને શારો બુધીવાંન અને નમંનતાઈ ભરેલો હતો. એ મરનારના ટુકી વએના મરવાથી મરનારની ઘરડી માતા તથા ભાઈઓ તથા કુટમબ પરીવારને ભારે દુખ અને અતીશે શંનતાપ લાગોછે તે મંનથી મેલવો અને હઈઆંથી ભુલવો ઘણો કઠંણ છે.

[મુંબઈના શમાચાર, ૧૬ મી આપરેલ ૧૮૩૭.]

તા૦ ૨૧ મી આપરેલ.
રોજ ૨૪ માહ ૭ (શે૦) ૧૨૦૬ યજદજરદી.

શોરાબજી માણેકજી પારખ—તારીખ ૨૧ મી ચાલતા મહીનાંનીએ પા૦ શોરાબજી માંણેકજી પારખે આસરે ૨૦ વરશની ચડતી જવાંની ભરેલી વએમો આ જુઠી માએઆની અને તરણ પાંચ દાહડાની વગર ભરોશાની જગતમોથી નીશરીને વહેકુંઠવાશી લોકોમો જાઇ પોતાનો વાશો કીધો. એ મરનારને માતરે પાંચ છ દાહડાની તાપ આવી તેહમો આ અંનચીતી અને વગર ધારેલી પરાંણઘાત થાઇ. એ મરનાર કાંઇ શંનશારના કારભારમો પડેલો નહી હતો કે તેથી કરીને એ મરનારના ગુણની શરવને ખબર પડે અને તે લએઆમો આવે પણ અશીલાઇ ભરેલા અને ધીરા શવભાવની ચાલનો અને નમાંનો તથા શમજુ નીકલેઓ હતો તેથી કરીને આગલ જાતે એ મરનાર પોતાનાં વડવાનાં નામને ઉગવી કાહડતે તેવો ભરોશો અને આશેઆ એ મરનારથી રાખતા હતા. પણ તે આશેઆ ભશટ થાઇ કે તેહનું શેવટ આ કકલાત અને દુખ ભરેલાં મોતથી એકાએક આવેઉં. એ મરનાર ઘણીજ ટુંકી વએમો અને આ શંનશારના કારભારમો પડઆ વીનાંએ અને અચઆચ મરંણ પાંમો તેથી એ મરનારનાં ભાઇબંધોને તથા કુટંમબ પરીવારને મોટો શંનતાપ ઉપજેઓછે અને મંનમો ભારે ચોલો લાગોછે કે તે શેવટનાં દાહડા શુધી જીવથી કવચીત મેલશે નહી અને હઇઆંથી કભુ ભુલશે નહી.

[મુંબઇના શમાચાર, ૨૩ મી આપરેલ ૧૮૩૭.]

તા૦ ૫ મી જુન.
રોજ ૯ માહ ૯ (શે૦) ૧૨૦૬ યજદજરદી.

શાપુરજી નશરવાંનજી જમુજી—ગએઆ શોમવારને દંને તારીખ ૫ મી ચાલતા મહીનાંનીએ શેઠ શાપુરજી નશરવાંનજી જમુજીએ આશરે ૫૫ વરશની વએમો ઘણાં દાહડાનાં માંડમો આ આપડા ભરેલી જગતમોથી નીસરીને શદાનાં નીરંનકાલ વહેકુંઠવાશી લોકોમો જાઇ વાશો કીધો. એ મરનાર શઘલી પાંતીમો હોશીઆર તથા શમજુ અને માહીતગાર હતો. અને પોતાની આખી વએ વેપાર ખાતાંના મોટા કારખારમાં કાહડી હતી. તેથી વેપાર ખાતાંના કાંમથી શારો માહીતગાર હતો. પણ ભાએઅગની રતી આગલ કાંઇ ચારો નથી. તેથી મરનારને શેવટને દાહડે મુજાવવું પડેઉં. એ ધણીનાં મરવાથી મરનારનાં કુટંમબ પરીવારને મોટું દુખ અને ભારે શંનતાપ ઉપજેઓછે.

[મુંબઇના શમાચાર, ૮ મી જુન ૧૮૩૭.]

તા૦ ૧૫ મી જુન.
રોજ ૧૯ માહ ૯ (શે૦) ૧૨૦૬ યજદજરદી.

ફરદુનજી ફરાંમજી સઢરલાંડના અને ફરાંમજી જમશેદજી મોદી—એ તોફાંનમો ઘણાંએક નાંનનાં બારકશો ભાગાંછે કે તેહની ચોકશ ગણતરી નથી અને તેજ પરમાંણે માણશોના જીવનીખી ઘાટ થાએછે કે તેહનો અટકલોખી હાલમો માલંમ પરતો નથી. તેહમો એક બંદરબોટ શ્રી પનવેલીથી અતરે આવતી ભાગી છે કે તેહમો બીચારા બે ભલાં માંણશ પારશીઓ ઉતારૂ ચડેલા હતા તેણાંનો જીવની ઘાટ થાએછે. તેહમો એક પારશી ફરદુનજી ફરાંમજી મીશતર શથરલેનડવાલા અને બીજા પારશી ફરાંમજી જમશેદજી મોદી. એ બીચારા છેલા ધણીનું તો હજુર શુધી રૂઆંનખી હાથ લાગુ નથી તેથી તેહનાં ભાઇબંધ તથા કુટંમબ પરીવાર દુખ અને કકલાતની ભારે અગંનમો પડઆંછે.

[મુંબઇના શમાચાર, ૧૮ મી જુન ૧૮૩૭.]

તા૦ ૧૬ મી જુન.
રોજ ૨૦ માહા ૧૦ (ક૦) ૧૨૦૬ યજદજરદી.

બહમનજી બરજોરજી દાવર—તારીખ ૧૬ મી ચાલતા મહીનાંની ગએઆ શુકરવારને દંને શેઠ બમંનજી બરજોરજી દાવરે આશરે ૩૨ વરશની ભર જવાંનીની વએમો થોડા દાહડાનાં તાવનાં માંદથી આ વગર ભરોશાની તરણ પાંચ દાહડાની જુઠી માએઆની જગત છોડીને ચંદરોકાલ શુધી વહેકુંઠવાશી લોકોમો જાઇ વાશો કીધો.—એ મરનાર બાપદાદા પરદાદાથી બનાંજીનાં નાંમીચાં ખાંનદાંનનો એક ધણી હતો અને આંપણી ટાપુમો સીશીઅરશ ફરીથની

કંમપનીની નામીચી પેહડી ચાલેછે કે જેહનો વેપાર ઘણી રીતનો છે અને કારભાર બોહલોછે તેહનાં ભાગીઆઓનો એક ભાગીઓ હતો અને પોતાનો કારભાર ચલાવામો શારો ચંનચલ હતો અને શવભાવનો ઘણો ધીરો અને ભલમંનશાઈ તથા નમંનતાઈ ભરેલો એક શાદો પુરશ હતો. કે તે વીશેની એ મરનારની વખાંણ આ ટાપુનાં મોટાથી તે નાંધલા શરવે લોકો કરે છે.—એ ધણીનાં ટુકી વએનાં મરણ પાંમાથી એ મરનારનાં માંબાપ તથા પરીવારને મોટો ધોકો લાગોછે. અને એ મરનારનાં કુટંમબ તથા મીતરોને ભારે દુખ ઉપજેઉંછે કે તે શેવટનાં દાહડા તલક મંનથી મેલવું અને દેલથી વીશરવું ઘણુંજ કઠણ છે.

[મુંબઈના શમાચાર, ૧૮ મી જુન ૧૮૩૭.]

16*th June* 1837.

Bomanjee Burjorjee Daver.—Died at his family residence, in the Fort, on Friday last the 16th inst. at 1½ o'clock P.M. Bomanjee Burjorjee Esq. (a partner in the firm of Messrs. Frith and Co.) in the 32nd year of his age. He was confined to bed with slow nervous fever for about 15 days. Indeed his premature death is sincerely regretted by all his friends and acquaintances, whose esteem and regard he had acquired by the good qualities he possessed, as well as by the suavity and gentleness of his manners. Exclusive of a large circle of relatives, a wife and 4 children are left behind to lament his untimely and irreparable loss, which must indeed be a death blow to his disconsolate parents, at being spoiled of the treasure of their old age, whose heart-rending grief, which can be better imagined than described, nothing but time alone can dispel. The lamented friend whose qualities this obituary but feebly commemorates, is of a very respectable and distinguished family. Numerous persons attended to perform the last sad duties to his remains, which were deposited in the Cemetry of his ancestors in Malabar Hill. Although it is a sure debt we must all pay to nature, yet it is but natural that all his friends both Europeans and Natives even in a distant land, as well as thôse here who had only the benefit of a casual and passing acquaintance with him, will read this announcement of the death of B. B. with feelings of regret.

[*Bombay Gazette*, 19*th June*.]

તા૦ ૨૦ મી જુન.

રોજ ૨૪ માહ ૯ (શે૦) ૧૨૦૬ યજદજરદી.

કાવશજી જીવાજી પોટર—તારીખ ૨૦ મી ચાલતા મહીનાંનીએ પારશી કાવશજી જીવાજી પોરટરે આશરે ૪૮ વરશની વએમો આ તરણ પાંચ દાહડાની જુકી માએઆની જગતમોથી નીશરીને શવરગી લોકોમો જાઈ વાશો કીધો. એ મરનાર આપણી ટાપુમોનાં અંગરેજી માલનાં દુકાંનદારોમોનો એક મોટો દુકાંનદાર હતો. પોતાનાં ધંધામો શારી રીતે જાણીતો હતો. વેહવારનો ચોખો હતો. અને ભલમંનશાઈમો એકકો હતો. અને મોડાંમોથી આબરૂનાં અને મોઠા શબદો વીના બીજા શબદો નીકલતાતા નહી. અને એ મરનાર પરમેશરની ભગતામો ઘણી શોચના રાખતો હતો. અને ધરંમ પરમાંણે કાંમ કરતો હતો. તેથી એ મરનારને લોકો કાવશજી દાવરનાં નાંમથી હાંક પાડતા હતા. એ ધણીના મરવાથી મરનારનાં પરીવાર તથા કુટંમબમો ભારે દુખ ઉપજેઉંછે કે તે એ મરનારની રૂડી ખુબીને લીધે કોઈ કદી ભુલશે નહી.

[મુંબઈના શમાચાર, ૨૨ મી જુન ૧૮૩૭.]

31*st July* 1837.

Jamsetjee Jeejeebhoy Porter.—On the 31st ultimo, at his house in town, Jamsetjee Porter, aged 95 years.

This venerable and respectable

Parsee was born in Bombay, and for upwards of sixty years was in the habit of going backward and forward to China as a Commission Agent. He has made 42 voyages from this to China. He retained his faculties unimpured, until within a very few days of his death.

[*Bombay Gazette, 5th August.*]

તા૦ ૧૯ મી આગશટ.

રોજ ૨૪ માહ ૧૧ (શે૦) ૧૨૦૬ યજદજરદી.

નાનાભાઈ ફરાંમજી દાવર—તારીખ ૧૯ મી ચાલતા આગશટ મહીનાંની ગએઆ શંનવારને દંને પોતાનાં રેહવાનાં ઘરમો શેઠ નાનાભાઈ ફરાંમજી દાવરે આશરે ૪૫ વરશની વએમો થોડા દાહડાનાં શનેપાતની તાવનાં માંડથી આ તરંણ પાંચ દાહડાની જુઠી માએઆની જગતમોથી નીશરીને વઇકુંઠવાશી લોકોમો જાઈ વાશો કીધો.—એ મરનાર બનાંજીનાં નાંમીચાં અને વખાણાંએલાં ખાંનદાંનનો અને આ ટાપુનાં આગલા વેપારી અને પારશીની પંચાતનાં દાવર ફરાંમજીનો નાધલો છોકરો થાએછે. એ મરનારે ઘણીખરી પોતાની વએના દાહડા અંગરેજી પેહડાઓની દલાલી કરેઆનાં બોહલા કારભારમો કાહડેઆ તેથી કરીને શું અંગરેજ લોકોમો કે શું ગાંમઠી લોકોમો એ મરનારને શારી મીતરાચારી અને મોટી આબરૂ હતી. એ મરનાર શવભાવનો ઘણોજ ધીરો અને ભલમંનશાઈ ભરેલી ચાલનો અને શઘલી પરકારે શાદો અને વેહવારમો ચોખો હતો તેથી કરીને નાંમીચું નાંમ પાંમેલો હતો. એ મરનારનાં ટુકી વએનાં મરવાથી મરનારનાં મોટાં કુટંમબ તથા પરીવારમો એક ભારે શંનતાપ અને મોટું દુખ ઉપજેઉં છે કે તે હરઘડી અને હરપલ ઇઆદ કરે છે. અને આંખમોથી કલેજાંનાં લોહીનાં આંજુ તપકાવે છે. અને એ મરનારની મીતરાચારીમો તથા શારા ગુણની માએઆમો જે કોઈ વીટરાએલા હતા તેણાવોને પણ મોટા કુહડાપો ઉપજેઓ છે કે તે શેવટનાં દાહડા શુધી કોઈ મંનથી ભુલનાર નથી અને દીલથી મેલનાર નથી.

[મુંબઈના શમાચાર, ૨૪ મી આગશટ ૧૮૩૭.]

તા૦ ૨૬ મી આગશટ.

રોજ ૧ માહ ૧૨ (શે૦) ૧૨૦૬ યજદજરદી.

હોરમજજી ફરાંમજી શંતોક—ગએઆ ભરેશપતવારે તારીખ ૩૧ મી આગશટે પાછલી રાતરે પોતાનાં રેહવાનાં ઘરમો ઘણું દાહડાનાં દુખ ભરેલાં માંડથી આશરે ૫૮ વરશની વએમો શેઠ હોરમજી ફરાંમજી શંનતોકે આ વગર ભરોશાની જગતનાં જંનજાલી લોકોમોથી નીશરીને શવરગી લોકોમો શેવટ શુધીનો વાશો કીધો. એ મરનાર ધણી શંનતોકનું ખાંનદાંન જે આ ટાપુમો નાંમીચું અને પુરાતંમ કેહવાએછે તેહનાં વંનશમોનો એક ધણી હતો અને આપણી ટાપુનાં નાંમીચા અને દરવવાંન લોકોની મીતરાચારીમો અશલથી વીતરાએલો હતો. જાતે ખરો અને શુધો અને મુખતીઆરી ભરેલો હતો. મંનનો ભોલો અને ચાલનો શાદો હતો અને હરેક કોઈ ગરીબને આશરો આપવામો પોતાથી જેમ મદદ અને મેહનત થાતી તે કરવામો ચુકતો નહી. એ મરનારે પોતાની વએના ઘણાખરા દાહડા મોજ અને જોકમો કાહડેઆછે. એ ધણીનાં મરવાથી મરનારનાં કુટંમબ પરીવારમો મોટું દુખ અને શંનતાપ ઉપજેઓછે અને મરનારનાં મીતરોને નાખુશી પેદા થાઇછે કે તે એ મરનારની ગુણ ભરેલી શારી ચાલને લીધે તરત મંનથી વીશરે તેવું નથી.

[મુંબઈના શમાચાર, ૩ જી સપટેમબર ૧૮૩૭.]

તા૦ ૧૦ મી સપટેમબર.

રોજ ૧૬ માહ ૧૨ (શે૦) ૧૨૦૬ યજદજરદી.

પાલણજી ધનજીભાઈ પાંઉવાલા—ગએઆ આઇતવારે તારીખ ૧૦ મી ચાલતા મહીનાંનીને દંને શહવારનાં ઘણાં દાહડાનાં કશટ ભરેલાં માંદથી આશરે ૪૨ વરશની વએમો પારશી પાલંણજી ધંનજીભાઇ આ ખોટી માએઆની અને ફોકટની જંજાલી ભરેલી જગતમોથી નીશરીને અમરતી લોકોમા જાઈ જાવેદાંન શુધીનો વાશો કીધો.—એ મરનાર આ ટાપુમોનાં અંગરેજી દુકાંનદારોમોનો એક મોટો દુકાંનદાર અને નાંમીચો વેપારી હતો અને વેહવારનો ચોખો અને આંતનો શુધો હતો તેથી

કરીને એ મરનારે આ ટાપુમોનાં મોટા મોટા લોકો શંગાથે મીતરાચારી અને જાંણુ પીછાંન પછે શું ઈઅરોપીઆનો શંગાથે કે શું ગાંમઠીઓ શંગાથે ઘણાં દાહડા થાએઆ ચાલી હતી અને શરવ કોઈ એ મરનારને શારી ચાલ ઉપરથી મોટું માંન આપતા હતા. એ મરનાર ચાલનો શાદો અને શવભાવનો ધારો અને ગરીબોને આશરો આપનારો હતો અને હરેક કોઈ ઘણી જે પોતાનાં કાંમશર એ ધણીને અરજ કરતોતો તે ખાલી જાતીતી નહી અને પોતાનું જાંણીને તેવા ગરીબનું કાંમ પાર પાડતો. એ ધણીનાં ટુકી વએનાં મરવાથી મરનારનાં કુટંમબ પરી-વાર તથા ભાઈબંધોને મોટો શંનતાપ ઉપજે-ઓછે કે તે કવચીત મંનથી મેલશે નહી અને હઈઆંથી ભુલશે નહી અને તેજ પરમાંણે અત-રેનાં વેપારી લોકો તથા એ મરનારનાં મીતરો કે જેણાંવો એ મરનાર શંગાથે કારભાર કીધાથી ગુણ પાંમાછે તેણાંવોને નાખુશી ઉપજી છે.

[મુંબઈના શમાચાર, ૧૪ મો સપટેમબર ૧૮૩૭.]

10*th September* 1837.

Pallonjee Dhunjibhoy Powwalla.—In the Fort, on the 10th Instant, Pallunjee Dhunjee, Parsee Merchant of this place, aged 43—the obliging disposition of the deceased was well known, both to the European and Native community of Bombay, and his death no doubt will be regretted by many of his friends and relatives.

[*Bombay Gazette*, 16*th September.*]

તા૦ ૧૧ મી નવેમબર.

રોજ ૧૩ માહ ૨ (શે૦) ૧૨૦૭ યજદજરદી.

રૂસતમજી શુખલાજી ડોબાખાઉ—તારીખ ૧૧ મી ચાલતા મહીનાંનીને દંને રાતરે ૩૨ વરશની વએમો થોડાએક દાહડાનાં માંડથી પારશી રૂશતંમજી શુખંલાજી દોરાબાઉનાંએ આએ જંનજાલી જગતમોથી નીશરીને શદાનાં નીરંનકાલ લોકોમો જાઈ વાશો કીધો. એ મરનાર મીશીઅરશ દએટશ તથા કંમપનીને નાંમનું લીલાંઉખાંનું તથા દુકાંન ચાલેછે તેહનાં ભાગીદારોમોનો એક ભાગીદાર હતો અને વેપા-રનાં કાંમમો ઘણા દાહડા કાહડેઆ હતા તેથી કરીને એ કાંમમો શારો માહીતગાર થાએલો હતો. અને પોતાની શાખથી અને ગોઠવંણ તથા ચતરાઈ અને ભલમનશાઈને લીધે પોતાનો કારભાર બોહોલો કરી નાંખેઓ. એ મરનાર સાદો એકમારગી અને નમંનતાઈ ભરેલો હતો તેથી શરવ કોઈ મીતર કરી લેખતા હતા. એ મરનારનાં ટુકી વએનાં મરવાથી મરનારનાં કુટં-મબ પરીવારને ભારે દુખ અને મોટો કકલાટ ઉપજેઓછે કે તે કભુ હઈઆંમોથી ખીશશે નહી અને એ મરનારનાં શારા ગુણને લીધે મરનારના ભાગીઆઓને પણ મોટો શંનતાપ લાગોછે કે તે કવચીત ભુલનાર નથી.

[મુંબઈના શમાચાર, ૧૬ મી નવેમબર ૧૮૩૭.]

તા૦ ૧૮ મી નવેમબર.

રોજ ૧૬ માહ ૨ (શે૦) ૧૨૦૭ યજદજરદી.

માણેકજી નવરોજજી વાડીઆ—હમોને લખવાને અને પરગટ કરવાને ભારે કકલાટ લાગેચ કે તારીખ ૧૮ મી ચાલતા મહીનાંનીને દંને રાતરે પોતાનાં રેહવાનાં ઘરમો બે દાહ-ડાની દુશત શનેપાતનાં તાવનાં માંડથી એકાએક અને અચમ્રુચ ૨૭ વરશની વએમો વાડીઆજી શેઠ માંણેકજી નવરોજીએ આએ જુઠી માએ-આની અને વગર ભરોશાની જગતમોથી નીશરીને વઈકુંઠવાશી લોકોમો જાવેદાંન શુધીનો પોતાનો વાશો કીધો.—એ મરનાર વાડીઆ-જીનાં નાંમીચાં ખાંનદાંનનો અને શવરગવાશી વાડીઆ નવરોજીનો એકજપુરો પુતર હતો. અને વેપારનાં કાંમમો શારો ચનચલ અને માહી-તગાર હતો. અને આપણી ટાપુમોની માશી-અરશ નીકલની કંમપનીની અને માશીઅરશ બરંનની કંમપનીની પેહડીઓનું દલાલીનું મોટું કાંમ અને તે શાથે પોતાનો બીજો બોહોલો કારભાર શુધા વેહવારથી ચલાવતો હતો. તેથી કરીને એ મરનારની થોડા દાહડામો લોકોમો મોટી વખાંણ ચાલી હતી. એ મરનાર જાતે ખરો અને શુધો બાપદાદા પરદાદાથી આ

ટાપુમો એક શેઠીઓ હતો. અને એ મરનારના લાંબા કારભારને લીધે એ મરનારની દોલતે ઘણાંએક માંણશની રોજી અને ગુજરાંણ ચાલતું હતું. એ મરનારનાં ભર જવાંનીની વએમો મરવાથી મરનારનાં કુટંમબ અને પરીવારમો આફત શરીખું દુખ અને શંનતાપ ઉપજેઓછે કે તેથી કરી એક પલખી કલેજાંનાં લોહીનાં આંજુથી તેણાંની આંખ શુકાતી નથી. અને એ દુખ અને શંનતાપ હેવો ઉપજેઓછે કે તે કભુ મંનથી મેલનાર નથી અને હઈઆંથી ભુલનાર નથી. અને એ મરનારનાં મીતરોને પણ મોટી ઉદાશી અને નાખુશી પેદા થાઇ છે. એ મરનારનાં શારા ગુણ ઉપરથી મરનારનાં શોગમો ગઈ કાલ દંને અંગરેજ બજારનાં વેપારીઓએ પોતાની દુકાંનનાં હરધાં બારણાં બંધ રાખેઆં હતાં—એ મરનારનાં નાંમ લેણાંમો હાલમો આશરે ૬ મહીનાંની વએનો એક પુતરછે વાશતે હમારી તરફથી રૂડા આશીરવાદ એજ છે કે હેનાં વડવાઓનાં પુન એ બાલકને આડાં આવે અને પરમેશવરની કુરપા એ બાલક પર ઉતરે કે તેથી કરી શવરગવાશી અને ધરમાતુ નશરવાંનજી વાહડીઆનાં ખાંનદાંનનું નાંમલેખું જાવેદાંન શુધી આ જગતમો મોટાં નાંમ શાથે કાએમ રહે.

[મુંબઈના શમાચાર, ૧૬ મી નવેમબર ૧૮૩૭.]

તા૦ ૨ જી ડીશેમબર.

રોજ ૪ માહ ૩ (શે૦) ૧૨૦૭ યજદજરદી.

તેહમુલજી ધનજીભાઈ એંટી—શ્રી શુરત મધે તા૦ ૨ જી ચાલતા મહીનાંની ગએઆ શંનવારને દંને પારશી તેમુલજી ધનજીભાઈ રતનજી એંટીનાએ આશરે ૩૮ વરશની વએમો આ જંનજાલી જગતમોથી નીશરીને શદાનાં શજીવંન લોકોમો જઈ નચીનતાઈ ભરેલો વાશો કીધો. એ મરનાર મુઆની એક દાહડો આગમચ શાજોશમો હતો. અને એકાએક અને અચબુચ બીજે દંને મરણ પાંમો. એ મરનાર વીશે કેહચ કે એંટીનાં ખાંનદાંન વચે અશરાફ અને ખુબી અને નમંનતાઇવાલો હતો કે નીચું જોઈને ચાલવું અને શરવે સાથે નમંનતાઈ કરી દેખડાવવી. અને કોઇનો ટંટા ફીશાદ અથવા વાંધા લોચાપો હતો નહી. એકમારગી અને ધીરા શવભાવનો અને ગરીબ લોકોને આશરો આપનાર હતો. એ મરનાર જાતે વેપારી હતો અને પોતાથી જાંહાંવેર બનેઉંતું તાંહાંવેર વેહવાર ચોખો રાખેઓતો તેથી કરીને એ ધણીનાં મરવાથી વેપારી લોકોમો કકલાટ ઉપજેઓછે. અને એ મરનારનાં બોહલાં કુટુંમબ તથા પરીવારમો મોટું દુખ અને શંનતાપ ઉપજેઓ છે કે તે તરત મંનથી ભુલશે નહી અને દેલમોથી વીશરાશે નહી.

[મુંબઈના શમાચાર, ૧૦ મી ડીશેમબર ૧૮૩૭.]

ઈ૦ સ૦ ૧૮૩૮.

તા૦ ૩ જી જાનેવારી.

રોજ ૬ માહ ૪ (શે૦) ૧૨૦૭ યજદજરદી.

નશરવાંનજી નવરોજજી પટેટાવાલાના ચાર છોકરાઓ—હમોને કેહવાને દુખ લાગેચ કે પારશી નશરવાંનજી નવરોજી પટેટાવાલા એક બીચારા ગરીબ અને રાંખ પારશીનાં એકેદંમ તરણ જવાંન છોકરાઓનાં પરાંણની ઘાત કોલેરાનાં રોગથી થાએઆની અને ચોથા તથા છેલા છોકરાને એજ રોગથી આજારી પડવાની ખબર આપી હતી તે બીચારો બાકી રહેલો ચોથો છોકરો પણ ગઈ રાતરે શવરગવાશી થાએઓ છે. એ વાત શાંભલીને ગમે હેવું કઠણ હઈઆંનું માંણશ હશે તેહને દુખ લાગેઆ વીનાંએ રેહશે નહી કાંજે એ એક હેવો બનાવ બનેઓછે કે જે એ વાત શાંભલે તેહને શંનતાપ ઉપજેઆ વીનાંએ રેહ નહી.

[મુંબઈના શમાચાર, ૪ થી જાનેવારી ૧૮૩૮.]

તા૦ ૨૧ મી જાનેવારી.

રોજ ૨૪ માહ ૫ (શે૦) ૧૨૦૭ યજદજરદી.

નવરોજજી રૂસતમજી પટેલ—તારીખ ૨૧ મી ચાલતા મહીનાંની ગએઆ આઇતવારને દંને પાછલી રાતનાં નવરોજી રૂશતમજી પટેલ એકાએક અને અચબુચ થોડા કલાકનાં કોલેરાનાં દુશત રોગનાં માંડથી ૩૧ વરશની

વએમો આ તરણ પાંચ દાહડાની જુઠી માએઆની અને ખોટી જંનજાલની જગત છોડી ચંદરોકાલ શુધીનાં અમરતી લોકોમો જાઈ વાશો કીધો. એ મરનાર કાવશજી પટેલનાં નાંમીચાં અને ધરશત ખાંનદાંનનો એક પુરશ હતો. શવભાવનો મીથો અને દાહપંણવાલો હતો. હશતાં મોડાંનો અને શોભતા ચેરાનો હતો અને નીરમલ મંનનો અને શાદી ચાલનો હતો. અને એ મરનારની શારી મીલંનશારીને લીધે શરવ કોઇ શંગાથે મીતરાચારીમો લપેટાઇ ગએઓ હતો. વાશતે આ ભરજુવાંનીની વએમો એક પાહડ શરીખો પુતર આ થોડા કલાકના વચમો આ જગતમો નહી હતો થાઈ ગએઓ તેથી કરીને એ મરનારનાં રાંખ પીતા તથા માતાને ઘડપંણના વખતમો એક ભારે ધોકો લાગોછે. અને તેજ પરમાંણેનું દુખ એ મરનારનાં ઓહલાં કુટુંમબ તથા પરીવારને લાગું છે કે તે કવચીત મંનથી વીશરવા શરીખું અને હઇઆંથી ભુલવા જેવું છે નહી. અને તે શાથે મરનારનાં મીતરોને પણ મોટા કકલાત પેદા થાએઓછે કે તે શેવટનાં દાહડા શુધી મંનમોથી ખીશારશે નહી અને હઈઆંમોથી ભુલશે નહી.

[મુંબઇના શમાચાર, ૨૫ મી જાનેવારી ૧૮૩૮.]

તા૦ ૧૬ મી મારચ.

રોજ ૧૮ માહ ૬ (શે૦) ૧૨૦૭ યજદજરદી.

બરજોરજી ફરદુનજી પારખ—તારીખ ૧૬ મી ચાલતા મહીનાંની ગએઆ શુકરવારને દને પોતાની બાપીકી હવેલીમો ઘણાં દાહડાનાં કશટ માંડથી આશરે ૩૫ વરશની વએમો શેઠ બરજોરજી ફરદુનજી પારખે આ વગર ભરોશાની અને ખોટી માએઆની જગત છોડીને શદાનાં વઈકુંઠવાશી લોકોમો વાશો કીધો. એ મરનાર આપણી ટાપુમોનાં મોટા વેપારી શેઠ ફરદુનજી શોરાબજી પારખનો વડો છોકરો થાએ છે અને આજ કેટલાં વરશ થાએઆં વેપારનો ઓહલો કારભાર શું અતરે કે શું શ્રી ચીન ખાતે ચલાવેઓ હતો તેથી કરીને વેપારનાં કાંમમો તથા નામાંમો શારો ચંનચલ અને પુરવીણ થાએઓ હતો. તે શાથે શવભાવનો ચારો. શારાં શલુકનો, નમંનતાઈ ભરેલી ચાલનો તથા ચમટકાર ભરેલા ચેહરાનો અને માએઆલુ મંનનો અને કુરપાલુ દેલનો અને ધરમાનુ હાથનો ધણી હતો તેથી લોકોમો શારો વખાણ અને મીતરાચારી એ મરનારે મેલવી હતી. પણ એ મરનારનાં ટુંકી વએનાં મરવાથી મરનારનાં બાપ તથા ભાઇબંધ તથા કુટંમબને મોટું દુખ અને અતીશે શંતાપ લાગોછે કે તે મંનથી મેલવો અને જીવથી વીશરવો ઘણો કઠંણ છે. અને તે શાથે એ મરનારની ખુબીથી જેણાંએ શારાં ફલ ચાએઆં છે તેણાંનાં હઈઆંમોથી એ મરનારની ઈઆદ કભુ જાનાર નથી.

[મુંબઈના શમાચાર, ૧૮ મી મારચ ૧૮૩૮.]

તા૦ ૩ જી આપરેલ.

રોજ ૬ માહ ૮ (ક૦) ૧૨૦૭ યજદજરદી.

રૂસતમજી બેહરાંમજી રાંણા—ગએઆ મંગલવારને દને શવારનાં પોતાનાં રેહવાનાં ઘરમો આશરે ૩૫ વરશની વએમો પારશી રશતંમજી બેરાંમજી રાંણાએ આ ખાલી માએઆની અને ખોટા ભરોશાની જગતમોથી નીશરીને શવરગવાશી લોકોમો વાશો કીધો. એ મરનાર શાજોતાજો થોડાએક કલાકનાં કોલેરાના ભુંડા રોગથી એકાએક મરણ પામો.—એ મરનાર નાંમીચાં ખાંનદાંનનો જાતે વીશી એકમારગી થોરબોલેઓ અને રંમજુ તથા આબરૂવાલો અને નમંનતાઈ ભરેલો એક પુરશ હતો. તેથી કરીને શરવ કોઈ એ મરનારની શારી ચાલ ઉપર પેઆર રાખતા હતા. એ ધણીનાં ભરજવાંનીમો અચબુચ મરંણ પાંમેઆથી મરનારનાં માબાપ તથા ભાઇબંધ તથા કુટંમબ પરીવારને ભારે દુખ અને મોટો કકલાટ પેદા થાએઓછે કે તે શેવટ શુધી ભુલવો અને વીશરવો કઠંણ છે.

[મુંબઈના શમાચાર, ૫ મી આપરેલ ૧૮૩૮.]

તા૦ ૧૨ મી આપરેલ.

રોજ ૧૫ માહ ૭ (શે૦) ૧૨૦૭ યજદજરદી.

બેહરાંમજી માણેકજી મેહતા—તારીખ ૧૨ મી ચાલતા મહીનાંની ગએઆ ભરેશ-

શનવારને દંને પોતાંનાં બાપીકાં ઘરમો ઘણા દાહડાનાં ભારે માંડમો આશરે ૩૭ વરશની વએમો બેરાંમજી માંણેકજી મેતાએ આ ખોટી માએઆની જગતમોથી નીશરીને શદાનાં નીરનકાલ વઇકુંઠવાશી લોકોમો જાઇ વાશો કીધો.—એ મરનાર શાદી ચાલનો અને શરવ શંગાથે મીલંનશારી ભરેલો અને મોટી નમંનતાઇવાલો અને એકમારગી હતો. એ ઘણીનાં ટુકી વએનાં મરણ પાંમાથી મરનારનાં ઘરડા બાપને બીજા છોકરાઓનાં મરણથી દુખ લાગેલું હતું તાંહાં વલી આ વધારો થાએઓ તેથી કરીને એ મરનારના બાપ તથા ભાઇબંધ તથા કુટંમબ પરીવારમો મોટો શંનતાપ અને ભારે કકલાટ લાગોછે કે તે મંનથી મેલવો અને જીવથી ભુલવો ઘણો કઠંણ છે. અને તે સાથે મરનારનાં મીતરોને પણ તેહનાં શારા ગુણની ઇઆદને લીધે મોટું દુખ લાગુંછે.

[મુંબઈના શમાચાર, ૧૫ મી આપરેલ ૧૮૩૮.]

તા૦ ૧૩ મી આપરેલ.

રોજ ૧૬ માહ ૭ (શે૦) ૧૨૦૭ યજદજરદી.

ડોશાભાઈ રતનજી એંટી—તારીખ ૧૩ મી ચાલતા મહીનાંની ગએઆ શુકરવારને દંને કોલાબા મધે શેઠ ડોશાભાઇ રતનજી એંટીએ આશરે ૬૭ વરશની વએમો અને ૩૮ મહીનાં શુધીનાં લકવાનાં ભુડા અને કશટ માંડથી આ દુખ અને શંકટ ભરેલી ચાર દાહડાની માએઆની જગતમોથી નીશરીને શવરગી લોકોમો વાશો કીધો.—એ મરનારે પોતાની વએનાં ઘણા દાહડા કોરટનાં કામમાં કાહડેઆ હતા પણ તે માતરે પોતાના વારશાના દાવા શમંનથી કાહડેઆ. કોઇના ટંટા ફીશાદના કજીઆમો એ મરનારે કાંઇ કીધું નથી. એ મરનાર ધરમાતુ અને જીવનો મોટો અને વચંનનો શાચો અને હઇઆંનો ભોલો અને ચાલનો શાદો અને એક મોટાં કુટંમબનો પાલનારો હતો. પણ એ મરનારને શેવટને દાહડે ભારે દુખ કશટ શંકટ અને આપડા પડીછે કે તે આ ટાપુનાં નાઘલાથી તે મોટા શુધી શરવ કોઇને માલમ છે વાશતે લંબાંણ લખવાની અગત નથી. પણ તોબી હજુર હવે પછેલી હાલનાં નાચારીને વખતે એ મરનારનાં નાંવારેશ કુટંમબનું પાલણ થાવા શારૂં જેણાંને ઉપર એ નાંમીચાં પણ તે નાચારીમો પડેલાં કુટંમબનો દાવો પોંચેછે તેણાંવો હાવે શમે પરમેશરની તરફ નજર રાખીને એ આબરૂવાલાં બીચારાં કુટંમબનું પાલંણ થાએ તેહવું કરશે તો તે જેવી એક તો બીજી શાબાશી નથી. બીજું તે કે હકદારને તેહનો હક પોંચશે. તરીજું તે કે પોતાનાં વડવાનાં નામને શોભા મલશે. અને છેલું તે કે પરમેશવરનાં નાંમપર એક મોહટો ધરમ કીધો તેવું થઇ પડશે. વાશતે એ વાત જે શાહેબને લાગુછે તેણાંએ હાવે શમે બેશીને જોએઆ કરવું નહીં. અને એ કાંમ તુરત કરવું કે તેથી શરવ વાતે શમાધાંન થાશે. અને શારા માંણશોનબી ઘટારત છે કે હરેક રીતે વચે પડીને એ બીચારાં નાચાર અને નાવારશ થાએલાં કુટંમબનો હરેક રીતે પરતીપાલ થાએ તેવો મારગ પકડીને નીકાલ કાહડી આપે. એ જેવું ધરંમનું કાંમ બીજું કાંઇ નથી. •

[મુંબઈના શમાચાર, ૧૫ મી આપરેલ ૧૮૩૮.]

તા૦ ૧૧ મી આગશટ.

રોજ ૧૬ માહ ૧૧ (શે૦) ૧૨૦૭ યજદજરદી.

ફરાંમજી ડોશાભાઈ જમશેદજી વાડીઆ—ગઇ કાલ દંને તારીખ ૧૧ મી ચાલતા મહીનાંનીએ વાડીઆ ફરાંમજી ડોશાભાઇએ આશરે ૩૩ વરશની વએમો આ આપદા અને કશટ ભરેલી જગતમોથી નીશરીને વઇકુંઠવાશી લોકોમો જાવેદાંન શુખનો વાશો કીધો. એ મરનાર આજ કેટલાંએક વરશ થએઆં ભારે માંડ અને પીડામો પરેલો હતો કે તે પછવારે એ મરનારનાં બાપે કશી રીતે પઇશા ખરચેઆમો અને ઓશદ કરેઆમો બાકી મેલી નથી પણ જાંહાં એ મરનારનું ભાએગજ નાઘલું તાંહાં કશું લાગુ પરેઉં નહી અને શારૂં થાએઉં નહી. એ મરનાર વાડીઆજીનાં નામીચાં ખાંનદાંનનો એક ઘણી હતો અને નમાંનો અને શારો શમજુ હતો અને માબાપનો એકપુરો છોકરો હતો

તેથી કાંઈ કમી હતી નહી. પણ ઉમર લાંબી નહી અને કાએઆનું શુખ નહી તારે પાદશાહી હોએતો તે તેહને કાંઈ કાંમની નથી. એ મરનારનાં ટુકી વએનાં મરવાથી અને તે શાથે એકજ પુરો બાકીનો છોકરો હતો તેથી એ મરનારનાં માબાપને મોટું દુખ અને ભારે કકલાટ પેદા થાએઓછે કે તે શેવટનાં દાહડા શુધી પોતાનાં મંનથી મેલશે નહી અને હઈઆંથી ભુલશે નહી અને એ મરનારનાં કુટંમબ પરીવારને પણ મોટો શંનતાપ ઉપજેઓ છે.

[મુંબઈના શમાચાર, ૧૨ મી આગશટ ૧૮૩૮.]

તા૦ ૫ મી અકટોબર.

રોજ ૬ માહ ૨ (કે૦) ૧૨૦૮ યજદજરદી.

બેહરાંમજી રૂસતમજી રાંણા—તારીખ ૫ મી ચાલતા મહીનાંની ગએઆ શુકરવારને દને શહવારનાં ઘણા દાહડાનાં કશટ ભરેલા માંડથી આશરે ૫૩ વરશની વએમો શેઠ બેરાંમજી રૂશતમજી રાંણાનાંએ આ ખોટી માએઆનાં મરતીઉક લોકોમાથી નીકલીને શદાનાં અમરતી લોકોમો જાઈને પોતાનો વાશો કીધો.—એ મરનાર નાંમીચાં ખાંનદાંનનો અને ભલમંનશાઈ અને ખુબી ભરેલો અને વીશવાશુ હતો કે તેથી કરીને નાંમીચા શેઠીઆઓનાં બોહોલાં કામ એ મરનાર હશતક શોંફીઆમો આવતાં હતાં. અને તે ચતરાઈ તથા શેઆંણપણ અને શુધી રીતથી એ મરનાર બજાવતો હતો. એ મરનાર મોટા અને અશીલ લોકોની ટોલીમો ભેરાએલો હતો અને શરવ કોઇ એ મરનારને શારૂં માંન આપતા હતા. એ મરનાર શવભાવનો ઘણોજ ધારો અને જાતે ઘણોજ શાદો અને શરવ શાથે મીલંનશાર હતો. અને આબરૂ ઇજતવાળો અને શઘલી પરકારે શુખી હતો. એ મરનારનાં મરણ પાંમાથી એ મરનારનાં કુટંમબ તથા પરીવાર તથા ભાઇબંધોને મોટા શંનતાપ અને કકલાટ પેદા થાએઓછે કે તે મંનથી મેલવો અને હઇઆંથી ભુલવો કઠંણ છે. અને તેજ પરમાંણે એ મરનારનાં મીતર તથા જાંણીછાંનવાલાઓનેબી મોટું દુખ લાગું છે.

[મુંબઇના શમાચાર, ૭ મી અકટોબર ૧૮૩૮.]

5*th October* 1838.

Byramjee Rustomjee Rana.—In the Fort, Agiarree Lane, on Friday, the 5th Inst., after a long and severe illness, at 7½ A. M. Byramjee Rustomjee Rana Esq., aged 59 years, deeply and sincerely regretted by his family and friends. His amiable and honorable qualities had greatly endeared him to them.

[*Bombay Gazette*, 10*th October*.]

તા૦ ૧૬ મા અકટોબર.

રોજ ૧૭ માહ ૧ (શે૦) ૧૨૦૮ યજદજરદી.

ધનજીભાઈ ફ્રરાંમજી શેઠના—ગએઆ મંગલવારને દંને રાતરે શેઠ ધનજીભાઈ ફ્રરાંમજી શેઠનાએ આશરે ૪૦ વરશની વએમો થોડાએક દાહડાનાં માંદથી આ તરણ પાંચ દાહડાની જુઠી માએઆની કલજુકી જગતમોથી નીકલીને શદાનાં વઈકુંઠવાશી લોકોમો જાઇને પોતાનો વાશો કીધો. એ મરનાર શેઠનાં ખાંનદાંનમો એક અશરાફ અને અશીલાઇ ભરેલો હતો કે જેહની ભલમંનશાઇ અને નમંનતાઈ પર લોકો ફીદા હતા અને જેહની શાદી ચાલ અને બોલવા ચાલવાની લાએકીપરથી નાઘલાથી તે મોટા શુધી જેહને એકવાર એ ધણી શંગાથે શમંનધ થાતો તે એ ધણીની શંગત છોડતાતા નહી. હેવો ગુણવાંન અને મીતરાચારી લાએક અને શઘલી પરકારનાં માંઠાં કાંમથી વેગલો રેહનારો અને એકમારગી ધણી હતો કે જેહનાં ગુણની ઇઆદ જેહને હશે તે પોતાનાં હઇઆંમાં નકીરની પએ ઇઆદ રાખશે. હેવા ધણીનાં આ ટુકી વએનાં મરવાથી એ મરનારનાં બોહલાં કુટંમબને અને પરીવારને તથા ભાઇબંધને દુખ અને કકલાટ હેવો ભારે ઉપજેઓછે કે તે શેવટનાં દાહડા શુધી વીશરવો ઘણો કઠંણછે. અને તેજ પરમાંણે જે લોકો એ મરનાર શાથે મીતરાચારી રાખતા હતા તેણાંને મોટો ફ્રુહડાપો અને ભારે બલાપો થાઈ પરેઓછે કે તે કોઇ કબુ ભુલનાર નથી.

[મુંબઇના શમાચાર, ૧૮ મી અકટોબર ૧૮૩૮.]

તા૦ ૮ મી ડીસેમબર.

રોજ ૧૦ માહ ૩ (શે૦) ૧૨૦૮ યજદજરદી.

માણેકજી હોરમજજી શેઠના—તારીખ ૮ મી ચાલતા મહીનાંની ગએઆ શંનવારને દંને પાછલી રાતરે પોતાનાં બાપીકાં ઘરમો આ જંનજાલી જગત કે જેહમોથી અંતે એક દાહડે મોડે કે વેહલે શરવ કોઈને જાવુંછે તેહમોથા જુજબી દાહડાનાં તાવનાં માંડમો આશરે ૩૫ વરશની વએમે શેઠ માંણેકજી હોરમજજી શેઠનાંએ કુચ કરીને અમરતી લોકોમો પોતાનો વાશો કીધો. એ મરનાર પોતાનાં ખાંનદાંનની શાદી ચાલ પરમાંણે શાદો અને એકમારગી હતો અને સમજ તથા ગનેઆંન શારૂં ધરાવતો હતો અને રોજની તે પરમેશવરની ભગતીમે અને તેહની ઈઆદમો હાજેર હતો. એ મરનારનાં ટુકી વએનાં મરવાથી મરનારનાં બાપ તથા ભાઈ તથા કુટંમબ અને પરીવારને મોટો શંનતાપ અને દુખ લાગુંછે અને તે હેવું કઠણ લાગુંચ કે તેણાંનાં શેવટનાં દાહડા શુધીમો કદાચજ ભુલી જાશે.

[મુંબઈના શમાચાર, ૧૩ મી ડીસેમબર ૧૮૩૮.]

તા૦ ૧૨ મી ડીસેમબર.

રોજ ૧૪ માહ ૩ (શે૦) ૧૨૦૮ યજદજરદી.

ખરશેદજી બરજોરજી કોપર—ગઈ કાલ દંને તારીખ ૧૨ મી ચાલતા મહીનાંનીએ આશરે ૫૨ વરશની વએમો બે ચાર દાહડાના તાવનાં માંડમો પારશી ખરશેદજી બરજોરજી કોપરે આ ખોટી માએઆની પરથવીમોથી નીકલીને વઈકુંઠવાશી લોકોમો ચંદરોકાલ શુધીનો વાશો કીધો.—એ મરનાર અંગરેજી શામાંનનાં દુકાંનદારોમોનો એક દુકાંનદાર હતો અને આજ ઘણાં વરશ થાએઆં મોટો ધંધો ચલાવતો હતો. અને જાતે શાદો અને મોડાંનો મીઠો અને ચાતુર હતો અને પોતાના ધંધાનાં કારભારમો હોશીઆર હતો અને શરીરે શુખી અને બલમો એક શુરા શેપાહ જેવો હતો. એ ધણીનાં એકાએકનાં નરવાથી મરનારનાં ભાઈઓને તથા કુટંમબ પરીવારને મોટું દુખ ઉપજીઉંછે કે તે શેવટ શુધી મંનમોથી વીશરવું અને દેલમોથી કાહરવું કઠણછે.

[મુંબઈના શમાચાર, ૧૩ મી ડીસેમબર ૧૮૩૮.]

ઈ૦ સ૦ ૧૮૩૯.

તા૦ ૧૯ મી જાનેવારી.

રોજ ૨૨ માહ ૫ (ક૦) ૧૨૦૮ યજદજરદી.

શાપુરજી દોરાબજી લશકરી—ગઈ કાલ દંને તારીખ ૧૮ મી જાનેવારીએ શહવારનાં ઘણાંએક દાહડાનાં માંદથી આશરે ૬૬ વરશની વએમો શાપુરજી દોરાબજી લશકરીએ આ ફેકટની જંજાલી ભરેલી જગતમોથી નીશરીને શદાનાં નીરંનકાલ વઈકુંઠવાશી લોકોમો કુચ કીધી. એ મરનારે પોતાની ઘણીખરી વએ મોજજોક અને નામીચા તથા મોટા લોકોની શંગત તથા મીતરાચારીમો કાહરીછે. એ મરનાર શવભાવનો શાદો પોતાનાં મારગશર અને દએઆવાંન અને શમજુ હતો. એ ધણીનાં મરણ પામવાને લીધે એ મરનારનાં ભાઈ તથા કુટંમબ પરીવારને ભારે દુખ અને કકલાટ ઉપજેઓછે. અને તેજ પરમાણે મરનારનાં મીતરોને પણ મોટી નાઓશી ઉપજીછે કે તે મંનથી મેલવી અને જીવથી ભુલવી કઠંણ છે.

[મુંબઈના શમાચાર, ૨૦ મી જાનેવારી ૧૮૩૯.]

19*th January* 1839.

SHAPURJEE DORABJEE LASCAREE.—On Saturday the 19th inst., at 8 A. M., at his residence in Church Gate Street, deeply and sincerely regretted by all who had the pleasure of knowing him, in conjunction with a large family, who is left to deplore the irreparable loss they have sustained, Shapurjee Dorabjee Esq., one of the Partners in the Firm of Hormuzjee Dorabjee Sons and Co. of nervous fever accompanied with a chronical inflamation of the bowels; aged 66 years and 6 months.

[*Bombay Gazette, 25th Jnnuary.*

તા૦ ૧૫ મી ફેબરવારી.

રોજ ૧૯ માહ ૫ (શે૦) ૧૨૦૮ યજદજરદી.

હોરમજજી દાદાભાઈ નાદરશાહ—તા૦ ૧૫ મી ચાલતા મહીનાંની ગએઆ શુક્રવારને દંને શહવારે આશરે ૨૫ વરશની ભર જવાંનીની વએમો અને બે ચાર દાહડાનાં કોલેરાનાં માંદમો પારશી હોરમજી દાદાભાઈ નાદરશાહનાંએ આ તરણ પાંચ દાહડાની ખોટી માએઆનાં અને વગર ભરોશાનાં મરતીઉક લોકોમોથી નીશરીને શવરગવાશી લોકોનો કુચ કીધો. એ મરનાર જાતે રાંખ અને વીશી અને શમજુ અને બુધીવાંન અને શરવ કોઈ શંગાથે નમંનતાઈ રાખનારો અને એક મેહનતુ અને શોભાવંનતો પુરશ હતો વાશતે હેવા ધણાનાં આ ટુકી વએમો મરણ પાંમવાને લીધે મરનારનાં બોહલાં કુટંમબમો એક મોટું દુખ અને શંનતાપ ઉપજેઓ છે કે તે કેહવાઈ નાહી શએ.—એ મરનારના શારા ગુણને લીધે એ લોકો એ દુખને પોતાંનાં શેવટનાં દાહડા શુધી મંનથી મેલનાર નથી અંને જીવથી વીશરનાર નથી.

•[મુંબઈના શમાચાર, ૧૭ મી ફેબરવારી ૧૮૩૯.]

તા૦ ૧૯ મી ફેબરવારી.

રોજ ૨૩ માહ ૫ (શે૦) ૧૨૦૮ યજદજરદી.

માણેકજી મનચેરજી મેહતા—તારીખ ૧૯ મી ચાલતા મહીનાંની ગએઆ મંગલવારને દંને રાતરે પોતાનાં રેહવાનાં ઘરમો માણેકજી મંનચેરજી મેતાએ આશરે ૭૭ વરશની વએમો આએ તરણ પાંચ દાહડાની વગર ભરોશાની જગતમોથી નીશરીને નીરંનકાલ લોકોમો જાઈ વાશો કીધો. એ મરનાર નાંમાંનાં કાંમમો હેવો હોશીઆર અને માહીતગાર હતો કે તેવા થોરાજ ધણી હશે. અને તે શાથે શવરગવાશી વાડીઆજી પેશતનજી બંમનજીનાં કારખાંનાનો બોહલો કારભાર એ મરનારે ચલાવેઓ હતો, તેથી શઘલી પરકારે એ મરનાર જાંણીતો અને વાકેફગાર અને શમજુ હતો. અને શવભાવનો ધીરો અને શઘલી પરકારે શુખી હતો. પણ જવાંન છોકરાઓનાં મરણ પાંમેઆને લીધે પાછલે દાહડે જોકો ખાધો હતો. એ ધણીનાં મરવાથી મરનારનાં કુટંમબમો નાખોશી પેદા થાઇછે.

[મુંબઇના શમાચાર, ૨૧ મો ફેબરવારી ૧૮૩૯.]

19*th February* 1839.

MANECKJEE MANCHERJLE MEHTA.—On Monday the 18th instant, at 3 P. M. in the Fort, Barber Street, after a long period of illness, Manockjee Muncherjea Mettah, formerly officiating as Secretary to the Parsee Punchat: deeply regretted.

[*Bombay Gazette, 22nd February.*]

19*th February* 1839.

JAMSETJEE BURJORJEE CHINOY.—On Monday the 18th instant, at 3 P. M. of Spasmodic Cholera, in the Fort, Barber Street, Jamsetjee Burjorjee Esq. deeply regretted by a large circle of his family and friends; aged 26 years.

[*Bombay Gazette, 22nd February.*]

તા૦ ૨૬ મી ફેબરવારી.

રોજ ૩૦ માહ ૬ (ક૦) ૧૨૦૮ યજદજરદી.

મેહરજીભાઈ હોરમજજી મેહરજી—આ જગતનાં વીદાઆવાંન લોકોમાના એક વીદોઆવાંનનું ટુકી વએમો મરણ થાઇઉંછે તે વીશેની શંતાપ ભરેલી ખબર પરગટ કરીને હમોને હમારો ઓહોદો મોટાં દુખ સાથે બજાવવો પરેછે.—શ્રી કલકતા મધે તારીખ ૨૬ મી ફેબરવારી અને મંગલવારને દંન પાછલી રાતરે તરંણ વાગતે શેઠ મેહેરજીભાઈ હોરમજજી ભીખાજી મેહેરજીનાંએ ૨૮ વરશની ટુકી ઉમરમો આશરે પંદર દાહડાનાં જુજબી માંદમો આ જુઠી માએઆની જગત કે જેહમો શદા કોઈ કાએમ રેહુઉં નથી અને રેહનાર પણ નથી તેહવી વગર ભરોશાની જગત છોડીને શવરગી લોકોમો જાઇ ચંદરોકાલ શુધીનો વાશો કીધો. એ મરનાર બાપદાદેથી મોટાં અને નાંમીચાં ખાંનદાંનનો હતો કે તેથી કાંઈ આ ટાપુનાં લોકો અંનજાંણાં

નથી. એ ધણી કદમો ઘણો નાંધલો હતો, પણ તેમ બુધી ગણેઆંન અને દાહપંણમો ઘણો મોટો હતો. મોહડાનો હશતો ચેહરાનો શફાઇ ભરેલો અને ચાલનો રોનક ભરેલો હતો. નમંનતાઈ ભરેલો અને ગરીબોને આશરો તથા મદદ આપનારો અને નાવારેશોનો પરતીપાલ કરનારો હતો. જીવનો મોજી મંનનો શોખી ને હાતમો શખી હતો. અને શરવ કોઇની શંગાથે મીલનશારી રાખનારો અને મીતરાચારી ચાહનારો હતો તેથી કરીને આ નાંધલી ઉમરમો પુશકલ મીતરો કરી લીધા હતા. એ મરનારે વીદીઆ પછવાડે ઘણીજ મેહનત નાંનપણથી લીધી અને શીખવાનો ઘણોજ ઉલટ અને હોંશ રાખેઓ અને તે દાહડાપર કાંઇ હાવાં વીદિઆ મેલવવાનાં ખાતાં હતાં નાહી તેથી વીદિઆ મેલવેઆમો તથા પુશતકો ખરીદ કરેઆમો પઇશા ખરચવાને કશી રીતે બાકી રાખીતી નાહી. તેહને લીધે આ ટાપુમો એક નાંમાચો વીદિઆવાંન કેહવાતો હતો. એ મરનાર લાટીન તથા અંગરેજી તથા ફરંગી તથા ગુજરાતી ભાખશામો શારો પુરવીન હતો અને અંગરેજી ધારાનાં ગરંથથી હેવો વાકેફ થાએલો હતો કે નેઆવનાં કાંમની બાબત એ મરનારનાં મંનમો રમી રોહલી હતી. તેથી કરીને સેંકડો લોકો કે જેણુંને કાંમ પડતું તેણુંવો એ મરનારના વીચાર લેવાને મરનાર શોડ આવતા અને તેણુંને હેવો શારો વીચાર મલતો કે તેથી કરીને તેવા ધણીઓનું કામ શમરતું. અને હેવા ગુણવંનતા માણુશને લીધે આએ ટાપુના નાંમીચા અને શારા શારા લોકો પોતાનું અગતનું કામ એ મરનારના હાથ તલે અને ભરોશાપર શોંફતા હતા. એ મરનાર શદા ગરીબોનાં કાંમને શારૂ પોતાથી જે બનતી તે મેહનત લેતો અને પોતાની ગાંઠથી પાંચ રૂપીઆ જોરવા પડતાતો તેવી રીતેબી કરતો પણ કોઇ ગરીબનું કામ પોતાને હાથે થાએ હેવી ઉમેદ શદા રાખતો હતો. એ વીનાએ એ મરનારની ખુબી ઘણી છે કે તે લખીને હમો લંમબાણ કરતા નથી. એ મરનાર અંગરેજી રાગની વીદિઆને પણ શારી રીતે શમજતો હતો કે તે આપણા ગાંમઠીઓમો કોઈ જુજબીજ લોકો જાંણતા હશે. અને પોતાનો ઘણોખરો વખત પુશતકો વાંચેઆમો અને લખેઆમો કાહડતો હતો. અને આજ એક વરશ થાઇઉં રાજદોઆરી કાંમને હાથ પકડીઉં હતું કે તે કાંમ પાર પડેઆથી આખી હીનદોશતાંનનાં રાજવંનશી લોકોમો નાંમ મેલવે. પણ અફશોશ કે તેટલાંમો મોહોતે શીતાબી કીધી અને હાવું દુખ ભરેલું મરણ થાએઉં કે તેથી કરીને કલકતાનાં શઘલા પારશીઓમો મોટો કકલાટ ઉપજેઓછે. અને એ મરનાર પછવાડે શુખાકારી થાવા શારૂં કાંઈ મેહનત લીધામો કોઇએ બાકી મેલી નહી, પણ અજલની આગલ કશો ઉપાએ ચાલેઓ નહી. એ મરનારની ખબર ગએઆ આઇતવારે અતરે આવી પોહોંચી તેથી કરીને મરનારની માતા તથા ભાઈ તથા કુટંમબપરીવારમો મોટું દુખ ઉપજેઉછે અને તેણુંને કલેજે કારી જખંમ લાગોછે તેથી કરીને બોલતાં અને ચાલતાં તેણુંની આંખમોથી નવધાર આંશુ છુટી પડેછે. એ મરનારની જેણુંને માએઆ લાગીતી અને જેણુંની શંગાથે પરીત બંધાઇતી તે લોકો એ ધણીનાં થોડી ઉમરનાં મરવાને લીધે મોટી નાખુશીમો અને દેલગીરીમો પડ આછે અને એ મરનારનાં ગુણની ઇઆદ કોઈ કાલેબી કોઈ ભુલનાર નથી.

[મુંબઈના શમાચાર, ૧૪ મી મારચ ૧૮૩૯.]

26*th February* 1839.

MEHERJEE HORMASJEE MEHERJEE.—At Calcutta, on the 27th February 1839 at 3 A. M. in the twenty-eigth year of his age, Meerjee Hormasjee Bhiccajee Esq. He was very highly accomplished, and his dissolution taking place in a land so far from his relations and friends, has caused them the deepest regret.

[*Bombay Gazette, 10th April.*]

તા૦ ૧૮ મી મારચ.

રોજ ૨૦ માહ ૭ (ક૦) ૧૨૦૮ યજદજરદી.

રૂસતમજી હોરમજજી કામાજી—તારીખ ૧૮ મી ચાલતા મહીનાંની ગએઆ શોમવારને દંને રાતરે પોતાનાં બાપીકાં ઘરમો પારશી રૂશતંમજી હોરમજજી કાંમાંનાંએ આશરે ૨૭ વરશની વએમો બહીના બુંડા રોગથી આ તરણ પાંચ દાહડાની જુઠી માએઆની જગતમોથા નીશરીને શવરગી લોકોમો જાઈ પોતાનો વાશો કીધો. એ મરનાર ગુજરાતી નામાંનાં કાંમમો અને હશાબમો અને લએઆમો હેવો હોશીઆર હતો કે એ મરનારના જેવા નાંમાંનાં કાંમમા ચંનચલ અને લખવાનાં કામમો મેહનતુ થોડાજ હશે. એ મરનાર વેપારનાં કાંમમો પણ શારો વાકેફગાર હતો અને મોટી આબરૂ તથા ચોખા વેહવારવાલો હતો અને શારી આંતથી પોતાનો ધંધો ચલાવતો હતો. શવભાવનો ઘણોજ ધારો અને એકમારગી અને નમંનતાઈ ભરેલી ચાલનો હતો કે તેથી કરીને વેપારી લોકોમોથા જેણાંઓને એ મરનાર શાથે કામકાજ પડેઉં હતું તે શરવે એ મરનારને શારૂં માન આપતા હતા. હેવાં ગુણવંનતાં માંણશો ટુકી વએમો માએઆ લગાડી ચાલ પકડી જાએછે તારે જેટલો તેહનાં મરવા પરથી નહી તેટલો તેહનાં માએઆ ભરેલા ગુણની ઈઆદ પરથી કકલાત અને દુખ ઉપજે છે. એ મરનારનાં થોડી વએનાં મરવાથી મરનારનાં બોહલાં કુટંમબમો મોટું દુખ અને ભારે શંનતાપ લાગો છે કે તે તેણાંવો પોતાનાં શેવટના દાહાડા શુધી હઈઆંથી બીશારનાર નથી અને દેલમોથી વીશારનાર નથી અને તેજ પરમાંણે મરનારનાં શોભતી તથા દોશતઆશનાંઓનેબી ભારે નાખુશી અને દેલગીરી પેદા થાએછે કે તે એ મરનારની અશરાફી ભરેલી ચાલને લીધે કોઈ વીશરી જાનાર નથી.

[મુંબઈના શમાચાર, ૨૧ મી મારચ ૧૮૩૯.]

તા૦ ૧૯ મી મારચ.

રોજ ૨૧ માહ ૬ (શે૦) ૧૨૦૮ યજદજરદી.

મનચેરજી નવરોજજી મેહતા—તારીખ ૧૯ મી ચાલતા મહીનાંની ગએઆ મંગલવારને દંને રાતનાં આશરે ૨૧ વરશની વએમો તરણ ચાર દાહડાનાં તાવનાં માંડમો આ૦ મણચેરજી નવરોજી મેતાનાએ આ વગર ભરોશાની અને વગર વીશવાશની અને ફોકટ માએઆની જગતમોથી નીકલીને આકાશી લોકોમો જાઈ વાશો કીધો. એ મરનાર શોભતા ચેહરાનો અને હશતાં મોડાંનો એક જવાંન હતો અને જાતે હોશીઆર અને ચાલાક તથા મેહનતુ હતો. એ મરનારનાં હાવાં છેકજ ટુકી વએનાં મરવાથી મરનારનાં માબાપ તથા ભાઈબંધ તથા કુટંમબપરીવારમો એક મોટો શંતાપ અને કકલાટ ઉપજેઓછે કે તે જોઈ તથા શાંભલીને લોકોમો પણ મોટી દેલગીરી ઉપજેછે.

[મુંબઈના શમાચાર, ૨૧ મી મારચ ૧૮૩૯.]

તા૦ ૧૫ મી આપરેલ.

રોજ ૧૮ માહ ૭ (શે૦) ૧૨૦૮ યજદજરદી.

ફરાંમરોજ નવરોજજી ઘીસતા—ગએઆ શોમવારને દંને તારીખ ૧૫ માએ પારશી ફરાંમરોજ નવરોજી ગીશતાનાએ આશરે ૨૯ વરશની વએમો ઘણાં દાહડાનાં રોગથી આ તરણ પાંચ દાહડાની જગતમોથી નીશરીને અમરતી લોકોમો જાઈ વાશો કીધો. એ મરનારના ટુકી વએનાં મરવાથી જેણાંને લાગેચ વલગેચ તેણાંવોમો મોટું દુખ ઉપજેઉં છે.

[મુંબઈના શમાચાર, ૧૮ મી આપરેલ ૧૮૩૯.]

તા૦ ૧૫ મી આપરેલ.

રોજ ૧૮ માહ ૮ (ક૦) ૧૨૦૮ યજદજરદી.

ફરાંમજી મનચેરજી કોહલા—તારીખ ૧૫ મી ચાલતા મહીનાંની ગએઆ શોમવારને દંને પોતાનાં રેહવાનાં ઘરમો આશરે ૫૫ વરશની વએમો લાંમબી મુદતનાં અને ભારે કશટ ભરેલાં માંડથી શેઠ ફરાંમજી મણચેરજી કોલાએ આ વગર ભરોશાની જગતમોથી નીશરીને વઈકુંઠવાશ લોકોમો કુચ કીધી. એ મરનાર

લાંમબા મુદતથી વેપારનાં કાંમમો પડેલો હતો અને ચીન ખાતેના આડતીઆઓમો એક નાંમીચો અને મોટો આડતીઓ હતો કે જેહના હાથ હેઠલ લાખો રૂપીઆનો કારભાર દર મોશંમે થાતા હતા. તેથી કરીને એ ધણીને વેપારનાં કાંમમો શારી માહીતગારી અને નજર હતી કે તેવા થોડાજ ધણી હશે. તે શાથે નાંમાંનાં કાંમમો અને લખવામો પણ હોશીઆર હતો. અને અંગરેજી વીદીઆ શારી રીતે જાણતો હતો અને જાત શમજુ અને વીચારવાલો હતો અને એ શઘલી પરકારનાં ગુણને લીધે એક મોટો દરવ એ મરનારે પેદા કીધો હતો પણ એ શઘલાં શાથે કાએઆનું શુખ હતું નહી વાશતે જાંહાં કાએઆની શુખાકારી નહી તાંહાં ગમે એટલાં ઘરો ભરીને દરવ હોએતો તે ના કાંમનો તે જાણે માટી અને પથર છે કાંજે તેહનાં બલથી કાંઈ કાએઆ શમરતી નથી અને આઉશની દોરી મોટી થાતી નથી. એ શારા ગુણવાલા ધણીનાં મરવાથી મરનારનાં કુટંમબ પરીવાર તથા છઈઆં તથા ભાઈબેંધોમો મોટું દુખ ઉપજેઉં છે કે તે કભુ જીવથી ભુલનાર નથી અને દેલથી વીશરનાર નથી.

[મુંબઈના શમાચાર, ૧૮ મી આપરેલ ૧૮૩૯.]

15*th April* 1839.

FRAMJEE MANCHERJEE COLAH.—On Monday the 16th at Rampart Row, aged 55 years, Framjee Muncherjee Esq. of Chronic Dysentery. He was a resident for a long time at China, and returned in 1828. The tenor of his life was such as to secure to him the good wishes of all who had intercourse with him.

[*Bombay Gazette*, 26*th April*.]

તા૦ ૨૦ મી આપરેલ.

રોજ ૨૩ માહ ૮ (કo) ૧૨૦૮ યજદજરદી.

શોરાબજી બેહરાંમજી બનાજી—શવરંગવાશી શેઠ બેરાંમજી કાવશજી બનાજીનાં છોકરા શોરાબજી બેરાંમજી કે જે ધણીએ તા૦ ૨૦ મી એપરેલે શ્રી કલકતામો કોલેરાના રોગથી થોડાએક કલાકનાં માંડમો આએ જગતમોના મરતીઉક લોકમોથી નીકલીને શદાનાં નીરંનકાલ લોકોમો જાઈ વાશો કીધો. એ મરનાર બીચારો એકમારગી અને શાંપ હતો અને તેથી કરીને શેઠ રૂશતમજીએ એ મરનારને હશતેક પોતાનો કેટલો કારભાર શોંપેલો હતો. પણ ભાએઆગની રતી વાંકી કે તેથી કરી આ બનાવ બનેઓ કે જેથી દુખ ઉપજેઉં છે.

[મુંબઈના શમાચાર, ૫ મી મેએ ૧૮૩૯.]

તા૦ ૧૫ મી સપટેમબર.

રોજ ૨૧ માહ ૧૨ (શે૦) ૧૨૦૮ યજદજરદી.

બેહરાંમજી બહમનજી ગજધર—શ્રી કલકતા મધે તારીખ ૧૫ મી શપટેમબરને દને પારશી બેહરાંમજી બમનજી ગજધરનાંએ આશરે ૩૦ વરશની વએમો કેટલાએક દાહડાનાં માંદથી આ ખોટી અને વગર ભરોશાની જગતમોથી નીશરીને અમરતી લોકોમો કુચ કીધી. એ ધણી નાંમાંનાં કાંમમો શારો હોશીઆર હતો અને શ્રી કલકતામો શેઠ રશતંમજી કાવશજીની ચાકરીમો હતો. એ ધણીની શારી ચાલપરથી શરપ કોઈ એ ધણીને ચાહતા હતા, અને એ ધણીનાં ટુકી વએનાં મરણ પાંમેઆથી એ મરનારનાં માંબાપને તથા કુટંમબ પરીવારને મોટું દુખ થાએઉં છે કે તે મંનથી મેલવું અને હઈઆંથી ભુલવું કઠંણ છે.

[મુંબઈના શમાચાર, ૨૯ મી સપટેમબર ૧૮૩૯.]

તા૦ ૨૮ મી અકટોબર.

રોજ ૨૯ માહ ૬ (શે૦) ૧૨૦૯ યજદજરદી.

દશતુર દારાબજી જમશેદજી જામાશપ આશાના—તારીખ ૨૮ મી અકટોબર શને ૧૮૩૯ ને શોમવારને દીને દશતુર દારાબજી જમશેદજી જાંમાશપ આશાવાલાએ આશરે ૭૮ વરશની વએમો આએ જંનજાલી આલમમાંથી નીકલીને હમેશાંની શુખવાશી આલંમમો કુચ કરી. એ મરનાર દશતુર ઘણો વીશી અને મોહટો પરહેજગાર અને એકમારગી હતો અને તે શાથે આએ પરથવીપરનાં શઘલાં શંનશારી કામોથી વેગલો પડીને પોતાના કેરતારની ભગતીમો રાત દાહડો મશગુલ હતો. એ મરના-

રની મોહોટી ભલમંનશાઈ ઉપરથી કેટલાએક દાતારો એ મરનારને શારી પેઠે ચાહતા હતા. તેથી એ મરનારને પોતાનો બુધાપો કાંઈ માલુમ પડી શકેઓ નહી. અને શેવટનાં દાહડા શુધી પોતે આનંદમો હતો. એ મરનારની શારી ચાલ તથા તેહનાં શારા ગુણોની ઈઆદદાશત એ મરનારનાં આખાં કુટંમબનાં લોકો તથા મીતરો કધી વીશરનાર નથી.

[મુંબઈના શમાચાર, ૭ મી નવેમબર ૧૮૩૯.]

તા૦ ૧૮ મી નવેમબર.

રોજ ૨૭ માહ ૨ (શે૦) ૧૨૦૯ યજદજરદી.

માણેકજી ખરશેદજી ગાંધી—તારીખ ૧૮ મી ચાલતા મહીનાની ગએઆ રવીવારને દંને શાંજરે થોડાએક દાહડાનાં તાવનાં દુશત માંડથી આશરે ૨૩ વરશની ટુકી વએમો પારશી માણેકજી ખરશેદજી દાજી ગાંધીનાએ આએ વગર ભરોશાની અને જુઠી માએઆની જગત છોરી શેવટનાં દાહડા શુધી અમરતી નીરંનકાલ લોકોમો જાઈ પોતાનો વાશો કીધો. એ મરનારે પોતાની વએનાં થોરા દાહડાની વચમો હેવાં શારાં શલુક અને ભલમનશાઈ ભરેલી ચાલ ચલાવી કે તેથી કરીને એ મરનાર શાથે જેહને વાબેશતગી પરતી ગઈ તે એ મરનારનાં મીતર થાતા ગીઆ. એ મરનાર નમનિો મીલંનશાર ગરવો ધીરો અને શાદા શવભાવનો હતો અને શદા હશતો અને મધંન અને શારાં કદ તથા ચેહરાનો હતો તેથી કરીને એ મરનારને લોકો પશંદ કરતા હતા. હેવા ધણીનાં ટુકી વએનાં મરવાથી એ મરનારની માતા તથા ભાઈબંધ અને કુટંમબપરીવારને જાવેદાંન શુધી મોટા શંનતાપ અને ભારે કકલાત ભરેલું દુખ પેદા થાએઉંચ કે એ મરનાર પોતાના બાપનાં નાંમ લેહણુંમો એખલો એકજ પુરો છોકરો હતો અને પરમેશવરની કીરપાથી શઘલી વાતે શુખી હતો પણ તાંહાં એ મરનારનાં મોહોતનાં કાશદે શેતાબી કીધી કે તેથી શરવે કાંઈ જાંહાંનું તાંહાં રહી ગીઉં અને મરનાર ચાલતી પકડી ગીઓ. એ ધણીનાં દોશત આશનાવ તથા જાંણપીછાંણ વાલાઓને પણ એ ધણીનાં મરવાથી એક મોટી દેલગીરી અને નાખુશી પેદા થાઈછે કે તે મરનારની ખુબીને લીધે તરત વીશરવી મુશકેલછે.

[મુંબઈના શમાચાર, ૨૧ મી નવેમબર ૧૮૩૯.]

તા૦ ૬ થી ડીજેમબર.

રોજ ૮ માહ ૩ (શે૦) ૧૨૦૯ યજદજરદી.

એદલજી કાઉશજી શેઠના, સુરતના—શ્રી શુરત મધે તારીખ ૬ ઠી ચાલતા મહીનાંનીને દંને શેઠ એદલજી કાવશજીએ આશરે ૮૭ વરશની વએમો આ ખોટી માએઆની જગત કે જેહમોથી જએઆ વીનાંએ કોઈ રેહનાર નથી તે છોડીને શવરગવાશ લોકોમો જાઈ પોતાનો વાશો કીધો. એ મરનાર બાપ દાદેથી શેઠનાં ખાંનદાંનમો હતો. અને શ્રી શુરતની પારશીની અંનજુમંનનો એક અકાબર હતો અને હરેક ધરંમનાં કાંમ પુરે મેહનત કરેઆમો શદા તઈઆર હતો અને ઘણાંએક ધરંમનાં મોટાં કાંમો એ મરનારનાં ઉપરીપણું હેઠલ થાએઆછે તેથી કરીને એ મરનારને લોકોમો મોટું માંન મલેઉં હતું. જાતે ઘણો શાદો હતો અને પકો અને વીચાર તથા ગનેઆંનવાલો હતો. તે શાથે પરમેશવરની ભગતી કરવામો પોતાનું ચીત મજબુત લગાડેલું હતું. વાશતે એ મરનાર લાંમબી વએનો મરંણ પાંમો છે તોબી એ મરનારની મીતરાચારીમો જે લોકો વીતલાએલા હતા તેણાંને તથા એ મરનારનાં બોહલાં કુટંમબને મોટું દુખ ઉપજેઉં છે.

[મુંબઈના શમાચાર, ૧૨ મી ડીજેમબર ૧૮૩૯.]

તા૦ ૨૮ મી ડીજેમબર.

રોજ ૩૦ માહ ૩ (શે૦) ૧૨૦૯ યજદજરદી.

ફરાંમજી જીવાજી ગારડીનના—ગઈ કાલ દંને શાંજરે પારશી ફરાંમજી જીવાજી ગેઆરડીનનાંએ આએ તરંણ પાંચ દાહડાની જુઠી માએઆની જગતમોથી નીશરીને શદાનાં અમરતવાશ લોકોમો જાઈ પોતાનો વાશો કીધો.—એ મરનારને આશરે લાંમબી મુદત થાઈ પગનું દરદ થાએલું હતું. તેથી પગે શઘલી રીતે હેરાંન હતો. તેહમો કેટલાએક મહીનાં થાએઆ પુરો અરેઓ હતો. તે શાથે

થોડાએક દાહડા થાએઆ થાંશાનોબા મરજ થાએઓ હતો. પણ તે કાંઇ હેવો નહી હતો કે કોઈ ધારે કે તેથી એમ એકાએક મરી જાશે. કાંજે કાલે ચાર વાગા વેરતો વાડીમા શારી રીતે ખેડેલો હતો. અને શદાની પરમાંણે દોશતો શાથે વાતવગત કરતો હતો. એ મરનાર હેવો ભોલો શાદો અને ધીરા શવભાવનો હતો કે તેથી કરીને એ મરનારને જાંહાં જાતો તાંહાં દોશત મલી આવતા. અને શરવ કોઈ એ મરનારની દોશતીથી અને મીઠી વાતોથી ખુશી અને આનંનદ હતા અને જાતે શઘલી પરકારે મોજી હતો અને હશ્મીનો શાક હતો તેથી કરીને શરવ કોઈનો એ મરનારપર પેઆર હતો. એ મરનાર એકતો ટુંકી વએમા અને બીજું તે કે એકાએક અને અંનચીત મરંણ પાંમો તેથી એ મરનારનાં કુટંમબપરીવારમો ભારે દુખ ઉપજેઉં છે કે તે તેણાંનાં મનમાથી શેવટનાં દાહડા શુધી વીશરવું મુશકેલછે. તે શાથે એ મરનારનાં જાંણી દોશતોને તેણુનો મોટો બોલેઓ મીતર ગએઆને લીધે મોટી નાખુશી ઉપજીછે કે તે મરનારની દોસતીના ગુણને લીધે એકાએક કોઈનાં મંનમાથી તે નાંખુશી દુર થાશે નહી.

[મુંબઈના શમાચાર, ૨૯ મી ડીશેમબર ૧૮૩૯.]

ઈ૦ સ૦ ૧૮૪૦.

તા૦ ૬ ઠી જાનેવારી.

રોજ ૯ માહ ૪ (શે૦) ૧૨૦૯ યજદજરદી.

નશરવાંનજી કુવરજી હાટલવાલા—શ્રી મુમબઈનાં કોટમો તા૦ ૬ ઠી જાંનેવારીને દંને પારશી નશરવાંનજી કુવરજી (વીકટોરીઆ હોટેલના માલેકોમેનો એક માલેક) મરણ પાંમીઓછે. એ મરનાર ઘણોજ હોશીઆર તથા ચંનચલ અને ભલાં માંણશ હતો તેથી મરનારનાં મીતર તથા કુટંમબપરીવારમો મોટું દુખ ઉપજેઉં છે.

[મુંબઈના શમાચાર, ૯ મી જાનેવારી ૧૮૪૦.]

6th January 1840.

NASSERWANJEE COOVERJEE HOTEL-KEEPER.—In the Fort, on Monday the 6th instant, Nasserwanjee Cooverjee (one of the Proprietors of the Victoria Hotel) much regretted by his numerous customers to whom he was uniformly Civil and obliging.

[*Bombay Courier, 7th January.*]

તા૦ ૧૨ મી જાનેવારી.

રોજ ૧૫ માહ ૪ (શે૦) ૧૨૦૯ યજદજરદી.

હોરમજજી રૂસતમજી પુણેગર—તારીખ ૧૨ મી ચાલતા મહીનાંની ગએઆ આઇતવારને દંને પારશી હોરમજી રૂશતમજી પુણેગરે ઘણાએક દાહડાનાં માંડથી આશરે ૫૫ વરશની વએમો આ ખોટી માએઆની અને વગર ભરોશાની જગતમોથી નીશરીને વઈકુંઠવાશ લોકોમો જાઈ વાશો કીધો. એ મરનાર જાતે નમાંનો વીશી અને એકમારગી હતો અને શારા લોકોની શંગતમો પોતાની શારી હોરમતથી રહેલો હતો. એ મરનારે મુદત શુધી કંમપની શરકારની ચાકરી મનપતીજ થાએ તેવી રીતે કરેઆ પરથી મરનારને કંમપની શરકારથી મોટો મુશારો મલતો હતો.—એ ધણીનાં મરવાથી મરનારનાં કુટંમબપરીવારને મોટું દુખ પેદા થાએઉં છે અને મરનારની શારી ચાલને લીધે મરનારના દોશઆશનાવોને ઘણીજ નાખુશી દેલગીરી ઉપજીછે.

[મુંબઈના શમાચાર, ૧૬ મી જાનેવારી ૧૮૪૦.]

તા૦ ૧૩ મી જાનેવારી.

રોજ ૧૬ માહ ૪ (શે૦) ૧૨૦૯ યજદજરદી.

ધનજીભાઈ પેશતનજી ગંદેવીઆ—તારીખ ૧૩ ચાલતા મહીનાંની ગએઆ શોમવારને દંને પારશી ધંનજીભાઈ પેશતનજી ગંનદેવીનાંએ આશરે ૩૧. વરશની વએમો આ તરણ પાંચ દાહડાની જગત છોરીને અમરતી લોકોમો કુચ કીધી. એ મરનાર બઈના રોગથી ઘણું થાએઉં દુખી હતો અને આજ કેટલાએક દાહડા થાએઆ પોતાના ધંધાશર કોશતે

આતે ગએઓ હતો પણ બપારે માંડમો પડીઆને લીધે તાંથી પાછું ફરી આવવું પરીઉં અને આવેઆ પછી એકાત દાહડે મરણ પાંમેઓ. એ મરનારની શારી ચાલથી અને મીથાં બોલવાપરથી લોકો શાથે શારી દોશતી અને એખલાશી હતી. એ મરનારનાં ટુકી વએનાં મરવાપરથી મરનારનાં કુટંમબપરીવારમો તથા ભાઈબંદોમો ભારે દુખ અને મોટો કકલાટ પેદા થાએઓછે કે તે મંનથી મેલવો અને હઇઆંથી ભુલવો કઠંણ છે. અને તેજ પરમાંણે મરનારનાં મીતર તથા શોભતીઓમો બી નાખુશી ઉપજે છે.

[મુંબઈના શમાચાર, ૧૬ મી જાનેવારી ૧૮૪૦.]

18*th January* 1840.

HORMASJEE CURSETJEE SHROFF.—On Saturday the 18th Instant, Hormasjee Cursetjee, one of the sons of Cursetjee Manockjee Esq., leaving an aged Father, a Widow, and five children, with a large circle of family and Friends to bemoan his irreparable loss.

[*Bombay Courier*, 21*st January*.]

27*th February* 1840.

CURSETJEE SHAPOORJEE BANAJEE.—We are sorry to say that, a respectable Parsee Gentleman named Cursetjee Shapoorjee Banajee, died at "Macao" on the 27th February last in the 49th year of his age.

We are very much surprised to hear, that he wrote some letters to his correspondents a day before he died, and on the following day some of his friends wrote to his Correspondents about his death.

His loss therefore is greatly lamented by his Native and European friends.

[*Bombay Courier*, 18*th April*.]

તા૦ ૨ જી આપરેલ

રોજ ૬ માહ ૭ (શે૦) ૧૨૦૯ યજદજરદી.

નશરવાંનજી પેશતનજી બાટલીવાલા, તારીખ ૨ જી ચાલતા મહીનાંની ગએઆ ભરેશપતવારને દંને પારશી નશરવાંનજી પેશતનજી બાટલીવારાએ આશરે ૪૦ વરશની વએમો ઘણાએક દાહડાનાં કશટ ભરેલા માંદથી આ તરણ પાંચ દાહડાની બોટી માએઆની જગતમોથી નીશરીને શવરગી લોકોમો જાઈ પોતાનો વાશો કીધો. એ મરનાર ધણી આપણી ટાપુઓનાં મોટા દુકાંનદાર તથા આડતીઆ હોરમજી પેશતનજી બાટલીવાલાનો ભાઈ થાએછે. અને એ મરનાર ઘણા દાહડા લગે વેપાર ખાતાંનું બોહલું કામ ચલાવેઆને લીધે શારી રીતે વેપારનાં કામમો માહીતગાર થાએલો હતો. તે શાથે જાતે શાદો અને પોતે જાતે મેહનત કરનારો હતો તેથી કરીને દુકાંન ખાતાંનું પુશકલ કાંમ એ મરનારથી નીપજી શખતુંતું. એ મરનારનાં ટુકી વએનાં મરવાથી મરનારનાં ભાઇને તથા કુંટંમબપરીવારને ભારે દુખ ઉપજેઉં છે કે તે મંનથી મેલવું અને જીવથી વીશરવું કઠંણ છે.

[મુંબઈના શમાચાર, ૫ મી આપરેલ ૧૮૪૦.]

તા૦ ૨૨ મી જુન.

રોજ ૨૭ માહ ૧૦ (ક૦) ૧૨૦૯ યજદજરદી.

ફરાંમજી પેશતનજી પાટક—તા૦ ૨૨ મી ચાલતા મહીનાંની ગએઆ શોમવારને દંને શાંજરે શેઠ ફરાંમજી પેશતનજી પાટકે આશરે ૪૧ વરશની વએમો આ બોટી માએઆની અને વગર ભરોશાની જગતમોથી નીશરીને વઇકુંઠવાશ લોકોમો જાઇ વાશો કીધો. એ મરનાર ચતુર અને વેપાર રોજગારનાં કાંમમો હોશીઆર અને વાકેફગાર અને પોતાની ભાશા તથા નાંમાંનાં કાંમમો શારી રીતે પુરવીણ હતો. તે શાથે અંગરેજી ભાશા પણ શારી પકી રીતે વાંચી લખી જાણતો હતો કે તે પરમાણે થોડાજ ગાંમઠીઓ જાણેછે. અને એ મરનારે ચીન ખાતેની ઘણીએક શફરો કરી તેહમો આડતનું જે કાંમ કીધું તેથી એ

મરનારને હેવો તો જશ મલેઓતો કે મરનારનું કામ ઘણુંજ ખોહલી રીતે વધી પડેઉંતું અને ગાંમડીઓમાનાં મોટા મોટા વેપારીઓનું અને શરવ કરતાંને મોટું કાંમ એ મરનારપર જાવા લાગુંતું તેહમો તથા પોતાનાં જાતી ધંધામો નફો કરેઆથી મરનારે મોટી પુંજી મેલવી હતી અને મોટો ભાએઆગશારી કેહવાતો હતો. અને એ મરનારે ધારેઉંતું કે હવે પોતાનાં વતંનમો રહી ખુશીખુશાલીથી મોજ અને જોકથી દાહડા કાપે પણ મોહોતનાં કાશદની ઉતાવલી આગલ કોઇનો ઉપાએ અને ચારો ચાલતો નથી વાશતે બરેનફીવર નાંમની લોહીનાં જોશની તાવથી થોડા દાહડામો અને ટુકી ઉમરમો શઘલું જાંહાંનું તાંહાં પડતું કરીને એ મરનાર ચાલ પકડી ગીઓ. એ મરનાર વીદીઆનો ઘણો શોકી હતો વાશતે પોતાનો એકજ પુરો છોકરો હતો તેહને કેટલાંએક નાણાં ખરચીને શ્રી ઇંગલંડ ખાતે અંગરેજી વીદીઆ શીખવાને શારૂં મોકલેઓ હતો. તેહને પોતાનાં બાપની હએઆતીનાં છેલા દાહડા પર આવી મલવાનું હશે વાશતે એક અઠવાડીઉં અગાઉ વાંહાંણ જશટીનાંમો અતરે આવી પોંતોછે. એ મરનાર જાતે શોકી અને માએઆવંતો હતો. એ ધણીનાં ટુકી વએનાં મરવાથી મરનારનાં કુટંમબપરીવાર તથા દોશત આશનાવમો મોટું દુખ અને ભારે કકલાટ ઉપજેઓછે, કે તે મંનમોથી મેલવું અને જીવમોથી ભુલવું હાલ ઘણું કઠંણ છે.

[મુંબઇના શમાચાર, ૨૫ મી જુન ૧૮૪૦.]

22*nd June* 1840.

FRAMJEE PESTONJEE PATUCK.--At his house in this city on Tuesduy last Framjee Pestonjee Esq., a well known Parsee Merchant aged 42 years.

[*Bombay Courier, 27th June.*]

તા૦ ૨૬ મી જુન.

રોજ ૧ માહ ૧૦ (શે૦) ૧૨૦૯ યજદજરદી.

બરજોરજી રૂસતમજી મુનશી—ગએઆ શંનવારે તારીખ ૨૬ મી જુનને દને રાતરે પારશી બરજોરજી રૂશતંમજી મુનશીએ આશરે ૨૮ વરશની ટુકી વએમો લોહીનાં જોશની તાવનાં ચાર દાહડાનાં માંડમો આ ખોટી માએઆની અને વગર ભરોશાની જગતમોથી નીશરીને શદાનાં નીરંનકાલ શવરગી લોકોમો જાઈ વાશો કીધો. એ મરનારે પોતાની ટુકી વએમો પોતાની શારી ખુબી અને નમંનતાઈ ભરેલી ચાલથી પુશકલ લોકોને પોતાના જીવપરાંણના મીતર કરી લીધા હતા અને ઘણાંએક શારા લોકોની માએઆ મેહરબાંની અને કુરપા મેલવી લીધી હતી. તેથી કરીને લોકોમો એક મોટી મીલંનશારીવાલો ધણી હતો. એ મરનાર શોભતા ચેહરાનો હશતાં મોહડાંનો મીથા શબદનો અને મીતરાચારીને લાએઅકનો અને શઘલી પરકારનાં કામકાજમો હોશીઆર અને જાતે મેહનતુ અને ચાલાક હતો. હેવી શારી ખુબીવંનતા અને કમાઉ પુતરનાં અચબુચનાં મરણ પાંમવાથી મરનારનાં માંબાપને ઘડપણનાં વખતમો મોટા ધોકો લાગોછે કે તે પોતાનાં શેવટનાં દાહડા લગે હરઘડી અને હરપલ વીશરાશે નહી અને મરનારના હેતવંનતા ભાઇઓને અને કુટંમબપરીવારને મોટું દુખ અને ભારે કકલાટ પેદા થાએઓ છે કે તે મંનથી મેલશે નહી અને હઇઆંથી ભુલશે નહી તે શાથે મરનારનાં મીતરો અને જાંણીપીછાંણવાલાઓનેબી મોટી નાખુશી ઉપજીછે.

[મુંબઇના શમાચાર, ૨૭ જુલાઇ ૧૮૪૦.]

તા૦ ૧ લી જુલાઇ.

રોજ ૬ માહ ૧૧ (ક૦) ૧૨૦૯ યજદજરદી.

મનચેરજી શોરાબજી મોટાફરાંમના, તારીખ ૧ લી જુલાઇએ રાતરે ચાર પાંચ દાહડાની લોહીનાં જોશની તાવનાં માંડથી પારશી મણચેરજી શોરાબજી મોટાફરાંમનાએ આશરે ૨૮ વરશની ઉમરમો આ જંજાલી જગત છોડીને આકાશી લોકોમો જાઈ વાશો કીધો. એ મરનાર જાતે નમાંનો ભલો અને મીલંનશાર હતો. એ મરનારનાં ટુકી વએનાં મરવાથી મરનારનાં કુટંમબપરીવારમો મોટું દુખ ઉપજેઉંછે.

[મુંબઇના શમાચાર, ૫ મી જુલાઇ ૧૮૪૦.]

તા૦ ૬ ઠી આગશટ.

રોજ ૧૨ માહ ૧૧ (શે૦) ૧૨૦૯ યજદજરદી.

દાદાભાઈ ભીમજી ઉમરીગર—તારીખ ૬ ઠી ચાલતા મહીનાંની ગએઆ ભરેસપતવારને દંને રાતરે પોતીકા ખાપીકાં ઘરમો પારશી દાદી ભીમજી ઉમરીગરે આશરે ૩૯ વરશની વએમો થોડાએક દાહડાનાં તાવનાં માંદમો આ તરણ પાંચ દાહડાની ખોટી માએઆની જગતમોથી નીશરીને શવરગવાશ લોકોમો ચાલ પકડી.—એ મરનાર એક ભલો અને શુધા વેહવારનો અને ચાગી શમજનો વેપારી હતો અને લોકોમો મીલંનશાર અને મીતરાચારીને લાએઅકનો એક મીતર હતો. એ મરનારનાં ટુકી વએનાં મરવાથી મરનારનાં ભાઈઓને તથા કુટંમબપરીવારને મોટું દુખ અને કકલાટ ઉપજેઓછે કે તે કભુ મરનારની ખુબીને લીધે ભુલશે અને વીશરશે નાહી.

[મુંબઈના શમાચાર, ૯ મી આગશટ ૧૮૪૦.]

તા૦ ૬ ઠી અકટોબર.

રોજ ૮ માહ ૧ (શે૦) ૧૨૧૦ યજદજરદી.

રુસતમજી મનચેરજી બંગાલી—તારીખ ૫ મી ચાલતા મહીનાંનીએ રશતંમજી મનચેરજી બંગાલીએ આશરે ૭૮ વરશની ઉમરમો આ લોભ તથા લાલચ ભરેલી જગતમોથી નીશરીને વઈકુંઠવાશી લોકોમો જાઈ વાશો કરેઓ. એ મરનારે પોતાની વએનાં ઘણા દાહડા દેશાવરમો ધંધાના કારણશર કાહડેઆ હતા અને તાંહાંથી કમાઈ કરીને પોતાનાં વતંનમો આજ લાંમબી મુદત થાએઉં આવી વશેઓ હતો. એ મરનાર કાએઆનો શુખી જાતે રાંખ એક મારગી અને શંમજુ હતો અને કશી રીતથી કોઈ શાથે ટંટા વાંધામો આવતોતો નહી. અને નાંમીચા લોકોની શંગતમો ફરતો હતો અને ખરચમો ઘણોજ કશરીઓ હતો. શાંભલેઆ પરમાંણે એ મરનારે પોતાની પછવાડે વરશે દાહડે રુપીઆ છશોનું ધરમખાતું ચાલુ રાખવાની વશીઅત કરીછે અને તેહને જારી રાખવા શારું કાંઈ વજીફો કાહડેઓછે.

[મુંબઈના શમાચાર, ૮ મી અકટોબર ૧૮૪૦.]

તા૦ ૨૩ મા અકટોબર.

રોજ ૨૫ માહ ૧ (શે૦) ૧૨૧૦ યજદજરદી.

ખરશેદજી શાપુરજી પારખ—તારીખ ૨૩ મી ચાલતા મહીનાંનીને દંને રાતરે પોતાનાં ખાપીકાં ઘરમો પારશી ખરશેદજી શાપુરજી પારેખે આશરે ૨૮ વરશની ટુકી ઉમરમો પાંચ છ દાહડાની શનેપાતની તાવનાં માંદથી આ તરણ પાંચ દાહડાની વગર ભરોશાની જગતમોથી નીશરીને અમરતી લોકોમો જાઈ ચંદરોકાલ શુધી વાશો કીધો. એ મરનાર પારખનાં ખાંનદાંનમો લાએકીવાલો એક પુરશ હતો અને ધંધા રોજગારનાં કાંમથી વાકેફગાર હતો અને નાંમાંનાં કાંમમો શારી રીતે શમજવાલો હતો. અને દાહેઓ અને મીલંનશાર અને ભલમંનશાઈ ભરેલો હતો અને જીવનો માજી હતો તેથી કરીને મરનારનાં ઘણાં લોકો મીતર હતા. એ મરનારને હેવી રીતે થોડી ઉમરમો મરણ પાંમેઆને લીધે મરનારનાં ભાઈબંધ તથા કુટંમબ પરીવારને એક મોટી માતંમ અને ભારે દુખ પેદા થાએઉંછે કે તે જેમ એ મરનારનાં ગુણની ઈઆદ પડતી જાશે તેમ તેમ તાજું થાતું જાશે તથા તે શાથે મરનારનાં દોશત તથા આશનાવ તથા જાંણીછાંણવાલાઓને મોટી નાખુશી અને દલગીરી પેદા થાઈછે કે તે હરગેજ થાઈને તેણાનાં દેલમોથી મટનાર નથી.

[મુંબઈના શમાચાર, ૨૫ મી અકટોબર ૧૮૪૦.]

તા૦ ૧૩ મી ડીશેમબર.

રોજ ૧૬ માહ ૪ (ક૦) ૧૨૧૦ યજદજરદી.

નશરવાંનજી મેહરવાંનજી એદલકાકાના, તારીખ ૧૩ મી ચાલતા મહીનાંની ગએઆ આદીતવારને દંને પાછલા પોરનાં પોતાનાં ખાપીકા ઘરમો પારશી નશરવાંનજી મેરવાંનજી એદલજી કાકાનાંએ ૩૩ વરશની વએમો આ જંનજાલી અને ખોટા ભરોશાની જગતમોથી નીશરીને નીરંનકાલ આકાશવાશી લોકોમો જાઈ વાશો કીધો. એ મરનાર પુરાતંમ અને શારી આબરુવાલાં ખાંનદાંનનો એક ધણી હતો અને જાતે ચંનચલ હોશીઆર મીલંનશાર અને નમાનો હતો અને તેવી શારી ખુબીને લીધે પોતાના

ધણીની મોટી માએઆ અને વીશવાશ મેલવી લીધો હતો. તે શાથે મીઠા શબદનો બોલનારો મીતરાચારી ભરેલો અને લાએકીવાલો હતો તેથી કરીને ઘણા લોકો મરનારને ચાહતા હતા તથા દોશતીનો હક રાખતા હતા. એ મરનારને ચીનથી હેતું એક દરદ લાગું કે તે ભીતરમો થાએઆને લીધે તેહનો પકી રીતે પરીખશા થાઈ શખી નહી અને ગુણગારી રીતે ઉપાએ લાગુ પડીઓ નહી તેથી કરીને ચીનથી આવીઆ-પછે કોઈ દાહડે શાજો અને કોઈ દાહડે માંડો ચાલીઆ કીધો પણ અંતે અજલના કાસદે શેતાબી કીધી. તેથી કરીને કાચા શમજવાલા એક ગાંમઠીનું બલીશટર શાફ થવાની ઉમેદથી છાતીએ મારેઉ તેથી હાવા એક કુમલા અને જવાંન જીવની તરત ઘાત થાઈ ગઈ કે જેહની કોઈને અગાઉથી કશી હીધાંણી વઠીકખી માલંમ પડી નહી. એ મરનારનાં મરણને લીધે મરનારનાં બીચારા બાપને મોટો ધોકો લાગો છે અને ભાહબિંધ તથા કુટંમબપરીવારમો મોટું દુખ અને ભારે શંનતાપ ઉપજેઓ છે કે તે મંનથી મેલવું અને હઈઆંથી ભુલવું મુશકેલછે.

[મુંબઈના શમાચાર, ૧૭ મી ડીશેમબર ૧૮૪૦.]

ઈ૦ સ૦ ૧૮૪૧.

તા૦ ૪ થી જાનેવારી.

રોજ ૮ માહ ૪ (શે૦) ૧૨૧૦ યજદજરદી.

મેહરવાંનજી લીમજીભાઈ બીલીમો-રીઆ—ગએઆ શોમવારને દને પોતાનાં રેહ-વાનાં ઘરમો આશરે ૫૫ વરશની વએમો પારશી મેરવાંનજી લીમજીએ આ જંનજાલી જગતમોથી નીશરીને આકાશી લોકોમો જાઈ વાશો કીધો. એ મરનારે પોતાની ઉમરના ઘણા દાહડા વેપાર ધંધામો કાહડીઆ તેથી કરીને વેપારનાં કામમો હોશીઆર અને ચાતુર હતો અને વેપારી લોકોમો પોતાની શારી શાખ રાખતો હતો તે શાથે ભલમંનશાઈ અને નમાંની ચાલ ધરાવતોતો તેથી કરીને એ મરનારને લોકો શાથે શારી રીતેથી મીતરાચારી હતી. એ મરનાર-નાં મરણ પામીઆથી મરનારનાં કુટંમબપરીવારને મોટું દુખ થાએઉં છે અને મરનારનાં મીતરોને મોટી નાખુશી ઉપજીછે અને મરનારની શારી ચાલને લીધે મરનારની ઇઆદ તેવો કોઈ દેનાએ ભુલશે નહી.

[મુંબઈના શમાચાર, ૧૦ મી જાનેવારી ૧૮૪૧.]

તા૦ ૨૧ મી જાનેવારી.

રોજ ૨૫ માહ ૪ (શે૦) ૧૨૧૦ યજદજરદી.

મેહરવાંનજી રૂસતમજી બાઈસ—તારીખ ૨૧ મી ચાલતા મહીનાંનીએ રાતરે પારશી મેરવાંનજી રૂશતમજી બાઇશનાંએ આશરે ૫૫ વરશની વએમો ઘણા દાહડાનાં માંદથી આ ખોટી માએઆની જંનજાલી જગતમોથી નીશરીને વઈકુંઠવાશ લોકોમો જાઈ વાશો કીધો. એ મરનાર ઘણી મુદત થાએઉં આડત તથા વેપારનું કાંમ ચલાવતો હતો તેથી કરીને વેપારી લોકોમો શારી રીતેથી જાણીછાંણવાલો હતો. અને શારા વેહવારને લીધે મરનારની વેપારી લોકોમો શારી આબરૂ તથા શાખ હતી. અને જાતે મેહનતુ વીશી અને નમંનતાઈવાલો હતો તેથી કરીને શારા શારા લોકો મરનાર પર મોટો પેઆર રાખતા હતા. અને એ મરનાર હરેક કોઈનાં કાંમને શારૂં પોતાથી બંનતી એટલી મેહ-નત કરવાને કશી રીતે ચુકતોતો નહી. એ ધણીનાં મરણ પાંમીઆથી મરનારનાં કુટંમબ-પરીવારને મોટું દુખ અને શનતાપ પેદા થાએ-એછે અને મરનારનાં મીતરોને ઘણી નાખુશી ઉપજીછે કે તે મરનારના શારા ગુણને લીધે શેવટનાં દાહડા લગે વીશરનાર નથી.

[મુંબઈના શમાચાર, ૨૪ મી જાનેવારી ૧૮૪૧.]

તા૦ ૨૬ મી ફેબરવારી.

રોજ ૧ માહ ૭ (ક૦) ૧૨૧૦ યજદજરદી.

બચુબાઈ તે અરદેસર દાદીભાઈનાં વીધવા—હમો હમારાં પતરમો અશતરીઓનું મરતીઉક જણાવતા નથી. તેહમો ઘાણું કરીને એ કારંણ પરથી કે તેણાંનાં કાંમ તથા ચાલ-ચલંણની ખબર બરાબર રીતે હોતી નહી અને જેહને ખબર હોએચ તે લખીને જણાવતું નથી.

કેમકે મરતીઉકની ખીના લખવી માતરે મીતર તથા જાંણુ પીછાંનવાલાઓને શજાવાર છે. કાંજે તે શઘલું જાંણે. પણ આપણા ગાંમડી લોકો એ રીતે કરવાથી ઘણા પછાત છે તે શાથે અશતરીઓ પોતાનાં ઘરગતુ કામોમો પોતાનો દાહડો ગુજારેછે. તેથી કરીને બીજાં શારાં કામો પછવાડે કોશશ કરી શખતાં નથી તેથીબી જાગનું લખવાનું હોતું નથી. પણ આ એક મરતીઉક કે જે લખવાને લાએઅક અને નોધ કરવા જોગ છે તે હમોએ હેઠલ પરગટ કરેઉંછે. આપણી ટાપુમોના મોટા ધરમાતુ અને પુનવાંન તથા ધનવાંન તથા પારશીનાં ટોલામો નાંમીચું નાંમ પાંમેલા ઘણી શવરગવાશી દાદીશેઠની વહુ અને અરદેશર શેઠની ધરીઆંણી અને ખરશેદજી શેઠની માએ શેઠાંણી બાઈ બચુબાઈએ ગએઆ શુકરવારે ઘણાં દાહડાનાં માંદથી આશરે ૮૦ વરશની વએમો આ જગત કે જેહમોથી કોઈને જએઆ વીનાંએ છુટકો નથી તે જંનજાલી જગતમોથી નીશરીને શવરગવાશી લોકોમો જાઈ વાશો કીધો. એ મરનાર શેઠાણીએ પોતાની આખી ઉમરમો ધરમનાં અને પુનનાં કાંમ શારાં સારાં અને પુશકલ કરેઆં છે કે તે આ વશતીના લોકોને શરવ કોઈને સારી રીતથી રોશન છે. એ મરનાર બાઈએ પોતાનાં મરનાર ધણીની બોજોરગી તથા નામને જાલવવાને શારૂં આજની ઘડીવર પોતાથી જે શારૂં કામ બની શએઉં તે કરવામો કશી રીતથી કશુર રાખી નહી અને હરેક ગરીબોને પોતાથી બની આવેઓ તેટલો આશરો કરેઓ અને કોઈનો શવાલ કરેલો આજ દીન લગે પોતાથી બનેઉં તાંહાં લાગે પાછો ફેરવેઓ નહી. અને પોતાથી જે મદદ તથા ખુબી થાઈ તે કરી દેખડાવી તથા પોતાનાં બોહલાં કુટંમબનાં ઘણાંએક માંણશોનું તથા બીજા ગરીબ લોકોનું આજ દીન લગે એ મરનાર શેઠાંણીએ પાલંન કરેઉં કે તેવી રીતે બીજી દોલતવાંન અશતરીઓને કરવું મુશકેલછે. હેવી ધરમ તથા પુનનાં કાંમ કરનારી અને ગરીબોને આશરો તથા મદદ કરનારી શેઠાંણીનાં મરવાથી મરનારનાં કુટંમબમો મોટી દલગીરી અને નાખુશી ઉપજી છે કે તે મરનારનાં ગુણને કદ્દુ કોઈ મંનથી હરગેજ મેલશે નહી અને હઈઆંથી ભુલશે નહી.

[મુંબઈના શમાચાર, ૨૮ મી ફેબરવારી ૧૮૪૧.]

તા૦ ૭ મી મારચ.

રોજ ૧૦ માહ ૬ (શે૦) ૧૨૧૦ યજદજરદી.

મનચેરજી માણેકજી ભંડારા—ગએઆ આઈતવારે તારીખ ૭ મી ચાલતા મહીનાંનીએ ઘણાંએક દાહડાનાં માંડથી આશરે ૬૦ વરશની ઉમરમો મનચેરજી માણેકજી ભંદારાએ આ જંનજાલી જગતમોથી નીશરીને અમરતી લોકોમો જાઈ વાશો કીધો. એ મરનારે પોતાની ઉમરનાં ઘણાં દાહડા વેપારનાં કામમો કાહાડેઆ તેથી કરીને આ ટાપુમો અશીણનો એક મોટો વેપારી કેહવાતો હતો પણ કપતાંન એલીઅતે વેપારી લોકોને નાણાં આપવા કબુલ કરીને વેપારી લોકોની અફીણની પેટી લઈને ચીનાને આપી દીધી તેહમો એ મરનારની પેહડીનીબી રકમબંદ પેટી આપેઆમો આવી અને તેનાં નાણાં મલેઆં નહી તેથી કરીને એ મરનારને મોટો ધોકો પોચેઓ અને છતી પુંજીએ ઘડીકના વચમાં વગર પુંજીવાલો થાઈ પડેઆને લીધે મરનારનો ધંધો બંધ થાઈ પડેઓ. એ મરનાર જાતે ગરીબ અને એકમારગી હતો. એ ધણીના મરવાથી મરનારનાં કુટંમબને મોટું દુખ અને જાંન પીછાંનવાલાઓને મોટી નાંખુશી ઉપજીછે.

[મુંબઈના શમાચાર, ૧૪ મી મારચ ૧૮૪૧.]

તા૦ ૩૦ મી મારચ.

રોજ ૩ માહ ૭ (શે૦) ૧૨૧૦ યજદજરદી.

દીનશાહ એદલજી ધનજી મેહુતાનાં, શ્રી શુરત મધે તારીખ ૩૦ મી ચાલતા મહીનાંની ગએઆ મંગલવારને દને આશરે ૫૮ વરશની વએમો કેટલાએક દાહડાનાં તાવનાં માંડથી શેઠ દીનશા એદલજી ધંનજી મેતાનાંએ આ જંનજાલી જગતમોથી નીશરીને આકાશી લોકોમો જાઈ વાશો કીધો. એ મરનાર ધણી મોટાં કુટંમબનો અને શઘલી પાંતીએ લાએકીવાલો અને શમજુ તથા નમંનતાઈ ભરેલો હતો. અને શારી આબરૂવાલો હતો. અને જાંહાંવેર

એ મરનાર શુરતમો વશતો હતો તાંહાંલગે તાંહાંનો એક શેઠીઓ હતો. અને પોતાની ઉમરનાં ઘણાખરા દાહાડા એ મરનારે વેપાર તથા રોજગાર તથા મોટી મોટી આડતનાં કાંમ કરેઆમો કાહાડેઆને લીધે વેપારનાં કામની શારી શમજ હતી. અને લોકોમો શારી જાંન પીછાંન હતી. પણ કોઈના દાહડા શરખા જાતા નથી. વાશતે છેલા દાહડા પર મરનારને ધંધામો નુકશાંની થાએઆને લીધે મરનારની પેહડી બંધ થાઈ. એ ધણોનાં મરણ પાંમેઆને લીધે મરનારનાં કુટંમબપરીવારમો મોટું દુખ ઉપજેઉંછે ને સાથે મરનારનાં દોશત તથા જાંન પીછાંનવાલાઓને મોટી નાખુશી પેદા થાઈછે કે તે એકાએક કોઈ વીશરી જાનાર નથી.

[મુંબઈના શમાચાર, ૪ થી આપરેલ ૧૮૪૧.]

તા૦ ૫ મી આપરેલ.

રોજ ૯ માહ ૭ (શે૦) ૧૨૧૦ યજદજરદી.

ફરદુનજી શોરાબજી પારખ—તારીખ ૫ મી ચાલતા મહીનાંની ગએઆ શોમવારને દને પોતાનાં રેહવાનાં ઘરમો ઘણાં દાહડા અને કશતી ભરેલા માંડથી આશરે ૬૨ વરશની ઉમરમો શેઠ ફરદુનજી શોરાબજી પારખે આ તરણ પાંચ દાહડાની ખોટી માએઆની જગતમોથી નીશરીને શવરગવાશ લોકોમો જાઈ વાશો કીધો. એ મરનાર નાંમાં તથા હશાબનાં કાંમમો શારો માહીતગાર હતો અને તે શાથે વીચાર અને બુધીવાંન હતો કે જેથી કરીને અતરેના લોકોમો દાહેઓ અને પકી શમજવાલો ધણી કેહવાતો હતો અને તેથી કરીને એ મરનારના હાથમો બોહલો કારભાર હતો અને આપણી ટાપુમો એક નાંમીચો વેપારી હતો. તે શાથે ભાએઅ-ગશારી હતો કે તે વેપારમો મોટો દરવ અને શારૂં નામ મલેઉંછે. અને આજ કેટલુંએક થાએઉં મુંમબઈમોનાં મોટા નાંમીચા અને એક વેપારી મીશીઅરશ જમશેદજી જીજીભાઈનાં છોકરાઓની કંમપનીની પેહડી ખાતે ભાગીઓ હતો. એ મરનાર નમંનતાઈવાલો અને માણુ-શની અછી રીતે પીછાંનનો કરનારો હતો અને ગરીબ લોકોને પોતાથી બનતું તાંહાંલગે આશરો તથા મદદનો કરનારો હતો અને પોતાના દરવાજા આગલ ખેરખેરાતનું કાંમખી શારી રીતથી રાખેલું હતું. કે જેથી કરીને એ મરનારના દરવાજા આગલ ભીખારી તથા કંગાલ લોકોની મોટી ભીડ થાતી હતી. મરેઆ વીનાંએતો કોઈ રેહેનારૂં નથી પણ જેહનાં હાથથી પાંચ માણુશ પલતાં હોએ અથવા રલતાં હોએ તેઆરે તેવા ધણીના મરવાથી તેવા ગરીબો નાંવારેશ થાએછે તેહનું વલી વધારે દુખછે.—એ ધણીનાં મરવાથી મરનારનાં કુટંમબ પરીવાર તથા ભાઈબંદોમો ભારે દુખ ઉપજેઉંછે કે તે મરનારના શારા ગુણની ઈઆદને લીધે કણુ મંનથી મેલશે નહી અને જીવથી ભુલશે નહી. અને તેજ પરમાંણે એ મરનાર શાથે જેણુંને મીતરાચારીનું નાતું હતું તેણાંવોનેબી મોટી નાખુશી ઉપજીછે.

[મુંબઈના શમાચાર, ૮ મી આપરેલ ૧૮૪૧.]

તા૦ ૧૬ મી આપરેલ.

રોજ ૨૦ માહ ૭ (શે૦) ૧૨૧૦ યજદજરૂદી.

જીવણજી શોરાબજી રાંડેલીઆ--શ્રી શુરતવાલા એક ભાઈબંધનો કાગજ આવેઓછે તેહમો દલગીરીથી લખેછે કે રાંડેલવાશી પારશી જીવંનજી શોરાબજી રાંડેલીઆ કે જે ધણીએ હજારો માંણુશોનાં ભાગા હાથ પગ તથા હાડકાં શાજાં કરેઆંતાં તેથી કરીને ભાગાં હાડ શાંધ-વાનાં કાંમમો કવી અને નાંમીચો ઉશતાદ કેહ-વાતો હતો તે શાથે જાતે માએઆવંનતો હતો કે જે કોઈ ગરીબને હેવું દુખ થાતું તો પોતાની ગાંઠના પઈશા ખરચી પોતાને તાંહાં રાખીને શારૂં કરતો તેથી કરીને લોકોમો શારૂં નાંમ પાંમેઓ હતો અને શેંકડો કોશવેરથી લોકો એ ધણીનું નાંમ શાંભલીને ભાગા હાથ પગ તથા હાડકાં શંધાવાને એ ધણી પાશે આવતાં હતાં. હેવો જશ એ ધણીને હાથે આવેઓતો તે બીચારો આશરે ૭૨ વરશની વએમો મરણ પાંમેઓછે.

[મુંબઈના શમાચાર, ૨૫ મી આપરેલ ૧૮૪૧.]

તા૦ ૨૮ મી આપરેલ.

રોજ ૨ માહ ૮ (શે૦) ૧૨૧૦ યજદજરદી.

રૂસતમજી તેહમુલજી રેડીમની—તારીખ ૨૮ મી એપરેલ ગએઆ બુધવારને દંને પારશી રૂશતમજી ટેમુલજી રેડીમનીનાંએ આશરે ૫૨ વરશની વએમો કેટલાંએક વરશનાં કશટ માંડથી આ વગર ભરોશાની અને ખોટી માએઆની જગતમોથી નીશરીને શવરગી લોકોમો જાઈ વાશો કીધો. એ મરનાર મોટાં ખાંનદાંનનો અને અશરાફી ભરેલો અને શોભાવંનતો અને શારા શવભાવનો અને જાતે ભલો એક પુરશ હતો. તેથી કરીને મોટા અને ભલા લોકોની શંગતમો એ મરનાર ફરતો હતો અને શરવ કોઈ મરનાર પર મોટી માએઆ કરતા હતા. અને જીવનો અસલથી મોજી અને શોકી હતો. પણ ઘણાં દાહડાવેર માંડ ભોગવવું પરેઉં તેથી કરીને એ મરનાર ઘણોજ દુખી થાઈ ગીઓ હતો.

[મુંબઈના શમાચાર, ૨ જી મેએ ૧૮૪૧.]

તા૦ ૧૯ મી મેએ.

રોજ. ૨૩ માહ ૯ (ક૦) ૧૨૧૦ યજદજરદી.

બરજોરજી નાનાભાઈ દાવર—તારીખ ૧૯ મી ચાલતા મેએ મહીનાંનીને દંને શહવારનાં કોટમો પોતાનાં રેહવાનાં ઘરમો શેઠ બરજોરજી નાનાભાઈ બનાંજીનાંએ આશરે ૬૨ વરશની વએમો ઘણાં દાહડાનાં કશટ માંડથી આ તરણ પાંચ દાહડાની વગર ભરોશાની અને ખોટી માએઆની જગતમોથી નીશરીને શવરગી લોકોમો જાઈ વાશો કીધો. એ મરનાર બનાજીનાં નાંમીચાં ખાંનદાંનનો તથા મોટા વેપારી અને જાતે ભલો તથા શોભાવંનતો અને ધીરા શવભાવનો એક પુરશ હતો અને મોટા અને ભલા લોકોની શંગતમોજ એ મરનાર ફરતો હતો અને શરવ કોઈ મરનાર પર મોટી માએઆ કરતા હતા. એ મરનારનાં ગુજરવાથી મરનારનાં કુટંમબ પરીવાર તથા ભાઈબંદોમો ભારે દુખ ઉપજેઉં છે કે તે મરનારના શારા ગુણની ઈઆદને લીધે કભુ મંનથી મેલશે નહી અને જીવથી ભુલશે નહી. અને તેજ પરમાંણે એ મરનાર શાથે જેણુંઓને મીતરાચારીનું નાતું હતું તેણુંઓનેઓ મોટી નાખુશી ઉપજીછે.

[મુંબઈના શમાચાર, ૨૦ મી મેએ ૧૮૪૧.]

તા૦ ૨૦ મી મેએ.

રોજ ૨૪ માહ ૯ (ક૦) ૧૨૧૦ યજદજરદી.

કાવશજી હોરમજજી મામા—હમોને લખવાને અને હાથમો પેન પકડવાને ભારે શંતાપ અને મોટું દુખ લાગેછે કે તારીખ ૨૦ મી ચાલતા મેએ મહીનાંની ગએઆ ભરેશપતવારને દંને બપોર પછે આશરે ૨ા કલાકે કોટમો પોતાનાં બજાર આગલનાં રેહવાનાં ઘરમો આશરે ૩૨ વરશની વએમો શાત દાહડાનાં માંદમો આ પતરનો આગલો હચીપતી પારશી કાવશજી હોરમજજી ભીખાજી મામાનાંએ આએ કમીની તથા બેવફાઈ અને જુઠી માએઆની જગત છોડી શદાની શાચી અને હમેશેનાં શવરગવાશી લોકોમો પોતાનાં ભાઈબંધ તથા પરાંણી મીતરોને ભારે પરીતની માએઆ દેખાડી ચાલ પકડી ગએઓ. એ મરનાર ઘણી શારાં વંનશનો અને જાતે એક ભલો અને દાહપંણવાલો હતો અને અતરે તથા ઘણાંખરાં દેશાવર ખાતે શારી જાંનપીછાંણ હતી અને વલી તે શાથે મરનારે તેણી પરાંતનો શંધેશો પણ નીત જારી રાખેઓ હતો. તેથી ઘણીખરી ઉતાવલી ખબર એ ધણીને મલતી હતી. એ ધણી વીદીઆમો શારો પુરવીન હતો તેહમો ગુજરાતી તથા બાલબોધ અખશરની લખેલી ગુજરાતી તથા થોડીએક ફારશી ભાખશા પણ જાણતો હતો અને અંગરેજી વીદીઆ હેવીતો જાંણતો હતો કે પોતે તેહનું શારીપેઠે ભાશાંનતર પણ કરી શખતો હતો. એ ધણી ગુજરાતી લખવામો હેવોતો ઉતાવલો હતો કે તેવા થોડાજ ધણી હશે. તે શંગાથે તે લખવું વલી શુધ કે તેવું શુધ લખવાનું તો આપણા ઘણાખરા લોકોતો મુલ શમજતા નથી. અને હરેક વાત શાંભલી પોતાનાં દાહપણથી લખવામોતો જાણે એક ગરંથકાર હતો. એ શઘલી ખુબી શાથે મોટી ખુબી એ હતી કે શરવ કોઈને નમીને ચાલવું. મીઠા શબદથી બોલવું. ગમે એ હોએ તેહને માંન આપવું. કોઈ માંડું બોલે તે શાંભલી રેહવું. તેહનો પાછો ઉતર વાલવો નહી. અગત જેટલુંજ બોલવું. કોઈનું કામ પોતાથી બને તેહમો આશરો આપવો. હેવીજ

બલમંનશાઇ અને ખુબીથી ગએઆં શાત વરશથી વધારે થાઇઉં મુખતીઆરીથી એ પતરના અધીપતીનું કાંમ ચલાવેઉં. હેવી ઓતંમ ભરેલી ખુબી શાથે એ મરનાર પોતાનાં પાક જરતોશતી ધરમ વીશે પણ ઘણો ખરો માહીતગાર હતો. અને પોતાથી બને તેટલી પરમેશવરની ભગતી પણ કરતો હતો. એટલી બધી નેકી કીધાથી એ મરનારનાં શું દરવવાંન કે શું ગરીબ એટલાતો માતર થાઇ પડેઆતા કે તેહમો થોડાંજ લોકો એ મરનારને ઓલખવાને બાકી હશે. હેવા ધણીનાં ટુકી વએમાં મરવાથી એ ધણીની માતા તથા ભાઇ તથા છોકરાં તથા કુટંમબ પરીવારને હેવાતો કાલેજે ધાહો લાગાછે કે તે જારે ઇઆદ આવશે તારે તેહમોથી લોહી વીનાંએ બીજુ કાંઇ ટપકશે નાહી. તથા એ મરનારનાં ભાઇબંધો તથા મીતરોને જેમ જેમ એ ધણીનાં મંનની ઇઆદ આવતી જાશે તેમ તેમ હવે પછે દુખ લાગતું જાશે. હાવા નામીચા હઘીપતીનાં ગુજરેઆથી આ કારખાંનાંના માલેકને અતીઘણી દલગીરી ઉપજીછે અને એ મરનાર ધણીએ જે પોતાનો ઓહોદો દાહાપણ તથા લાએકી અને શચાઇથી ચલાવેઓ તે વીશે તેહનું મોટું એહશાંન જાંણેછે.

[મુંબઇના શમાચાર, તા૦ ૨૩ મી મેએ ૧૮૪૧.]

20*th May* 1841.

COWASJEE HORMASJEE MAMA.—We are sorry to record the death of Cowasjee Hormusjee Mama, Editor of the Bombay *Summachar*, who died on the 20th instant, at ½ past 2 o'clock P.M. He conducted the *Summachar* Newspaper with great ability and credit to himself for a period of 7 years. His talents and acquirements were acknowledged by all who knew him; and his loss is regretted by a numerous circle of friends, whom his affability and urbanity of manners had procured him.—*Communicated.*

[*Bombay Times, 22nd May.*]

તા૦ ૧૬ મી જુલાઈ.

રોજ ૨૧ માહ ૧૦ (શે૦) ૧૨૧૦ યજદજરદી.

શાપુરજી ફરદુનજી કમીશરીવાલા—શ્રી શુરત મધે તારીખ ૧૬ મી ચાલતા મહીનાંનીને દીને પારશી શાપુરજી ફરદુનજી વીઆજઓરાએ આશરે ૫૨ વરશની વએમો કેટલાએક દાહડાનાં માંડથી આ તરણ પાંચ દાહડાની વગર ભરોસાની અને ખોટી માએઆની જગતમોથી નીશરીને શદાનાં શવરગવાશી અમરતીઉક લોકોમો જાઇ પોતાનો ચંદરોકાલ શુધીનો વાશો કીધો. એ મરનાર ધણીએ પોતાની ઉમરનાં કેટલાંએક વરશ ધંધા રોજગારમો કાહડેઆંછે. અને તેઆર પછે નાંમદાર કંમપની શરકારની કેમેશરી ખાતાંની ચાકરી શારી ઇમાંનદારીથી બજાવી હતી. તે ઉપરથી એ મરનારને બેડો મુશારો મલતો હતો. એ ધણી મીતરાચારીને લાએકનો અને ઠંડા શવભાવનો અને શમજુ તથા મોટા પેઆંનવાલો હતો. તથી એ ધણીનાં મરવાથી એ મરનારનાં કુટંમબ પરીવારમો અને દોશત આશનાવમો એક મોટું દુખ ઉપજેઉંછે.

[મુંબઇના શમાચાર, ૨૫ મી જુલાઇ ૧૮૪૧.]

16*th July* 1841.

SHAPURJEE FURDOONJEE COMMISSARIATEWALLA.—At Surat, on the 16th July, Shapoorjee Furdoonjee Esq. aged 51 years, leaving a large family to deplore his irreparable loss. He was in the service of Government in the commissariat department for a long time, and had received a medal from Government as a mark of its approbation of his services.

[*Bombay Times, 28th July.*]

1*st August* 1841.

NOWROJEE PESTONJEE BANAJEE.—At Girgaum, on the 1st of August, after 21 days fever, aged ten years and six months, Nowrojee Pestonjee, the son of Pestonjee Nowrojee Cowas-

jee and Grandson of Framjee Cowasjee. He was a clever, intelligent and promising youth and his death is deeply regretted by all his family.

[*Bombay Gazette, 9th August.*]

17*th September* 1841.

HORMASJEE COWASJEE SHROFF.—At Bombay, on the 17th inst., Hormasjee Cowasjee, Head Shroff, Civil Pay Office "aged 38 years." He served in this situation with zeal and ability for a period of nearly 20 years, where his Father had served for nearly 40 years with credit and respectability. He had the well merited esteem of his Employers, and a very large circle of Relations and friends, who with his parents and family, justly lament, and deplore his loss, and premature death.

[*Bombay Gazette, 27th September.*]

• તા૦ ૧ લી નવેમબર.

રોજ ૮ માહ ૨ (શે૦) ૧૨૧૧ યજદજરદી.

જમશેદજી મનચેરજી દેસાઈ—હમોને લખવાથી મોટી દલગીરી ઉપજેચ કે શ્રી નવશારી મધે ચાલતા મહીનાંની તા૦ ૧ લીની રાતરે બાર ઉપર ૧ કલાકને અમલે દેશાઇ જમશેદજી મંનચેરજીએ આશરે ૬૪ વરશની વએમો ઘણાં દાહડાનાં કશર ભરેલા માંહથી આ તરણ પાંચ દાહડાની વગર ભરોશાની અને ખોટી માએઆની જગતમોથી નીકલીને વહીકુંઠવાશી લોકોમો જાઇ પોતાનો ચંદરોકાલ શુધીનો વાશો કરેઓ. એ મરનાર બાપદાદેથી દેશાઇનાં ખાંનદાંનનો એક નાંમીચો અને હશતાં મોહડાંનો તથા ખુશ મીજાજનો અને શવભાવનો ચોખો અને શબદનો મીઠો અને પાકી બુધીનો પુરશ હતો. એ મરનારની ઓલખાંન આગીએતો નોશારીવાલા મોટા દેશાઇનાં વંનશથી છે કે જેણે પારશીનાં ટોલાંનાં ભલાંને શારૂં આગલા વખતમો પોતાથી બની આવીઊં તે કરીને નાંમ મેલવીઊં છે કે તે વાતને એક બાલક પણ આજના વખતમો એ ખાંનદાંનનાં નાંમ લેણાંની ઇચાંની કબુલ રાખેછે તેવાં નાંમીચાં ખાંનદાંનનો એ મરનાર હતો. એ મરનાર ધણીએ શરવ શાથે નમંનતાઇમો ખુબી કરીછે પછે શું તવંગર કે શું ગરીબ શરવે કોઇને શરખી રીતે નમીને આબરૂ આપેઆ વીનાંએ રહેઓ નથી તેથી કરીને શરવ કોઇ એ મરનારની મુલાકાત લાધાથી ઘણાં ખુશી હતા. એ મરનારમો બુધીએ હેવુંતો રેહઠાંણ કરીઊંતું કે જેથી એ ધણીએ પોતાની શઘલી વએના દીવશ મોટાં રાજદાઆરી કાંમમો ખરચ કરી હતી તેથી કરીને રાજદાઆરી બાબતમો એ ધણીનાં વીચારને ઘણાં શાહેબો પશંદ રાખતા હતા. એ મરનાર એટલોતો માએઆવંતો અને મોટાં ધેઆંનવાલો હતો કે હરેક આદમી પોતાની કોઇ બાબતશર એ મરનાર પાશે જાઇ ઉભો રેહતો તેહની વાત શંઘલી શાંભલી લેઇ જે પોતાથી બની આવતી તે મદદ કરતો પણ કશી રીતે કંટાલતોતો નહી. તે શાથે પોતાનાં ખાંનદાંનનાં શંઘલા આદમીઓને પોતાની અમારપશંદ બુધીથી હેવાંતો ફાંટમો રાખી રહેલો હતો કે તેહની અપરંમપાર માએઆનાં શબબને લીધે કોઇ તેહની ફાંટમોથી ખીશીઊંતું નાહી તે શંઘલાંની એ મરનારનાં મોતની ઉતાવલને લીધે ખરાબી થાઇછે. હેવી ખુબીનાં અને માહી બોલીનાં બોલનાર ધણીનાં મરણ પામવાને લીધે તેહનાં ફરજંદોને તથા કુટંમબ પરીવારને મોટું શંતાપ ભરેલું દુખ ઉપજીઊંછે કે તેવો એ મરનારની ઇઆદ જાંહાંશુધી જીવશે તાંહાંશુધી કવચીત મનથી મેલશે નાહી અને હઇડાંથી ભુલશે નાહી.

[મુંબઇના શમાચાર, ૭ મી નવેમબર ૧૮૪૧.]

ઈ૦ સ૦ ૧૮૪૨.

તા૦ ૧૯ મી જાનેવારી.

રોજ ૨૩ માહ ૪ (શે૦) ૧૨૧૧ યજદજરદી.

બેહરામજી દાદાભાઈ નાણાંવતી—હમારા એક ભાઈબંધે પોતા ઉપર આવેલાં તરણ કાગજો હમોને વંચાવેઆંછે તે મધે શ્રી અમદાવાદનાં ચાલતા મહીનાંની તારીખ ૨૦ મીનાં કાગજમો લખેચ કે ગઈ કાલ દીને શુરત વાલો પારશી બેહરાંમજી દાદાભાઈ કે જે અમદાવાદની કેમશરી ખાતાંમો ચાકરી કરતો હતો તે ધણી એક બેએ દીવશના હલકા માંદમો પાછલા પોહરનાં આશરે ૫॥ કલાકને અમલે ગુજરેઓછે. કે એ ધણીનાં ગુજરી જવાને લીધે શ્રી અંમદાવાદના શંઘલા પારશીઓને મોટું દુખ ઉપજીઉંછે કાંએકે એ ધણી ઘણો ડાહેઓ અને શારી શોચણુંવાલો તથા મોટાં ધેઆંનવાલો હતો. કે જે પારશી અંમદાવાદમો આવતો તેહની એ મરનાર પોતાની ગુનજાશ પરમાંણે ખીદમત કરતો હતો. તે શાથે એ મરનારે શ્રી અંમદાવાદમો દખમું બાંધવાનું મોટું પુનનું કાંમ પોતાને માથે લીધું હતું. વાશતે હેવા શખશનાં ગુજરી જવાને લીધે શ્રી અંમદાવાદનાં દઆજદાંપરશતી લોકોમો અલબતે દુખ ઉપજીઆ વીનાંએ રહીઉં નહી હશે.

[મુંબઈના શમાચાર, ૩૦ મી જાનેવારી ૧૮૪૨.]

તા૦ ૨૨ મી આપરેલ.

રોજ ૨૬ માહ ૮ (ક૦) ૧૨૧૧ યજદજરદી.

નવરોજજી દોરાબજી ચાંનદારૂનો છોકરો—ખબર આપવાને દુખ લાગેચ કે આએ પતર બનાવનાર એરવદ નવરોજજી મોબેદ દોરાબજીનો એકનો એક છોકરો શીતલાનાં રોગથી આશરે ૬ વરશની વએમો આજ દીને મરણ પાંમેઓ. તેહની માહતંમપોશીમો હેનો બાપ પડેઓચ તેથી આજનું પતર હરી પરી ખબરોથી ભરીને પુરૂં કીધુંચ.

[મુંબઈના ચાબુક, ૨૨ મી આપરેલ ૧૮૪૨.]

તા૦ ૩૦ મી આપરેલ.

રોજ ૪ માહ ૯ (ક૦) ૧૨૧૧ યજદજરદી.

હોરમજજી દોરાબજી લશકરી—ગએઆ મહીનાંની તારીખ ૩૦ મી અને શંનવારની રાતરે આશરે બાર ઉપર બેએ કલાકને અંમલે પોતાનાં રેહવાનાં ઘર મધે તરણ ચાર દાહડાનાં માંડથી આશરે ૭૮ વરશની વએમો શેઠ હોરમજી દોરાબજી લશકરીનાંએ આ તરણ પાંચ દાહડાની વગર ભરોશાની અને ખોટી માએઆની જગતમોથી નીશરીને શદાનાં શવરગવાશી અમરતીઉ લોકોમો જાઈ પોતાનો ચંદરોકાલ શુધીનો વાશો કરેઓ. એ મરનાર ધણી પારશીની પંનચાતનાં શેઠીઆઓમોનો એક શેઠીઓ અને આપણી ટાપુનો એક નાંમીચો વેપારી હતો કે જેણે લગભગ પોતાની શંઘલી ઓમર વેપારનાં કાંમમો ખરચ કરેલી છે અને એ મરનાર વીચારવાંન તથા શારાં ધેઆંનવાલો હતો કે જેથી કરીને એ મરનાર અતરેના લોકોમો પકી શહમજવાલો ધણી કેહવાતો હતો. એ મરનારે પોતાના વેપારનું કામ બોહોલી રીતે ચલાવીઉંછે અને આપણી ટાપુમો એ ધણી એક શારી હીમતવાલો વેપારી હતો તે શાથે એ મરનાર ભાએગશારી તથા નમંનતાઈવાલો અને માણશની અછી રીતે પીછાંનત કરનારો હતો. એ મરનાર ધણી શારા શભાવનો તથા ભોલાં મનનો અને શાદે દેલ હતો. આએ જંજાલી જગતમોથી માનોઈ આલમમો જાએ આ શીવાએતો કોઈ રેહનારૂં નથીજ પણ જેહનાં હાતથી પાંચ માંણશ પલતાં હોએ અથવા રલતાં હોએચ તઆરે તેવા ધણીનાં મરવાથી પેલાં લોકોને મોટી અવશથા પરાપત થાએચ અને નાવારેશ થાએછે તેનું વલી વધારે દુખ છે.—એ ધણીનાં મરવાથી તેહનાં કુટંમબ પરીવાર તથા ભાઈબંદોમો ભારે દુખ ઉપજીઉંછે કે તે મરનારના શારા ગુણની ઈઆદને લીધે કદુ મંનથી મેલશે નહી અને જીવથી ભુલશે નહી અને તેજ પરમાને એ મરનાર શંગાથે જેણાંવાને મીતરાચારીનું નાતું હતું તેણાંવાનેબી મોટી નાંખુશી ઉપજીછે.

[મુંબઈના શમાચાર, ૫ મી મેઅ ૧૮૪૨.]

30*th April* 1842.

HORMASJEE DORABJEE LASCARY.—It is with sincere regret, I have to announce the demise of one of the most venerable and amiable of Gentlemen, Hormusjee Dorabjee Esq., who departed this life at 2 o'clock on Sunday morning the 1st instant, after suffering illness of about 4 days, aged 78 years, 2 months, and 7 days, and resigning to the will of the Almighty. Notwithstanding his long residence in this Presidency and China, his amiable disposition gained him the esteem and friendship of all who had the pleasure of his acquaintance, and his long experienced opinion in commercial affairs, was very useful to his friends and acquaintance, and his loss will be most deeply felt not only by his family, but throughout all his friends here and in England, and most especially to friends in China, at which Port he spent a majority of his life: and his well known person gained him the friendship of the most noble Chinese of the celestial empire of China. He has left a disconsolate family and two aged sons to bemoan the irreparable loss of a fond and affectionate protector and parent.—(Communicated.)

[*Bombay Times, 4th May.*]

તા૦ ૨૮ મી મેએ.

રોજ ૨ માહ ૯ (શે૦) ૧૨૧૧ યજદજરદી.

મેહુરવાંનજી દાદાભાઈ કશકા—અફશોશ છે કે કોલેરાનો ધાટકી રોગ પોતાનાં ભારી બલ શાથે હજુર શુધી લોકોમાં ઉપદરવ કરેછે અને તેહનાં જુલમથી કેહવી ભએ ભરેલી રીતે લોકોનાં જીવની ઘાટ થાએછે કે તે વીશે કાંઇ કેહવાને દાખલો નથી. પણ હમોને લખવાને મોહોટો શંતાપ અને ભારે દુખ ઉપજેછે કે ચાલતા મહીનાંની તા૦ ૨૮ મીને દીને સહવારનાં આશરે ૬ કલાકને અમલે એ દુશટ કોલારાના રોગથી એક વીદિઆવાંન અને જુવાંન પારશી નાંમે મેહરવાંનજી દાદાભાઈ કશકાના પોતાની ૨૮ વરશની ટુકી વએમાં મરંણ પાંમેઓછે. અફશોશ છે કે એ મરનારની ઉમરે કશી રીતે વફા નાઇ. કોંઇ નહી કંઇ એ ધણીએ પોતાની ટુંકી ઉમર શંધરી વીદીઆ શીકીઆ ઉપરજ કાહાડીછે. એ ધણી નેટીવ એડયુકેશંન શોશાઇટીના અંગરેજી નીશાલમાં એક ઘણોજ વખણાએલો ટીચર હતો. અને અંગરેજી લખવા પડવામાં ઘણો હોશીઆર હતો તે શાથે ગણીત વીદિઆ તથા ભુગોલ વીદિઆ તથા ખગોલ વીદિઆ તથા જાડપાનની વીદિઆ તથા રશાએન શાશતર તથા વઇદિક શાશતર વગેરેમાં ઘણો કાબેલ થાએઓ હતો. તે ઉપરથી હેવું જોવામાં આવતું હતું કે એ મરનાર ધણીની ઉમરે જો દગો કીધો નહી હતે તો એ ધણી પારશીઓમાં એક ઘણો વખનાએલો વીદિઆવાંન અને નાંમીચો ધણી થાઇ પડતે. એ ધણીનાં લખશણથી જેઓ જાંણીતાછે તેઓ તેહની વખાંણ કરેઆ વગર રેહશેજ નહી. એટલુંજ હમોને અહીંઆં કેહવાને બશછે. હવે એ ધણીનાં કવખતનાં મોહોતથી તેહનાં કુટંબમાં અને તેહના મીતરોમાં હેવો તો ગમ પેદા થાએઓછે કે તે કદી તેઓનાં મનમાંથી નીકલશેજ નહી. તે શાથે પારશીનાં ટોલામાંનાં વીદિઆ અભેઆશીઓનાં દેલમાં મોહોટો પશતાવો રેહી જાશે.

[મુંબઈનાં શમાચાર, ૨ જી જુન ૧૮૪૨.]

તા૦ ૨૫ મી જુન.

રોજ ૩૦ માહ ૯ (શે૦) ૧૨૧૧ યજદજરદી.

હોરમજજી ભીખાજી ચીનાઈ—મરતી ઉકની ટીપમાં એક નાંમ વધારે નોંધવાને દુખ લાગેછ કે આપણી ટાપુંનો નાંમીચો વેપારી શેઠ હોરમજી ભીખાજી ચીનાઈ ઘણાં દાહડાનું શખત માંદ ભોગવીને અંતે તારીખ ૨૫ મી જુન ૧૮૪૨ એટલે જે ગેઇરાતનાં આશરે ૧૦ કલાકે કોટમાં પોતાનાં રેહવાનાં ઘેરમાં ગરણ પાંમેઓ. એ મરનાર શાચો શુધો અને ગામાંનો વેપારી

હતો તે સાથે એકમારગી તથા મલતા વીસેકોને બહુ દુખ ઉપજીઉં કે તે એકાએક વીસરાસે નહી.

[મુંબઈના ચાબુક, ૨૬ મી જુન ૧૮૪૨.]

તા૦ ૨૬ મી જુલાઈ.

રોજ ૧ માહ ૧૧ (શે૦) ૧૨૧૧ યજદજરદી.

ખરશેદજી રૂસતમજી મુનશી—તારીખ ૨૬ મી જુલાઈને દીને શહવારનાં કોટમો હેનાં રેહવાનાં ઘરમો દોસત ખરશેદજી રૂશતમજી મુનશી થોડાએક દાહડાનાં માંદમો આશરે ૩૬ વરસની વએમો આએ મોજ અને જોખની દુનીઆંમોથી નીકલીને આકાસી અને અમરગ લોકોની વશતીમો જાઈ વાશો કીધો. એટલે જે મરી ગએઓ. જો પણ દોશત ઓશરૂહુ એ કાંઈ મોટા અને ઓહોલા વેપારમો પડીને નાંમ નહી કાહાડીઉંતું કે તેથી હેનું નેક નાંમ આએ ઘરથીની વશતીમો આશકારા હોએ તોહોપણ તે અશીલ, નીમકહલાલ, નેક, નીરમલ, ખાશ ખાંનદાંની, ખુબશુરત, ખુબીવાંણુ, એલચીઓ, શાહાંમણો, શોભીતો, (પોતાની ગુનજાશ પરમાંણે) શખી, શાદો, શફાઈ ભરેલો, શુધો, શાચો, શેઆંણો, અકલગુણી, શંમપુરણી, શવભાવીક, મીલંનશાર, માએઆલુ, મેહેરબાંન, મોહોટો, અને ટુકાંમો કહીજીએચ કે દએઆલુ અને દોશત પરશ્ત હતો તેથી હેનું નેક નાંમ અને ખુબી આએ ઘરથીનાં ગુજરેલા નાંમવરોની ટીપમોથી એકાએક ભુશાઈ જાશે નહી. ઓશરૂ અછો દોશત હતો. શાચો ભરથાર હતો. ખરો બાપ હતો. શેઆંનો ભાઈ હતો. અને તેહનાં માંબાપોનો નેક છોકરો હતો. હેનાં ટુકી અને જુવાંન વએમો ગુજરવાથી હેની ઘરડી માતા, હેની દુખીઆરી વીધવા, હેનાં લાડકાં બચાં, હેનાં બાજુના ભાઈઓ, હેનાં ઘણાં એશો, અને હેનાં શઘલા દોશતોને હેવો તો ચોલો રહી ગીઓચ કે તે મુદત શુધી મંનથી મેલાશે તથા હઈડાંથી એકાએક ભુલાશે નહી.

પરમેશવરે આપેઓતો—
તેહવોજ પરમેશવરે પાછો લીધો—
તે પરમેશવરનાં કીધા ઉપર આફરીનછે.

[મુંબઈનાં ચાબુક, ૨૯ મી જુલાઈ ૧૮૪૨.]

તા૦ ૧૦ મી આગશટ.

રોજ ૧૬ માહ ૧૧ (શે૦) ૧૨૧૧ યજદજરદી.

પેશતનજી કાવશજી વકીલ—
શ્રી થાંણાંનું મરતીઉક.

તારીખ ૧૦ મી આગશટની રાતનાં કલાક ૮ાા ને અમલે પારશી કાવશજી વકીલનો એકનો એક છોકરો નાંમે પેશતનજી આશરે ૨૮ વરશની વએમો થોડા દીવશનાં માંદમો આ જગતની જુઠી માએઆ છોડીને વઈકુંઠવાશી લોકોમો જાઈને વાશો કીધો. એ મરનાર ઘણોજ ચતુર અને લાએકતવાલો તથા કુટંમબ પરવર તથા દોશતપરશત તથા માનો શુધો અને શેઆંનો તથા પોતાનાં કાંમમો પુરો ખબરદાર હતો. હેનાં ટુકી વએમો ગુજરી જવાથી જે માશાલે હેનાં ભારે મોટાં કુટુંમબમો તેજ માશાલે અને દીન તથા જુદદીન અતીઘણાં દોશતોમો શંતાપ અને કુહડાપો ઉપજેઓછે તે એકાએક મંનથી મેલાશે તથા હઈડાંથી ભુલાશે નહી.

[મુંબઈના ચાબુક, ૧૪ મી આગશટ ૧૮૪૨.]

તા૦ ૨૧ મી શપટેમબર. •

રોજ ૨૩ માહ ૧ (ક૦) ૧૨૧૨ યજદજરદી.

મનચેરશાહ ફરદુનજી કોહીઆર—શ્રી ભરૂચ મધે તારીખ ૨૧ મી શપટેમબર ૧૮૪૨ ને દીને થોડાએક દાહાડાનાં તાવનાં રોગના રોગથી મનચેરશાહ તે ફરદુનજી ખરશેદજી કોહિઆનો નાંધલો છોકરો ૧૬ વરશની વએમો આએ જંનજાલી દુનીઆંમોથી કુચ કરીને આકાશવાશી લોકોમો જાઈને વાશો કીધો. એ મરનાર ઘણોજ ચાલાક અને ખુબીવાંન તથા ખુબશુરત જુવાંન હતો. અને ટુકી વએમો હેવોતો પહરેજગારી તથા ઈમાંનદારીથી જરથોશતી ધરમની તાબેદારી કરતો હતો કે તેહની વખાંણ લખવાને શબદો નથી મલતા. એ મરનાર નાંધલી વએમો અંગરેજી ફારશી ગુજરાતી તથા બીજી કેટલીએક હીનદોશતાંનમો વપરાતી જુબાનોમો પુરવીણ થાએઓ હતો. હેનાં ગુજરવાથી હેના જઈફ માંબાપ તથા બુજોરગ બપાવા તથા બીજાં અતીઘણાં એશો તથા મીતરોને મોહોટો શંનતાપ અને ભારે વતવતો રેહી

ગીઓચ તે શેવટનાં દાહાડા શુધી મંનથી મેલશે તથા હઈડાંથી ભુલશે નહી.

[મુંબઈના ચાબુક, ૨૮ મી સપટેમબર ૧૮૪૨.]

21*st* *September* 1842.

MANCHERSHA FURDOONJEE KOHIYAR.—At Broach, of a few days fever, Munchersha, the beloved son of Furdoonjee Cursetjee, aged about 16 years. This lamentable occurrence reduces the deceased's unfortunate parents and a large circle of relations to the extreme end of misery. The early genius of the boy was uncommonly admirable, and his loss is greatly felt by those who know him.

[*Bombay Times*, 1*st* *October*.]

તા૦ ૨૮ મી સપટેમબર.

ગાથા ૫ (શે૦) ૧૨૧૧ યજદજરદી.

હોરમજજી દાદાભાઈ આલપાઈવાલા, શ્રી શુરત મધે તારીખ ૨૮ મી ગીઆ શપટેમબર મહીનાંનીને દીને રાતનાં શેઠ હોરમજી દાદાભાઈ આલપાઈવાલા કેટલાએક દાહાડાનાં કશટ ભરેલાં માંદથી ગુજરીને આકાશી લોકોમો વાશો કીધો. એ મરનાર શ્રી શુરત શેહેરનો મોહોટો અને નાંમાચો તથા પંકાએલો રૂઈનો વેપારી હતો અને પોતાની શઘલી વએ વેપારનાં કાંમમો મોહટી ચતુરાઈથી ગુજારી હતી. એ મરનાંર વેપારનાં કાંમમો શુધો—શાચો—અને ભારે હીમતવાંન હતો—તે શાથે માએઆલુ—મેહેરબાંન—અને શખી તમેનો શાચો મીતર અને ખરો દોશત પરશત હતો. અઇઆશમો ઉધરેલો ધીરા શવભાવનો પરોણાં પાલનાર પવીતર અને પાક હતો. હેનાં મોહલા વેપાર હેઠલ હજારો રાંક લોકોનું પાલણ થાતું હતું અને અતરેનાં શર જમશેદજી જીજીભાઈનાં વેપાર ખાતાંની પેહેડીનો તથા શઘલાં કાંમનો આડતીઓ હતો હેનાં ટુકી વએમો ગુજરી જવાથી હેનાં જઈફ બાપ અને જુવાંન વીધવા અને નાંદાંન બચાંવો અને પેઆરા ભાઈ અને હેનાં અણગણીત મીતરોને જે ભારે દુખ અને મોહટો શંનતાપ ઉપજેઓચ તે તેવોની છેલી ઘડી શુધી મનથી મેલાએ તથા હઈડાંથી ભુલાએ તેહવો નથી.

[મુંબઈના ચાબુક, ૫ મી અકટોબર ૧૮૪૨.]

તા૦ ૨૮ મી નવેમબર.

રોજ ૨૭ માહ ૨ (શે૦) ૧૨૧૨ યજદજરદી.

પેશતનજી માણેકજી કોહલા—લખવાને દલગીરી લાગેચ કે ગએઆ ભરેશપતવારને દીને આપણી ટાપુમાનાં રેહવાશી પારશી પેશતનજી માણેકજી કોહલાએ થોડા દીવશનાં માંડથી આશરે ૬૧ વરશની ઉમરમો આ તરણ પાંચ દાહડાની જુકી અને વગર ભરોશાની ખોટી માએઆ ભરેલી મરતીઉક આલંમમાથી નીકલીને અમરતીઉ મીનાઈ આલમમો જઈ વાશો કરેઓ. એ મરનાર જાતે ઘણો નમંનતાઈ ભરેલો અને શારા શવભાવનો તથા ખુશ મીજાજનો અને માએઆલુ હતો. અને એ મરનારે પોતાની ઓમર ઘણું કરીને અંગરેજી ધારાના અમલદારોની લખવાનાં કામની ચાકરીમો ગોજારી હતી તેથી કરીને એ ઘણો અંગરેજી હકુમતનાં ધારા તથા તેહના કાંયદાથી અછી રીતે માહીત થાએલો હતો તે શબબ ઉપરથી ઘણાંએક લોકોનાં લેનદેણ વીશેનાં જઘડા ભરેલાં કાંમો એ મરનારના હાથથી શારી હાલતે ગોજર પાંમેઆછે તેથી અતરેના ઘણાખરા લોકો શંગાથે એ મરનારને મીતરાચારીની ગાંઠ બંધાઈ હતી તે શંઘલા લોકોમો એ શખશનાં મરણ પામવાથી મોટી દલગીરી તથા તેહનાં ફરજંદોમો મોટું દુખ પેદા થાઈઉ છે કે તે મનથી મેલવું અને દેલથી ભુલવું મુશકેલ છે.

[મુંબઈના શમાચાર, ૨૭ મી નવેમબર ૧૮૪૨.]

ઈ૦ સ૦ ૧૮૪૩.

તા૦ ૨૧ મી ફેબરવારી.

રોજ ૨૬ માહ ૬ (ક૦) ૧૨૧૨ યજદજરદી.

હીરાજી નવરોજજી લાએર અને ફરાંમજી જમશેદજી બાટલીબોઈ—કેહેવાને દુખ લાગેચ કે પારશીનાં શેરકામેથી બે જઈફ મરદે આદમાઓ બે દાહાડાની મુદતમા આએ ફાંની દુનીઆંમાંથી ઉઠીને આકાબી લોકોમા કુચ કરી ગીઆ. એક હીરાલાએર અને બીજો ફરાંમજી શુકો—એ બધેનાં એકની વએ ૮૫ વરશની અને બીજાની વએ ૮૨ વરશની હતી. ઘણી મુદત થાઈ એ બંધે જઈફોની વાત હેનાં માતરો શેહરગમા જોતા હતા તેવોની આશેઆ અંતે પુરી પડી અને તેવોને નાંમીચી રમુજ મલી.

[મુંબઇના ચાબુક, ૨૪ મી ફેબરવારી ૧૮૪૩.]

તા૦ ૨૭ મી આપરેલ.

રોજ ૧ માહ ૯ (ક૦) ૧૨૧૨ યજદજરદી.

રૂસતમજી કાવશજી પટેલ—તારીખ ૨૭ મી એપરેલને દીને એટલે જે ગેઈ રાતનાં મુમબઈનાં કોટમા પોતાનાં રેહવાનાં ઘરમા—પારશીનાં શેરકાનો નાંમીચો અકાબર શેઠ રૂશતમજી કાવશજી પટેલ (૬૫) વરશની વએમા જીનતનીશીન થાએઆ. રૂશતમજી કાવશજી પટેલ તથા તેમના બુજરગોની બુજોરગી અને તેમનાં ખાંનદાંનની અશરાફીઅત એશીઆ તથા યુઅરોપખંડનાં લોકોમા હેવીતો આશકારા અને મશહુર છે કે તે વીશે હમોને લંબાંણ કરવાની કશી જરૂર નથી. રૂશતંમજી પટેલનું ખાંનદાંન આપણી ટાપુમા પુરાંણાંમા પુરાંણું અને જુનાંમા જુનું વશીલદારછે—આશરે દોહોડશોથી વધારે વરશ થાએઆં એક દોરાબજી પટેલ જે મરનાર રૂશતમજી પટેલનાં બાપના બપાવા થાએ તેવોએ પારશીનાં શેરકામા પેહલ વેહલી મુમબઈમે વશતી કીધી અને તે દાહડેથી તે આજ શુધી એ બુજોરગ ખાંનદાંનનો વશીલો પટેલાઈ કરતો આવેઓચ. મરનાર રૂશતમજી પટેલની અંદરમાહની રોશનીને જેહવી આશકારાછે તેથી હમો જેટલું બોલશું તે શઘલું વેરથ અને અધુરૂં છે. એ મરનાર જેહવો પરેજગાર તેહવોજ દીનદાર અને ધરમી પુરશ હતો.—માએઆ—મેહેરબાંની—અને નમંનતાઈતો હેની જાતી ખશલત હતી—જમાનો પોતે હેનો દોશત હતો તેથી દુશમનીતો એ જાંણતોતોજ નહી કે કેહેવી થાએચ—ગરીબ અને તવંગર હેની નજર આગલ એક શરખાજ હતા. ગંભીર તે રૂશતમજી પટેલ પોતે હતા અને ગરવ તથા ગરૂરી તે હેનાં કટા શતરૂ હતા.—શારાંનો શાહી અને હશદ તથા અદેખાઈનો વેરી હતો.—એ મરનાર પોતાની આખી વએમા જાણતો તથા શહમજતોતો નહી કે મરદુમ આજારી તે શું ચીજછે.—ઘણીએક મુદત થાઈ રૂશતંમજી પટેલ દાહાડો તથા રાત મલીને ૨૪ કલાકમાનાં ૧૮ કલાક ખોદાની એબાદત તથા બંદગીમા ગુજારતો હતો—તેજ પરમાંણે પોતાની જુવાનીની વએ એશ—અશરત—અને અઈઆશમા ગુજારી. ધારજ ધરનાર અને શબર પકડનાર તે રૂશતમજી પટેલ જેહવા થોડાજ શખશો આએ ઘરથી ઉપર ગુજરી ગીઆ તથા હઈઆત હશે.—ટુકાંમા કેહીજીએચ કે એ મરનારની અંદર ફરેશતાની ખશલત હતી બલકે ફરેશતો આએ ઘરથી ઉપર બાકી પોશાકથી પેદા થાએઓ હતો. અગર જો બેહેશત હોએતો એક જુદુંજ બેહેશત એ જીનત ગુજીનને વાશતે તઈઆર હશે. હેનાં ગુજરવાથી હેનાં નાંમીચાં અને બોહલાં કુટંમબમા તથા બેહદ દોશતો તથા આશનાવોમા અને ટુકાંમા કહીજીએચ કે પારશીના આખા શેરકામા મોટું દુખ અને ભારે શંતાપ ઉપજેઓચ. હમો દીલશોજીથી ચાહીએચ કે જે માંન અને બુજોરગી દોરાબજી પટેલના ખાંનદાંને રૂશતમજી પટેલની હઈઆતી શુધી મેલવીચ તેહવુંજ માન અને તેહવીજ બુજોરગી એ મરનાર રૂશતમજીનાં છોકરાવો અને તેહનાં છોકરાનાં છોકરાવો ઘણાં વરશ શુધી જીવીને વાપરે.

[મુંબઇના ચાબુક, ૨૮ મા આપરેલ ૧૮૪૩.]

તા૦ ૧૯ મી મેએ.
રોજ ૨૩ માહ ૮ (શે૦) ૧૨૧૨ યજદજરદી.

જાંગીરજી નશરવાંનજી વાડીઆ— હમો મોટી દલગીરીથી આએ શંનતાપ ભરેલું મરતીઉક મુમબઈ ખાતાંનાં મરતીઉકની ટીપમો દાખલ કરીએચ કે ચાલતા મહીનાની તા૦ ૧૯ મી અને ગએઆ શુકરવારની રાતરે આસરે ૧૨ કલાકને અમલે કોટ મધેનાં પોતાના રેહવાનાં ઘરમો વાડીઆજી શેઠ જેહાંગીરભાઈ નોશેરવાંનજીએ આસરે ૫૬ વરશની વએમો ઘણાં દીવશના કશટ ભરેલા માંડથી આ તરણ પાંચ દાહડાની વગર ભરોશાની દુનીઆંમોથી નીશરી મીનાઈ આલમમાં જાઈ પોતાનો ચંદરોકાલ શુધીનો વાશો કરેઓ. એ મરનાર વાડીઆજીનાં નામીચાં અને આએ ટાપુનાં તથા હુકુમત ચલાવનારાવોથી માંન પામેલાં ખાંનદાંનમોનો નામીચો અને નમનતાઈ ભરેલો સારા શવભાવનો ભોલાં મનનો અને સાફ દેલનો એક પુરશ કે જે વેપારનો મોટો ઠાંમ અને વેહવારનો મજબુત કોટ હતો. એ મરનારનાં વાડીઆજીનાં નાંમની જો ઓલખાંણ આપીએતો તે જીનતવાશી લવજી વાડીઆનાં વંનશથી છે કે તેહનેથી આખા પારશીના ટોલાને નામીચું નાંમ અને મોટું માન મલીઉંછે કે જેહની ઈઆદ વરશો ગુજરી ગઓંચ તોપણ હર વેલાએ નાંખલાંથી તે મોહટાંનાં મોહડાં આગલથી ખીશતી નથી કે જેહની નેકનાંમીનો એક બાલક વટીક પણ એકરાર કરેછે. તેહવા નામીચા ધણીના વંનશનો અને તેહની બુજોરગીને લાએકનો એ મરનાર ધણી હતો કે જેણે પોતાની રેહમદેલી ભરેલી શોચણુંથી અને સારી કલપણુંથી ફરેંચ જેવી મોટી પાદશાહતથી માંન અને નાંમ મેલવેઉંછે. એ મરનારે ચંદરને જેવાં ઠંડાં અજવાલાંની પેઠે આએ ટાપુમોનાં શું નાધલાં કે શું મોટાં જેવોએ એ ધણી સાથે વેહવાર રાખેઓચ તે સઘલાઓનાં દેલને પોતાથી બની આવીઉંચ તાંહાંશુધી ઠંડકનો આશેંખ પોહોચાડેઓછે. તેથી કરીને આ ટાપુમોનાં અકશર લોકોનાં દેલમોથી એ ધણીના માએઆ ભરેલા મીજાજને લીધે પરોપકારી છેહેવા શબદો નીકલતા આવેઆ છે. એ મરનાર પોતે એટલોતો પરીતીવાલો હતો કે હરેક ધણી પોતાનાં દુખશર જનોતો તેની વાત શાંભલી પોતાથી બની આવતો તેવો ઉપાએ કરવાને મેહનત કરતો પણ કશી વાત કંટાલતોતો નહી. એ મરનારે પોતાની મીતરાચારીનો ગાંઠ જેવોની શાથે નાંચપણથી બાંધેઓ હતો તે હેવીતો પરીતીથી મજબુત કરેઓતો કે તેહને પોતાના શેવટના દીવશ શુધી છોડેઓ નહી. અને તેજ પરમાંણે એ મરનારે આએ ટાપુમોનાં મોટા મોટા અંગરેજી જેટલીમેન વેપારીઓ શંગાથે પોતાનાં શારાં શેઆંણપણનાં બલથી મીતરાચારીની માએઆ મેલવી હતી તેણે એટલું તો જોર પકડીઉંતું કે તે જેટલીમેનોનું મોહલા વેપારનું અકશર કરીને આખું કામ એ મરનારની સારી ખુશી ઉપરથી ચાલતું હતું. અને હેવું જે કાંઈ બનેચ તે માએઆ ભરેલાં મન તથા વગર કપતનાં દેલ તથા અમીરાઈ શવભાવ અને ખરેખરી ઇમાનદારી સીવાએ તથા નામીચું નામ મેલવેઆ વીનાંએ બનતું નથી. એ મરનાર આ ટાપુના અંગરેજ બજારમોના અકશર નાંધલા વેપારીઓનો મોરખી અને કાપડ બજારનાં ઘણાંખરા વેપારીઓનો પરીતીવાલો પીતા હતો કે હેવા ધણીનાં મરણ પામવાથી તેહનાં મોહલાં અને નામીચાં માંન પાંમેલાં કુટંમબને તથા ઉપર લખેલાં બજારમોનાં ઉપર કહેલા વેપારીઓને મોટો ધોકો અને અપરંમપાર સંનતાપ શાથેનું મોટી શોચણા ભરેલું દુખ પોહોંચાઉંછે કે તે લોકોનાં મનમો એ મરનારનાં ગુણની ઈઆદ એવીતો ઉતરેલી છે કે તે જાંહાંશુધી જીવશે તાંહાંશુધી મંનથી મેલશે નહી અને હઈઆંથી ભુલશે નહી. એ મરનારના શોગમો અંગરેજ બજારમોનાં તથા ચકલામોનાં પારશી તથા બીજા દુકાંનદારોએ સરેશતા પરમાંણે અરધાં દુકાંન બંધ રાખેઆં હતાં.

[મુંબઈના શમાચાર, ૨૧ મી મેએ ૧૮૪૩.]

19*th May* 1843.

Jehangir Nasserwanjee Wadia.—At two o'clock on the morning of the 20th instant, at his residence in

the Fort, in the 56th year of his age, Jehangheer Nassarwanjee Wadia Esquire, after a short but severe illness. The deceased was well known in Bombay as one of the most respectable Natives who had, for so many years, carried on a most extensive business in a highly creditable manner as a merchant, agent, and Broker. His family ranks high amongst the Parsees of Bombay: and of the hundreds of Parsees assembled to do honor to his mortal remains, not one went away with dry eyes. Such was his acknowledged worth, his kindness of heart, his generosity, and his benevolence, that almost every one of his acquaintance and Relations, feels as if they had been deprived of a father or a brother. In him the Parsees have lost one of the principal members of their tribe, and the world a good man.

He has left as Heirs to his numerous estates, and large fortune, two infant Grandsons, the children of a widowed Daughter. They and a most numerous circle of friends now bemoan their irreparable loss

On a late occasion he received a Gold medal from the present king of the French, with a latter of thanks for the many important services and assistance he had rendered to all the French Vessels trading with this Port. For his many acts of beneficence and generosity his memory will long survive in Bombay.

[*Gentleman's Gazette, 22nd May.*]

તા૦ ૨૦ મી જુન.

રોજ ૨૫ માહ ૧૦ (કo) ૧૨૧૨ યજદજરદી.

ખાંનસાહેબ ફીરોજશાહ ધનજીશાહ,

શ્રી શુરતવાલા શવરગવાશી શેઠ ફીરોજશાહા ધંનજીશાહ ખાંનશાહેબ બાહાદુરનું મરતીઉક હમોએ હમારાં ગીઆં પતરમો શમાચાર ઉપરથી છાપીઉં છે તે ઉપરાંત એ શુધા—શાચા—અને શંમપુરણ આદમીની જાતી ખુબી હમારા વાંચનારાઓને જાહેર કરવાને બની આવીઉંચ તે નીચે પરગટ કરીએચ.

એ બુજોરગ ખાંનદાંનનો અને મોતા મરતબાનો અને બોહોલી બુધાનો અને શખી તબેનો ધરંમ આતમાં પુરશનો બાપ જીનતગુજીન ધંનજીશાહા બેહમનખાંન જેહને ગવરનર દંનકંનનાં વખતમો શ્રી શુરતનાં ચીફ મોશતર કરોએ માંદવીનાં રાજાનો વકીલ ઠરવેઓ હતો અને જે શેહેર મરદ માંદવીનાં રાજાનાં ગાંમ બોદાંનમો અંગરેજી લશકર તથા વોહોરાઓને વચે લડાઇ થાઇ તેહમો તા૦ ૧૮ મી જાંનેવારી શંને ૧૮૧૦ નાં વરશમો મરણ પાંમેઓ. એ ઇમાંનદાર શરદારની વીશવાશી ચાકરીનાં અવેજમો કંમપની શરકારે કેટલાએક જાગીરો તેહની પેહડી દર પેહડીને બખશીછે કે જેહની ઉપજ આજ દીન વરશ દાહાડે આશરે ૬૦૦૦૦ રૂપીઆ ઉપજેચ—અને તરત એ મરનારનાં બે છોકરાઓ ફીરોજશાહા તથા અરદેશરને શરકારી ચાકરીમો બચગીથી દાખેલ કીધા.—ફીરોજશાહા ધંનજીશાહે મેહેશુલ તથા નેઆવ ખાતાંની ચાકરી શરકારની ખાતરી થાએ તેહવી રીતે વફાદારી અને ઇમાંનીથી બજાવી અને ગુજરાત પરાંતનાં જીલાઓનું મેહેશુલ શરકારને ઘણું વધારી આપીઉં તે શાથે રઇએત તથા ખેડુતોને આબાદ રાખેઆ તેહનાં ઇનાંમમો કેટલીએક જાગીરો ગવરનર એલફીનીશટંન તથા માલકંમનાં વખતોમો મલીછે અને તેજ પરમાંણે અરદેશર બાહાદુરે વધારી તથા હોશીઆરી તથા ચાલાકીથી શરકારી ચાકરી બજાવી તેથી વારેવાર ઇનાંમો અને ખેલાતો તથા ખેતાબો મલેઆછે. ફીરોજશાહા શાદો—શુધો—શખો તબેનો ધરમ આતમાં હતો કે જેહનાં ફેજથી શુરતની આશપાશનાં ખેડાઓનાં ઘણાંખરાં બલકે શઘલાં માણશોનો પરતીપાલ થાતોતો અને હેની શખાવત તથા બખશેશથી દર વરશે ઓછાંમો ઓછાં એકશોથી તે દોહોડશો છોકરાંઓનાં લગંન થાતાં. ફીરોજશાહાને શઘલા બીજા ધરમો કરતાં

અનાંજ લુગડાં અને લગંન કરાવી આપવાનો ધરંમ ગણો પેઆરો હતો. ફીરોજશાહા જે ખરા અને વાજબી નાંદારો હતા તેવોનીજ પરવરશી કરતોતો અને જેવો ખંધા અને શોખ હતા તેવોની શોડ નહી શાંધતોતો. પોતાનાં દેશની બનાવટનું કાપડ મલી આવે તાંહાંશુધી પોતાનાં અંગવશતર પારકાં દેશની બનાંવટનાં કાપડથી નહી બનાંવતો હતો. જોપણ ફીરોજશાહા ભારે મોટો જાગીરદાર અને મોહટી દોલતવાલો અને નાંમીચો ઓહોદેદાર હતો પણ તેહનાં ધીરા શવભાવ અને નીતીનાં આચારથી એક બાલક તેહની શાંમણે હુજત ચલાવવાને બીહતોતો નહી. ગરીબનો તે દુશમંન હતો અને ગોશાનો તે શતરૂ હતો. મનુશનાં મોટા શતરૂ જે ચાર છે લોભ—ગરવ—રીશ—ને વેર—એતો એ ફરેશતા ખશલતનાં ફીરોજશાહાની જાતમો પેદા થાએઆજ નહી. જારે એ અંડકાતા કરતોતો તારે કેટલાએક જાહેલો ગોશાથી બોલતાતા તારે એ હશતોતો અને નશીઅત તથા નીતીથી તેહનાં ગોશાને નરંમ કરતોતો. ફીરોજશાહ માહા વીદેઆવાંન અને ભારે હોનરવાંન હતો અને જે બુધી એ ધરાવતોતો તે જાતી અને જનાબથી બખશેશ થાએલી હતી. ફીરોજશાહા અંગરેજી ફારશી અરબી અને ગુજરાતી ભાશા પુખતીથી જાંણતો હતો. ફીરોજશાહા જોતીશી વીદેઆ ઘણીજ શારી જાંણતો હતો અને પશંદ કરતો હતો. જારે રાંણી વીકટોરીઆને પેટે પેહલો છોકરો અવતરેઓ તે ખબર ફીરોજશાહાની કચેરીમો પોહોચી તેજ વખતે તરત શાકરથી શઘલા મીતરોનાં મોહોડાં મીઠાં કીધાં અને શાશતરીઓને બોલાવીને તેહની જનંમપતરી વરતાવી અને આ બીનાં લખનારનાં ભાએગ શારાં હતાં તેથી તે કાબેલ મીજલશમો હાજર થાએઓ હતો—જારે જનંમપતરી વરતી રહેઆ તારે હમોએ પુછીઉં કે હેમાં જાહેમાને શું ફેજ—તારે હશીને જવાબ દીધો કે—જેવો જાંણુવર છે તેવો હેમાં ફેજ નથી જાંણતા—પણ માંણુશ જાતને એ રાજપુતરની જનંમપતરી વરતાવાથી ફેજછે કે તેવોને માલુમ પડે કે એ રાજા પરજાનાં હકમો કેહવો ગુણગારો અને આઉશમો કેહવો મોટો અને બુધીમો કેહવો બલવાંનછે—હેનાં ગુણથી આપણને ફેજછે—અને મોટી ઉમરથી આપણું ભલું છે અને હેની બુધીથી આપણું કલેઆંણ છે. ફીરોજશાહાનાં દોશત ગરંથો અને ગરંથકારો હતા. ફીરોજશાહા વાંચતોતો ઘણું તે શાથે હઓદદાશત ઘણી હતી. ફીરોજ નીમકહલાલ હતો અને પોતાની ચાકરી મોટા વીશવાશથી બજાવતો હતો. ફીરોજશાહા જો પણ શાદો હતો તોહોપણ ખાવા પીવામાં ઘણો આએઆશી હતો. દશથી તે પંદર માંણશોનો નાશતો અને તેટલાંજ માંણશોનું ખાંણું હેની ટેબલ ઉપર હમેશ તાજું અને શુતરું રેહેતું'તું. ફીરોજશાહાને નીઉજપેપરો વાંચવાનો શોક ઘણો હતો અને મુમબઇનાં શઘલાં તથા મધરાજનાં બે તથા કલકતાનાં બે તથા આગરા અને દીલી વગરે બીજાં નીઉજપેપરો ખરીદ કરીને તેહને વાંચતોતો. અને હરેક બીનાં શહમજેઆ વગર હાથમોથી મેલતોતો નહી. દુરઅંદેશ ઘણો હતો અને અજમાએશ તથા ઇમતેહાંન ઉપરથી હરેક બીનાં ઉપર ખેઆલ પોંહચાડીને કહી શકતોતો કે હેનું છેવટ ફલાંની રીતે આવશે. ફીરોજશાહાને ખેતીવાડી અને જાહાડપાંણ અને હેવીજ બીજી બાબદોનો શોક ઘણો હતો—અને હરેક પાકની અથવા હોનરની અજમાએશ કરવા પછવાડે હજારો રૂપીઆ ખરચ કરતોતો. પોતાનાં દેશીઓમો એલંમ અને હોનરનો વધારો કરવા પછવાડે ફીરોજશાહા ઘણી કોશેશ કરતો હતો. ફીરોજશાહ જેહવો કાબેલ—રાશત—અને અપખશપાતી મુનશેફ ગાંમડીઓમો ઘણાજ થોડા બલકે કોઈ નહી હશે. ફીરોજશાહાના ચુકાદા થોડાજ હશે કે તે જડજ અથવા શદર કોરટમો નાંમંનજુર થાએઆ હશે. ફીરોજશાહાનું મત હેવું માઆ ફુલ અને શાબેત હતું કે તેહવું મત અને તેહવો વીચાર આપનારા થોડાજ ગાંમડીઓ હશે. હેનું ધેઆંન ઘાણુંજ શાફ હતું અને હરેક ચીજ હેવી આશાંનીથી શહમજી લેતોતો કે તેહવી શહમજ બીજાં માંણશોને વરશો ગુજારતાં નહી પડે. ફીરોજશાહા જોપણ પારશીનો ધરંમ પાલતો

હતો તોહોપણ બીજા ધરંમનાં પેગંમબરો તથા ધરંમ આચાર્યોને અપમાંનથી બોલતોતો નહી. ફીરોજશાહાનો શલાકો અને શુજની એજ હતી કે શાચાઇ અને રાશતાપણાંથી ચાલવું. ફીરોજશાહાનો જાતી ધરમ એજ હતો કે મર- હુમ આજારી નહી કરવી. ફીરોજશાહાનાં ગુજ- રવાથી હેનાં બેશીઓએ એક બાશો બાપ— હેનાં દેશીઓએ એક નાંમીગો અવાકારી— અને હેનાં ધણીઓએ (શરકારે) એક વીશવાશી અને એતબારી અમલદાર ખોહેઓ. ફીરોજ- શાહા જો પણ ગુજરેઓચ તોહોપણ હેની ખુબી અને ભલાઇ જે શુરીઅનાં તેહજની પેઠે રોશં નછે તેથી હેનું નેકનાંમ ચંદરોકાલ શુધી જાગતું અને જીવતું છે.

હમોએ શારેકકાંણેથી શાંભલાઉંચ કે ફીરોજ- શાહે વશીહત કીધીચ તેહમો આ શુરતમો કદીમા પારશીઓનાં એતેકાદ પરમાંણે આતશ આદરાંન શાહેબની એક દરબાહા બાંધવાને વાશતે હોકંમ કીધોચ તે શાથે આંધલા પાંગલાઓની પરવરશી કરવાને વાશતે ૧૫૦૦) રૂપીઆ ધરંમ બાતે આપવાને ઠેરવીઉંચ. બીજું હમોને જાંણવાથી ખુશી પેદા થાહાચ કે આ શુરતનાં દશતુરો દાવરો અને નાંધલી મોઠી અંનજુમંને હેવો ઠેરાવ કીધોચ કે હવેથી ફીરોજશાહા ધંનજી- શાહાનું નાંમ ધુપશારવામો તથા આફરગાંનમો બીજા નેક ગુજેદેઓ મલતું લેવું.—હમો મુમ- બઇની અંનજુમંનને તેહમો અગત કરીને કદીમા દશતુર તથા અકાબરોને મજબુત ભલાંમણ કરી એચ કે શુરતવાલા દશતુર અકાબરોનો દાખલો પકડીને એ નેકનાંમવર ફીરોજશાહાનું નાંમ આફરંગાંન તથા ધુપમો લેવાનું જારી રાખવું.

ઉપલી બીનાં લખી રેહ્યા પછે એક માતરે મરહુમ ફીરોજશાહાની પાએદશ અથવા જનાંજી હકીકત લખી મોકલીછે તે આએ બીનાંને લગતી દાખેલ કરવાનું જરૂર જાંણીને દાખેલ કરીએચ.

હમારો લખનારો કહેચ કે શુરતમો શું દીન કે શું જુદદીન કોઇનો નીકલેઓ હોએ હેવી ઇઆદદાશત શુરતનાં ઘરડામો ઘરડા કોઇને નથી આવતી. ફીરોજશાહાની પાએદશ બપો- રનાં બાર કલાકે કાહાડી તેહમો શુરતનાં પારશીનાં દશતુરો દાવરો તથા અકાબરો અને નાંધલા મોહટા મલીને આશરે ૧૫૦૦) થી વધારે માંણશ હતું. તે લોકો હલોલમો ચાલતા હતા. તેહની પછવાડે અદાલતનો રેશાલો તેહમો કાજી—મુફતી—નાંજર— અંમીન—વકીલ— અને કારબારીઓ તથા શર શીપાહી મલીને આશરે ૨૦૦ માંણશો હતાં—તેહની પછવાડે ધરંમપોરનો રાંણા તથા તેહનાં ૮૦૦ શવારો તથા રેશાલો હતો. તેહની પછવાડે મરહુમ નવાબનો રેશાલો તેહનાં દેવાંન મીરજા મહમદ અલીબેગખાંનની શરદારી હેઠલ આશરે ૫૦૦ માંણશો હતાં—તેહની પછવાડે હીનદુ માહાજન તથા શરાફો તથા શાહુકારો તથા મુશલમાંનની જમાતનાં તમાંમ બાશોઆંમો તથા અરમાંની તથા મોગલ તથા યહુદીઓ વગરે તમાંમ ગને- આતનાં આશરે ૩૦૦૦ માંણશો હતાં તથા તેહની પછવાડે કોલી કુંલબી તથા બેહુતો જવોનો પેઆરો શરદાર ફીરોજશાહા હતો તે ટોલં હતું. એ શઘલાં લોકો શલાવતપોરાની ફીરોજશાહાના વાડીથી તે છેક દાખમાં શુધી માહાતંમનાં લેબા- શથી ફીરોજશાહાની ગેહાંનની પછવાડે ચાલતા હતા.—એ મધેનાં જુદદીન લોકો દાખમાંથી થોડએક વેગલે નાંહાવાનો કુવોછે તાંહાં જાઇને અટકેઆ અને એ જીનતગુજીન રૂવાંનને અવાશ દશ કીધા. પછે પારશીઓ પાછા ફરેઆ તેવોની શાથે એ જુદદીનો પાછા મરહુમ ફીરોજશા- હાની વાડી શુધી આવેઆ. એ દીને આશરે પાંચશોથી વધારે મોબેદોને દરએકને એક એક રૂપીઓ પાંએમોજી આપી અને એ વગરે મુશલમાંન તથા હીનદુ ફકીરો આશરે ૩૦૦ એકઠા થાએઆ હતા તેવોનેબી એજ રીતે દાંણ કીધું.—એ મરનાંર ગુજરેઆ તે દીને આખાં શુરત શેહેરનાં શરવે ગણેઆતનાં મરદ તથા ઓરતો માહાતંમપોશીમો રેહીને દુકાંન તથા ધંધો બંધ કરી બેઠાં હતાં.

[મુંબઇના ચાબુક, ૨૮ મી જુન ૧૮૪૩.]

20*th June* 1843.

KHAN SAHIB FIROZSHA DHUNJISHA. —At Surat, on the 20th June, at 9 o'clock A.M. in the 57th year of his age,

Feerozshaw Dhunjeeshaw, Esquire, Principal Sudder Umeen of Surat, sincerely and generally lamented, more especially by his widow, and brother Ardaseer Dhunjeeshaw Khan Sahib Bahadoor, for he was benevolent, just and temperate. His native humillity never forsook him even on surprise or provocation; nor was the least degree of arrogance or presumption visible to the most scrutinizing eye in any part of his conduct or discourse. His talents of every kind powerful from nature, and not merely cultivated by letters. He was faithful to his duties, and was of a very easy and pleasing access. As his reading had been very extensive, so was he very happy in a memory tenacious of every thing he read. He subscribed to at least one or two newspapers of each of the three Presidencies, and was the proprietor of the Libraries and Reading Rooms here. He was zealous for advancing morality and promoting the happiness of mankind. He had an understanding rapidly penetrating, energetic, comprehensive, and profound. He spent much of his time as well as money in agricultural experiments. The whole of his life from young age was spent in the Government Service, both in the Revenue and Judicial Departments, and for his meritorious and faithful services in the former line he had been honored and rewarded by Government by conferring on him a grant of a certain number of villages. Up to the time of his death he held the highest appointment of Native Judicial Functionary. He was the son of the late Dhunjeeshaw Beharamund Khan, who was deputed by Mr. Crow, the late Chief of Surat, as a vakeel of the Rajah of Mandvee, and was on the 13th January 1810, killed in a famous engagement betwixt the British Troops and Bora Insurgents of Bodan village belonging to the Rajah of Mandvee. Feerozshaw's best policy was *honesty* and *integrity* and on this account he was much respected by the whole community, who has by his death suffered a great loss. The Parsee high priests and punchayet have testified their admiration of his character by a peculiar mark of respect: viz., that in future his name shall always be taken by all the Parsee priests in their ceremonial prayers for the dead, to commemorate his name. He has left a certain sum of money to build a fire temple (Adderian) which was in great want, for the use of his sect, and has given 1,500 Rs. to the fund for the support of the poor Parsee blind and cripples. —*Communicated.*

[*Bombay Times, 28th June.*]

તા૦ ૨૩ મી અકટોબર.

રોજ ૨૫ માહ ૧ (શે૦) ૧૨૧૩ યજદજરદી.

ખરશેદજી ફરાંમજી કાતરક તથા મેહેરવાંનજી કાવશજી કપટાંન—શ્રી આચીનના કોશતા ઉપર શ્રી મરદુ કરીને એક ટાપુછે તે ટાપુનો રાજા મહશ આજ કેટલુએક થાહઉં અંગરેજી બારકશોને લુટેછે તથા અંગરેજી પરજાને મારી નાંખવાનો ભએઆંકાર જુલમ ચલાવેછે. તે દુશટ રાજાએ ગીઆ અકટોબર મહીનાંમા બીરીગ રાબરટ ફશિપાંનશીનાં કપતાંન તથા શુપરકારગો નાંમે ખરશેદજી ફરાંમજી તથા મેહેરવાંનજી કાવશજીને મારી નાંખી તે બીરીગમાંનો માલ લુટી લીધોચ. તે વીશેની ભએ ભરેલી ખબર તારીખ ૧૧ મી નવેમબર ૧૮૪૩ નાં પીનાંગ ગેજેટમાથી હમો મોટાં દુખ શાથે હેઠલ ઉતારી લીજીએચ.

હમારા વાંચનારાવોને માલુમ છે જે આપણાં

પારશીનાં શારકામો દરીઆવરષીનાં કાંમમો ઘણોજ ચંચલ અને મોટા વીદીઆવાંન પારશી નાંમે કાવશજી શાપુરજી જેહને કાવશજી કપતાંન કરીને કેહીજીએચ અને જેહની વખાંણ ઘણીવાર આએ પતરમો છપાઇછે તે ઘણી આજ લાંબી મુદત થાઇ શ્રી પીનાંગ તથા આચીનના કોશતા ઉપર પોતાનું એક બારકશ પોતે તથા પોતાંના છોકરો તથા પોતાનો શારો તથા કાકાંનો છોકરોબી લાગેછે તે કપતાંન માલંમનું કાંમ ચલાવીને બેઠેછે તથા વેપાર કરેછે તે ગરહશથનું એ બારકશ હશે તથા જે કપતાંન તથા શુપરકારગો મરણ પાંમીઆ તે એ ગીરહશથનો શારો તથા છોકરો હશે હેવું હમો ધારીએચ તે કરતાં જો હમો ચુકતા હોઇએતો હમોને તે ચુકમોથી હમારા હરેક દેશીઓએ કાહાડવા કે તેથી હમો તેહનો ઉપકાર માંનશું. હવે એ માઠો બનાવ શી રીતે બનેઓ તે બીનાં એજ બીરીગનો એક માલંમ નાંમે બરશેદજી શેરાબજી જે શ્રી પીનાગમો આવેઓચ તેણે પીનાંગ ગેજેટવાલાને કેહીચ તે નીચે કહેઆ પરમાંણેછે.

કેહેચ કે એ બીરીગ રાબરટ ટશિપાંનકી તારીખ ૨૫ મી શપટેમબરે શ્રી પીનાંગથી પેદરો કોશટા તથા શ્રી રંગુન ખાતે ઉપડી ગેઇ હતી અને જારે જંગાબાઇઆ નાંમની જગો ઉપર પોંહોંતી તારે તે ઠેકાંણે એ બીરીગનાં શુપર કારગોએ શ્રી મરદુનાં આગલા શાહાબંદાર નાંમે બાવાશાબ શંગાથે એક જથો શોપારીનો ખરીદ કરવાનું શાટું કીધું અને હેવી બોલી કીધી કે તે શોપારી ચાર દાહાડામો મેલવી આપે. પણ તારપછે માલુમ પડીઉં કે જેટલો મોટો જથો શોપારીનો જોઇતો હતો તેટલો શ્રી જંગાબોઇઆમો મલી આવશે નહી તેથી તે બારકશ શ્રી મરદુ ખાતે હંકારી ગીઉં. તાંહાં છ દાહાડા શુધી એ બારકશ બોટી રહીઉં પણ બાવા શાબથી પોતાની બોલી પરમાંણે શોપારી પુરી થાઇ શખી નહી તેથી શુપરકારગોએ બીજા નવા શાહાબંનદાર નાંમે કોશામેરીકાંન શંગાથે શાટું કીધું. તેણે જેટલી શોપારી જોઇતી હતી તે ઉતાવલેથી પુરી પાડી અને જે કીમત થાઇતી તેનું નાણું શુપરકારગો પાશેથી ચુકાવી લીધું. એ ઉપરથી બાવાશાબને કાંઇએક રીશ ચહડી તેથી તેણે શુપરકારગો શંગાથે કાંઇ ભાંજઘડ કરીને કેહીઉં કે તું બીજે દાહાડે શવારનાં ગાંમમો આવ અને હું તુહુને જેટલી જોઇએ તેટલી શોપારી આપું. પણ શુપરકારગોની ખાતરી હતી કે બાવાશાબની શાખ મરદુમો ટુટી ગેઇચે તેથી તેહનેથી પોતાની બોલી પરમાંણે શોપારી અપાઇ શખશે નહી હેવું શહમજીને તે પોતાનાં બારકશપર આવેઓ અને તેજ રાતનાં શ્રી શાંમાંલાંનગાંન ખાતે હંકારી જાવાની તઇઆરી કીધી. પણ તેટલાંમો શાંજનાં ચાર વાગતે રાજા મેદા વાંહાંણપર આવેઓ અને કેહીઉં કે મહને તથા મારાં આશરે તીશ માંણશોને તહમારાં બારકશમાં ઉતારૂ દાખલ લેવો. તે રાજાનાં માંગવાને શુપરકારગો તથા કપતાંને કબુલ કીધું. તારપછે તેવોએ શરશતા પરમાંણે ખાણું ખાધું અને પછે રાજા શુપરકારગો તથા કપતાંન શાથે કાંઇ વાતચીત કરવા લાગો તેટલાંમો એક હોરી બીરીગની શોડમોથી જાતી હતી તેહમોથી માછલી લેવાને શારૂં રાજાએ ઇછા દેખાડી અને કેહીઉં કે આએ હોરીને બીરીગની બોરદુ ઉપર આવવા દેવો કે આપણે હેમાંથી કાંઇ માછલી વેચાતી લીજીએ. તેજ પરમાંણે કપતાંને તે હોરીને બોરદુ પર આવવા દીધી અને તેવો તરંડ જણાંવો ગેઆંગ તે ઉપરથી હોરીમો માછલી જોએચ તેટલાંમો તે ચંડાલ રાજાએ એક પછવાડે એકને મલીને બંનેને (કપતાંન તથા શુપરકારગોને) છરી વતે ભોકી દીધા તેથી તેવો બંને જણાવો પાંણીમો પડઆ તે ફરીથી ઉપર આવેઆજ નહી. એ માઠો બનાંવ બનેઆથી વાંહાંણમો મોટો ઘભરાત થાઇ પડઓ અને એ બારકશમો માતરે શઘલાં મલીને બાર માંણશો હતાં તેહમોનાં કેટલાંએક શંતાઇ ગીઆં અને કેટલાંએક રીગીનો ઉપર ચહડી ગીઆં અને રાજા તથા તેહેનાં માણશો પેલી બોરદુની હોરીમો કાવતરાંથી હથીઆરો લાવેઆતા તે મધેથી બંદુક તલવાર અને ભાલાવો શાથે હથીઆરબંધ થાએઆ અને તે હોરીને કીનારે મોકલીને શઘલો માલ ખાલી કરવાને શારૂં બીજી મદદ મંગાવી. રાત શુધીમો બીજા તરણ પરાઉઓ

ખીરીગની બોરદુમો આવી પોહોંતા અને શઘલું વાંહાંણુ ખાલી કરીને લુટી લીધું તેહમો ખજુર અફીમ શીશું અને બીજો માલ હતો તથા શુપરકારગોની રાઈટીંગ ડેશકમો ૫૦) ડાલર રોકડા હતા તે શઘલું કીનારે લેઈ ગીઆ. તારપછે એ બારકશ રાજાનાં માંણશોના હશતકમો બે દાહાડા શુધી રેહીઉં તેટલાંમો કોઈ કેહતું હતું કે એ બારકશંન કીનારે લેઈ જાઈ ફાડીને તરાંખું તથા બીજો શાંમાંન કાહાડી લીજીએ અને કોઈ કેહતું હતું કે તેને બાલી નાંખીએ. એ બારકશ લુટીઉં તેહને બીજે દાને ખલાશીઓ તથા માલંમને કીનારે લાવેઆ અને મરદુનો રાજા જે રાજ ચલાવતો હતો તેણે તેવોની તપાશ કીધી અને કેહીઉં કે તહમો એ લુટારાવોની શાંમણે થાએઆ નહી તેથી એ વાંક તહમારોછે વાશતે હવે એ વીશે વધારે ભાંજગડ કરતા નથી. પણ જેવોએ એ ખુણો કીધાંચ તેવોને પકડીને હું મારાં કાગજ શાથે શ્રી પીનાંગની શરકાર ઉપર મોકલી દેશ અને તેહમો શઘલી હકીકત જણાંવશ. તારપછે એક શખશ જે અશલ ઇઓરોપીઆંન હતો અને જે વટલી જાઇને મુશલમાંન થાએઓચ અને જેહને પોતાનું નામ હાજી અબદુલા રાખીઉંચ તેહને બેડી ડોકીને પેલાં કાગજ શાથે વાંહાંણપર મોકલેઓ કે ખુણ કરનાર એજ ધણી છે. તાર પછે પેલા માલંમ નામે બરશેદજી શોરાબજીને બરીગ રાબરટ હીંદોસ્તાનકામો ચહડીને હંકારી જાવાનો હોકમ આપેઓ. તે બારીગ તારીખ ૯ મી નવેમબરે પાછી શ્રી પીનાંગ આવી તાંહાંના માજીશતરેટે શઘલા ખલાશીઓની શાખશી લીધી પણ તે શાખશીમો હેવું નથી ઠરીઉં કે હાજી અબદુલા એ દુશટ કરંમ કરવામો શાંમેલ હતો.

એ બી મરદુનો રાજા મુદા હમેશ એવાં ઘાતકી કરમો બી આચીનનાં કોશતા ઉપર કરેચ અને એજ પરમાંણે એ રાજાએ ગોરાબ બીરીગ ફતેહ અરનેબી આચીનનાં કોશતા ઉપર લુટી હતી અને બાજાં ઘણાં અંગરેજી બારકશોને લુટીને માંણશોની ઘાત કીધીછે તેથી શ્રી પીનાંગની શરકારે નીશચે ધારીઉંચ કે એ કોશતાનાં રાજાવો પાશેથી તેવોનાં ગુનાહનો બદલો લેઇને તેવોને શજાએ પોંહચાડવા.

[મુંબઇના ચાબુક, ૨૨ મી ડીસેમબર ૧૮૪૩.]

ઈ૦ સ૦ ૧૮૪૪.

તા૦ ૨૩ મી આપરેલ.

રોજ ૨૮ માહ ૮ (ક૦) ૧૨૧૩ યજદજરદી.

નશરવાંનજી નવરોજજી પોંહુચા—હમો મોટી દલગીરી અને ભારે શંતાપથી આએ દુખ ભરેલું મરતીઉક મુમબઇની ટીપમો દાખલ કરીએચ કે ગએઆ મંગલવારને દંને પોતાનાં રેહવાનાં ઘરમો નશરવાંનજી નવરોજી પોંચાજીએ આશરે ૩૬ વરશની વએમો અચબુચ આ બોટી માએઆની જગતમોથી નીશરીને જીનતવાશી લોકોમો પોતાનો ચંદરોકાલ શુધી વાશો કરેઓ. એ મરનાર આએ ટાપુમોનાં માંન પાંમેલાં પોંચાજીનાં ખાંનદાંનને જેબ આપનારો—ખુબશુરતીનો આફતાબ—નમંનતાઇનો માહતાબ—માએઆનો કોટ—મીલંનશારીનું તાજ—મીતરાચારીની ખાંન અને ધરંમ નીમનો થાંમ—શવભાવનો હીરો અને શબદનો મીથો હેવો ગુણવાંન હતો. એ મરનારની જો હમો ઓલખાંન આપીએતો તે પોંચાજી કે જેવોએ શવરગવાશી શેઠ અરદેશરજી દાદીભાઇની નાંમીચી પેહડીની વજીરાતનો ઓધો હેવીતો શારી રીતથી બજાવેઓચ કે વરશો ગુજરી ગએઆંચ તોપંણ તેહની લોકો શંગાથે કરેલી નેકી અને શલુકાઇનો આવાજ આએ ટાપુમોથી ઉઠી ગએઓ નથી તેહનાં વંઉશથી છે. ચંદરનાં અજવાલાંનાં જેહવી ખુબીછે તે પરમાંણે એ મરનારે શરવ કોઈ શંગાથે નમંનતાઈ અને શલુકાઇમો ખુબી કરીછે કે તેથી કરીને શરવ કોઇનો આતમા એ મરનારને જોવાથી ઠંડો થાતો હતો. એ મરનાર ઘણો માએઆલુ હતો કે જે ધણી પોતાનાં કારંણશર જાતોતો તેહની વાત ધેઆંનમો લેઇ તેહનો ઉપાએ જેમ પોતાથી બની આવતો તેમ કરતો હતો. પંણ

કશી વાતે કંનટાલતોતો નહી. એ મરનાર મોટાં ઘેઆંનવાલો અને ખુબીવાંન હતો. એ ધણીએ ટુંકી વએમો પોતાંની માએઆનો ચોલો લગાડી આએ દુનીઆંમોથી ચાલ પકડી તેથી કરીને તેહનાં ભાઇભાંડું અને કુટંમબ પરીવારને મોટો ધોકો અને અપરંમપાર શંતાપ ભરેલું દુખ પોંહચીઉંછે કે તેથી કરીને તેવોની આંખમોથી પાંણીની જગોએ કલેજાનું લોહી ટપકેછે. મરેઆ વીનાંએતો કોઈ રેહનારૂં નથી પણ હાવી ખુબીવાલા અને પોતાનાં વડાઓનાં નાંમ ઉપર નજર રાખી પોતાનાં ખાંનદાંનની બરદાશત લેનારા ધણીનાં મરવાથી પેલાં લોકો લાચાર થાએછે તેહનું વધારે દુખ છે.

[મુંબઇના શમાચાર, ૨૫ મો આપરેલ ૧૮૪૪.]

તા૦ ૯ મી મેએ.

રોજ ૧૪ માહ ૮ (શં૦) ૧૨૧૩ યજદજરદી.

નવરોજજી ખરશેદજી હાએવાએ—ગએઆ ભરેશપતને દીને શહવારનાં આશરે ૯ કલાકને અંમલે ચોપાટીમો પંનચાતના ડુંગરની નીચે હાંધલા લુલાઓનાં મુકાંમ આગલ નવરોજજી હાએવાએ ઠોકર લાગી પડી ગએઓ તેથી તેહનો આતમા પરમેશવરની ફરીઆદમો રહેઓ. તેથી તતકાલ ગાડીમો ઘાલી ઘર લાવેઆ તેજ વેલાએ બીચારાએ પોતાંનો પરાંન ઓદાને હવાલે કીધો.

[મુંબઇના ચાબુક, ૧૧ મી મેએ ૧૮૪૪.]

તા૦ ૨૮ મી મેએ.

રોજ ૨૯ માહ ૯ (ક૦) ૧૨૧૩ યજદજરદી.

આ૦ જાંગીરજી દાદાદારૂ વેલાતી—મરતીઉકની નોધમો આએ એક દુખ ભરેલું મોહટ જાહેર કરવાને હમોને મોહટો શંનતાપ લાગેચ કે ગએઆ શુકરવારને દીને મોબેદાંન મોબેદ જાંહાંગીર દાદદારૂ વેલાતી પોતાનાં રેહવાનાં ઘરમો આશરે ૪૪ વરશની વએમો એકુબે દાહાડાનાં તાવના રોગથી હેનો આતમાં પોતાનાં તરાપાને આએ જાંહાંનમો દુબાડી હેનાં પવીતર રૂહે આકાશવાશી અને આજાદી લોકોમો જાઈ વાશો કીધો. એ મરનાર જાંહાંગીરે ઘણીજ નાંધલી ઉમરમો આપણો પુરાતંમ ફારશી એલંમની એક અછી તાલીમ લીધી હતી. પુછવા માંગોતો હાલનાં જમાંનાંમો ફીરદોશીનો એક અછો મકતબી હતો. જોએઆ મેલ એ મરનારને મોહતની હાથાઈ તેથી એ જાંહાંગીરે પોતાની વશીઅત કીધીચ અને પોતાનો એલમ આએ જાંહાંનમો છુપા નહી રેહવા ઉપરથી કશીદે બાહારી નાંમનો બશંનતનાં રૂતમો એક રશીલો કશીદો બનાવી આ ટાપુ તથા દેશાવરોના શંઘલા પુરવીન ફારશી એલમમો બાહોશોની હજુરમો પોંહોચાડેઆચ અને એ ઘુનદી જાંહાંગીરે એ બાહારનાં બએઆંનમો હેવીતો પોતાની અકલ ખરચાચ કે એક રેલાએ એ જાંહાંગીરે ફીલશુફોના ફીલશુફ ફીરદોશીની મહજા તુટીચ. ચંમંન અને બાહારનાં બએઆંનમો હેવી રીતે બેહતની ગોઠવણ કીધીચ કે ગુલલાલા અને ગુલખારને જાંને આપણી હજુર તાજાં બાહાર અને બસંનત ભરેલાં લાવી મુકેઆં. એ જાંહાંગીર એખલાકમો અરશતા તાલીશની શાંની હતો. એ મરનાર એલંમ અને અકલનો અફલાતુન હતો અને બીજા ફારશીખાઓ શંગાથે એ જાંહાંગીર કજએશીના મેદાંનમો ઉતરતો હતો તે વેલાએ શાએરોનાં શાએર શાદાને વીશરાવતો હતો. એ જાંહાંગીર ભલમંનશાઈની ખાંન. નમંનતાઈનો કોત. દાહાપંણમો એક પુગતી વએનો એક નમાંનો પુરશ હતો. જાંહાંગીર તાહારાં નાંમ પરમાંણે તે દુનીઆંને હાત કીધી પણ અંતે અજાજીલથી તું આજેજ આવેઓ અને આએ જાંહાંનથી તુંહને તાહારો અશબાબ ઉઠાવવો પડેઓ. પણ તેહનો કાંઈ અફશોશ નહી કાંએજે એક દાહાડો શરવેને ભરવોચ. પણ તું તાહારી નેક વાશનાં આએ મરતીઉ જગતમો મુકી ગએઓ તેથી એમ જાંણવું કે તું હમોથી ગુંમ નથી થાએઓ પણ હએઆત છે. હેવાં એક જવાંન મોહત ઉપરથી હેનાં દોશત આશનાંવ અને હેનાં મોહત ઉપર જનંમ રદંન કરનારી વીધવા અને હેનાં બેશ કુટંમબોને ચંદરોકાલ શુધી એક મોહટો ચોલો અને ભારે વતવતો રહી જાશે.

[મુંબઇનાં ચાબુક, ૨૫ મી મેએ ૧૮૪૪.]

તા૦ ૨૫ મી જુન.

રોજ ૧ માહ ૧૦ (શે૦) ૧૨૧૩ યજદજરદી.

શેહુરીઆરજી શેરાબજી અકલેસરી-આ—શ્રી ભરૂચનો તારીખ ૨૫ મી જુનનો પરભાડો કાગજ હમારા જોવામો આવેઓછે તે ઉપરથી જાંણેઆમો આવેચ કે ભરૂચમો ભારે વરશાત થાએઓ છે. અને શેરાબજી ફરાં-મજી અકલેશરીઆનો શેરીઆરજી નાંમનો છોકરો ભરૂચનાં બજારમો વરશાતનાં પાણીનાં રેહમો ધશડાઈ ગએઓ છે અને ઉપલા તારીખ શુધી તે મરનારની લોથ હાથ લાગીતી નહી.

[મુંબઈના શમાચાર, ૩૦ મી જુન ૧૮૪૪.]

4th October 1844.

Dinshaw Nanabhoy Daver.—One of Banajee's Deceased Sons—We are concerned to notice the death of a much respected Parsee broker of Bombay—Dinshaw Nanabhoy—He had been for some years broker to the firms of Messrs. Brownrigg and Co., and Messrs. W. and T. Edmond and Co., He expired at 11 o'clock on the night of the 4th of October—Dinshaw was only thirty-one years of age, of an enterprising disposition, and had managed within the last five years, through his own exertions, to amass five lacks of Rupees.

[*Bombay Courier*, *8th October.*]

તા૦ ૧૦ મી અક્ટોબર.

રોજ ૧૩ માહ ૨ (ક૦) ૧૨૧૪ યજદજરદી.

મનચેરજી હોરમજજી મોદી—હમોને લખવાને મોટી દલગીરી અને ભારી શંતાપ લાગેચ કે ગએઆ ભરેશપતવારને દીને શુરત-વાલા મોદી માનોચેરજી હોરમજીએ આશરે ૬૪ વરશની વએમો આએ તરણ પાંચ દાહ-ડાની ખોટી માએઆ અને વગર ભરોશાની દુનીઆંમોથી નીકલી ચંદરોકાલ શુધી માનોઈ આલંમમો જીનતવાશી લોકોમો જાઈ પોતાનો વાશો કરેઓ. એ મરનાર જાતે પરહેજગાર—માએઆલુ શેઆંણો અને દીનદારીની રીતી પર પોતાની ઓમરની છેલી ઘડી શુધી શાબેત કદંમ હતો અને એ મરનારે પોતાની ઘણીખરી ઓમર ફારશી તથા અરબી જબાંનની અછી રીતે માહીતકારી મેલવવામો ખરચ કરી હતી તેથી કરીને એ ઘણી પારશીનાં આખા ટોલામો આલેમનું માંન પાંમેઓ હતો અને એ મરનાર ઘણીએ જેહવો એલમ હાંશેલ કરેઓ હતો તેહવા તેનાં શંગાથે અંમલબી રાખતો હતો તેથી વધારે માંન ધરાવતો હતો. એ મરનારનાં ગુજરી જવાથી શુરતનાં લગભગ પારશીનાં આખા ટોલામો મોટી દલગીરી પેદા થાઈ છે અને એ મરનારનાં કુટંમબપરીવાર અને ભાઈભાંડુમો મોટી નાંખુશી અને ભારે ગંમ પેદા થાએઓછે કે તે મંનથી મેલવો અને દેલથી વીશરવો મુશકેલ છે.

[મુંબઈના શમાચાર, ૧૭ મી અકટોબર ૧૮૪૪.]

11th October 1844.

Nowrojee, of Poona—Long life at Poona—On Friday last a Parsee, by name Nowrojee died in the Cantonment Bazar of Poona, at the advanced age of 105 years.

[*Gentlemen's Gazette*, *14th October.*]

તા૦ ૨૮ મી અક્ટોબર.

રોજ ૧ માહ ૩ (ક૦) ૧૨૧૪ યજદજરદી.

ભીખાજી દાદાભાઈ પાંડે—મરતીઉકની ટીપમો એક નાંમ વધારવાને હમોને મોટો શંતાપ અને ભારે કકલાત લાગેચ કે રોજ ૧ લો માહા ૩ જો કદીમી શને ૧૨૧૪ ઇઅજદજરદી તારીખ ૨૮ મી અકટોબર ૧૮૪૪ ને વાર શોમેને દીને રાતનાં આશરે ૧૨ કલાકને અંમલે કોટમો પોતાનાં રેહવાનાં ઘેરમો તરણ ચાર દાહાડાની તાવનાં રોગથી શેઠ ભીખાજી દાદા-ભાઈ તે શવરગવાશી શેઠ લીમજી ભીખાજીનાં પુતરાએ આશરે ૪૩ વરશની વએમો આ ફાંની દુનીઆંમોથી પોતાનો અશબાબ ઉઠાવી હજરત જરથોશતની શોડમો પોતાનો વાશો કીધો. એ મરનાર શેઠ ભીખાજી નાંમીચાં

ખાંનદાંનનો અને ઓતંમ કુલનો તથા પુરાતમ પદવીનો પુરો મરદ હતો.—શાચાઈનો શરદાર અને શલુકાઈનો શાહેબ તથા શેઠાઈનો શપેશાલાર હતો. શેઆંનો—શશુગ—શુધો—શતવાંન—શકલગુણી—અને શાધુ તે આ જગતમો શેઠ ભીખાજી જેહવા કોઈજ થાએઆ હશે અને થાશે. ગુણવાંન—ગંભીર—ગંમખાર—ગોશેખુરી—અને ગણેઆંનપતી તે શેઠ ભીખાજી હતો. આઈઆશી—એશકી—આકીની—અકલમંદ—અને અભેઆશી તે શેઠ ભીખાજી જેહવા આ ધરથી પર થોડાજ હશે. શેઠ ભીખાજીએ બચગીથી પોતાની વએ વેપારનાં કાંમમો ગુજારીતી અને જો પણ છેલાં પંદર વરશ તે કાંમથી અલગ હતો તોહોપણ ઘણા નાંમીચા અને પંકાએલા વેપારીઓને પોતાના મરવાની છેલી ઘડી શુધી શુલેહ તથા મશલહત આપતો હતો. દોલત હેનાં હાથમો નોહોતી પણ દોલતની વાંશણાં હેનાં બદનમોથી ગેઈતી નહી. માએઆનો મુરબી—મેહેરબાંનીનું મકાંન—મીજાજનો માલેક—અને મરવતીનો મેહેલ તે શેઠ ભીખાજી હતો. શેઠ ભીખાજી છેલાં પંદર વરશ શુધી કુતંમબ કલેશથી બેજાર અને બેકરાર હતો—પણ તે લાંબી મુદતમો કોઈ મીજલશ કે કોઈ મકાંન ઉપર કોઈનાં મોડાં ઉપર શેઠ ભીખાજીએ પોતાનો હોઠ ફફરાવીને એમ નથી કેહીઉં કે તેહનાં ઉપર ફલાંનું દુખ અથવા ફલાંની બેકરારીછે—શેઠ ભીખાજીએ શઘલું દુખ પોતાનાં શરીરમો શેહીઉં—અને જો પણ શઘલી પરકારનાં દુખથી દુખીઆરો હતો તોહોપણ કોઈ દાહાડે ગંમ પોતાનાં ચેહરા પર લાવેઓતો નહી.—શેઠ ભીખાજી દાંનાંવ દોશત હતો—ભાએગવાંન ભાઈ હતો—દાહેઓ દીકરો હતો—અને બુજોરગ બાપ હતો.

[મુંબઈના ચાબુક, ૩૦ મી અકટોબર ૧૮૪૪.]

તા૦ ૧૮ મા નવેમબર.

રોજ ૨૨ માહ ૩ (ક૦) ૧૨૧૪ યજદજરદી.

બરજોરજી ફરાંમજી પાંડે—હમોને ખબર આપવાને બેહદ નાંખુશી ઉપજેચ કે આપણાં પારશીનાં શેરકોનો એક નાંમીચો અમીર શેઠ બરજોરજી ફરાંમજી ભીખાજી પાંડેનો જે આજ કેટલીએક મુદત થાઈ શ્રી મેશુરનાં રાજાની દેવાંનગીરીનાં નાંમીચા અધીકાર ઉપર ગીઓતો તે ગીરહશથ શ્રી મધરાજમો તારીખ ૧૭ મા નવેમબરને દીને શવરગવાશી થાએઓ. એ માહાપુણી તથા મોટાગુણી ગીરહશથનું મરણ ઉક પુરતા રીતે આજનાં પતરમો લખી શકતા નથી તેથી હમો ઘણા દલગીર અને શરમીનદા છેઈએ—પણ તેહનું કારણ એજે જે દીનથી એ ગીરહશથ આપણાં વતનથી દુર થાએઓચ તે દીનથી તેહને જે જે માહાભારત કાંમો મેશુરનાં રાજમો કીધાંચ તે હમોને વીગતવારે મલેઆં નથી. પણ હમો ઉમેદ રાખીએચ કે મોટી કોશેશથી તે મેલવીને હમારો ખરો અધીકાર એ જીનતગુજીન દોશતની છેલી ઈઆદદાશતમો જેમ બની આવશે તેમ ઉતાવલેથી બજાવશું.

[મુંબઈના ચાબુક, ૨૭ મી નવેંમબર ૧૮૪૪.]

ઈ૦ શ૦ ૧૮૪૫.

તા૦ ૫ મી ફેબરવારી.

રોજ ૧૧ માહ ૫ (શે૦) ૧૨૧૪ યજદજરદી.

શોરાબજી ફરાંમજી વાડીઆ—હમોને લખવાને દલગીરી લાગેચ કે ગએઆ બુધવારની રાતરે મુમબઈનાં કોટ મધે પોતાનાં રેહવાનાં ઘરમો નાંમીચાં ખાંનદાંનના વાડીઆ શોરાબજી ફરાંમજીએ આશરે ૪૨ વરશની વએમો ઘણાં દીવશનાં અતેશારની માંદગીથી ઓઠી માએઆની આએ જગતમોથી નીકલી શવરગવાશી !! કોમો કુચ કરી. એ મરનારનાં ગુજરી જાવાથી તેહનાં પરીવાર અને મોહલાં કુટંમબને મોટું દુખ અને ભારે શંનતાપ ઉપજેઓછે.

[મુંબઈના શમાચાર, ૮ મી ફેબરવારી ૧૮૪૫.]

તા૦ ૭ મી મારચ.

રોજ ૧૧ માહ ૭ (ક૦) ૧૨૧૪ યજદજરદી.

ખરશેદજી હોરમજજી મેહેરજી—હમોને લખવાને અને ખબર આપવાને મોટું દુખ અને ભારે શંનતાપ લાગેચ કે મુમબઈની ટાપુ-

બેનાં ભીખાજી મેહરજીનાં નાંમીચાં ખાંનદાંનનો અને પુરાંનાં ઘહરાંનાંનો વડા અને આએ પતરનો અધીપતી ખારશેદજી હોરમજજી કેટલાએક દીવશની માંદગીથી ૩૭ વરશની વએમા તારીખ ૭ મા મારચને ગએઆ શુકરવારની રાતરે આશરે ૧૨ાા કલાકને અંમલે આએ વગર ભરોશાની અને ખોટી માએઆની દુનીઆંમોથી પોતાનો અશબાબ ઉઠાવી આકાશવાશી લોકોમા કુચ કરી ગએઓ. એ મરનાર જાતે ઘણો ડાહેઓ અને શેઆંનપંણ ભરેલો—માએઆલુ ખુશ મીજાજનો શારા શવભાવનો—શાદે દલ અને નમંનતાઇ ભરેલો હતો. એ મરનારની આગલ જે કોઇ દરદી માંણશ આવતું તેહનો ડાહપંણ ભરેલી રીતે ઈલાજ કરવામા પોતાથી બની આવતી તેટલી મેહનત અને કોશેશ કરતો હતો તેથી આએ ટાપુનાં ઘણાંએક લોકો શંગાથે મીતરાચારીનો મજબુત શંમબંધ થાએઓ હતો. એ મરનારે અંગરેજી વીદેઆની શારી કેરવણી લીધી હતી અને તે શાથે ફારશી વીદેઆ અછી રીતે શીકેલો હતો તેથી કરીને પારશી ટોલાઓનાં ફારશી જાંણનારાઓમાંના મુખીઅ પદવીનાં લોકોની મંડલીમા બેશવાને લાએક થાએલો હતો. એ મરનારે પોતાની ઘણી ખરી ઓમર વેપાર રોજગારનાં કાંમમા ખરચ કરી હતી તેથી કરીને આએ ટાપુમાનાં ગાંમઠી અને ઇઅરોપીઆંન વેપારીઓ શંગાથે નેકી ભરેલી રીતે ઓલખાંણ મેલવી હતી. એ મરનારનાં ટુકી વએમા મરણ થવાથી તેહનાં કબીલાને તથા મીતરોને મોટા શંતાપ ઉપજેઓછે કે તે મંનથી મેલવો અને દેલથી ભુલવો મુશકેલછે.

[મુંબઇના શમાચાર, ૯ મી મારચ ૧૮૪૫.]

7th March 1845.

CURSETJEE HORMASJEE MEHERJEE.—On the 7th March, from consumptive fever, Cursetjee Hormasjee, the head of the family of Hormasjee Bhiccajee Meherjee, and the Editor of the Bombay Summachar, a Goojrathee Newspaper. The deceased was much beloved by his friends on account of his general principles and amiable manners. He was a principal partner in the late firm of Blackwell Cursetjee & Co. His death will be greatly regretted by his friends, and lamented by his widow, and a large family. The deceased was aged 37 years.

[*Bombay Courier*, 11*th March.*]

તા૦ ૧૪ મી મારચ.

રોજ ૧૮ માહ ૭ (ક૦) ૧૨૧૪ યજદજરદી.

હોરમજજી દાદાભાઈ શાએર—હમોને લખવાને દલગીરી લાગેચ કે શેઠ હોરમજજી દાદાભાઈ શાએરે ગએઆ શુકરવારની શાંહાંજનાં આશરે ૭ાા કલાકને અંમલે આએ ખોટી માએઆની અને વગર ભરોશાની ફાંની દુનીઆંમોથી ૫૭ વરશની વએમા પોતાનો અશબાબ ઉઠાવી મીનાઈ આલમમાં જાઈ પોતાનો ચંદરોજાલ શુધીનો વાશો કરેઓ. એ મરનાર શેઠીઓ પારશીની પંનચાએતનો એક અધેકારી અને જાતે ઘણો ભોલાં મંનનો અને રેહમ દેલનો માએઆલુ હતો. એ શેઠીઆનાં ગુજરી જવાથી તેહનાં બોહલાં કુટંમબને મોટા શંનતાપ અને ભારે દુખ ઉપજીઉંછે.

[મુંબઇના શમાચાર, ૧૬ મી મારચ ૧૮૪૫.]

તા૦ ૭ મી મેએ.

રોજ ૧૨ માહ ૮ (શે૦) ૧૨૧૪ યજદજરદી.

ખરશેદજી માણેકજી સરાફ—હમોને ખબર આપવાને બેહદ દુખ અને અતીઘણો શંતાપ ઉપજેચ કે—આપણાં પારશીની અંનજુમંનનો બુજોરગ જઈફ શેઆંનો—શાહુચેતી—ચુનચા—માએઆલુ—મેહેનતુ અને ઇનશાફી અકાબર શેઠ ખરશેદજી માંણેકજી શરાફ આજ દીને શાંહાંજનાં શાત વાગતે ૮૪ વરશની વએમા પોતાનાં રેહવાનાં ઘેરમા ગુજરી ગએઓ. એ મેહેનતુ અને માએઆલુ અકાબરનાં ગુજરવાથી એકલાં હેનાં કુતંમબનેજ નહી પણ તમાંમ અંનજુમંનને મોટા અફશોશ અને શંતાપ ઉપજેઓછે. એ મરનારે બેહદ

ખુબી પોતાનાં ધરકાની શાથે પોતાની મરવાની છેલી ઘડી શુધી કીધીચ તેહની શાહેદી ગએઆ તરણ દાહાડા થાએઆ આલંમનાં મોડાંમોથી શાબાશી અને વાખવાખીનાં આવાજો નીકલેચ તે બશક્કે—આજ શહવારે (ભરેશપતવારે) એ બુજોરગનાં રવાંનને દોખમે ચહડાવીઉં—તે વેલાએ હેનાં બારણાંમો અને પાએદશે—શું નાંધલા કે શું મોટા—શું ગરીબ કે શું તવંગર—શું શતરૂ કે શું મીતરો શઘલાવોની બારે બીડ એકઠી થાઈ હતી—એ જેહવી એ મરનાંરની ખુબીની નીશાંણી બાજી કાંઈ નથી. એ મરનાંરે પોતાની વએમો પારશીનાં ધરકાને શુધારવાની બાબદમો—જે જે કાએદા અને કાંયદાનો પોતાની કલમથી લખીને ચલાવાનો એરાદો કીધોતો તેહની શાંમણે અગરજો આએ હાલી જમાંનાંના દરવવાંન શેઠીઆવો અને પારશીની કોંમનાં "આફતાબ" હશદ અને અદેખાઇથી નહી થાએઆ હતેતો પારશીનો ધરકો જે હીનપશતીમો હાલમો પડેઓચ તે હીનપશતી તેવોને નહી પોંહોંચતે.

જાંમે જંમશેદે શેઠ ખરશેદજી માંણેકજીનાં મરતીઉકમો એ મરનારની વખાંણવાજોગ ઈઆદદાશતો લખીચ તે હમો હમારા વાંચનારાવોને જાંણવા શારૂં હેઠલ પરગટ કરીએચ—

"ઈનશાફનાં કાંમમો હેવો તો પુરવીણ અને શેઆંનો હતો કે જે લોકો એ મરનાંરને બારણે (ઈનશાફને શારૂં) આવતા તેવો શઘલા મોડે અથવા વેહેલે રાજી થાઈને જાતા."

"એ મરનારનું રેહેવાનું ઘેર એક દરબાર થાઈ પડીઉં હતું—અને શઘલા દુખીઆરા લોકો એ મરનાંરનાં ઘેરને દાદગાહ જેહવું જાંણતા."

"પારશી લોકોનાં ઘેરગતુ કજીઆવોની તપાશ અને તેહનો નીવેરો લાવવા શારૂં એ મરનાંરનો જે કીમતી વખત જાતો હતો તેહને તો એ મરનાર એક વેપાર જેહવું જાંણીને ખરચ કરતો."

"એ મરનાંરે પોતાના ટોલાની આબાદી જોવાને તથા તેવોનાં શુખમો વધારો થાવાને હેવી તો શોચણાં રાખી હતી કે તેહવી શોચણાં થોડાજ પારશીઓ રાખતા હશે."

"એ મરનાંર ગરીબોનો માંબાપ અને તવંગરોનાં મીતર જેવો હતો."

"જે ઘણી એ મરનાંર પાશે હરેક બાબદની શુલેહ અને મશલહત લેવા આવતો તેહને હેવી તો મશલહત આપતો કે જાંણે ધારાનાં ગરંથમો તેહવા ચુકાદા લખેલા હોએ."

"એ શેઠીઆનો શવભાવ બાલપણમાંથીજ હેવો હતો કે નાંધલા શાથે નાંધલો અને મોટા શાથે મોટો થાવું."

"ભલાં માંણશો શાથે નમંનતાઈ કરતો અને લુચા લોકોને ધીકારતો—અને તેવોને શુધારવા શારૂં પોતાથી બની આવે તેટલી મેહેનત કરતો."

"પંનચાતનાં કાંમમો એ મરનાંરે એટલીતો મેહેનત કીધીચ કે—પોતાનું ભોજંણ લેવાનાં વખતોને બરબાદ કીધાચ—અને શહવારની ચાહ બપોરનાં પીધીચ અને બપોરનું ખાંણું રાતનાં ખાધુંચ."

[મુંબઇનાં ચાબુક, ૭ અને ૧૦ મી મેએ ૧૮૪૫.]

7th May 1845.

CURSETJEE MANECKJEE SHROFF.—On the 7th May, Cursetjee Manockjee Esq. He held a high character, and was much esteemed for his learning, by his own community. He was the head of the Parsee Punchayet for some time, but lately withdrew from any connection with it. He died at the advanced age of 83 years, after a few days illness.

Obituary—In the *Courior* of the 9th May was announced, among the obituaries, the death of Cursetjee Manockjee Esq., but we should be the exception, we believe, to all the journals of the Presidency if we did not pay a more prominent tribute of respect to his memory. He was a gentleman much esteemed in Bombay, as has been testified not only by the hundreds of his community who followed his remains from his residence to the Temple of Silence, but by the respectful attention shewn by great

numbers of all classes, and denominations, to his mourning family. The native journals, although conflicting on political topics, have on this instance laid aside their differences, and joined in according with one voice, to the memory of the deceased, the highest meed of praise. The *Jami Jamshed* says. "he was the poor man's father, and the rich man's friend, invariably respected by both. His loss is a public one, and the blank it leaves cannot be filled up."

Cursetjee Manockjee was the progenitor of a large family; his children, grand-children, and great-grand-children numbering about 35; and, including the other branches of the family, of which he was the head, about 100 members at least might be named. One of his sons is well known in European travel, and many others of his mourning relatives stand high in estimation here. At the time of his death he had very nearly arrived at the advanced age of 83 years.

[*Bombay Courier, 9th and 13th May.*]

તા૦ ૨૮ મી મેએ
રોજ ૩ માહ ૯ (શે૦) ૧૨૧૪ યજદજરદી.

અસપંદીઆરજી બેહરાંમજી ફકીરાજી, મરતીઉકની ટીપમો એક નાંમ વધારવાને હમોને મોટું દુખ અને ભારે શંતાપ લાગેચ કે— તારીખ ૨૮ મી મેએ ૧૮૪૫ ને બુધવારને દીને બપોરનાં ૧૧ કલાકને અંમલે ચાર દાહાડાની તાવમો ૨૧ વરશની કાચી ઉમરમો અશપંનદીઆરજી બેહેરાંમજી તે મરનાંર બેહેરાંમજી ફકીરાજીનો ચોથો છોકરો આએ ફાંની દુનીઆંમોથી પોતાનો અશબાબ ઉઠાવીને આકાશવાશી લોકોમો કુચ કીધું.—એ મરનાંરને વાશતે કેહેચ કે ટુંકી ઉમરમો લાંબી બુધી શારી શલુકાઈ—ખુશ મીજાજ અને વખાંણવા જોગ નીતી મેલવી હતી તેથી હેનાં મીલંણશારોમો હેને મોટું માંન મેલવીઉં હતું. હેનાં ટુકી વએનાં ગુજરવાથી હેનાં ભાઈઓ તથા એશ કુતંમબ તથા દોશત આશનાંવોમો મોટું દુખ ઉપજીઉં છે તે દુખનો ડાગ એકાએક મટવો કઠંણ છે.

[મુંબઈના ચાબુક, ૨૮ મી મેએ ૧૮૪૫.]

28*th May* 1845.

ASPANDIARJEE BYRAMJEE FUCKEERA.—On Wednesday, the 28th instant, of malignant Fever, after a short illness of ten days, Aspuneearjee Byramjee Fukeerajee, the fourth son of the late Byramjee Fukeerajee, a respectable and wealthy merchant of Bombay, deeply regretted by a large circle of friends and relations. The deceased was a promising pupil in one of the higher classes of the Elphinstone Institution, and was distinguished for his amiable disposition and engaging manners. He was 22 years of age, and while on the eve of entering a prosperous career, was suddenly snatched away by the cruel hand of Death in the prime of life. He has left a young widow with a daughter 2 years old, besides a disconsolate mother and five affectionate brothers to mourn over his untimely fate.

[*Gentlemen's Gazette, 2nd June.*]

તા૦ ૩ જી જુન.
રોજ ૯ માહ ૧૦ (ક૦) ૧૨૧૪ યજદજરદી.

બહુમનજી નવરોજજી વાડીઆ અને નાનાભાઈ નવરોજજી પટેલ—હમોને લખવાને દલગીરી ઉપજેચ કે શખત ગરમી પડવાના શબબથી મુમબઈમો કોલેરાનો રોગ ઘણો ફેલાએઓચ—અને હમારાં છેલાં પતર પછે બે નાંમીચા પારશીનાં જુવાંન છોકરાવોની એ ઘાતકી મરજથી ઘાત થાએચ—તેહમો એક વાડીઆજી શાહેબ નવરોજજી જંમશેદજીનો છોકરો——

અને બીજો મરનાર નવરોજજી રૂશતંમજી પટેલનો છોકરો નાંહાંનાંભાઈ. એ બંધે મોતથી એખલાં એ મરનારનાં એશ કુતંમબમોજ નહી પણ આલંમનાં લોકોમો મોટો શંતાપ પેદા થાએઓચ.

[મુંબઇના ચાબુક, ૪ થી જુન ૧૮૪૫.]

3rd June 1845.

NANABHOY NOWROJEE PATELL.—In tho Fort at 12 o'clock, on the night of the 3rd June, after a few hours sickness, of spasmodic Cholera, Nanabhoy Nowrojee Patell, the grandson of the late and well known Parsee Gentleman Rustomjee Cowasjee Patell of Bombay, aged 21 years and 4 months. The affability, candour, endearing manners, and social disposition of the deceased, procured for him an extensive acquaintance with all classes of people at an early age. His sudden and premature removal by that dreadful scourge, blasted the best hopes of his relatives and is a source of great grief to al his friends and acquaintances. He leaves behind him a disconsolate widow, an aged grand-mother, an infirm and dim-sighted mother, a little brother and sister, and a large circle of relations, to bemoan his irreparable loss.

[*Bombay Courier*, 6*th June.*]

4th June 1845.

FRAMJEE PESTONJEE DIVECHA.–At Bombay, on Wednesday the 4th June of asthma, aged 71 years, Framjee Pestonjee, late head servant of the Government House Establishment having served in that capacity for a period of 31 years. He was well known and his death is sincerely regretted by his relations and friends.

[*Bombay Times*, 11*th June.*]

તા૦ ૬ ઠી જુન.

રોજ ૧૨ માહ ૧૦ (કo) ૧૨૧૪ યજદજરદી.

માણેકબાઈ તે દાદાભાઈ રૂસતમજી બનાજીનાં ધણીઆંની—હમોને ખબર આપવાને મોટું દુખ અને ભારે શંતાપ લાગેચ કે—આપણાં શુધા અને શાચા અકાબર શેઠ ફરાંમજી કાવશજી બનાજીની દીકરી બાઈ માંણેકબાઈ જે શેઠ દાદાભાઈ રૂશતંમજી બનાંજીની ધણીઆંણી થાએ તે કેટલાએક દાહડા શુધી માંદની પીડાકારી ભોગવીને ગએઆ શુકરવારને દીને પાછલા પોહરનાં ગુજરી ગેઈ.—એ બાઈનાં ગુજરવાથી હેનાં જઇફ માંબાપ અને હેનાં રાંક ધણી તથા હેનાં બોહોલાં કુટંમબને હેવાતો ભારે શંતાપ ઉપજેઓચ કે તે ઘણી મુદત શુધી મંનથી મેલાશે તથા હઇડાંથી ભુલાશે નાહી.

[મુંબઇના ચાબુક, ૭ મી જુન ૧૮૪૫.]

તા૦ ૧૯ મી જુન.

રોજ ૨૫ માહ ૯ (શે૦) ૧૨૧૪ યજદજરદી.

રૂસતમજી અંસપંદીઆરજી આરીટનના—હમોને લખવાને દલગીરી લાગેચ કે પારશી રૂશતમજી અશપંદીઆરજી મશીદીનાંએ (કે જેહને આએ ટાપુનાં લોકો આરીટંનનો રૂશતંમજી કરીને કેહતા હતા) આશરે એક અઠવાડીઆંની માંદગીમો ગએઆ ભરેશપતવારની રાતરે આશરે ૬૭ વરશની વએમો આએ તરણ પાંચ દાહડાની વગર ભરોશાની અને ખોટી માએઆની દુનીઆંમોથી પોતાનો અશબાબ ઉઠાવી જીનતવાશી લોકોમો જાઈ વાશો કરેઓ. એ મરનાર ધરશત જાતે ઘણો માએઆલુ અને મીલંનશાર તથા એકમારગી અને શેઆંણો હતો. અને પોતાની નાધલી વએથી અંગરેજી વીદેઆની કેલવણી લીધી હતી તેથી એ મરનારે આ ટાપુમોનાં ધારાના વકીલોનાં હેડ કલારકના ઓધાની આશરે ૨૫ વરશની લાંબી મુદત લગી પોતાની ઓમરની છેલી ઘડી શુધી ઘટતી હુશીઆરીથી ચાકરી બજાવી છે. એ મરનાર પાશે જે કોઈ શખશ પોતાનાં કારંબુશર હર તરાંહની મશલેહત લેવા જાતો

તેહને ડાહપંણ ભરેલી મશલેહત આપતો હતો તેથી કરીને એ મરનારને આખ્યે ટાપુમોનાં ઘણા ખરા લોકો શંગાથે મીતરાચારીનો ગાંઠ બંધાંએઓ હતો. એ મરનાર પોતાની જાતી હુશીઆરીના શબબથી ગરીબી હાલતમોથી શારી અને શુખ ભરેલી હાલતને પોહચેઓ હતો. અને પોતાનાં ગરીબ શગાંવાલાંવોની બરદાશત લેતો હતો તેથી કરીને શારાં નાંમને પોંહચેઓ હતો. એ મરનારે પોતાની શકમાઇનાં પઇશામોથી પોતાના વડાઓનું નાંમ કાએમ રેહવા શારૂં શ્રી શુરતનાં રૂશતંમપોરામો તે જગોનાં કેટલાએક પારશી લોકોને વાપરવાનાં કારંણુશર એક અગીઆરી બાંધીને તેહમો આદરાંન શાહેબને તખતનશીન કરેઆછે અને તેહનો ખરચ આજ દીન શુધી પોંહચાડતો આવેઓછે. એ મરનારનાં ગુજરી જાવાથી તેહનાં કુટંમબ પરીવારને મોટું દુખ અને ભારે શંનતાપ ઉપજેઓછે.

[મુંબઇના શમાચાર, ૨૨ મી જુન ૧૮૪૫.]

તા૦ ૨૪ મી આગશટ.

રોજ ૧ માહ ૧૨ (શે૦) ૧૨૧૪ યજદજરદી.

જાંગીરજી ખરશેદજી તારાચંદ—હમારા વાંચનારાઓને જાહેર કરવાને હમોને મોહોટી દેલગીરી લાગેછે કે મુમબઇનો પારશી વેપારી શેઠ જાંહાંગીરજી ખરશેદજી જે આગલા દીવશ ઉપર વઇકુંઠવાશી શેઠ મોતીચંદ અમીચંદનો ચીન ખાતે આડતીઓ હતો તથા તારપછે મુમબઇમો શેઠ હઠેશીંગ કેશરીશીંગની પેહેડીનો કારભારી હતો તે કેટલાએક દીવશની માંદગીથી ગએઆ રવીવારને દીને રાતનાં કલાક ૧૧॥ ને અમલે પોતાની ૫૪ વરશની વએમો પુણાંમો મરણ પાંમેઓછે તેથી એ મરનારનાં કબીલામો અને તેહેનાં ઘણાંએક મીતરોને મોહોટો શંતાપ ઉપજેઓછે. અતરે એ મરનારનાં ઉઠમણાંની કીરીઆની વખતે જરથોશતી લોકોની જુદા જુદા ધરંમનાં કાંમોની પુંજી ખાતે રૂ૫૦૦૦) ધરમ દાખલ આપેઆમો આવેઆછે.

[મુંબઇના શમાચાર, ૨૮ મી આગશટ ૧૮૪૫.]

24*th August* 1845.

JEHANGIR CURSETJEE TARACHAND—We last week recorded the demise of the charitable Huttasing Kessre. sing, of Ahmedabad; we have now with regret to announce the death of Jehangeer Cursetjee Esq. the managing partner in Bombay of the Firm of Huttasing Kessresing.• This active and intelligent Parsee merchant was for a long time Agent to Motichund Amerchund in China. He went a few days ago in company with Cursetjee Jamsetjee Esq. to Poona, for the purpose of recruiting his health by a change of air. On sunday last he was attacked with apoplexy, and expired at half past 11 o'clock at night, to the great grief of his family and his numerous friends. He was 54 years old, and leaves behind him a disconsolate widow, four sons, and two daughters, to bewail his irreparable loss.

[*Gentleman's Gazette, 27th August.*]

તા૦ ૨૯ મી ડીશેમબર.

રોજ ૩ માહ ૫ (ક૦) ૧૨૧૫ યજદજરદી.

દાદીભાઈ લીમજી બનાજી—તારીખ ૨૯ મી ચાલતા ડીશેમબર માહીનાંની અને શોમવારને દીને રાતનાં આશરે ૮ કલાકને અમલે શેઠ દાદીભાઈ લીમજી બનાજીનાં શ્રી ગોવાલીઆની શેઠ ખરશેદજી કાવશજી બનાજીવાલી વાડીમો ચેઆલીશ પચાશ કલાકનાં ઘાતકી માંદમો આશરે ૨૯ વરશની ટુકી વએમો આએ જુઠી માએઆની જગતમોથી પોતાનો અશબાબ ઉઠાવી પોતાનાં મોટાં કુતંમબને ભારે માહાતમમો નાંખી દોશત આશનાવ—ઓલખાંણ—મોહોબતવાલાવોને મોટા વનતામો શોંશી શવરગવાશી લોકોમો કુચ કરી ગીઓ.

મરનાર દાદી લીમજી ખાંનદાંનમો હેવોતો ખાશ હતો કે જેહનાં બાપનાં અને માએનાં તોખમનાં જાહાડાની ડાહાલીઓથી પારશીનો શરકો

અજવાલું પાંમેલોછે—તેહવોજ એ જીનતગુજીન દાદી પોતાના એખલાકમો હેવોતો ગુણવાંન અને રૂડો હતો કે તેથી હેને પોતાની ટુકી વએમો એખલા પોતાના બુજોરગોનીજ પરીત નહી મેલવી હતી પણ તે શાથે શું દીન ઇઆ શું જુદદીન—શું તવંગર ઇઆ શું ગરીબ—શું ઓલખીતા ઇઆ શું અંણજાંણા શરવે લોકો હેનાં એખલાક ઉપર આશક અને મોહીત હતા. દાદીની ચાલચલણ અને ખુબી હેનાં મરનાર બાપ લીમજી કાવશજીને જેહવી હતી કે તેહની ખુબીનું વરનન નહી થાઇ શએ અને જેહનાં પરતાપથી અંગરેજ બજારમોનાં અરધો અરધ પારશી વેપારીઓ દાલ જુવારે શુખીછે—અગર જો દાદીની હઇઆતીએ દગો નહી દીધો હતેતો થોડાં વરશમો એ જુવાંનજોત હેનાં બાપની પેઠે બીજુ એક નવું અંગરેજ બજાર વશાવતે—અને તેહને દાદી બજાર કરીને નામ મલતે—પણ દાદીનાં શુધા અને શખી તમેના વેપારે બે દીવાલી નહી જોઇ તેટલાં હેનાં મોતનાં મલેકે હશદ પકડી અને હેનાં જુવાંન જીવને હેનાં બદંનમોથી જબરદસતીથી તોડી લીધો તેથી હેની મોરાદ હેનાં મનમો અને બીજાવોનાં દીલમો રેહી ગઇ. ખરશેદજી અરદેશર દાદીશેઠનાં દાદીબાવાનાં ગુજરવા પછે હશતાં મોહોડાંનો અને માએઆલુ મીજાજનો દાદી તે દાદી લીમજી પેદા થાએઓતો કે કોઇ કાલે અને કોઈ વખતે બલકે ઉંઘમોખી હેનું મોડું જારે જોઇએ તારે હશતું અને હશતું હતું—તે ઘંહુલા રંગનુ અને ઘણી ખુબીનું મોડું જાલમ જમ જોઈ નહી શએઓ તેથી તેહને આપણી ફાંની વશતીમોથી નહી શરખો કરી નાંખેઓ. દાદી કદે ઘણો નાંધલો હતો પણ જારે હાથીની પેઠે ડોલા ખાઇને ચાલતોતો તારે ગોએઆ દીલાવર અને કદાવર લીમજી કાવશજી પોતે હતો. દાદી હેવોતો મીલંણશાર અને મોલાકાતનો માતો હતો કે અંગરેજ બજારમોની ફારબશ ઇશટરીટમોથી મોડો ઇશટરીટ (જે ચારશેથી તે પાંચશે વાર દુર હશે) તો તેટલી વેગલાઇમો ચાલતાં પકા બે કલાક ગુજરતા હતા. શબબકે કોઈ કોઇની શાથે મોલાકાત કે કોઇની શાથે શલાંમ કે કોઇની શાથે વાત ચીત કીધા વીના રેહતોતો નહી. ઇઆને એ મરનાર હેવું જાંણતો હતો કે મબાદા કોઇનું દીલ દુખે તેહવું નહી કરવું. દાદીની ચાલ અને દોલત પરમાંણે જો વાજબી બોલવાની છુટ લીજીએતો હેની શખાવત (હેનાં ગજવાં પરમાંણે) હેનાં મીલંણશારે અને હેનાં એશ કુતંમબ માંહેના બીજા ભાઇઓ કરતાં ઘણીજ વધારે હતી. દાદી હશદ અને અદેખાઇનો દુશમન હતો ઇઆને હશદ અને અદેખાઇવાલાવોની દોશતીથી ઘણો દુર હતો. ઘોડા અને ગાડીઓનો હેવો આશક હતો કે તેહવી એશકો મુમબઇનાં પારશીઓમો થોડીજ હશે— દાદીની કઠણ હાંકણી ઉપરથી અને દાદીનાં ઘોડાવોનાં ખોરાક ઉપરથી અને દાદીનાં જાંનવરોની જતન ઉપરથી અંગરેજ લોકોએ પારશીઓની ગાડી—ઘોડા—ચાપકા—હરનીશ અને હેવા બીજા અશબાબોને જુદાં નાંમો આપેઆંચ. હવે કોણ છે કે દાદીની બરોબર ગાડી ઘોડા હાંકશે—હમો એમ જાણીએચ કે તરતતો પારશીઓમોથી ગાડી હાંકવાનું નાંમ દાદીની મઇએત શાથે ઉડી ગએઉંચ હવે પછે કોઈ નીકલેતો કોણ જાંણે. દાદી જેહવો અઇઆશી ગાડી ઘોડાવોનો હતો તેહવોજ અંગરેજી વજાંણતરો અને તશવીરોનોખી અઈઆશી હતો—કોઈ ફરેંચ દુકાંન ખાલી નહી હશે કે જેહમો દાદીનું ખાતું નહી ચાલે. દાદી વેહવારનો ઘણો ચોખો અને પાક હતો. દુશમંનતો દાદીના કોઇ હતાજ નહી પણ દોશત પરશત હતો. પારશીનાં શાહેબજાદાવોમોથી ઘણાજ થોડા શાહેબે જુવાંનછે કે તેવો દીન આઇનની તકરારો અને અંડફાટા કરેચ તોપણ દાદી જે મીજલશમો બેઠો હોએ અને તાંહાં દીનદારીની વાતચીત થાતી હોએતો દાદી તે શાંભલવા ઉપર કાંન અને તે શહમજવા ઉપર દીલ આપતો હતો. આજના જમાનાના પારશીના શાહેબજાદાવો દશતુર મોબેદોનેતો કેહવું માંન પાંન આપેચ તે શઘલાવોને રોશંનછે પણ તેહની વીરૂધમો દાદી દશતુર મોબેદોને માંન આપવાનો હક છે તે કોઇ વેલાએ ભુલતોતો નહી—અને ૧૮૪૨ નાં વરશમો એકવાર દાદીનાં એશમોનાં

કોઈએક હુલડ અને નાદાનિ અરદેશર દાદીનાં ઘેરનાં મોબેદને અપમાંન આપીઉં તું તે શાંભલીને દાદી કેહેવા લાગો જે "અફશોશ છે કે મારા ભાઈ અરદેશરે ઉભા રહીને મારી મમાઈનાં મોબેદને અપમાંન આપેલું જોઈઉં — અગર જો હું હતેતો હેનાં નેણ એંચીને મારા પગ તલે દાબતે"—હેવો ઓફ પોતાનાં બુજોરગોનાં નામનો તે એબલો દાદી રાખતો હતો. શરકારનાં શીપાહીઓ અથવા શરકારનાં માંણશોએ કોઈ ગરીબ અને કંગાલ અને નીરઅપરાધી ઉપર અંણઘટતો જુલમ કરતા હતા તો દાદી તેવોને દશત અને દીલથી મદદ કરતો હતો. અને ઘણીવાર તે વીશેની ફરીઆદ શતાવાલાવોનાં કાંનપર લાવતો હતો. અપખશપાતી અને આપઅખતીઆરી તે શવરગવાશી દાદીની બુજોરગી હતી. દાદી ગમે તેહવો નરંમ મીજાજનો અને ઠીંગણાં કદનો હતો પણ હેનાં મોડાં ઉપર શેઠાઈનો રોબ અને બુજોરગીનું ખમીર હેવું તેહજ જહલકતું હતું કે તે જોવાથીજ હાથી જેહવું માંણશ તેહનાં મોડાં આગલ ગહશત આઈ જાતું તું. દાદી હઈઆત હતો તારે જે ખુબી અને નેકી દાદીમો હતી તે દાદી પોતાની પછવાડે મેલી ગીઓચ તેહની ઓશબોહથી હેનાં બેશ કુતંમબ અને બેહદ દોશત આશનાવો હવે પછે પોતાની હઈઆતી ગુજારે. દાદી પાક અને અશો હતો તેથી તેહનાં રૂવાંને હજરત જરથોશતની બગલમો પોતાનું મકાંન કીધુંચ તે અશો રૂવાંનની ઉપર હજારો હજાર દરૂદ હોજો. હમારા જાંણવામો આવીઉંચ કે દાદીને બે ફરજંદો થાએઆં હતા તેહમો એક પુતર આશરે ૪ વરશની વએનો દાદી પોતાની પછવાડે મેલી ગીઓચ તેહની હઈઆતી લાંબી અને ઉમરદરાજ અને ખુબીથી ભરપુર રહે એ હમારી પરારથનાંછે. દાદીનાં તુકડી વએનાં ગુજરવાથી હેનાં ભાઈઓ—બેહેનો—તીરીઆ—કાકાવો—પીતરાઈઓ—અને તમાંમ ખલક જેવો હેને ઓલખતી હતી તેવોને હેવું તો મોટું દુખ અને ભારે શંતાપ અને કાલજાંમાં કાપ લાગાચ કે તે ચંદર તથા શુરીઅનાં તાપ શુધી એકાએક રૂજવાનાં નથી.

પરમેશવરે આપેઓતો—
તેજ પરમેશવરે લીધો—
તે પરમેશવરની કુરૂણી અજબ છે.

[મુંબઈના ચાબુક, ૧ લી જાનેવારી ૧૮૪૬.]

ઈ૦ સ૦ ૧૮૪૬.

તા૦ ૧૯ મી આપરેલ.
રોજ ૨૪ માહ ૭ (શે૦) ૧૨૧૫ યજદજરદી.

દસ્તુર જામાસપજી એદલજી જામાસ્પ આશાના—મરતીઉકની નોધમો આએ એક દુખ ભરેલું મોહટ જાહેર કરવાને હમોને હદથી બેહદ શંતાપ લાગેચ કે દશતુરાંન દશતુર જાંમાશજી એદલજી આશાનાં આજ આશરે શવાબે મહીનાં થાએઆ શ્રી પુણેથી હેદરાબાદ ખાતે નેકનાંમ શેઠ પેશતનજી મેહરજીભાઈએ નવી દરેમેહર બંનધાવી તેહને પરઠવાને સારૂં પોતીકા નેક ફરજંનદોને લઈને શીધારેઆ હતા તે જગોએ એ અશો ખાશલત અને નેક મનશની પાક દેઆંનત દશતુરને કોલેરાએ ફરેબ દીધો તેથી બે દાહાડાનાં માંદમો ૫૧ વરશની વએમો રોજ ૨૪ મો માહ ૭ મો રશમી તારીખ ૧૯ મી એપરેલ ૧૮૪૬ ની શહવારનાં કલાક ૧૦ ને અંમલે આએ જુઠી અને બેમરવત જગતને હવાલે પોતાના બોલાઓને કરી હેનું પવીતર રૂઉ આપણાં અશો હજરત જરથોશતનાં રવાંનની હજુરમો ગએઉં. ઈઆને એ દશતુર પોતાનો અશબાબ આએ જાંહાંનથી ઉઠાવી એ નેક કેરદારનાં જાંને શવરગી અને કાએમ લોકોમો જાઈ આરાંમ પકડેઓ. એ દશતુરનાં અચબુચ ગોજરવાથી પુણાંમો હેનાં મલતા વીશેકો તેહમો શોહોરાબજી પટેલ કે જેહને તે મરનારથી મોહટી હોરમત હતી તે તથા હેનાં બેશ કુતમબ મોહટી માહતંમમો પડેઆં. અને હેવો દાનાવ એકાએક ગુમ થાવાથી તેહનાંઓને મોહટો ચોલો અને ભારે વતવતો રહી ગએઓ એટલુંજ નહી પણ ઓરંગાબાદ—હેદરાબાદ—જાલના—મહુ અને હેને લગતાં દેશોનાં પારશીઓ જે એ દશતુરની માએઆ

અને મમતામો મળેલા હતા અને એ મરનારની દાનાઇમો ફેવાના બનેલા હતા તેહનાંઓમો એક મોહટો શોર ઉઠી રહેઓચ. એ દશતુર પુણુંની વડી દરેમેહરમો દાનાઈ અને પહેરેજગારીનું એક મોહટું દરખ તે શાથે દાહાપણુની ઘણીએક ડાહાલો હતી. એ મરનાર જરથોશતી રેવાજ અને દીનઆઇનનું કાંમ હેવીતો રીતે જાંણુતો હતો કે એક વેલાએ પેગમબરના એલાઓ કાએલ હતા. પેહલવી—જંનડ અને ફારશી એલંમનો એક શારો ઉશતાદ હતો. એ દશતુર આપએખતીઆર્રીનો ખાં અને લોભનો દુશમન હતો. હમેશે પોતીકી ટુક વશતીના જરજમાનોને દીનની શારી નશીએતથી વાકેફ કરતો હતો તેથી તેહનાંઓ હેની દાંનાંઇમો લપેતાએલા હતા. હેવા એક કાબેલ હોરમત અને ઇજતવાલા દશતુરનાં ગુજરવાથી અલબત પુણું હવે દાનાઇથી ખાલી જોવામો આવશે અને પાક એકીનથી કહીએચ કે જાંમાશની જગો ખાલી જોવામો આવશે.

> દુનીઆંમો પેદા થાશે અને ગુજરશે કચકાંઈ,
> બીજુ કાંઇ નહી રેહવાનું શખાવત નેકી
> અને દાંનાઈ.

[મુંબઇના ચાબુક, ૨૬ મી આપરેલ ૧૮૪૬.]

તા૦ ૨૪ મી જુન.

રોજ ૩૦ માહ ૯ (શે૦) ૧૨૧૫ યજદજરદી.

શાપુરજી હીરજી ઓવનના—મરતીઉકની ટીપમો દાખલ કરવાને હમોને મોટું દુખ અને ભારે શંતાપ લાગેચ કે—શ્રી કોચીમાં તારીખ ૨૪ મી જુન ૧૮૪૬ ને દીને ૫૩ વરશની વએમો શેઠ શાપુરજી હીરજી થોડાએક દાહાડાના માંદમો કઇલાશવાશી થાએઓ. એ શખી તથે પારશીએ લગભગ શઘલી પોતાની વએ મલબાર તથા તરાવંણકોરના કોશતાવો ખાતે ગુજારી. એ મરનાર કોશતા ખાતેનો એક નાંમીચો અને વખાણાંએલો વેપારી અને વાંહાંણવતી હતો. હેની શખાવત અને રેહમ દીલી હેવીતો ભારે હતી કે તેથી કરીને આખા મલબાર કોશતામો હેનું નાંમ વખાણાંઇ રહેલું હતું. તે શાથે ચાતુર તથા વેપારનાં કાંમમો મોટો માહીતકાર હતો. અને હેનો વેપાર હેવોતો માહોટો હતો કે તેથી કરીને આજના વખતમો હેને મલબાર તથા તરાવંણકોરના વેપારીઓ પોતાની શરૂમો પેહેલો વેપારી લેખતા હતા. મલબારનો વેપાર ખોહોલો કરવાને શારૂં એ મરનારે ઘણીવાર શરકારમો લડીને રશતાઓ અને ઘાતો ઉઘડાવેઆ અને ગાંમ ખાતાંની કેટલીએક જગાત કાહાડી નખાવી અને રૂઉ તથા બીજી વેપારની જીણુશો ચાંપવાના ઇશકૂરૂવો ઉભા કીધા અને એ વગરે કોશતાનાં વેપારને ખોહોલો કરવામાં ઘણીજ કોશેશ કીધીતી તેથી શરકાર તથા રઇએતનો એક પેઆરો અને ખેરખાહ મીતર થાએઓતો. હેનાં ગુજરવાથી હેનાં ખેશ કુતંમબ તથા દોશત આશનાંવ તથા મલબાર ખાતાંના શઘલા વેપારીઓને મોટો શંતાપ ઉપજેઓછે.

[મુંબઇના ચાબુક, ૧૨ મી જુલાઈ ૧૮૪૬.]

24*th* *June* 1846.

SHAPOORJEE HEERJEE.—At Cochin, on the 24th June, Shapoorjee Heerjee Esq. aged 53 years. The loss of this liberal and talented Parsee, will be felt and acknowledged by a large circle of friends and acquaintances. As ship-owner and merchant, he ranked for many years as one of the first on the Malabar and Travancore Coasts, and he had done a great deal towards extending the trade of the Port he resided at, by urging on Government the advantage of opening roads and abolishing local taxes on produce in transit to it by the extensive back water-communication it possesses, as well as by erecting screws for pressing cotton and other produce.

[*Bombay Times*, 11*th* *July.*]

તા૦ ૨૯ મી જુન.

રોજ ૫ માહ ૧૦ (શે૦) ૧૨૧૫ યજદજરદી.

આઇમાએ તે હોરમજજી બહુમનજી વાડીઆનાં બેટી—કેહવાને શંનતાપ લાગેચ

કે શવરગવાશી વાડીઆ હોરમજજી બહમનજીની બેહી દીકરી અશરાફુજાદી બાઇમાએ ગએઆ શોમવારને દીને રાતનાં પોતાના બાપના રેહવાનાં ઘરમો કશટ ભરેલું માંદ ભોગવી ટુકી ૪૦ વરશની વએમો શવરગવાશી થાઈ. એ મરનાર પોતાનાં મોહટાં કુતંમબમો એક નેકબખત બાનુ હતી. એમાં વલી શરવે શાથે મીલંનશાર અને માએઆનો એક મોહટો કોટ હતો. એ બાઇને ગુજરવાથી હેનાં મોહટાં એશ કુતંમબ—હેની ઘરડી માએ—હેના નેકબખત ભાઇઓ અને હેના ગરીબ ભરથારને મોહટો ચોલો રહી ગએઓ કે તેહનાઓ પોતાનાં લોહીનાં છેલાં ટીપાં શુધી આઇની નેકનાંમીને મનથી મેલશે અને હઈડાંથી ભુલશે નહી.

[મુંબઇના ચાબુક, ૨ જી જુલાઈ ૧૮૪૬.]

તા૦ ૯ મી જુલાઈ.

રોજ ૧૫ માહ ૧૦ (શે૦) ૧૨૧૫ યજદજરદી.

દસ્તુર ફરદુનજી કામદીનજી, ભરૂચવાલા—તારીખ ૯ મી જુલાઈ ૧૮૪૬ ને દીને મુંમબઇમો દશતુર ફરદુનજી દશતુર કાંમદીનજી ભરૂચવાશી થોડાએક દાહડાનાં માંદમો ૭૮ વરશની વએમો આએ જુઠી માએઆની જગતમોથી મોકલા થાઇને શવરગી લોકોમો કુચ કીધી. એ મરનારે ઘણાં વરશ શુધી શુરત જીલામો મુનશઈ કીધી હતી અને ગીઆં વરશમો જઈફીના શબબથી શરકારે પેનશીઅન આપવી કીધીતી. એ મરનાર અશો—પરેજગાર—શાદે દીલ—બેઆજાર—અઇઆશી અને ફરેશતા બશલતનું માંણુશ હતું. જેહવા એ મરનાર અશો હતા તેજ પરમાંણે હેનું પાક રૂહ હજરત જરથોશતની બગલમો ગીઉં હશે હેમાં કશો શંખે નથી.

[મુંબઇના ચાબુક, ૧૨ મી જુલાઇ ૧૮૪૬.]

તા૦ ૨૪ મી આગશટ.

રોજ ૧ માહ ૧૨ (શે૦) ૧૨૧૫ યજદજરદી.

દીનશાહ ફરાંમજી દોલતશંગના—તારીખ ૨૪ મી ચાલતા આગશટ મહીનાંની અને ગીઆ શોમવારને દીને કોટમો હેનાં રેહવાનાં ઘેરમો પારશી દીનશા ફરાંમજી ઘણાં દાહડાનું કશત માંદ ભોગવી ૩૩ વરશની વએમો શારી આબરૂ—હોરમત—માએઆ—અને મેહરબાંની તથા નાંઘલી જેહવી દોલત પોતાની જાતે મેલવીને ગુજરી ગીઓ. એ મરનાર ઘણોજ નમંનતાઈ ભરેલો તથા શેઆંનો અને અશીલ પુરશ હતો—હેનાં ગુજરવાથી હેનાં આખાં કુતંમબને તેહમો અગતં કરીને હેનાં જઈફ બપાવા દોરાબજી નરશંગજી પટેલને ભારે મોટો જખંમ લાગો તે ઘાવ એકાએક રૂજાવાનો નથી.

[મુંબઇના ચાબુક, ૨૭ મી આગશટ ૧૮૪૬.]

તા૦ ૨૦ મી અકટોબર.

રોજ ૨૩ માહ ૧ (શે૦) ૧૨૧૬ યજદજરદી.

હોરમજજી એદલજી કમીશરીવાલા—તારીખ ૨૦ મી અકટોબર ૧૮૪૬ ને દીને શ્રી શુરતમાં જાંહાં હવા ફેરબદલ કરવા ગીઓતો તાંહાં પારશી હોરમજી એદલજી ડીપીઉટી કમીશરી જનરલની આફીશનો હેડ કલારક ૪૫ વરશની વએમો કેટલાએક દાહાડા શુધી કશત માંદ ભોગવીને કબલાશવાશી થાએઓ. એ મરનારે પોતાની આખી વએ શરકારી ચાકરીમો તેહમો ગીઆં ૨૭ વરશ થાએઆં ડીપીઉટી કમીશરી જેનરલની આફીશમાં હેડ કલારકની ચાકરીમો ગુજારેઆંચ. એ મરનાર ઘણોજ મેહેનતુ—ચાલાક—નીમકહલાલ—વીશવાશી માંણુશ હતું તે શાથે પહરેજગાર—કંમ શખુન—ધીરા શવભાવનો અને ઘણોજ નમનતાઈ ભરેલો તથા મીલંણશાર અને દએઆલુ હતો. એ અશો મરદનાં ગુજરવાથી હેની વીધવા તથા દીકરા દીકરી તથા ભાઇ ભાંડું અને મોટાં કુતંમબ તથા બેહદ દોશતોને મોટું દુખ અને ભારે વતવતો રેહી ગીઓચ તે તેઓ પોતાનાં શેવટનાં દાહડા શુધી મંનથી મેલશે તથા હઈડાંથી ભુલશે નહી.

"પરમેશવરે આપેઓતો અને પરમેશવરે લીધો, તે પરમેશવરનાં નામનાં શુકરાંનાં કરો."

[મુંબઈના ચાબુક, ૨૯ મી અકટોબર ૧૮૪૬.]

20th October 1846.

Hormasjee Eduljee Commissariatewalla.—On the 20th of October, at Surat, where he had gone for the benefit of his health, Hormusjee Eduljee, aged 45 years. He was for 27 years a Head Clerk in] the Office of the Deputy Commissary General of Bombay, and had served the Government during the greater part of his life. He was a prudent man of excellent understanding, and of a mild temper, and is sincerely regretted by his family, friends and acquaintances.
[*Gentleman's Gazette*, 28*th Octobsr*.]

તા૦ ૬ ઠી નવેમબર.

રોજ ૧૦ માહ ૩ (કો) ૧૨૧૬ યજદજરદી.

હુભાઈજી તે હોરમજજી દોરાબજી લશકરીનાં વીધવા—ખબર આપવાને દુખ લાગેચ કે—તારીખ ૬ ઠી નવેમબર ૧૮૪૬ ને દીને શહવારનાં આશરે ૧૦ કલાકને અમલે કોટમો હેનાં રેહવાનાં ઘેરમો બાઈ હભાઇજી તે કઇલાશવાશી શેઠ હોરમજજી દોરાબજી લશકરીની વીધવા ધણીઆંણી ૭૩ વરશની વએમો તરણ ચાર દાહાડાનાં માંદમો આએ જુઠી માએઆની જગતમોથી નીકલીને શવરગવાશી લોકોમો કુચ કીધી. એ નેકબખત માવતર—દુખભંજણજંણ— પહરેજગાર— દએઆલુ —ધરમી અને પાકું માંણશ હતું. જો પણ કેટલાંએક વરશ થાએઆં આંખે માજુર હતી તોહોપણ શેંહકડો દેખતાવોનાં દુખનું નીવારંણ કરતીતી. હભાઇજી પોતાનાં શારા વખતમો અને શુખનાં દાહડાવોમો શેંહકડો બલકે હજારો માંણશોની પરવરશી કરતીતી તેતો શમજેઆ—પણ પછવાડેના નબલા વખત અને દુખના દાહડાવોમો કોઇ ઇનતેજાર એ હભાઇજીને દરવાજેથી નીશફલ થાઇને ઉતરીઉં નથી. પઇએર અને શાશરી તરફનાં બોહલાં કુતંમબની અનવશતર અને નગદીથી પોશંન કરતીતી. પોતાનાં ભોજંનમાંથી પાંચને પીરીશીઆ વીનાં કોલીઓ ખાતીતી નહી. હજારો નાંવારશોની આઇબાઇ—અને શેંહકડો દુખીઆરાંવોની માએ મમાઇ તે હભાઇજી હતાં. શુખીઆરાંવોનો શોભાગ તે હભાઇજીનું તંનબદંન અને દુખીઆરાંવોની દવાઈ તે હભાઇજીની નેક તદબીર હતી. હભાઇજીએ પોતાની વએમો શેંહકડો બલકે હજારો તુતેલાં જોરાંવોને પોતાનાં શાવધાંન મનશુબા અને મોતેબર તદબીરોથી શાંધેઆં હતાં. બેહેશતનશીન બહમનજી વાડીઆની નેકબખત અને નાંમવર દીકરીઓ ગુલબાઇ તથા મેહેરબાઇ ગુજરવા પછે પારશીઓનાં ગેરગતુ કજીઆવોની દાદ પોંહચવાના દરવાજા બંધ થાએઆતા તે જીનતગુજીન હભાઇજીએ ઉંધાડા મેલી શું ગરીબ કે શું તવંગર શઘલાંવોની ફરીઆદ પોતાને દરવાજે શાંભલી તવોની દાદને પોંહોચતીતી અને વલી તે શાથે ખુબી એ હતી કે બંધે પારટીઓમોથી એક ખુશી અને બીજું દલગીર થાએ તેમ નહી—પણ એ મરનારના ચુકાદા ઉપર બંધે પારટીઓ રાજી થાઇને પોતાને ઘેર જાતાંતાં. હભાઇજીની નેકી—ખુબી—નમંનતાઇ—દાહાપણ—અને દએઆ એ શઘલાંનો પાર નથી અને તે એટલીતો બેહદછે કે હમારી નાંકેશ કલમથી તેહનું બએઆંન થાઇ શકતું નથી—પણ શેવટે હમો એટલુંજ કેહીજીએચ કે હેની જગો ખાલીછે તે ભરવાને પારશીનાં શીરકાની નાજુક પંઠમોથી કોઈ માવતરનું નામ હાલ તુરત હમારી જુબાંન ઉપર આવતું નથી કે તે જાહેર કરીને હભાઇજીનો નેક અને ધરમાતુ અખીકાર તેહને શપોરદ કરીએ. હભાઇજીનાં ગુજરવાથી એખલાં હેનાં જંદફરજંદ અને બોહલાં કુતંમનેજ નુકશાંન નથી થાઇઉં પણ જો શાચું પુછાવશોતો પારશીના આખા શીરકાને નુકશાંન થાઇઉંચ તે નુકશાંનીનો ખાડો એકાએક પુરાવો કઠંણછે. હરેક કોમમો અશતરી મરદ અને શાશુ વહુ તથા નરંદ ભોજાઈ અને દેરાંણી જેઠાંણી એવોનાં ઘેરગતુ કુઠલાઓ હોએચ તેહમોના બાજે હેવા ગુપત અને છુપા તથા મહલાજો રાખવા જોગ હોએચ કે તેહનાં ચુકાદાખી ગુપત—છુપા અને મહલાજાથીજ કરવા જોઇએચ તે શરવે કોઇથી થાતા નથી—પણ તેહવા ચુકાદા માતરે તમાંમ કાંમોમા દાહી—

પાકી—મોહોબાદાર—વીશવાશુ તથા ઇમાંનદાર અશતરીઓ હોએચ તેવોથીજ થાએચ. તેહવી અશતરીઓ જેમ આખી પરૂથવીમો નમુનદાર ગોહરો જુજવી અને કંમ હોએચ તેમ હરેક આખી કોમમો જુજવી—કહો કે ચાર પાંચ કે દશથી વધારે અશતરીઓ નથી મલતી—અને જેમ એક બેમુલ અને બેકીમત અને વખાંણવા જોગ ગોહરનો દાંણો શમુદરમો ખોહોવાઈ અથવા ડુબી ગીઆથી આખી પુરથવીમો શોહોર અને અફશોશ ઉપજેચ તેમ હેવી નેકબખત અશતરીઓના ગુજરવાથી આખી કોમમો માહાતંમ પેદા થાએચ—કાંજે જેમ નમુનદાર ગોહરો વારેવાર હાથ લાગતાં નથી તેમ નેકબખત ફરજંદો શઘલી માએઓ વારેવાર જંણતી નથી. ઘરથીકોંપના આચકાથી જેમ ઘરથી હીલેચ તેમ હેવાં નેકબખત ફરજંદોના ગુજરવાથી આખા ફીરકાને મોટા આચકા લાગેચ અને ઘણીવાર નુકશાંની થાએચ. હમો ચાહીએચ કે જાવેદાંનીની જાંહાંનમો હબાઇજિનાં રૂવાંનને હેની કરનીબ મુજબ હજરત જરથોશત પોતાનાં પવીતર બીછાંણાં ઉપર મુકાંમ આપશે—અને આએ ઘરથી પર પારશીનાં ફીરકાની બેરખાહી ચાહાવા શારૂં હબાઇજિની જગો ઉપર પરમેશવર કોઈ નેક અશતરીને પોતાની બખશેશથી આગાહી આપે કે તે હબાઇજિને જેહવાં નેક કાંમ તમાંમ કરે.

[મુંબઇના ચાબુક, ૮ મી નવેમબર ૧૮૪૬.]

6th November 1846.

HABHAIJEE, WIDOW OF HORMASJEE DORABJEE LASCAREE.—At Bombay, in the Fort, Church Gate Street, on 6th November, at 9 A. M. after a very short illness, at her and the family's residence, Mrs. Hormusjee Dorabjee, aged 77 years, deeply and sincerely regretted by a large circle of relatives, leaving two children and a large number of grand-children to bemoan their loss.

[*Bombay Times*, 14*th November*.]

તા૦ ૧૦ મી નવેમબર.

રોજ ૧૮ માહ ૨ (શ૦) ૧૨૧૬ યજદજરદી.

શેહરીઆરજી બેહરાંમજી વકીલ, ભરૂચના—મરતીઉકની ટીપમો એક નાંમ વધારવાને હમોને બેહદ શંતાપ લાગેચ કે—તારીખ ૧૦ મી ચાલતા નવેમબરને દીને કોટમો હેનાં રેહવાનાં ઘેરમો પારશી શેહેરીઆદજી બેહેરાંમજી ભરૂચા તે મુમબઇની શદર અદાલતના શનદી વકીલ ૫૦) વરશની વએમો આ વગર ભરોશાની જાંહાંનમોથી પોતાનો અશબાબ ઉઠાવીને આકાશી લોકોમો વાશો કીધો. એ મરનાર ગીઆં અઠવાડીઆંમો એક દાહાડે શાંહાંજનાં માહાલખશમીની વાડીમો બાહેર મેદાંનમો બેશીને ઇશવરની ભગતી કરતો હતો તાંહા એકાએક લકવાનો મરજ થાઈ આવેઓ તેથી તરત હેનાં દોશત આશનાંવોએ કોટમો હેને ઘેર મોકલી દીધો—તાંહાં માતરે પાંચ દાહાડા શુધી શખત માંદ ભોગવીને ગીઆ મંગલવારને દીને શમી શાંહાંજનાં પોતાનો આતમા જેહને પેદા કીધો તો તેહને શોંપીઓ—એ મરનાર શ્રી ભરૂચની પારશીની અંનજુમંનનો મોટો અધીકારી અને તે શેહરનો એક આબરૂદાર ગીરહશથ હતો અને તાંહાંની અદાલતમો બામુદત શુધી વકીલાતનું કામ ઘણીજ ચાલાકી અને હોશીઆરી તથા વીશવાશ અને ઇમાંનદારીથી ચલાવેઆ પછે આશરે તરણ વરશ થાએઆં મુમબઇની શદર અદાલતમો શનદ લેઈ હીઆં આવી રહેઓતો—અને એ ટુકી મુદતમો આએ ભારે વશતીનાં શેહેરમો શઘલી ગનેઆતનાં અને શંઘલા વાઘાના લોકો શાથે હેવોતો લપેટાઈ શમેટાઇને વશીલદાર થાઈ પડેઓતો કે તેહવી મીતરાચારી અને મોહોબત લાંબી મુદતનાં રેહેવાશીઓને એક બીજા શાથે નહી હશે. એ મરનાર જાતે ઘણોજ અશીલ અને રાંક હતો તે શાથે બુધીવાંન અને વલી ઇમાંનદાર હતો. પહરેજગાર અને દીનઇઆર હેવો હતો કે પોતાની આખી વએમો પાંચ વખતની બંદગીમોનો એક દાહડોતો શું પણ એક ઘેહેબી ચુકેઓતો નહી. વકીલોનો પેશોછે કે પોતાનાં પેતને વાશતે હરેક મુકદમો લંબાવીને પોતાનાં કુલને ખરચ અને મેહેનતમો

નાંએ પણ તેહેની વીરૂધમો શવરગવાશી શેહેરીઆદજી વકીલનો ખાશ અને મોતેબર પેશો એ હતો કે જાંહાંશુધી બની આવે તાંહાંશુધી પોતાનાં કુલને ખરચ અને મેહેનતમાંથી મોકલો થાવા શારૂં ખરી હકીકત શમજાવી હરેક મુકદમાને ઘેરમેલની શંમજુતીપર લાવે. શેહેરીઆદજી પોતાના પેશામો ઘણોજ વાકેફગાર અને પેહેલી પદવીનો વકીલ હતો અને હેના શવભાવીક તકરારો શઘલા જડજો મોઠી ખુશીથી શાંભલતા હતા અને હેનાં મંનતકી વીચારને ઘણાજ પશંદ કરતા હતા—તેથી ઘણાં વાકેફકાર જડજોનો હેવો વીચાર હતો કે હેને મુનશફીની પદવીપર વધારવો—પણ ઉમરે વફાદારી નહી કીધી તાંહાં લાચાર. શેહેરીઆદજી વકીલને દીનઆઇનની તકરાર કરવાનો તથા શાંભલવાનો ઘણો શોક હતો તેથી પોતાનાં ફુરશતનાં કલાકો હમેશ એ મોતેબર કાંમમો વાપરતોતો. શેહેરીઆદજી જો પણ થોડાએક દાહાડા પોતાનાં વતંન અને વતનીઓથી દુર પડેઓ હતો તોહીપણ હંમેશ પોતાનાં વતંન અને વતનીઓના લાભ તથા શુખ અને શુધરાઇની શોચનાં કરતોતો. હેનાં અચબુચ અને ઘાતકી લકવાનાં મરજથી ગુજરવાના શબબથી હેની વીધવા તથા એખલી એકજ દીકરી તથા ભાઇઓ તથા ખેશકુતંમબ તથા બેહદ દોશતો અને જેવો હેની નેક ખવાશથી વાકેફગાર હતા તે શઘલાવોને હેવોતો મોટો ચાલો અને વતવતો રેહી ગીઓચ કે તે શેવતનાં દાહાડા શુધી મંનથી મેલાશે અને હઇડાંથી ભુલાશે નહી.

[મુંબઇના ચાબુક, ૧૨ મી નવેમબર ૧૮૪૬.]

તા૦ ૧૬ મી નવેમબર.

રોજ ૨૦ માહ ૨ (શે૦) ૧૨૧૬ યજદજરદી.

બહમનજી મનચેરજી કશકા—આએ હેઠલ છાપેલું કાગજ તારીખ ૨૦ મી નવેમબરનું દખણનાં હેદરાબાદમોથી એક મીતરે લખેલું હમારા વાંચનારાવોને વાશતે બોલબોલ હેઠલ પરગટ કરીએચ.

અજબ જેવું મરતીઉક.

તારીખ ૧૬ મી નવેમબર ૧૮૪૬ રોજ ૨૦ માહ ૨ ને દીને એક પારશી નાંમે બહમનજી મનચેરજી કશકાનું તાજુબ જેવું મરતીઉક થાઉં તે લખી જનાંઉંચ કે એ દીને શેઠ વીકાજી પેશતનજીને તાંહાં બેહરાંમરોજનો વારો હતો તાંહાં શરવે શાહેબો જમવાને વાશતે ગીઆ હતા તાંહાં એ મરનાર આવેઓ હતો અને શરવેની શાતે વાતચીત કીધા પછી આશરે કલાક ૭ નાં અમલમો બંગલામોથી ઉઠીને બબરચીખાંનાંમો જાવા ચાહીઉ—ને એક પારશી નાંમે રુશતંમજીનો હાત પકડીને શીડી ઉપરથી હેઠે ઉતરીને બેશી ગીઓ ને જરા વાતચીત કીધું ને બાપરે બાપરે કરીને વખત ચાર બોલેઓ ને પછી જરા આગલ ચાલીને ફરીથી જરા વામીત કરીને દમ તેજ વખત મુકી દીધો—પછી બારવને દખમે ચડાવેઓ. પણ શરવે શાહેબોને ઘણી અચરતી પેદા થાઇ—એમતો ડાકતરખી આવી પોંહચેઓ પણ કાંઇ ફાએદો નહી થાએઓ.

[મુંબઇના ચાબુક, ૨૬ મી નવેમબર ૧૮૪૬.]

તા૦ ૨૮ મી ડીશેમબર.

રોજ ૨ માહ ૫ (ક૦) ૧૨૧૬ યજદજરદી.

જમશેદજી ખરશેદજી બનાજી—હમોને લખવાને તથા ખબર આપવાને મોટો શંતાપ અને ભારે દુખ લાગેચ કે આપણી ટાપુમોનાં નાંમીચાં ખાંનદાંનનાં શેઠ ખરશેદજી કાવશજી બનાંજીનાંનો જમશેદજી નાંમનો આસરે ૧૬ વરશની વએનો છોકરો ગએઆ શોમવારની શાંહાંજનાં થોડા દીવશનાં તાવનાં રોગથી એકાએક અને અંનચીતો મરંણ પાંમેઓછે. એ છોકરો ઘણો નમંનતાઇ ભરેલો તથા શેઆંનો હતો અને વેપાર તથા વેહવારનાં કામકાજની કેરવણી પાંમીને અછી રીતે હુશીઆર થાએઓ હતો અને શેઠ ખરશેદજીની વેપારનાં કામની બાજુ થવાનાં આઇઆંમને નજદીક પોંહચેઓ હતો. એ છોકરાનાં ગુજરી જવાથી તેહનાં મા બાપ અને બીજાંઓને મોટું દુખ ઉપજીઉછે.

[મુંબઇના શમાચાર, ૩૧ મી ડીશેમબર ૧૮૪૬.]

28*th December* 1846.

JAMSETJEE CURSETJEE BANAJEE.—At the Retreat, on the 28th December of liver complaint, Jamsetjee Cursetjee Esq., aged 17, the third son of Cursetjee Cowasjee Banajee Esq, sincerely and deeply regretted by the Banajee family, and all who knew him. He was greatly esteemed by, and very familiar with, almost all the respectable Society of his class.

[*Telegraph & Courier, 7th January.*]

ઈ૦ સ૦ ૧૮૪૭.

તા૦ ૭ મી ફેબરવારી.

રોજ ૧૩ માહ ૬ (ક૦) ૧૨૧૬ યજદજરદી.

ફરામજી ભીખાજી પાંડે—રોજ ૧૩ મો તીર અને માહા ૬ ઠો શેહરેવર શને ઇઅજદે જરદી ૧૨૧૬ તારીખ ૭ મી ફેબરવારી ૧૮૪૭ ને ગીઆ રવીવારને દીને રાતનાં કોટમો પોતાનાં રેહેવાનાં ઘેરમો પારશીની કોમનો એક નાંમીચો અકાબર અને કદીમ કુતંમબનો એક બુજોરગ ગીરહશથ શેઠ ફરાંમજી ભીખાજી પાંડે લકબે (ફલાકાકા) ઘણાં દાહાડા શુધી શખત પીડા ભોગવીને ૭૬ વરશની પાકી ઉમરમો આએ જુકી જગતમોથી પોતાનો અશબાબ ઉઠાવી પોતાનાં પવીતર આતમાંને શરોશ ઇજિદની શોરમો અને અશો જરથોશત અશફંતમાંન અનોસેહેરવાંનનાં રૂહુની શાથે મેલવેઓ. એ અશો મરદ પારશીનાં ટોલાનો નાંમીચો અકાબર અને મુંબઈની ટાપુનો પંકાએલો વેપારી અને વખાણાંએલો વેહેવારી હતો. તવંગરોનો ખાશ આશનાં અને ગરીબોનો મોતેબર મુરબી તે મરનાર ફલાકાકા હતો. ઇરાંની પારશીઓનો ધરંમનો બાપ અને તે રહજરતા અને રખરતા મુશાફરોની શરાહાનો શરદાર—અને તેવોનાં રખશંણનો રખેવાલ અને તેવોનાં શુખનો શાકી અને તેવોની દાદનો હીમાએતી તે ફલાકાકા હતો. પરેહેજગાર—ફરજ ગુજાર—પરોપકાર—બુધીવાંન— દએઆલુ—નમાંનો—અશરાફ—બુનીઆદ—રાશત ગોફ તાર— આપએખતીઆર— શુધો— શાચો—શાહુકાર—ધંનવાંન—પુતરવાંન—કબીલદાર—આઈઆશી— હીમતવાંન— શોકી— મોજી—ખુંનથી—કાંમદાર—અને છેલું પણ ઘણુંજ થોડું—શઘલી નેકીનો દોશત અને બદીનો દુશમંન તે જીનતગુજીન ફલાકાકા હતો. હેનું ગુજરવું નેક અને બરહક હતું—પણ હેની જુરાતનું નાંમીચું અને હેનાં ફરજંદોનો નેક અને ખરો બાપ—અને હેનાં કુતંમબનો કવી મુરબી—અને હેનાં દોશતોનો ખેરખાહા મીતર અને પરજાનો મશલહતદાર આએ ધરથીપરથી પોતાનો અશબાબ ઉઠાવી અમરગ જાંહાંનમો વાશો કીધો તેથી શઘલાવોને વટવટામો પડવું પડીઉં.

[મુંબઇના ચાબુક, ૧૧ મી ફેબરવારી ૧૮૪૭.]

તા૦ ૧૯ મી મારચ.

રોજ ૨૩ માહ ૭ (ક૦) ૧૨૧૬ યજદજરદી.

પેશતનજી ભીખાજી પાંડે—રોજ ૨૩ મો દેપદીન અને માહા ૭ મો મેહેર—તારીખ ૧૯ મી મારચ ૧૮૪૭ ને ગએઆ શુકરવારની પાછલી રાતનાં કોટમો પોતાનાં રેહવાનાં ઘેરમો શેઠ પેશતંનજી ભીખાજી પાંડેનાં—લકબે "પેશી કાકા" ઘણાંએક દાહાડા શુધી શખત માંદ ભોગવી ૮૨ વરશની પુગતી ઉમરમો આએ જંજાલી જાંહાંનમોથી કુચ કરીને મીનોઇ લોકોમો વાશો કીધો. એ મરનાર પારશીની કોમનો અશલ અકાબર અને આએ ટાપુનાં પુરાતમ વેપારીઓમોનો એક નાંમીચો વેપારી તથા બુજોર ખાંનદાંનોમોનો જઇફ અધીકારી—અને શઘલા પહરેજગારોમોનો પકો પહરેજગાર એક નાંમીચો પીર મરદ હતો. હેનાં ચોખા વેહેવાર અને ભલમંનશાઈ તથા શેઆંનપંન તથા બુધ તથા અઈઆશ તથા એકમારગી તથા શાચવત તથા ધરંમ તથા ઇમાંનદારી અને એ વગરે જેટલી નેકી અને ખુબી પુરથવીમો પેદા થાઇચ તે શઘલી નેકી અને ખુબીથી ભરપુર અને શંમપુરણ હતો. પેશીકાકા જેહવો નાંમવર નાંમું રાખનાર આ

ટાપુમો બીજો કોઈ જોવામો આવતો નથી—કે પોતાની બચગીથી કે મરવાનાં થોડાએક મહીના આગમચ શુધી પોતાના મેહદ અને બોહોલા વેપારનું નામું પોતાનાં હાથથી બતવીને ચોખ્ખું રાખતોતો. તે શાથે દાહાડાનાં ચોવીશ કલાકોમાંના મુકરર કલાકો પોતાના ધંધા તથા રોજગારને અને પોતાની બંદગી તથા એબાદતને તથા પોતાનાં એશઆરામને તથા પોતાના શુવા બેશવા અને ફરવાને શર ઉલીઅમ જોનશની પેઠે વેંહચી આપેઆતા. પંચાત દરબારનાં અને પરજામાં પરજાકારીનાં કાંમમો પેશીકાકા ડાકટર શીમીઉલ જાંનશન જેહેવો શુધો—આપ એખતીઆર અને ધુંનચી હતો. શબર બેંચનાર અને ધીરા શવભાવમો પેશીકાકા ફરેશતાની બશલતનો હતો. પોતાના મરવાની છેલી ઘડી શુધી જેદ અવશતાનાં કલાંમોને જુબાંનપરથી છોડઆતા નહી. જેહવો નેક હતો તેહવો શરવે પાંતીએ ભરપુર અને શમપુરણ હતો—જેહવી હેની જીનદગી નેકી ખુબીમો ગુજરી અને જેહવો અશો મરદ હતો તેહવુંજ પાક અને આશાંની ભરેલું મોત પાંમીને હજરત જરથોશતની બગલમો જાઈ મલેઓ. જેવો આએ જાંહાંનમો બુજોરગી અને તે જાંહાંનમો જીનત પાંમવાની આશેઆ રાખતા હોએ તે શઘલાવો પેશીકાકાને જેહવા પનોતા અને અશો અને ભરપુર અને નેક બશલતનાં હોજો. પેશીકાકા પોતાની પછવાડે નેકનાંમ અને તે શાથે પાંચ પેહેડીની વશતી મેલી ગીઆ—અને હાલમો પારશીની કોમમો જેટલે પેહેલે વાઘેનાં ગીરહશથો હહઆત છે તે શઘલાવોને કરતાં પેશીકાકા ઉમરે પુગતા હતા. હેનાં મોતને જશંન જેહવું જાંણવું.

[મુંબઈના ચાબુક, ૨૧ મી માર્ચ ૧૮૪૭.]

તા૦ ૨૩ મી મારચ.

રોજ ૨૭ માહ ૭ (કo) ૧૨૧૬ યજદજરદી,

મોબેદ ફરદુનજી મરજબાંનજી—હમોને લખવાને મોટું દુખ અને ખબર આપવાને ભારે શંતાપ લાગેચ કે પારશી ટોલામોનો નાંમીચો વીદેઆવાંન—શાલશુરે જમાંન—આલમે અલઆંમ અને દમણ—ઉદવારા તથા બગવારા જીલલાના ગરીબોનો લુકમાંન અને આએ મુમબઈ શમાચાર છાપાખાંનાંનો આગલો માલેક અને અધીપતી મોબેદ ફરદુનજી મરજબાંનજીએ કેટલાક દીવશની માંદગીથી ૬૦ વરશની વએમો આએ તરણ પાંચ દાહડાની ઓછી અને વગર ભરોશાની નાશ પાંમનારી આલંમમોથી ચાલતા મહીનાંની તારીખ ૨૩ મી અને ગએઆ મંગલવારની પાછલી રાતરે જાવેદાંની જાંહાંનમાં જીનતવાશી લોકોમો જાઈ વાશો કરેઓ. એ મરનાર નમંનતાઈ ભરેલો અને ખુબીનો શમુદર—માએઆ અને મીલંનશારીનો કોટ—શભાવનો ધોરી અને શબદનો મીઠો—મીતરાચારીની ખાંણ અને માજદીઅશની દીનનો દામ—હેવો ગુણવાંન હતો. એ મરનારની ઓલખાંન આપીએતો તે દશતુર મરજબાંન ફ્શતમથી છે. પણ તેહવી ઓલખાંણ આપવાની કશી જરૂર નથી કેમકે એ મરનારના વાશીએ વીદેઆની બાબતના પરગટ કરેલા ગરંથો એજ તેહની ઓલખાંનનો આલમમાં લોકોમો ફેલાવ કરેલો છે. અને તે શાથે બેહેશત બેહરે ફરદુનજીએ લાંમબી મુદત શુધી બેહેશત નશીન જીનતગુજીન દશતુરાંન દશતુર મુલાંફીરોજ શાહેબની શાગેરદી કીધાથી વીદેઆની મોટી માહીતકારી મેલવેઆ પછે આએ મુમબઈ શમાચાર નામનું છાપાખાંનું ઉભું કરીને દર અઠવાડીઆંનાં શોમવારે શમાચાર પતર પરવરતાવીઉં અને તારપછે ફારશી ભાશાના કેટલાએક ગરંથો ગુજરાતી ભાશામો તરજુમો કરીને જાહેર પાડેઆ અને તારબાદ માજદીઅશની દીનની તથા એલંમની કેટલીએક કેતાબો છાપી પરગટ કીધી. તેથી કરીને એ મરનારનું નામ એખલાં હીનદોશતાંનમોજ નહી પણ ઈઅરોપ જેહવાં વખનાંએલાં દેશમો પણ મશહુર થાએલું છે. આએ ટાપુમોનાં શઘલા લોકો શંગાથે એ મરનારે હેવીતો મીલંનશારી રાખી હતી કે તેહને આજ લગભગ ૧૫ વરશ થાએઆં જમાંનાની માઠી ગરદેશને લીધે દુરી એખતીઆર કરવાની જરૂર પડી હતી તોબી આજે શરવ કોઈ તેહની વખાણ કરેછે અને ઉઘાડી રીતે બોલેચ કે "અફશોશછે કે પારશી ટોલામોથી શાશાને પંનજુમની

શાનીનો હાથો એક કાબેલ નર ઉઠી ગએઓ" એ મરનાર પાકાં ડાહાપણ અને શારી શોખણાંવાલો હતો તેથી કરીને પારશી ટોલાનાં લોકોમો શુધરાહીનો ફેલાવ અને ખરચ ભરેલી અંનઘટતી રીતીઓનો અટકાવ થવા શારૂં કેટલાએક કાએદા અને કાનુન ઉભા કીધા અને તેનાં ચોપાંનીઆં પારશીની પંનચાએતના અકાબરોની પશંદી અને તેવોની રજામંદીથી છાપીને જરતોશતીઓમો વેંહેંચીઆં હતાં. એ જીનતવાશીએ છાપાખાંનું કાહાડીઆથી પારશી ટોલામો લખવા વાંચવાની શહી રીતીનો મોટો વધારો થાએઓ અને તેહજ પરમાંણે આગલા વખતમો જરતોશતીઓને ફરજ ગોજારવાનાં અગતનાં કારણશર જંદ અવશતાની કેતાબો ગુજરાતી હરફે લખાવાને મોટી અડચંન પડતી હતી બલકે કેટલાએક ગરીબ લોકોને તેહવી કેતાબો ગુજરાતી અખેરે લખાવાની મએશર નહી મલી આવેઆને લીધે ફરજીઆત ગોજારવામો ઘણીજ અડચંન પડતી હતી તે શંઘલી અડચંન એ શવરગવાશીની શારી કોશેશથી મુમબઈ શમાચારનું છાપખાંનું ઉભું થએઆથી ટલી ગઈ. એ જીનતગુજીનને તેહનાં હેવાં કેટલાંએક કાંમો ઉપરથી પારશી પંનચાએતનાં અકાબર શાહેબોએ પોતાનાં હરડાંનો હાર કરી રાખેઓતો પણ માઠાં ભાએગને લીધે જમાંનાંએ તેહની ઈખ્આરી નહી કીધી તેથી બેહશતનશીન ફરદુનજીએ જમાંનાંનો ઈખ્આર થવાને ઘટારત જાંણીઉં. એ મરનારે દમંણ ગએઆ પછે અતરે પોતાનાં મીતરોને પાછું આવી મલવાને વાશતે પેરવીતો ઘણી કીધી હતી પણ દાહાડાની ઈખ્આરી નહી મલી આવેઆનાં શબબથી કીધેલી કોશેશ ફોકટ ગેઈ તેથી અનતે શબર એખતીઆર કરીને પોતાનાં વાહલા મીતરોની જુદાઈનાં જલાપામો અને પોતાનાં મેહરબાંન દોશતોથી દુર પડવાના બલાપામો પોતાની ઓમર આખર કીધી. એ મરનારનાં ગુજરી જાવાથી તેહનાં મોટા કબીલાને અને તેહનાં બા મુદત થાઈ જુદા પડેલા દોશતોને મોટી દલગીરી ઉપજીછે. અને તેહજ પરમાંણે હેવા એક કાબેલ અને પકી બુધીવાલા શખશનાં મરંનથી શેઆંનાં પારશીઓમો મોટી નાખુશી પેદા થાઇછે.

[મુંબઈનાં શમાચાર, ૨૮ મી મારચ ૧૮૪૭.]

23rd March 1847.

Mobed Furdoonjee Murzbanjee.—At Damaun, during the night of 23rd March, of Liver Complaint from which he lingered in bed for upwards of 3 months, in the 60th year of his age, Fardoonjee Murzbanjee, Parsee Priest of highest order: and Professor of several Oriental Languages. He was the Founder 25 years ago of tha Goozrattee Newspaper now existing under the name of the *Bombay Summachar*, which is believed to be the first Native Newspaper established in India. He was also the Tutor of several Native Scholars, one of whom is the present Editor of the *Chabook*. He was besides the Author of several Oriental Works, amongst which is a famous work called "Shreer Santi." He was also distinguished as the great explainer of their Laws on religious advises to the Parsee community.

[*Gentleman's Gazette, 27th March.*]

તા૦ ૩ જી આપરેલ.

રોજ ૮ માહ ૭ (શે૦) ૧૨૧૬ યજદજરદી.

નવરોજજી કાવશજી દાહુડીવાલા— હમોને લખવાને દલગીરી લાગેચ કે આએ છાપાખાંનાંનો પંકાએલો અને કશાએલો પરીનટર નવરોજી કાવશજી ૫૪ વરશની વએમો કેટલાએક દીવશનાં બાહીનાં મરજથી ગએઆ શનવારની રાતનાં શવરગવાશી થાએઓ. એ મરનાર ભલમંનશાઈ ભરેલો અને છાપાખાંનાંનાં કાંમમો અછી રીતે માહીતકાર હતો. અને નમાંનો તથા પરહીજગાર હતો. એ મરનારે આએ છાપાખાંનાંમો પરીનટરપણાંની ચાકરી ઈશવી શને ૧૮૧૪ નાં વરશથી પકડી હતી તે પોતાની શેવટની ઘડી શુધી મોટી ઇમાંનદારી અને હુશીઆરીથી બજાવી. એ મરનાર મોટો વીશવાશુ હતો તેથી આ છાપાખાંનાંનાં શંઘલાં કીમતી ઓજારો અને બીજો

શઘલો અશબાબ તેહનાં શવાધીનમો રેહતો હતો. પણ તેમો આ છાપાખાંનાંના શું આગલા કે શું હવડાંનાં માલીકોને એ મરનારની કોઇ રીતની એમાનત જોએઆમો આવી નથી તેથી એ મરનારને મોટું માંન ઘટેછે. એ મરનારે આ છાપાખાંનાંની ચાકરી ઘણી વફાદારી અને ખેરખાહીથી બજાવીચ કે જેહની વીગતવાર ખમનાં હમારેથી લખાઇ શકાતી નથી. હેવા એક વફાદારી ભરેલા પરીનટરનાં મરવાથી આએ છાપાખાંનાંના હવડાંના માલેકને મોહોટી દલગીરી પેદા થાઇછે.

[મુંબઈનાં શમાચાર, ૮ મી આપરેલ ૧૮૪૭.]

તા૦ ૧૩ મી આપરેલ.

રોજ ૧૮ માહ ૭ (શે૦) ૧૨૧૬ યજદજરદી.

નશરવાંનજી તેહમુલજી દુરબીન—તારીખ ૧૩ મી ચાલતા આપરેલ મહીનાંની અને ગએઆ મંગલવારની પેહેલી રાતનાં કોટમો હેનાં બાપનાં રેહવાનાં ઘેરમો પારશી નશરવાંનજી ટેમુરજી દુરબીન પરેશનો માલેક થોડાએક દાહાડાની માંદમો ૩૨ વરશની વએમો અચબુચ મરંણ પાંમેઓ. એ મરનારે લાંબી મુદત શુધી દુરબીન નામનું પતર મોટી હોશીઆરી અને ભારે કમાલીઅત શાથે રંગીન અને રમુજદાર એબારતથી વલી તે ઉપરાંત દીનદારીનાં કાંમમો વફાદારી દેખાડીને ચલાવીઉં હતું—અને એજ પતરમો તથા જુદાં ચોપાંણીઆંવો છાપીને ઘણીવાર ધરમ આચારની ચરચાવોમો આગેવાંની પકડીને દીનદુશમંનો શાથે મોટા જોશ અને ભારે ફાએદા ભરેલી અડફાતા ચલાવીતી તેથી એ મરનાર પોતાના દેશીઓમો મોટા વખણાએલો તથા ભારે માંન પાંમેલો થાએલો હતો. એ મરનાર હીનદોશતાંનની ભાશાવોમોની ઘણીએક ભાશાવોમો પુરવીણ હતો તે શાથે કવેત કરવાની વીદેઆમો નાંમીચો ઉશતાદ હતો અને નાંદર ચીતારો તથા નકશા ખેંચનારો હતો. એ મરનાર મીલંણશાર અને દોશત પરશત ઈઆર હતો. દુરબીને ઘણાંવોનાં મરતીઉકો મોટી હોશીઆરી અને લાએકતથી લખેઆંતાં પણ અફશોશ કે હેનું પોતાનું મરતીઉક લખવાને કોઇ દોશતે દીલશોજી દેખાડી નથી. હમો દુરબીનનાં મુખઘી વેહેવારથી તથા હેની જાતી ચાલચલણથી બીલકુલ અંણજાંણા છેઇએ કાંજે હમોને એ મરનાર શંગાથે મીજલશી મોલાકાતનો વેહેવાર થોડોજ બલકે કાંઇજ નહી હતો. હમો એકીનથી કેહીજીએચ કે શમાચાર—તથા જાંમે જમશેદ—અને વરતમાંન—એ તરંડે પતરો લખનારને કરતાં દુરબીન વરતમાંન પતર લખવાનાં કાંમમો વધારે હોશીઆર હતો—અને અગરચે એકવાર ચાબુકને કરતાં શરશ નહી હતો પણ જો શાચું બોલવાની રજા આપશો તો તેમ કાંઈ નરશબી નહી હતો—અને હમો કબુલ કરીએચ કે કવેત અને મરશીઆ બનાવાના બાબમો ચાબુકનાં કરતાં કેટલેએક દરજે શરશ હતો. દુરબીન જેહવો શેઆંનો અને લાએક હતો તેહવોજ શાદો અને ભોલો હતો તેથી જરરા ખુદપરશતી અને ગરરૂની બોહો માલુમ પડતીતી—અને જો પણ બાજે વખત પોતાની ફજલી પોતાને માડ કરતોતો તોહોપણ શાદે દીલ અને ભોલો હેવો હતો કે જો પણ એ બંધે એબ બુરા હતી તોહોપણ કોઈ એઆલપર લાવતું તું નહી. દુરબીન જેહવા નાંમવર અને જુવાંન શખશનાં ગુજરવા ઉપર અફશોશ કરવો ઘટેચ—અને હેનાં ગુજરવાથી હેનાં માંબાપ—ભાઈ બાંધુ અને ખેશકુતંમબ તથા દોશત આશનાવ દલગીર નહી થાએઆં હશે તેટલી દલગીરી અને ઉદાશી આએ મરતીઉ લખનાર એક આહતન પણ શાચા મીતરને પેદા થાઇચ.

[મુંબઇનાં ચાબુક, ૧૫ મી આપરેલ ૧૮૪૭.]

તા૦ ૧૫ મી આપરેલ.

રોજ ૨૦ માહ ૭ (શે૦) ૧૨૧૬ યજદજરદી.

બહમનજી મનચેરજી બાવનગરી—શેઠ બહમનજી મંનચેરજી ભાવનગરીઆએ આએ નાશ પાંમનારી આલંમમોથી પોતાનો અશબાબ ઉઠાવી મીનોઈ આલંમમો જાઈ વાશો કરેઓ તે વીશેની દલગીરી ભરેલી ખબરનો શુરતથી

ચાલતા મહીનાંની તા૦ ૧૫ મીનો લખેલો કાગજ હમોને મલેઓચ તે હમો હેઠલ ટાંકીએચ.

શુરત તા૦ ૧૫ મી એપરેલ ૧૮૪૭.

લખવાને મોટી દલગીરી અને ભારે શંતાપ લાગેચ કે ગઈ રાતરે પારશી ટોલાઓનો નાંમીચો અને મોટો દરવવાંન શેઠ બહમનજી મંનચેરજી ભાવનગરીઆએ ફાઆલેજનાં મરજની ૩ દીવશની માંદગીથી ૫૫ વરશની વએમો આ તરંણુ દાહાડાની ખોટી જગતમોથી નીકલી શવરગવાશી લોકોમો ચાલ પકડી. એ મરનાર પારશી પંનચાએતનો મોટો શેઠીઓ હતો અને અતરેની વશતીમો મોટો જાગીરદાર હતો અને પરહીજગાર તથા દીનદાર હતો. એ મરનારે શેઆદી જેહવે ટાંકણે પોતાની શંમપતીને શોભા મલે તેહવી રીતે બોહોલો ખરચ કરી નાંમ મેલવીઉં હતું. શવરગવાશી દાદાભાઈ મોદીનાં આતશબેહેરાંમનાં ખાતાનો શંઘલો વહીવટ એ દીનદાર શેઠીઆનાં ઉપરીપણાં હેઠલ હવડાંલગે શારી રીતે ચાલેઓ હતો. એ માહતાબને જેહવાં મોહોડાંનાં શેઠ બહમનજીનાં ગુજરી જાવાથી જેમ તેહનાં ૩ છોકરાવો અને કબીલાને ભારે દુખ ઉપજીઉં છે તેમજ અતરેનાં પારશીની આખી કોમને મોટી દલગીરી પેદા થાએછે કે જરતોશતી ટોલાને શોભા દેનારો શેઠીઓ ઉઠી ગએઓ.

[મુંબઈના શમાચાર, ૨૨ મી આપરેલ ૧૮૪૭.]

15*th April* 1847.

Bomanjee Mancherjee Bhownagree.—At Surat, on Friday the 15th April, Bomanjee Muncherjee Esq., alias Bow Nuggur Walla, a wealthy merchant and trader in cotton in Guzerat, of paralytic strokes, greatly regretted by his relatives, acquaintances, and the commercial community in general.

[*Bombay Times*, 21*st April*.]

તા૦ ૧૯ મી આપરેલ.

રોજ ૨૪ માહ ૭ (શે૦) ૧૨૧૬ યજદજરદી.

રતનજી દાદાભાઈ કોહલા—હમોને લખવાને મોહોટો શંતાપ લાગેચ કે ચાલતા મહીનાંની તારીખ ૧૯ મી અને ગએઆ શોમવારની પાછલી રાતનાં આશરે ૪ કલાકને અંમલે પારશી વેપારી રતંનજી દાદાભાઈ કોહોલાએ થોડા દીવશના તાવના મરજની માંદગીથી આએ તરંણુ પાંચ દાહાડાની ખોટી અને વગર ભરોશાની ફાંની દુનીઆંમોથી આશરે ૫૧ વરશની વએમો આશમાંની આલમમો જાઈ વાશો કરેઓ. એ મરનાર ધીરા શભાવનો તથા ઠંડા મીજાજનો અને શાદે દેલ તથા પાકી શુનીનો અને પરોપકારી હતો. એ મરનારે પોતાની આખી ઓમર વેપાર રોજગારનાં કામમો ખરચ કરી હતી તેથી કરીને વેપારની હાલતની અછી માહીતકારી મેલવી હતી અને પોતાનાં ડાહાપંણનાં બલથી વેપારનાં કાંમમો મોહોટો દરવ મેલવી પોતાની આગલી મફેઅંમ અવશથામોથી પુરાં શુખની હાલતને પોહોંચેઓ હતો. એ મરનાર દીનદાર તથા પરહેજગાર અને માએઆલુ હતો. એ મરનાર પોતાનાં ગરીબી હાલતમો પડેલાં શગાંવોનું આજ લાંમબી મુદત થાઇ પાલંણ કરતોતો. એ મરનાર શારી દેઆંનતનો અને ચોખા વેહવારનો તથા શાફ મંનનો હતો. તેથી કરીને એ મરનારે પોતાનાં બેહદ મીતરો મેલવેઆ હતા અને આએ ટાપુમોનાં શંઘલી ગનેઆતનાં મોટા વેપારીઓથી "ચોખા વેહવાર વાલો વેપારી" હેવું નાંમીચું અને માંન ભરેલું નાંમ મેલવીઉં હતું. એ મરનારના શવરગવાશી થવાથી તેહનાં નાંધલી વએનાં કુમલાં મંનનાં ફરજંદોને અને તેમજ એ મરનારનાં ભાઈ તથા બોહલાં કુટંમબને મંનથી મેલાએ નહી અને દેલથી વીશરાએ નહી હેવું મોટું દુખ ઉપજીઉં છે અને તેહનાં મીતરોને પોતાનો શારી દેઆંનતવાલો માએઆલુ મીતર ઉઠી ગએઆથી મોટી દલગીરી પેદા થાએછે.

[મુંબઈનાં શમાચાર, ૨૨ મી આપરેલ ૧૮૪૭.]

19*th April* 1847.

Ruttonjee Dadabhoy Colah.—At his residence, Fort, early yesterday at 4 A. M. of brain fever, Ruttonjee Dadabhoy Colah Esq. aged 52 years,

sincerely regretted by his relatives and all who had the pleasure of his acquaintance.

[*Bombay Times*, 21st *April.*]

તા૦ ૫ મી મેએ.

રોજ ૧૦ માહ ૮ (શે૦) ૧૨૧૬ યજદજરદી.

મેહરવાંનજી બહુમનજી મેહતા—ચાલતા મહીનાની તારીખ ૫ મી અને ગએઆ બુધવારની પાછલી રાતનાં મેહરવાંનજી બહમંનજી મેહતાએ કેટલાએક દીવશની માંદગીથી આએ તરણ પાંચ દાહાડાની ઓટી અને વગર ભરોશાની જીંદેગીથી હાત ઉઠાવી આશરે ૪૦ વરશની ટુકી વએમો મોનોઈ આલમમો જઈ પોતાનો ચંદરોકાલ શુધી વાશો કરેઓ. એ મરનાર શારા શવભાવનો તથા ચોખી દેઆનતવાલો અને હીશાબ તથા નામાંનાં કામમો શારો માહીતકાર હતો. અને એ મરનાર વાડીઆજી શેઠ બહમંનજી તથા અરદેશર હોરમજીની પેહડીના મુખેઅ મેહતાનું અને વડા કારભારીનું કામ લાંમબી મુદત થાઈ ચલાવતો આવેઓતોને આજદીન શુધી એ કાંમ મોટી ઈમાંનદારી અને શારી શોચણાંથી પોતાનાં માલેકનાં હકમો ફાએદા ભરેલી રીતે બજાવીઊંછે વાશતે એ મરનારનાં ગુજરી જાવાથી તેહનાં શેઠોને મોટી દલગીરી અને તેહનાં ફરજંદોને ભારે શંતાપ પેદા થાએઓછે.

[મુંબઈના શમાચાર, ૯ મી મેએ ૧૮૪૭.]

તા૦ ૧૮ મી મેએ.

રોજ ૧૯ માહ ૮ (શે૦) ૧૨૧૬ યજદજરદી.

શુનાંબાઈ તે હીરજી જીવણજી રેડીમનીનાં બેટી—રોજ ૧૯ મો ફરવરદીન અને માહા ૮ મો આવાં રશમી તારીખ ૧૮ મી મેએ ૧૮૪૭ ને શુકરવારને દીને શહવારનાં આશરે ૮ કલાકને અમલે મુમબઈનાં બાહેરકોટ ગોવાલીઆનાં તલાવ આગલ હેનાં રેહવાનાં ઘેરમો બાઈ શુનાંબાઈ તે મરનાર હીરજી જીવંણજી રેડીમનીની દીકરી તથા મરનાર નશરવાંનજી રુશતમજી બનાંજીની વીધવા ધણીઆંની કેટલાંએક અલાડીઆં શુધી શખત માંદ ભોગવીને ૭૪ વરશની વએમો પોતાના પવીતર આતમાને પોતાના પેદા કરનારના શવાધીનમો શોંફેઓ. એ મરનાર બાંણું આએ ટાપુની મોટી જાગીરદાર અને પંકાએલી "લાંડ લેડી" હતી. જાતે અશતરી હતી પણ મરદનાં કરતાં વધારે હીમતવાંન અને દીલાવર તથા પાકી બુધીની અને મોટાં શેઆંનપંનની હતી. માંનવીના અવતારની હતી પણ દેવતાની ખાશીહત રાખતીતી. ગીઆં ૩૬ વરશ થાએઆં એક દાહાડે બલકે આખા દાહાડાની પાંચ ઘેહેમોની એક ઘેહેની ફરજીઆત ચુકી નથી. જાહેરમો બખીલ હતી પણ બાતેનમો શખી હતી—શુનાંબાઈની છુપી શખાવતથી થોડાંજ લોકો જાંણીતાં હશે—ધાંણી વંહેચીને ધાંચલ અને બાબરી વંહેચીને ધુમધાંમ કરતીતી નહી. લબલુટ નહી હતી પણ નીતીવાંન અને કશર કરનારી હતી કાંજે નાંચલાં મોટાં પણ એક આખાં કુતંમબનાં પોણોશો ખુમચાનાં ભોણાં દીવશમો તરણવાર પોતાને હાથે અને પોતાની જાતે આબરૂ ઈજત ભરચારથી કરતી હતી. એ ભારે મોટાં કુતંમબની પરવરશી કરવા છતાં અરધાં શેહરની પંચાતો અને જ[illegible]લી અને વાંધા વશતારના શીડચા પંચાતના અકાબરોના કરતાં વધારે ખુબીથી અને વધારે તજવીજ તથા ઈનશાફથી કરતીતી. ઓદા શાહેદ છે કે શુનાંબાઈ ઘણીજ પનોતી અને પવીતર અને પાક દાંમાંન તથા પહરેજગાર ઓરત હતી. દુખીઆરાંની દાઈ—શુખીઆરાંની શહી—પઈએરની પનોતી અને શાશરાંની શોભતી—શોની શાશુ—શહરાતરની માંએ—હજારોની જેઠાંણી, અને લાખોની શેઠાંણી તે શુનાંબાઈ હતી. શુનાંબાઈનાં ગુજરવાથી ચરંદાંનો ચારો ચુંદાઈ અને ચલીઆંનો મારો મરડાઈ ગીઓ. હેનાં ગુજરવાથી જેહવું હેનાં ઓહલાં કુતંમબને તેહવુંજ હેનાં આશરા હેઠલ પલનાર અને હેનાં શાએઆ હેઠલ વશનારને મોટું દુખ અને ભારે ઉદાશી ઉપજીચ તે ચંદરોકાલ શુધી એકાએક તેવોનાં મંનથી મેલાશે તથા દીલથી ભુલાશે નહી.

[મુંબઈના ચાબુક, ૧૬ મી મેએ ૧૮૪૭.]

14*th May* 1847.

SOONABOYE, DAUGHTER OF HEERJEE JEEVANJEE READYMONEY.—On Friday the 14th, at her family Residence, at the age of 74, Soonabaye, the only surviving Daughter of the late Heerjee Jeevunjee Rarreemunnee and Widow of the late Nasserwanjee Rustomjee Banajee; leaving a very large and numerous family to bemoan the irreparable loss of their Family Head, who was well known in Bombay.

[*Gentleman's Gazette*, 15*th May*.]

તા૦ ૨૯ મી મેએ.

રોજ ૪ માહ ૧૦ (કo) ૧૨૧૬ યજદજરદી.

ફરદુનજી લીમજી પાંડે—આગલા દાહાડા પરની મોટી અને કદીમ વખારવાલા મરનાર નાંમીચા અને દરવવાંન વેપારી લીમજી ભીખાજીનો છોકરો અને તે મરનારનાં વંઉશના કબીલાનો વડો અને મોશીઅરશ રીચી ઈશટુઅરટની કંમપનીની પેહડીનો નાંમીચો દલાલ શેઠ ફરદુનજી લીમજી જે થોડુંએક ઉપર કોટમોનાં પોતાનાં ઘરમોથી નીકલીને મોંટમોનો પોતાની વાડીમો જાઈ રહેઓ હતો તે ઠેકાંણે ગએઆ શંનવારની શાંહાંજનાં એકાએક અજલનો કાશદ આવી મલેઆથી આશરે ૫૭ વરશની વએમો શવરગવાશી થાએઓ છે. એ મરનાર તે દીને પાછલા પોહોર શુધીતો મોશીઅરશ રીચી ઈશટુઅરટની આફીશમો શારી શુખાકારીથી હતો. વાશતે વાડી જાવાને નીકલેઓ તાંહાંશુધી વેપારીઓ શંગાથે લેનદેન કરેઆ પછે વાડી ગએઆથી એકાએક તબીઅત બીગડી આવી તેથી પાંણી પીવા માંગીઉં તે પાંણી લાવે એટલાંમો લોહીના જોશથી આંગમો ધ્રુજરી થાઈ આવી. તેથી તરત ડાકટરને બોલાવી મંગાવેઓ પણ તે જાઈ પોહોંચવાની આગમચ લોહી મગજે ચહડી ગએઆથી જાંન કબજ થાંએઓ. એ મરનાર શેઠીઆને તેહનાં ડાકટરે આજથી બેએ મહીનાં ઉપર પાલકીમો બેશવાની મનાઈ કરી હતી કેમકે પાલકીમો બેઠાથી તેહનાં આચકાને લીધે લોહી જોશમો આવી મગજે ચહડવાથી મરંનની ધાશતી નીપજી આવેછે. એ મરનાર શેઠીઆ ઉપર જમાનાની ગરદેશ ઉલટી ચાલેઆને લીધે વેપારનાં કાંમમો શંઘલી પુંજી બોહોઆ ઉપરાંત એ શેઠીઆને મોટી રકંમનું કરજ થાઈઉં હતું. પણ એ મરનારે મી૦ રીચી ઈશટુઅરટની કંમપનીની આફીશમો પોતાનાં આગલા દરવના જોરથી વેપારીઓને ધીરધાર કરી કાંમકાજ ચલાવીઉં હતું કે જેથી એ પેહડીવાલાવોને મોટો નફો થાએઓ હતો અને તે ઉપરાંત એ પેહડીને થાએલું નોકશાંન એ શવરગવાશી શેઠીઆએ પોતે ભરી આપીઉં તું. તેહવી શારી અને વખાંણવા જોગ ઈમાંનદારી ભરેલી એ શેઠીઆની ચાલ ઉપર એ પેહડીવાલાવોએ નજર રાખીને એ મરનારને પોતાનું કરજ અદા કરવાને તથા તેહનાં કબીલાનું ગુજરાંન ચલાવાને બની આવવા શારૂં દર વરશે રૂ૧૨૦૦૦) ની રકમ બાંધી આપી હતી તે આશરો એ મરનારનાં મરણથી બંધ પડેઆને લીધે એ મરનારના કબીલાનાં માંણશોને વાશતે મોહું દુખ ઉપજી આવેછે. એ મરનાર પોતે પોતાના મોહોટા વેહવારથી અતરેની વશતીનાં શરવે જાતનાં લોકોમો જાંણીતો અને માંનવંતો હતો. અને વેપારનાં કાંમમો અછો માહીત હતો વાશતે તેહનાં મરવાથી તેહની ઓલખાંણવાલા શરવે લોકોને મોટી દલગીરી ઉપજીછે.

[મુંબઈના શમાચાર, ૩ જી જુન ૧૮૪૭.]

29*th May* 1847.

FURDOONJEE LIMJEE PANDEY.—We regret to announce the death of Furdoonjee Limjee Esq. the youngest and last surviving son of the late Limjee Bhiccajee Esq. He was much respected by the European and Native community. He was Broker to Messrs. Ritchie Steuart and Co., and Messrs. McCulloch and Co., to the former for upwards of thirty years. He had been at the office of Messrs. Ritchie Steuart and Co., till late on Saturday afternoon, in his usual good

health, went to his residence at Mazagon, where he was suddenly attacked by sickness. Medical aid was sent for, but before it arrived, the vital spark had fled.

[*Gentleman's Gazette*, 1st *June*.]

તા૦ ૭ મી આગશટ.

રોજ ૧૮ માહ ૧૨ (ક૦) ૧૨૧૬ યજદજરદી.

મેહેરવાંનજી જાંગીરજી બનાજી—ગેઈ કાલ દીને કલકતાનો તારીખ ૭ મી આગશટનો કાગજ હમોને મલેઓચ તે ઉપરથી હમોને લખવાને દલગીરી લાગેચ કે આપણી ટાપુમોનાં શેઠ ફરાંમજી કાવશજીનાં વડા છોકરા જેહાંગીરજીનો છોકરો અને શેઠ રૂશતમજી કાવશજીનો જમાઈ મેહેરવાંનજી જે તરંણ ચાર મહીનાં થાએઆ તે જગોએ આજારી હતો તે રોજ ૧૮ માહા ૧૨ મો કદમીને દીને આશરે ૩૬ વરશની વએમો શવરગવાશી થાએઓ છે. હમારો લખનારો હેવું લખેચ કે એ મેરવાંનજી આજારી પડેઆ પછે શેઠ રૂશતમજી કાવશજીએ અને તેમજ તેવોને ઘેરનાં શઘલાં છોકરાંવોએ તેહને તંનદોરોશતી લાવવા શારૂં દવાદારૂ કરવામો ૩ તરંણ મહીનાં શુધી રાત દાહાડો એટલીતો મેહેનત લીધીચ કે તે તેહનાંથી વીગતે લખાઈ શકતી નથી. પણ અજલનાં કાશદની ઉતાવલી ચાલની નજદીક તે શંઘલી મેહેનત ફોકટ ગેઈ અને એ બનાવ બનેઆથી શેઠ રૂશતંમજીને તથા તેવોને તાંહાંનાં છોકરાંવોને મોટી નાખુશી અને ગંમગીની પેદા થાઇછે.

[મુંબઈના શમાચાર, ૧૯ મી આગશટ ૧૮૪૭.]

તા૦ ૨૮ મી આગશટ.

રોજ ૫ માહ ૧૨ (શે૦) ૧૨૧૬ યજદજરદી.

દશ્તુર એદલજી દારાબજી સંજાણા—ઉગમણ પરાંતનાં ગાંમઠી વીદેઆવાંનોમાંના એક માહ વીદેઆવાંનની જગો ખાલી પડેઆ વીશેનો શંતાપ.

રોજ ૫ મો માહા ૧૨ મો શેહેનશાહી સને ૧૨૧૬ ઇઅજદજરદી—તારીખ ૨૮ મી આગશટ સને ૧૮૪૭ ને શનીવારને દીને પાછલા પોહોરનાં ૪॥ કલાકને અંમલે ૧૫ દીવશનાં તાવનાં માંદગીમો અને ૭૧ વરશની વએમો જંદ તથા પેહલવી ભાશાનો નાંમીચો પંડીત અને પરથવીનાં વીદેઆવાંનોમો વખણાંએલો દશતુરાંન દશતુરજી શાહેબ એદલજી દારાબજી શંજાંણાંએ આએ વગર ભરોશાની અને ખોટી માએઆની આલમમોથી નીકલીને ખરા ભરોશાનાં અને શાચી માએઆનાં શવરગવાશી આકાશી લોકોમો જાઈ વાશો કરેઓ. એ દુખ અને શંનતાપ ભરેલો બનાવ શાંભલતાંને વાર મુમબઈનાં શંઘલે વાગેનાં જરતોશતીઓમો એટલી તો નાંખુશી અને દલગીરી ઉતપન થાઈ કે તે વીશેનું બએઆંન કરવાને હમો અશકતીવાંન છઇએ. એ શાહેબ પારશીના આખા ટોલામો એક માહ વીદેઆવાંન અને નાંમીચો અને વડો દશતુર અને શરવે કોઇને જાંણીતો અને શુધો શાશતરી હતો. એ બેહશતી દશતુરે બચગીમોથી એટલોતો એલંમ પોતાના બપાવા બેહેશતી દશતુરાંન દશતુર રૂશતમજી બેહરાંમજી શંજાંણાં કે જે એક નાંમીચો ઉશતાદ થાઇ ગીઓછે તે શાહેબનાં હાથ હેઠલ હાંશલ કરેઓ હતો કે તે વીદેઆનાં બલ ઉપરથી આએ જમાંનાંના શઘલા બીજા દશતુરો ઉપર એ શાહેબ શરદારી ભોગવવાને લાએક થાએઓ હતો. અને જેહેવી શંમપુરણ વીદેઆ અને બુધીને એ બેહશતી પોંહચેઓ હતો તેહવોજ ધીરજ અને નીતી અને નમંનતાઈ અને મીલંનશારી અને બોલવાની મીઠાશ અને શલુકાઇમો એકકો વખાણાએલો હતો. એ બેહેશતી દશતુર હરેક મીજલશ અથવા મંડલીમો જે વેલાએ પોતાનાં ભારે દબદબા ભરેલાં માંન શાથે બીરાજતો તે વેલાએ તે મીજલશ અથવા મંડલીને એક મોહોટો શીંનગાર થાઈ પડતો. એ ફાજેલ અને વીદેઆવાંન દશતુરે પોતાની શઘલી વએમોથી આશરે ૬૦ વરશ શુધી વીદેઆનો ઓતંમ અને તારીફ કરવાને લાએઅક અભીઆશ કરેઓ હતો તેહેમાં અગત કરીને જંદ તથા પેહેલવીનાં પુશતકોમો કહેલી શઘલી બાબદોને શહમજવાને અને તેહેનો ખરેખરો અરથ કરવાને ભારે ચોકશાઈ અને ખબરદારી રાખી હતી એટલુંજ નહી પણ તે

શાથે તે પુશતકોને પોતાને હઇડ પાઠ કરી રાખેઆં હતાં તેથી ઘણીએક વેલાએ તે પુશતકો જોએઆ વીનાંએ હરેક બાબદનો ખુલાશો કરવાને મોટો શકતીવાંન હતો. એ શાહેબ શ્રી શુરતથી પેહેલ વેહેલો આશરે ૫૩ વરશ ઉપર શ્રી મુમબઈ બાતે આવેઓ હતો તે દાહડેથી તે પોતાનાં આઇઉશની છેલી ઘડી શુધા પોતાનાં મોબેદીનાં અને તે પછે દશતુરાઇનાં હકનો હેવી રીતે શંભાલ કરેઓ હતો કે તે વીશે કોઇને ફરીઆદ અથવા ગીલલો કરવાનું કાંઈ કારણ મલી આવીઉંતું નહી. એ શવરગવાશી દશતુરે પોતાની હએઆતીમો કેટલાએક નાંમીચા ગરંથો બનાવેઆછે તેહેની આખી ટીપ હમોને મલી આવી નથી તોપણ હમોને જે કાંઈ ઇઆદછે તે ઉપરથી હમો જણાંવીએચ કે વંદીદાદની ગુજરાતી માંએનીનું આખું પુશતક તેહેની શરેહ શાથે. ઇજીશનેની ફારશી માંએની. જંદ તથા પેહેલવીની ફરહંગ. જંદ તથા પેહેલવી ભાશાનું એક કીમતી વેઆકરંણ. ખોરદાદ તથા આંવાં તથા ફરવરદીન તથા બેહરાંમ તથા હફતંન ઇઅશતોનાં ગુજરાતી તરજુમાં. વીશતાશપ નુશકની ગુજરાતી માએની. વજરકરદદીની નાંમની નામીચી પેહલવી કેતાબ કે જે કેતાબ હાલ જમાને કોઈ બીજા પાશે શુધ અને શહી નથી તે કેતાબનો તરજુમો અને અવીજેહદીન નાંમની કેતાબનો રદીઓ તથા શારેશતાંન કેતાબનું ભાશાંનતર અને એ વનાંએ બીજી ફારશી તથા પેહલવી કેતાબોના ઘણાએક તરજુમા તઇઆર કરેલાછે તે હવે પછે એ બેહશતી દશતુરને નાંમે છાપી પરગટ કરેઆમો આવશે. અને એ શાહેબે પોતાની હએઆતીમો ખોરદે અવશતાની ગુજરાતી માએનીનું કીમતી અને કાંમજોગ પુશતક તથા ખોરહે વહીજક નામનું કબીશાની શાબેતીમો જંદ તથા પેહલવી કેતાબોની શાહેદી ઉપરથી બનાવેલું પુશતક તથા મોજેજાતે જરતોશતી તથા ફરમાને દીન નાંમનાં પુશતકો છપાવી પરગટ કરેઆંછે. અને એ શવાએ બીજાં કહેઆં કહેઆં પુશતકો બનાવેઆંછે તે શંઘલું એ શાહેબનું નાંમીચું પુશતકખાંનું કે જે મધે હમારા જાંણેઆ પરમાંણે ૭૦૦ થી તે વધારે પુશતકો છે તે જોએઆથી માલંમ પડી આવશે. પણ તે શઘલાં પુશતકો વાંચવાને તથા તેહને શહમજવાને અથવા શહમજાવવાને પારશી ટોલામો કોઈ બીજો હેવો વીદેઆવાંન દશતુર રહેઓ હોએ હેવું જોએઆ તથા શાંભલેઆમો આવતું નથી. માટે કશો શંધે નથી કે એ બેહેશતી દશતુરની બાલી પડેલી જગો પુરવાને મોટી અડચંન થાઈ પડશે. તોપણ એ શાહેબે જે જે પુશતકોના બારીકીથી ગુજરાતી તરજુમાં કરેઆછે તે શઘલા તરજુમા પારશી ટોલાના લોકોને મોહોટા કાંમજોગ અને ઉપીઓગી થાઈ પડશે. એ શવરગવાશી દશતુર શાહેબ જંદ— પાજંદ— પેહેલવી— શેનશકરત— ફારશી — અરબી—ગુજરાતી—મરેઠી—અને હીનદોશતાંની ભાશા શહમજવા તથા લખવામો એક નામીચો ઉશતાદ હતો અને તે શાથે થોડીએક તુરકી તથા અંગરેજી ભાશા જાંણતો હતો અને જોતીશ શાશતર શહમજવામોતો મોહોટો પુરવીણ હતો. હેવા વીદેઆવાંન અને બુધીવાંન ધરમશાશતરી અને મોહોટા પંડીત દશતુરનાં ગુજરી જાવાથી શેહેનશાહી પારશીઓનાં આખા ટોલામો અને એ બેહેશતીના ભાઇબંધુઓ તથા મલતા વીશેકો તથા શગા વાહલાવોને એક મોહોટો શંનતાપ અને ભારે કકલાટ ઉપજેઓછે. એ શાહેબની ગુણગારી માએઆની ઇધાંણી દેખાડવા શારૂં તથા એ શાહેબને ઘટતું માંન આપવા શારૂં એ શાહેબનાં રવાંનને અવલ મંજલ પોંહચાડતી વેલાએ તથા એ શાહેબનાં ઉઠમણાંની મીજલશમો હેવીતો એક ભારે ઠઠ મલી હતી કે તેહેવી મોહોટી મીજલશ ગએઆં વીશ વરશમો હેવાં કારણશર મલી હોએ તેહેની કોઇને ઇઆદ આવતી નથી. એ મોહોટા ધરમઆચારીનો જોવા જોગ ચેહેરો હવે પછે જોવાની ઉમેદ અને આશેઆ રાખનારાઓ વીશે એક અગમચેતી જેહવું બનેઉંચ કે આપણા નામીચા અકાબર વાડીઆજી શેઠ બહમનજી હોરમજજીએ ગએઆ ૪ મહીનાં ઉપર એ શાહેબની તશવીર મીશતર ગરીન નામના એક નાંમીચા ચીતારા પાસે ઉતરાવી લીધી હતી તે તશવીર એ બેહેશતી દશતુરનાં

ઉઠમણાંને દાહડે શવરગવાશી વાડીઆજી શાહેબ શેઠ હોરમજજી બહેમનજીવાલાં આતશબેહેરાંમની નાંમાચી હવેલીનાં મોહોટા હાલમો મુકીછે. અને એ નાંમીચા અને વખણાંએલા દશતુરની ચંદરોકાલ શુધી હઆદગારી રાખવા શારૂ અતરેના કેટલાક નાંમીચા શેઠીઆવોએ ઉધરાંણાંની એક ટીપ ઉભી કરીને તે મધે રૂ૩૦૦૦) ની રકંમ તરત ભરી આપીને એ શાહેબનાં ઉઠમણાંની માજલશમો ઠેવું ઠેરવેઉં છે કે એ આપતી કરેલી રકંમ તથા એ મધે હવે પછે જેટલા રૂપીઆ ભરાએ તે શઘલા રૂપીઆ મુમબઈની પંનચાએતનાં તરશટી શાહેબોનાં શવાધાનમો આપવા અને તે રૂપીઆનું એ બેહેશતી દશતુરને નાંમે પંનચાતનાં દફતરમો એક ખાતું પાડવું અને તેહેનાં વેઆજમોથી જંદ તથા પેહેલવી ભાશા શીખનારાઓને તથા એ ભાશામો વધારો થાએ તેહેવી ખાબદોને આશરો આપવો.

[જામે જમશેદ, ૫ મી સપટેમબર ૧૮૪૭.]

28th August 1847.

DUSTOOR EDULJEE DARABJEE SANJANA.—It is with regret we have to announce the death of Dustoor Eduljee Dorabjee Sunjana, high priest of the Shahinsahee Parsees of this place. This event took place on Saturday at 4 o'clock P. M., at his residence near the Parsee fire temple in Churneewadee, outside the Fort. About a fortnight ago, the deceased was attacked with fever, which brought exhaustion and extreme debility. He languished for some time, and departed this life at the age of 71, deeply regretted by his relations, friends, and countrymen. He was admired for his learning, esteemed for his amiable qualities and respected for his superior acquirements. His affability was such that the humblest individual in the community to which he belonged had access to him—he seldom displeased or offended any one. He held the honorabla post of high priest, or head of the Church, with credit to himself, for seventeen years, duriug which time his conduct was characterized by unusual ability, mature judgement, and strict propriety. In him the Parsee community has sustained an irreparable loss: for Eduljee Dustoor was the brightest ornament of the Zoroastrians, and the ablest professor of their religion. He was the most learned *Zend* and *Pehlivee* scholar among the Parsees of Western India in the present age. He was consulted at different times by eminent European Scholars, who came to Bombay for the purpose of prosecuting researches into the ancient languages, religion, and history of Persia. He is the author of several works published in Bombay, regarding the *Kubeesa* controversy, and Parsee religion. Among these the ablest one *Khoreh Vuheejuk, Mojezat-i--Zartoshtee* and a Goojratee translation of the *Khourdeh Avesta.* The deceased was intimately and thoroughly acquainted with the ancient languages of Persia, with which few Parsees are now conversant, in consequence of these languages having ceased to be spoken or read for more than twelve centuries. He was also a good Persian scholar, and was to a certain extent versed in Sanscrit, the classical tongue of the Hindoos. The deceased has prepared a correct verse of the *Vendidad Sade,* one of the sacred works of the Parsees. It is the most valuable legacy bequeathed by him to the Zoroastrian commnnity of India; and for which they must feel deeply greatful. This elaborate work is in manuscript, and will soon

be published along with the Zend text. The Shahinshahee Parsees will be able to find a qualified successor to the post of high priest, vacant by the demise of Eduljee Dustoor. The funeral of the deceased took place yesterday morning. Hundreds of Parsees of all ranks were assembled to do honor to their venerable high priest, whose remains were conveyed to the Tower of silence, accompanied by a large concourse of his relatives, friends, and acquaintances.*

[*Telegraph and Courier, 30th August.*]

તા૦ ૩ જી અક્ટોબર.

રોજ ૬ માહ ૨ (ક૦) ૧૨૧૭ યજદજરદી.

જાંગીરજી બેહરાંમજી ગામડીઆ— હમોને ખબર આપવાને બેહદ દુખ અને મોટો શંતાપ ઉપજેચ કે—તારીખ ૩ જી અક્ટોબર ને રવીવારને દીને આશરે ૯ કલાકને અમલે પારશી શેઠ જાંહાંગીરજી બેહેરાંમજી ગાંમડીઆ, ૫૫ વરશની વએમો આશરે એક પખવાડી-આંનાં માંદમો કોટમો હેનાં રેહેવાનાં ગેરમો (આજે શહવારનાં) ગુજરી ગીઆ. એ મરનાર ઘણોજ ધરમાતુ—શેઆંનો—મીલંણશાર—માએઆલુ—મેહેરબાંન— અને દોશતપરશત હતો. હેનાં ગુજરવાથી હેની વીધવા—એક છોકરો—અને બે બાલક છોકરીઓ—મોટાં કુતંમબ અને અંણગણીત મીતરોને બેહદ દુખ ઉપજીઉંચ તે એકાએક મટવું મુશકેલછે.

[મુંબઈના ચાબુક, ૩ જી અકટોબર ૧૮૪૭.]

Erratta—In the notice of Eduljee Dustoor's death which appeared in yesterday's paper, two or three typographical mistakes were committed, which it may be well to correct. For "the Shahinshahee Parsees will be able to find a qualified successor," it should be "the Shahinshahee Parsees will not be able to find a properly qualified successor" For "a correct verse," it should be "a correct Goojratee version." And for "among these the ablest one," *read* "among these the ablest are."

[*Telegraph and Courier*, 31st *August.*]

3rd October 1847.

JEHANGIR BYRAMJEE GAMUDIA.—On Sunday the 3rd instant, at 8 o'clock in the morning, at his residence in the Fort, Jehangeerjee Byramjee Gamudia, a highly respectable member of the Parsee community, aged 56 years, deeply lamented by his friends and relatives, to whom he was endeared by his many amiable qualities.

[*Gentleman's Gazette, 4th October.*]

તા૦ ૩૦ મી અક્ટોબર.

રોજ ૩ માહ ૨ (શે૦) ૧૨૧૭ યજદજરદી.

દસ્તુર જમશેદજી એદલજી જામાસ્પ આશાના— હમોને લખવાને દલગીરી લાગેચ કે આએ ટાપુમોનાં પારશી લોકોમો વખણાં-એલો અને શેઆંણાં પારશીઓથી માંન પાંમેલો અને દશતુરોની શકને જેબ દેનારો રાશત ગોફતાર દશતુર જમશેદજી એદલજી જામાશ આશાનાંએ ૬૦ વરશની વએમો આએ નાશ પાંમનારી આલંમમોથી ૨૧ દાહાડાનાં શનેપાતની તાવનાં રોગથી રોજ ૩ જો અરદીબેહ-શત માહ ૩ જો ખોરદાદ કદમી શને ૧૨૧૭ ઇઅ-જદજરદી તારીખ ૩૦ મી અક્ટોબર ૧૮૪૭ વાર શનેઉને દીને રાતનાં આશરે ૯।। કલાકને અમલે પોતાનો અશબાબ ઉઠાવીને જીનતવાશી લોકોમો જાઇ વાશો કરેઓ. એ મરનાર દશતુર પારશી લોકોનું ધરંમ પુશતક જે અવશતા જેબાંનમોછે તેહમો ફરમાવેલા ખોદાઇ હોકંમોની અને પેહલવી ભાશામો લખેલી તેહની શરેહની અશલ મતલબને શારી રીતે શહમજતો હતો. અને જરતોશતી ધરંમની હરેક બાબતનો ફતવો રાસતી દરૂશતીથી આપતો હતો અને ધરંમ નીતીની અને શાચવતપણાંની અને ઇમાનદારીની ખુબીને ઘણીજ શારી રીતે શહમજતો હતો તેથી કરીને આએ ટાપુમોનાં મોટે વાધેનાં શેઆંણાં પારશી લોકો એ મરનાર દશતુરને મોટું માંન આપતા અને પેઆર રાખતા હતા. હેવા એક ગુણવાલા દશતુરનાં મરણથી

પારશી ટોલાઓનાં વીદઆવાંન લોકોમો ઉદાશી બરેલો શંતાપ પેદા થાએઓછે. એ મરનાર દશતુરની લોથને અવલમંનજલ પોંહચાડતી વખતે માંન આપવાનાં કારંણુશર આએ ટાપુઓનાં શંઘલા દશતુર મોબેદો ગએઆ હતા અને તેમજ ઉઠમણાંની કીરીઆને વખતે તે શંઘલા લોકો હાજર થાએઆ હતા તેથી એ મરનાર દશતુરનાં ઘર આગલ એક મોટી મીજલેશ થાઈ હતી.

[મુંબઈનાં શમાચાર, ૪ થી નવેમબર ૧૮૪૭.]

તા૦ ૩૦ મી અકટોબર.

રોજ ૩ માહ ૩ (ક૦) ૧૨૧૭ યજદજરદી.

જમશેદજી ખરશેદજી કોહીઆર—આએ હેઠલ કહેલું મરતીઉક મરનાર જમશેદજી ખુરશેદજી કોએઆનાં એક મીતરે દેશાવરથી લખી મોકલીઉંચ તે હમો મોટાં દુખ અને બારે શંતાપ શાથે જાહેર કરીએચ.

જમશેદજી ખુરશેદજી કોએઆજીનાં આશરે આરતીશ વરશની કુમલી વએમાં થોરા દીવશનાં બોખારનાં માંદથી તારીખ ૩૦ મી અકટોબર ૧૮૪૭ રોજ અરદીબેહશત ને માહા ખોરદાદ કદીમાને રોજે રાતનાં ૭) કલાકને અમલે શ્રી વરોદરામાં બેહશતનશીબ થાએઆછે તેથી એ મરનારનાં બુજરગ બાપ તથા જઈફ માએ તથા એ બેહેશતીનાં બાઈઓ તથા ઘરીઆંણી તથા નાંવારશ બચાવો ઉપર હેબતનાંક ગજબ ગુજરેઓચ—અને તેવોનાં કાલજાંમો કારી ઘાવ લાગોચ તે ડાગ રોજે રશતાખેજ શુધી તેવોની છાતીમાંથી રૂજવાનો નથી. એ મરનાર ઘણાં વરશ શુધી મુંબઈમાં કાંમેશરી ખાતાંમાં રાઈટર હતો તેથી આએ ટાપુનાં ઘણાં લોકો હેની લાએકી તથા ખુબીથી વાકેફછે. એ મરનાર માએઆલુ દઆલુ અને અમીર મીજાજનો હતો. બચાંમો બચું મોટાંમો મોટો બુજરગોમો બુજરગ અને શભાનો શેઆંનો અધીકારી હતો. હેની અકલ એલમ ને દાહાપણુને લીધે જાત અને પરજાતનાં શઘલા લોકોમો માનીતો અને જાંણીતો તથા વખાણાંએલો હતો. એ મરનારે પોતાની ટુકી વએમો શુરત—મુમબાઈ—ભરૂચ—દખણ હેદરાબાદ ને છેલી વરોદરામાં મુશાફરી કીધીતી તે શઘલી જગાઓમો પોતાની ગરીબાઈથી શું જાત કે શું પરજાતનાં લોકોમો મોટું નાંમ મેલવેઉં અને શરવેનો વાહાલો થાએઓતો. વાશતે જે લોકો કે એ મરનારની ખુબી અને ભલમંણુશાઈથી જાણીતાછે તે લોકોને હેનાં ટુકી ઉમરનાં ગુજરવાથી મોહોટો ચેલો તથા વતવતો રહી ગીઓ હશે. અફશોશ હોજો ફરતા આશમાંન ઉપર કે દુનીઆંમાંથી હેવાં ખુબીવારાં લાએક અને અશો માંણશો તુક ઉમરમાં કુચ કરી જાએચ. એ મરનાર દીન ધરમ—કાર—વેપાર અને પાકી પરેહજગારીનાં કાંમમાં હેવો વાકેફગાર ને પુરવીન હતો જે તેવા દુનીઆંમાં થોરાજ શખશો હશે. અગર એ મરનારની ઉમર વફાદારી કરતેતો હેનેથી આએ દુનીઆંમાં ઘણાંજ શારાં કાંમો કરવાની હેનાં મીતરોને ઉમેદ હતી તે શરવે આએ અચબુચ મોતની આગલ એક બાજુ રહી—પોતે શવરગવાશી લોકોમો કુચ કીધી.

[મુંબઈનાં ચાબુક, ૧૪ મી નવેમબર ૧૮૪૭.]

30*th* *October* 1847.

JAMSETJEE CURSETJEE KOHIYAR.—At Baroda, on the 30th October 1847, Jamsetjee Cursetjee Koyahjee of the Rewa Kanta Agency, aged 38 years, leaving his disconsolate widow and children, old parents and a large circle of family and friends, to bemoan his irreparable loss.

[*Telegraph and Courier*, 11*th* *Nov.*]

તા૦ ૬ થી ડીશેમબર.

રોજ ૮ માહ ૪ (ક૦) ૧૨૧૭ યજદજરદી.

ખરશેદજી કાવશજી બનાજી—હમોને ખબર આપવાને બેહદ દુખ અને બારે શંતાપ લાગેચ કે—પારશીનાં ફીરકાનો નાંમવર અને પંકાએલો અકાબર—હીનદોશતાંનના ગાંમઠીઓમોનો નાંમાચો અધીકારી—શરદારોની શંફમાનો શુરો શરદાર—અમીરોની મીજલશનો ખાશ અમીર—શાહુકારોની શભાનો શુધો શાહુકાર—વેપારીઓની મંડલીનો કવી

વેપારી—મશેહુલ તોઓજાર—ચોખ્ખું પુરથ-વીનાં વેપારનું ઠડ—અને શઘલા વાંઘાના તથા શઘલી ગણેઆતનાં વેપારીઓની જડ—જમાંનાંનો હાતેમ—અને શુઘો—શેઆંનો—શાચો, અને શખી શરદાર શેઠ ખરશેદજી કાવશજી બનાંજીનાં ઘણાં દાહાડા શુધી જલંનદરનાં મરજથી શખત બીમારી ભોગવીને રોજ ૮ મો ને માહા ૪ થો કદમી તારીખ ૪ થી ડીશેમબર ૧૮૪૭ ને શનીવાર એટલે જે ગેઈ કાલ દીને રાતનાં ૧૨ કલાકને અમલે ગોવાલીઆનાં તલાવ આગલ હેનાં રેહવાનાં બાગમો આશરે ૫૮ વરસની વએમો આ જુઠી માએઆની જગતમોથી પોતાનો અશબાબ ઉઠાવીને મીનોઈ લોકોની મોજલશમો હજરત જરથોશત અશફંતેમાંન અનોશેહરવાંનનાં રૂવાંનની શોડમો વાશો કીધો. શેઠ ખરશેદજી કાવશજી બનાંજીનાં ગુજરવાથી જેહવું ભારે દુખ હેનાં બોહોલાં કુતંમબને તથા હેનાં આખા શીરકાને ઉપજીઉંચ તેહવુંજ મોટું દુખ આએ ટાપુનાં શઘલી જાતનાં અને શઘલી ગણેઆતનાં વેપારી તથા રેહેવાશીઓમો ઉપજીઉંચ. એ શવરગવાશી શરદારનું શંતાપ ભરેલું મરતીઉક જેહવી રીતે લખવું ઘટેચ તેહવી રીતે લખવાને હમોને આજનાં ચાબુકમો બનીઉં નથી તે હમારાં હવે પછેનાં પતરમાં વીશતારીને છાપેઆમો આવશે.

આજ શહવારનાં શેઠ ખરશેદજી કાવશજીનાં રૂવાંનને માજદીઅશની દીનનાં કાંનુન પરમાંણે કીરીઆ કરીને શેઠ ફરાંમજી કાવશજી બનાજીનાં દોખમાંમો શુરીઅદ કીધું તે વેલાએ આએ શેહેરનાં પારશીનાં શીરકાનાં શઘલા વાંઘાના અને શઘલી પદવીના લોકોની એક ભારે મોટી મીજલશ એ મરનારનાં કુતંમબ પરીવારની માહાતમપોશીમો શાંમેલ થાવાને વાશતે હેની વારીમો મલી હતી તે મીજલશમોનાં લગભગ શઘલાં લોકો હેનાં રૂવાંનને અવલ મંજલ પોંહોચાડવાને દોખમાંના ડુંગર શુધી ગેઈ હતી. તે શઘલાવોની આંખમોથી લોહીનાં આંજુ વરશતાંતાં—હેવી શંતાપ ભરેલી મીજલશ આજ શુધી મુમબઈમો કોઈનાં જોવામો આવી નોહોતી.

હમારાં ગીઆં ચાબુકમો શવરગવાશી શેઠ ખોરશેદજી કાવશજી બનાંજીનાંનું મરતીઉક છાપીઉંતું અને આજનાં પતરમો કાંઈએક વધારે શંતાપ જાહેર કરવાને કબુલ કીધું હતું પણ આ પતરના ચલાવનારની બીમારીને લીધે કશી જોગવાઈ બની નથી તેથી મોટું દુખ ઉપજેચ. શેઠ ખોરશેદજી કાવશજીનાં ગુજરવાથી શઘલી ગણેઆતનાં લોકોમો અને મુમબઈની આખી વશતીમો મોટી ઉદાશી અને ભારે માહાતંમપોશી પેદા થાઈચ તેહનું બએઆંન કોઈ તરેહથી હમારી ટુકી હકીકતમો જાહેર થાઈ શખાતું નથી. કાપડ બજારની તથા અંગરેજ બજારની દુકાંનના દરવાજાઓ તરણ દીવશ શુધી અરધા બંધ કરીને શઘલા વેપારીઓએ એ મરનારનો શોગ પકડેઓ હતો તેજ પરમાંણે ઘણાં નાંમીચા શરાફોએ તરણ દીવશ શુધી લખાંણ બંધ કીધું હતું. શેઠ ખોરશેદજીએ હમારા શાંભલવામો આવીઉંચ કે પોતાનું વશીહતનાંમું પોતાની હઈઆતીમાં કીધુંચ અને તેહમાં એ મરનારના બે ભતરીજાવો શેઠ દાદાભાઈ રૂશતમજી તથા શેઠ માણેકજી લીમજીભાઈને વકીલો ઠેરવેઆચ તે ચંચલ અને વીશવાશી તથા ઈમાંનદાર વકીલોની કોશેશથી તથા હેનાં શુધા અને વગર વાંધાના વેહેવારથી તથા હેની નેકી અને ખુબીને લીધે બેહદ મીતરો પોતાની પછવાડે મેલી ગીઓચ તેથી હેનાં બોહોલા વેપારને અટોપી લેવામાં તથા હેનાં પરીવારનું મોટી આબરૂ શાથે રખશંણ થાવામો કશી હરકત અથવા અડચંણ પડનાર નથી. શેઠ ખોરશેદજીએ પોતાની પછવાડે બેહદ ખુબી તથા નેકી તથા ભલમંણશાઈ તથા પુંન ધરમની એક મોટી પુંજી કે જે આગમો બલે નહી પાંણીમો ડુબે નહી ચોરથી ચોરાએ નહી તે મેલી ગીઓચ. શેઠ ખોરશેદજીએ પોતાની હઈઆતીમો હાકેમીતો શું—પણ આએ ભારે મોટાં વેપારનાં અને દબદબાનાં શેહેરમો એક અછી નવાબી કીધીચ અને કોઈ દેશનાં અને કેહેવાબી મરતબાનાં નવાબનો દબદબો અને જાહોજલાલી એ નવાબોનાં નવાબ ખોરશેદજીને જેહવી નહી હશે. હમો હેને લખલુટ નવાબ કેહેવાને

ખોહોતા નથી—કાંજે હેને પઈશાને પઈશા—રૂપીઆને રૂપીઓ—મોહોરને મોહોર—હીરા મોતી અને એમુલ જવાહેરને તેહની કદરથી વાપરેઆં નથી—આએ ટાપુનાં નાંમીચા અને મોટી દોલતના શેઠીઆએ જે કદર અને કશરથી પોતાનું ધન વાપરીઉંચ અને વાપરેચ તે કદર અને તે કશરથી જો નવાબ ઓશરોએ પોતાનું ધન અને પોતાની જાતે અને હીમતે મેલવેલી દોલતને વાપરી હતેતો આજે હેની પાશે દોલતનો એક મોટો ખજાંનો ફાજેલ પડત. એક હજારથી વધારે કરીઆ મજુર અને કારબારીઓ શેઠ ખોરશેદજીનાં નવાબખાંનાંમો આજે બામુદત થાઈ વપરાએચ તેવોની પછવાડે શરંનજાંમ શું ખરચાતો હશે તેહનો અટકલો હમારેથી થાઈ શખતા નથી. નવાબ ઓશરોનાં ઘેરનાં ખરચના અને ટેબલ એખશપેંનશનાં દર ચાંદરાતે ચાંદરાત ૫૦૦૦) રૂપીઆ જાતાતા તે વગર કપરાં ચપરાં અને વાંઈનનો ખરચ જુદો. શેઠ ખોરશેદજીને જેહવી "રીચ" ટેબલ મુમબઈમો કોઈ શેઠીઆની અથવા કોઈ જાટલીમેનની નોહોતી. અગર એક બાટલી વાઈનનો ખપ હોએતો એક બટ મંગાવે અને એક કાપડના તાકાનો ખરચ હોએતો એક આખી ગાંશડી મંગાવે, એક લોહોડાંની ચુંકનો ખરચ હોએતો આખું પીપ ખીલાનું મંગાવે. એક ઘોડાનો ખપ પડેતો આખી પાએગા છોડી મંગાવે. હેવો હાતેમ મીજાજનો નવાબ પુરથવીમો આએ જમાંનામો કોઈ નહી હશે—હવે હમો હેને લખલુટ નવાબ નહી કેહીએતો બીજું શું કેહીએ? શેઠ ખોરશેદજી કાવશજીનાં ઘેરનું ફરનીચીઉર અને અશબાબ હેવો મોટો અને મુલદાર છે કે તેહવો આજે કોઈ શેઠીઆનાં એવાંનખાંનામો નહી હશે અને હેનાં બાગમો જેહવી વંણપશતી અને હેનાં વારામો જેહવાં ભાંતભાંતનાં અને હર કીશંમનાં ચરંદા પરંદાં જનાવરોછે તેહવાં બીજા કોઈના વારા અને બાગમો નહી હશે. હમોએ જો પણ કાંઈ એક વધારે છુટથી શેઠ ખોરશેદજીનાં ખાંનગી ખરચનો અટકલો કીધોચ તોહોપણ હમો કેહીજીએચ કે હમો રૂપીઆની એક આંની નથી બતાવતા કાંજે તે શઘલું બતાવાની શરહદ હમારી નથી. એ શઘલી જાહોજલાલી શાથે હમોને ખબર આપવાને ખુશાલી લાગેચ કે શેઠ ખોરશેદજી કાવશજી બનાંજીનાં કોઈનો કરજદાર નથી ગુજરેઓ. ને જો હેનાં બોહોલા વેપારને આટોપવાનો વહીવટ શાહુચેતીથી અને ધીરજથી અને શંપજથી અને શેઆંનપંનથી કરશે તો હેનાં લેણદેણની શફાઈ થાતાં એક મોટી દોલત અને મુલદાર ગોરગાંમ તથા પોએશરની જાગીરો હેનાં પરીવારનાં રખશંણને વાશતે ફાજેલ પડશે. આએ છેલો ફકરો લખવાનું કારણ એ જે કેટલાએક નકાંમા અને આલશુ તથા ખોટલા અને રોટલા ભાંજુ વેહાલાઓ એ શખી શેઠનાં ગુજરવા પછેથી કાંઈ જુદી તરેહનો ખેઆલ કરેચ તે ખોટો ખેઆલ દુર થાવા શારૂં હમોને એ ઉપલો ખોલાશો કરવાની જરૂર પડીચ. શેઠ ખોરશેદજી કાવશજીનો વેપાર હાવા મોટા અઈઆશ શાથે ઘણોજ બોહોલો અને ચોતરફ ફેલાએલો છે. તે શાથે હેનો ધીરધાર ઘણી બેહદ છે તેથી તેહનો અટકલો ઘણાં મહીના શુધી થાઈ શખવો મુશકેલ છે. પણ હમો આએ બીનાં બંધ કરતી વખતે ફરીથી કેહીજીએચ કે શેઠ ખોરશેદજી જે જાહોજલાલી કરતોતો તે પોતાનું ખાતું પોટું તપાશી જમે ઉધાર જોઈને કરતોતો તેથી હમો ભરોશાથી કેહીજીએચ કે હેનાં વેહવારને કોઈ રીતે ધોકો પોહોંચે તેહવું નથી. શેઠ ખોરશેદજીનાં ગુજરવાથી પારશીઓમો એક નવો અરદેશર દાદી ગુજરેઓચ હેવો શંતાપ ઉપજેઓચ—કાંજે અરદેશર દાદી ગુજરવા પછેથી તેહની છપ—છપ અને જાહોજલાલીનો કોઈ પેદા થાએઓતો નહી પણ એક ખોરશેદજી કાવશજી પેદા થાએઓતો તેહની ઉમરે વફાદારી નહી કીધી બાકી એ ફરેશતા ખશલતનાં મરદને હજુર બીજી ઉમેદ ઘણી હતી.

[મુંબઈના ચાબુક, ૫ અને ૯મી ડીસેમબરે ૧૮૪૭.]

4th December 1847.

Cursetjee Cowasjee Banajee.—The late Cursetjec Cowasjee—The demise of this distinguished member

of the Parsee community demands a fuller notice than our obituary supplies.—Cursetjee Cowasjee, like his venerable brother still amongst us in the enjoyment of an active, honorable, and green old age, was one of the most active and enterprising of the Parsee community. He was a man of sterling probity and uprightness, of great liberality and kindness of disposition, and of an evenness of temper scarcely capable of being disturbed. He was well-known to nearly the whole of the European Community, and respected wherever he was known. His enlarged heart and liberal hand recognised no distinction of colour or of creed, but were ever open as day to melting charity, and accessible to all who had suffering or misfortune on which to found their claims. He had for many months been suffering from indisposition not for long considered dangerous: his demise is subject of universal regret.

[*Bombay Times, 8th December.*]

ઈ૦ સ૦ ૧૮૪૮.

તા૦ ૩ જી જાનેવારી.

રોજ ૮ માહ ૫ (ક૦) ૧૨૧૭ યજદજરદી.

ગુલબાઈ તે માણેકજી લીમજી બનાજીનાં ધણીઆંની—મરતીઉકની ખબર હમોને દાખેલ કરવાને બેહદ દલગીરી ઉપજે છે કે તારીખ ૩ જી જાંનેવારી અને ગીઆ શોમવારની રાતનાં આશરે ૧૨ કલાકને અમલે મજગાંમમો કલેઅરમોનટ નાંમની વાડીમો શેઠાંણી ગુલબાઈ તે માંણેકજી લીમજી બનાજી ઍશકોઅરની ધણીઆંણી તથા શેઠ ખોરશેદજી અરદેશરજી દાદીશેઠનાંની દીકરી કેટલાએક દાહાડા શુધી શખત માંદ ભોગવીને શવરગવાશી લોકોમો કુચ કીધું. એ મરનાંર બાંણુ—ઘણીજ શેઆંની અને શારાં શલુકની અને શકલ ગુણી તથા માહાબરમી અને ખુબ પાકીજે—એક મારગી—અને હશતાં મોહોડાંની અને શહવારના પોહોરનું પનોતું નાંમ હતું. હેનાં તુકી વએનાં ગુજરવાથી હેનાં ગંભીર ભરથારને અને બુજોરગ બાપને અને પેઆરાં બાલક છોકરાંવોને અને હેની બાઆરી બોહેનોને અને હેનાં ભોલા ભાઈઓને અને હેની બેહદ શાએલીઓને અને શાશરાં તથા મહીડાંના મોટાં કુતંમબને હઆને દાદી તથા બનાજીનાં બોહોલાં ખાંનદાંનને બેહદ દુખ અને ભારે શંતાપ લાગોચ તે રોજે કએઆંમત શુધી મંનથી મેલાશે તથા દલડાંથી ભુલાશે નાહી. એ મરનાર પોતાની પછવાડે પોતાનાં ચેઆર છોકરાં મેલી ગેઈચ તેહમો તરણ દીકરા અને એક દીકરી છે. એ મરનારને ગીઆ મંગલવારને દીન શહવારનાં દાદીશેઠનાં દોખમાંમો શુવીઆદ કીધી—તે વેલાએ આએ શેહેરનાં મોટે તથા વચલે વાધિનાં તમાંમ પારશીઓ મોજલશમો એ મરનારનાં ખાંનદાંનની માહાતંમપોશીમો શાંમેલ થાએઆ હતા.

[મુંબઇના ચાબુક, ૬ ઠી જાનેવારી ૧૮૪૮.]

3rd January 1848.

GOOLBAY, WIFE OF MANECKJEE LIMJEE BANAJEE.—At "Claremount" on the night of Monday the 3rd instant, the Lady of Maneckjee Limjee Esq., aged 35 years, leaving her disconsolate husband and 4 children, to bemoan her irreparable loss. By this melancholy event two of the most distinguished Parsee families, that of Dadysett and Bannajee, have been thrown into the deepest mourning.

[*Bombay Times, 5th January.*]

તા૦ ૧૫ મી જાનેવારી.

રોજ ૨૦ માહ ૪ (શે૦) ૧૨૧૭ યજદજરદી.

શેહરીઆરજી જમશેદજી મોદી—શેહેરીઆરજી જમશેદજી મોદી ૭૩ વરશની વએમો તારીખ ૧૫ મી જાનેવારીની શહવારનાં એકાએક પોતાનાં રેહવાનાં ઘેરમો નાંનપોરા મધે ગુજરી ગએઓછે. એ બેહશતગુજાન શહવારનાં હંમેશાંની ધારા પરમાંણે ઉઠી પરવરદેગારની બંદગી કરીને આવાંહજિદ જાતો હતો તેથી અંગરખો પેહરતાં એકાએક જમીન ઉપર પડી ગએઓ ને પોતાનો આતમા પરવરદેગારને શોંપો. એ મરનારનાં ગુજરવાથી શુમાલી તથા ભગવા તથા કરંજ વગેરેનાં ગાંમડાંના લોકોને મોટી દલગીરી ઉપજીછે. શાથી જે તે લોકોને શુરતમા એ ધણીનો મોટો આશરો હતો. એ મરનાર મીલનશાર મીઠા શવભાવનો શારૂં માણુશ હતું.

[મુંબઈના ચાબુક, ૨૦ મી જાનેવારી ૧૮૪૮.]

21st April 1848.

SORABJEE MANECKJEE.—At Bombay, on the night of the 21st instant, at his residence in the Fort, Sorabjee Manockjee Esquire, a well-known and highly respectable Parsee Merchant, aged 65 years, deeply regretted by his widow and a large family as well as a numerous circle of friends and relations. He was highly esteemed by Europeans, as well as Natives for his benevolence and charitable disposition.

[*Bombay Times, 26th April.*]

તા૦ ૨૭ મી આપરેલ.

રોજ ૩ માહ ૮ (શે૦) ૧૨૧૭ યજદજરદી.

માણેકજી જીનાજી હાંસોટીઆ—મરતીઉકની ટીપમો એક નાંમ વધારે દાખલ કરવાને હમોને બેહદ દુખ અને ભારે શંતાપ પેદા થાએચ કે આપરી પારશીની અંનજુમંનના એક દાંનાવ અકાબર અને ધુનંધી અધીકારી અને બાહેરકોટની વશતીનાં શેઠીઆવોમોનો એક નાંમીચો શેઠીઓ અને પંકાએલો ચોગલો પારશી માંણેકજી જીણાંજી હાંશોટીઆ રોજ ૩ જો અને માહા ૮ મો રશમી શને ૧૨૧૭ ઈઆજદેજરદી, તારીખ ૨ જી આપરેલ ૧૮૪૮ અંગરેજીને દીને પાછલા પોહોરનાં ૪ કલાકને અમલે ધનજી ડુંગરીઆનાં મોહલામાં પોતાનાં રેહવાનાં ઘેરમો ૬૨ વરશની ઉમરમો નજલા અથવા ગોટનાં મરજથી ઘણાં દાહડા શુધી શકત પીડાકારી ભોગવીને આએ જુઠી માઆની દુનીઆંમોથી પોતાનો અશબાબ ઉઠાવી મીનાઈ લોકોની વશતીમો વાશો કીધો. માંણેકજી જીહોણાં બચપણથી ઘણોજ બાહોશ અને ચંનચલ હતો તેથી હરેક ધનધા રોજગારમો ધુનંધી અને માહીતકાર થાઈ પડીઓ તો—તે શાથે ધરમાતુ અને શખી તમેનો હતો તેથી કેટલીએક ધરમની જગાઓ—શરાહો—કુવાઓ—તલાવો અને બીજી એમારતો પોતાનાં પઈશાથી તથા બીજાનાં પઈશા અને પોતાની મેહનતથી બાંધાને ભુખીઆંવોને ધાંન—નાગાવોને વશતર—અને ભટકતાઓને મકાંન આપેઆંચ. માંણેકજી જીહણાંને હાથે પોતાની આખી વએમો કમોબેશ પાંચ હજાર લવાદી અને પંનચાતી ચુકી હશે. અને તેટલાંજ વીલો તથા ફારગતીઓ થાઈ હશે. હવે હેવા બોહલા કારબારમાં કોઇને બારૂં—અને કોઇને મીઠું—કોઇને તીખું અને કોઇને ફીકું પડીઉં હશે અને અલબતે પડવું જોઇએ તેથી માણેકજી જીહીણાં વીશ લાખ બોહોડ લાખ વાતો થાતી હતી તોહોપણ હમો હેનાં ગુજરવા પછે કહીજીએચ કે એ શખશ ઘણું કરીને નેક હતો કે શેંહકડો બલકે હજારો ગરીબ ગુરબાં અને લાચાર બેચારોની ભાંજગડ કરતો હતો. માણેકજી જીહીણાં આએ ટાપુનો મોટો ફરજંનદાર હતો તેહમો કેટલીએક પોતાની અને ઘણીખરી ફરજંનદારોની જમીનનો વહીવત કરતો હતો તેહમો લગાર કઠણ નજર રાખતો તો તેથી ઘણાં ભાડુતોને અનગમતો હતો—પણ શરવે કોઈ આએ જુગનની માએઆમો પોતાના લાભને વધારે જોએચ તેથી હમો એ

બાબદમો હેનો અનેઆ કાહાડતા નથી. માણેકજી જીણીણાં ગમે તેહવો હતો પણ હેની જગો કોઈ જાલવી શકે હેવો બાજો પારશી આશાનીથી મલવો કઠંણછે. હેનાં ગુજરવાથી હેનાં એશ કુતંમબ અને દોશત આશનાવ અને મોલાઈઓ અને કાંમકાજવાલાવોને ઘણું દુખ અને ભારે શંતાપ ઉપજીઓચ તે એકાએક મંનથી મેલાશે અને હઇડાંથી ભુલાશે નાહી.

[મુંબઇનાં ચાબુક, ૩૦ માં આપરેલ ૧૮૪૮.]

તા૦ ૨૪ મી મેએ.

રોજ ૩૦ માહ ૯ (ક૦) ૧૨૧૭ યજદજરદી.

જાંગીરજી મેહુરવાંનજી ઢોંડી અને દાદાભાઈ મેહુરવાંનજી ઢોંડી—હમોને ખબર આપવાને બેહદ દુખ અને ભારે શંતાપ લાગેચ કે આપણી ટાપુનાં આબરૂદાર વેપારી અને પુરાતંમ ખાંનદાંનના જાણીતા પારશી મેહેરવાંનજી જીવાજી ઘોંઘીનાં બે જુવાંન દીકરાવો તેહમો એક નાંમે દાદાભાઈ આશરે ૧૪ વરશની ઉમરનો અને બીજો નાંમે જાંહાંગીર આશરે ૩૮ વરશની ઉમરનો માતરે ૩૦) કલાકની રમતમો ચટપત એકની પછવાડે એક ગુજરી ગીઆ તેથી એબલા એવોનાં જઈફ પીતાને—અને બોહોલાં કુતંમબ તથા બેહદ દોશતોનેજ નાહી પણ તે શાથે પારશીનાં ફીરકાનાં ઘણાંએક આબરૂદાર ગીરહશથો જેવોને એ મરનારો તથા એવોનાં ખાંનદાંન શાથે ઓલખાંન હતી તે શઘલાવોમો મોટી નાંખુશી અને ભારે ઉદાશી પેદા થાઇચ.—એ મરનારાવોમોનો આગલો છોકરો જે હમણાંજ પોતાની વએમો આવેઓતો તેથી તેહની શાથે ઘણાં લોકોને અલબતે જાંણ પીછાંણ થોડીજ હતી વાશતે તેહની ખુબીથી અંનજાંણાં હશે—પણ એ જુવાંન છોકરો ઉઘરતો હેવો ચંચલ અને નમાનો તથા મરૂવતવાલો હતો કે જો હેની હઈઆતી લાંબી થાતેતો પારશીનાં ફીરકામો અછો નાંમવર નીકલતે. પણ જાંહાંગીર જેહને આએ ટાપુનાં શઘલા વેપારી તથા વેહેવારી અને ખાંનદાંની તથા આબરૂદાર લોકોમો અછી જાંણ અને શારી મોહોબત પરીત હતી તેહની નમંનતાઈ તથા ચોખા વેહેવાર તથા ઈમાંનદારી—તથા દોશતપરશતી તથા ભલાઈ તથા હોશીઆરી તથા ભલમંણશાઈ તથા શચાઈ અને શલુકાઈની બેહદ ખુબી હમો આએ ટુકી હકીકતમો પુરતી રીતે લખી શકવાને નાંકેશ છેહએ—અને તે શાથે એ બે જુવાંન અને ભારે ઘાતકી તથા અચબુચાં મોતોની ગમીએ હમારી પોતાની ઉપર હેવીતો ગેરલ નાંખીચ કે તેથી હમારાંમો તેહની માહાંતંમપોશી કરવાની તાકાત રેહી નથી. એ જાંહાંગીર તથા દાદાભાઈનાં ગુજરવાથી હેનાં જઈફ બાપ તથા હેનાં ગંભીર ભાઇઓ તથા હેનાં બોહોલાં કુતંમ અને હેનાં બેહદ દોશતોને હેવોતો ભારે ચોલો તથા મોટો વટવટો રેહી ગીઓચ કે તેહની આગ એકાએક બુજવી કઠણ છે.

[મુંબઈનાં ચાબુક, ૨૫ મી મેએ ૧૮૪૮.]

તા૦ ૨૯ મી આગશટ.

રોજ ૭ માહ ૧૨ (શે૦) ૧૨૧૭ યજદજરદી.

મનચેરશાહ એદલજી ધનજી મેહતાના—હમોને લખવાને દલગીરી લાગેચ કે ગએઆ મંગલવારને દીને મંનચેરશાજી એદલજી ધંનજીભાઈ મેહતાનાએ આશરે ૬૩ વરશની વએમો આએ તરંણ દાહાડાની ફાંની દુનીઆંમોથી એકાએક પોતાનો અશબાબ ઉઠાવી મીનોઈ આલમમો કુચ કીધી. એ મરનાર આગલા દીવશપર શુરતમો રૂનો એક મોટો વેપારી કેહેવાતો હતો.

[મુંબઈના શમાચાર, ૩ જી સપટેમબર ૧૮૪૮.]

તા૦ ૨૭ મી સપટેમબર

રોજ ૧ માહ ૨ (ક૦) ૧૨૧૮ યજદજરદી.

દાદાભશાહ નશરવાંનજી મોદી, દમણના—જાંણેઆથી જાહેર કરવાને ઘણીજ દલગીરી ઉપજેચ કે ગીઆ માહીનાંની તારીખ ૨૭ મી શપટેમબરને વાર બુધે રોજ ૧ લોની શહવારનાં શ્રી દમંણ મધે મોદીજી દોરાબજી નોશરવાંનજી આશરે ૬૫ વરશની વએમો થોડા દીવશનાં માંદથી આએ વગર ભરોશાની દુનીઆંમોથી નીકલીને જાવેદાની આલંમમો જાઈ વાશો કરેઓ. એ મરનાર મોદી-

જીનાં નાંમીચાં અને માંન પામેલાં ખાંનદાંનોમાંનો એક નાંમીચો અને નમંનતાઈ ભરેલો શારા શવભાવનો તથા નરંમ મીજાજનો તથા મશહુર થએલો એક વેપારી હતો અને આજ કેટલીએક મુદત થાઈ કાપડ તથા અફીણનાં વેપારને વાસતે શ્રી દમણમો વશતો હતો. એ મરનારને ગુજરી જવાથી અતરેનાં તથા શ્રી શુરતનાં તેહના મોહોટાં કુટંમ પરીવારને તથા દોશત આશનાઓને ભારે દુખ તથા શંનતાપ ઉપજીઉછે તથા દમણનાં ગરીબ જરતોશતીઓનાં હકમો ઘણું બુરૂં થઈઉછે.

[મુંબઈનાં ચાબુક, ૫ મી અકટોબર ૧૮૪૮.]

તા૦ ૧૫ મી નવેમબર.

રોજ ૨૦ માહ ૩ (ક૦) ૧૨૧૮ યજદજરદી.

દાદાભાઈ નવરોજજી પોંહચા—હમોને કેહવાથી બેહદ દલગીરી ઉપજેચ કે અતરેનાં નાંમીચાં પોંહોંચાનાં ખાંનદાંનનો નેકબખત દાદાભાઈ નવરોજજી પોંહોંચા ગઈ રાતનાં આશરે ૧૦ કલાકને અમલે ચાર દાહાડાનાં તાવનાં રોગથી ૫૯ વરશની મધમ વએમો આએ જુઠી અને વગર ભરોશાની જગતને પોતાનું ઓલાઉં શોંપી પોતીકા અશો જરથોશતની બગલમો જઈ વાશો કીધો. એ ગીરહશત નમંનતાઈમો ઉમદા જહાડનું એક નાંમીચું ફલ અને ભલમંનશાઈમો પુરાતંમ ખાંનદાંનનું એક ખુજરોગ ઠર—મીલંનશાર અને માએઆમો અમરતનો શવાદ—વાખવાખીમો એક ગોલાબનાં ફુલનો શુવાશ—વેપાર અને વેહેવારમો ચોખો અને આંટમો શાજો હતો. હેનાં ગુજરવાથી હેનાં માહટાં કુતંબ બેહદ મીતરોને નેહાએત દલગીરી ઉપજી તે ચંનદર અને શુરી અનાં કરતા દોર શુધી મંનથી મેલશે અને હઈડાંથી ભુલશે નહી.

[મુંબઈનાં ચાબુક, ૧૬ મી નવેમબર ૧૮૪૮.]

15*th November* 1848.

Dadabhoy Nowrojee Pocha.—At midnight of Wednesday the 13th instant, in the 49th year of his age, at his residence in Church Street, Fort, Dadabhoy Nowrojee Pochajee, of Inflammentary fever. Though not much known amongst the European community, the deceased gentleman has, by the exercise of his amiable and endearing qualities of heart and head, during an examplary life of nearly half a century, reared a tablet in the hearts of his bereaved family and sorrowing friends more lasting than any ever raised by the frail hand of mortal men.

[*Telegraph and Courier*, 18*th Nov.*]

તા૦ ૨૮ મી નવેમબર.

રોજ ૩ માહ ૩ (શે૦) ૧૨૧૮ યજદજરદી.

નશરવાંનજી હીરજીભાઈ કરાંની—મુમબઈનાં બંદરમો બારકશોની દલાલીનાં કાંમ કાજથી શરવે લોકોને જાંણીતો પારશી નશરવાંનજી હીરજીભાઈ કરાંણી ઘણાં દીવશની માંદગી ભોગવેઆ પછે ગએઆ મંગલવારની રાતરે ગુજરી ગએઓછે તે ખબર હમારાં વેપારી ઘરાકોમો જાહેર કરતી વખતે હમોને મોહોટો શંનતાપ લાગેછે. એ મરનાર ખુબશુરત જેમ પોતાના વેહેવારમો ચોખો હતો તેમ પોતાના મીતરો વચે ઘણો શખી હતો. તે ઉપરાંત પુણ અને ધરમની શોચાણાં ઘણી રાખતો હતો કે જે ઉપરથી તેણે મુમબઈનાં બાહેરકોટ મધે કાંદાવાલાના મોહોલામો રેહેનારા પારશીઓની ગરજ પુરી પાડવા શારૂં તે ઠેકાંણે એક દરેમેહેર બાંધી આપેઆમો અને તેહેનો કાએમ ખરચ ચલાવા શારૂં એક જુદી મીલકત કરી આપેઆમો પોતાની અરધો અરધ શંમપતીનો ખરચ કીધોછે. એ મરનારના ગુજરી જવાથી તેહેના કબીલાને મોટું દુખ ઉપજીઉંછે અને તેહેના મીતરોમો મોહોટી દલગીરી પેદા થાઇચ કે જે દલગીરી એ મરનારનાં શખી દેલની ઈબાદગારીથી તેવોનાં હઈડાંમોથી કભુ ટલનાર નથી.

[મુંબઈનાં શમાચાર, ૩૦ મી નવેમબર ૧૮૪૮.]

તા૦ ૩૦ મી નવેમબર.

રોજ ૫ માહ ૩ (શે૦) ૧૨૧૮ યજદજરદી.

દોશાભજી નશરંગજી પટેલ—કેહવાને શંનતાપ લાગેચ કે દાવરોનો દાવર મજદીઅ-

શની દીનમો અશોઈમો એક અછો મુજાવર દોરાબજી નશરવાંનજી પટેલ લકબે દોલ નરશંગ ગએઆ ભરેશપતવારને દીને પોતાની પુગતી અને પાકી ૮૦ વરશની વએમો આએ જાંહાંનને પોતાનું ખાલી ખોલીઉં શોંપી હેનો પવીતરાઈ અને અશોઈરેહુ મીનોઈ જાંહાંનમો શઘલા મીનોઓમો આમેશ થાએઓ. એ મરનાર પારશી ટોલામો એક ખરો મજદીઅશની—જરથોશતી ટોલાનો રાશત અને પહરેજગાર મરદ હતો. જરથોશતી રવાએત અને રેવાજને હંમેશે પોતાનાં જાંનનું તાવીજ—મજદીઅશની મહજબ અને દીનને હમેશે પોતાનાં જીગરનું પાકીજે ગુલ જાંણતો હતો. દીનદારી અને પહરેજગારીમો અશો પેગંમબરનો એક નાંમીચો શાગેરદ—દાવરી અને મોબેદીમો જો પણ બેહેદીન હતો તોહોપણ એક પહરેજગાર હેરબુદની બશલત અને ખુબી રાખતો હતો. શઘલા ખાશ અને આંમ લોકોનો એક ખરો બેરખા. ગોશતની પહરેજી કરનારાઓનો એક ખરો પીતા. માઉશ ભખશ કરનારાઓનો એક કટો શતરૂ. શુધા અને શારા શવભાવનો. ટોલાનાં બેરડ અને બેહએઆઈ ભરેલા લોકોને હમેશે શારી શહમજનો આપનાર હતો. હમેશે પોતાની દીન ઉપર રાશત અને ચુશત હતો. દાહાપણ અને દઆનો શમુદર—મેહરબાંની માએઆ અને મમતાનો ભાર. મીલંનશારમો મીઠા શવભાવનો. એ મરનારનાં ગુજરી જવાથી અલબતે જરથોશતીઓમોથી કાંઈએક બુજરોગી પોતાની ખુબીશા જાંહાંક આપશે. હેવા દીનદારનાં ગુમ થાએઆથી બચીત એક અછા દાવરની જગો એક લાંબી મુદત શુધી શુની અને ખાલી રેહશે. હેવો એક પીર મરદ આપણા ટોલાની શંકમાંથી ગુમ થાએઓ એથી દાંનાઈ ધરાવનારાઓને ચંનદરોજ શુધી વટવટો અને એ મરનારનાં બેશ કુટંમ દોશત આશનાવ અને મલતા વીશેકોને હેવા એક બુજરોગ ગુજરી જવાથી ચંદર અને શુરીઅ કરતોછે તાંહાંશુધી મોહોટો આચંમબો અને ભારે વતવતો રહી જાશે.

[મુંબઈનાં ચાબુક, ૩ જી ડીશેમબર ૧૮૪૮.]

30th November 1848.

Dorabjee Narsangjee Patell.—In the Fort, on the 30th November, Dorabjee Nasserwanjee Patell, aged 80 yeas, leaving a large family and circle of friends to regret his irreparable loss, and who will long remember his numerous virturs.

[*Gentlemen's Gazette, 2nd Dec.*]

ઈ૦ સ૦ ૧૮૪૯.

તા૦ ૨૨ મી ફેબરવારી.

રોજ ૨૯ માહ ૫ (શે૦) ૧૨૧૮ યજદજરદી.

મેહરવાંનજી રુસતમજી દારૂખાંનાંવાલા—મુમબઈનાં રેહેવાશી પારશી મેરવાંનજી રૂશતમજી દારૂખાંનાંવાલાએ કેટલાએક દીવશની માંદગીથી હેરાંન થાઈને ૬૯ વરશની વએમો આએ જગતની માએઆ છોડી ગએઆ ભરેશપતવારને દીને મીનોઈ આલંમમો કુચ કીધીછે. એ મરનાર જાતે ઘણો શખી—દએઆલુ અને મીલંનશાર હતો. તેહેવા ગુણ ઉપરથી તેહેના મીતરોને મોહોટી દલગીરી પેદા થાઈછે અને તેહેના મોહોટા કબીલામોથી નાહાનાં મોહોટાંની પરવરશીનો કરનાર ઉઠી ગએઆથી તે લોકોને હેવોતો શંતાપ ઉપજેઓ હોએ કે એ મરનારની ઈઆદગારી કબીલાનાં માણશોથી કદી ભુલેઆમો આવશે નહી. એટલાંજ કારંણ ઉપરથી એ ગરહશથનું મોહોત જાહેર કરવાની હમોને મોહોટી દલગીરી લાગેછે.

[મુંબઈનાં શમાચાર, ૨૫ મી ફેબરવારી ૧૮૪૯.]

તા૦ ૧૭ મી મારચ.

રોજ ૨૨ માહ ૬ (શે૦) ૧૨૧૮ યજદજરદી.

ફરાંમજી નશરવાંનજી બાટલીવાલા—કેહેવાને અતીશે શંતાપ અને ભારે કુહુડાપો લાગેચ કે આપણી ટાપુનો અને અંગરેજ બજારમો શંઘલા વાઈન મારચેનટોમો વખનાંએલી આબરૂ અને નાંમીચી આંટવાલો દુકાંનદાર ફરાં-

મજી નશરવાંનજી બાટલીવાલો ઘણાં દીવશ શુધી કશઠી ભોગવી ગઈ કાલ દીને ૮૯ વરશની વએમો આએ જુઠી માએઆની જગતને પોતાનું આલીઉં સોંપી હેનો અશોઈ ભરેલો આતમાં શવરગવાશી લોકોમો કુચ કરી ગએઓ. એ મરનાર ભલમંનશાઈમો શમંનનાં ગુલની માશાલે શુગંનદી આપતો હતો. મીલંનશાર અને માએઆમો શીર અને શાકરની ખવાશ રાખતો હતો. વેપાર અને આરતનાં કાંમમો એ જેહેવો હોશીઆર આ ટાપુમો કોડાજ હશે. આંટમો શુધો વેહેવારમો ચોખો શરંમ અને ઘરંમમો પુરો એક શાદો પણ અહીં આબ-રૂનો શંનશારી પુરશ હતો. હેનાં ગુજરી જવાથી હેનાં બોહલા એશો અને હેનાં બેહદ મીતરો હેનાં ગંમનો ગરંઠ પોતાની હઈઆતીનાં છેલા દાહાડા શુધી મંનથી મેલશે અને હઈડાંથી છોરશે નહી.

[મુંબઇનાં ચાબુક, ૧૮ મી મારચ ૧૮૪૯.]

12*th April* 1849.

Heeraboye, Wife of Dossabhoy Framjee Mama.—On the evening of Thursday the 12th instant, Heeraboye, lady of Dossabhoy Framjee Mamma, and daughter of Cursetjee Ardeseer Dady Sett, aged, 50 years, leaving a disconsolate husband, twelve children, and an extensive circle of relations and friends. Her body was interred in the private cemetry of the Dady family, at Chowpatee.

[*Gentleman's Gazette*, 16*th April*.]

તા૦ ૧૯ મી આપરેલ.

રોજ ૨૫ માહ ૭ (શેં૦) ૧૨૧૮ યજદજરદી.

જાંગીરજી હીરજીભાઈ રેડીમની—હમોને કેહવાને શંનતાપ લાગેચ્ છે કે ગએઆ ભરેશપતવારને દીને રાતનાં કોટમો હેનાં રેહ-વાનાં ઘરમો જાંહાંગીર નશરવાંનજી બનાંજીનાં જે હીરજી રેડીમણીનો પાલક હતો તે ઘણુંએક દાહાડા માંદ ભોગવી ૬૩ વરશની વએમો આએ મરતીઉ જગતને પોતાનો ઓલીઉં શોંપી હેના આઈઆરી જાંને શવરગી લોકમો જાઈ વાશો કીધો. એ મરનાર પુરાતંમ અને બુનીઆદી ખાંનદાંનની એક દાહાલ હતી. શરવે લોકો શાથે એ જાંહાંગીર માએઆ અને મમતામો લપેતા-એલો એકમારગી અને ઘણોજ શાદો પુરશ હતો. હેનાં ગુજરી જવાથી હેનાં બે નાંમીચી આબરૂનાં છોકરા હેનાં મોહોટાં કુતંમબ અને હેનાં બેહદ દોશતોને હએઆતીની છેલી ઘડી શુધી મોહટો ઓચંબો અને ભારે ચોલો રહી જાશે.

[મુંબઈનાં ચાબુક, ૨૨ મી આપરેલ ૧૮૪૯.]

તા૦ ૨૮ મી આપરેલ.

રોજ ૩૦ માહ ૮ (કં૦) ૧૨૧૮ યજદજરદી.

પેશોતનજી રૂસતમજી મુલ્લાં ફીરો-જના—આએ એક મોહત મરતીઉકની ટીપમો નાંખવાની અગાઉ હમોને મોહટી દલગીરી ઉપ-જેચ્ છે કે ગએઆ મંગલવારને દીને પેહલી રાતનાં બાહેરકોટ હેનાં રેહવાનાં ઘરમો પેશોતન રૂસત-મજી આશરે તરણ મહીનાં પગના મરજથી આજારીને બાહેને ૬૮ વરશની ઉમરમો આએ મરતીઉ અને બેમમતા વગર ભરોશાની દુની-આંની મતીને હવાલે પોતીકું ઓલીઉં કરી હેનાં પવીતર અને પાકીજે આતમાંએ ભરોશા અને કાએમ દુનીઆંમો શવરગી લોકોમો જાઈ વાસો કીધો. એ મરનાર માહા પુરશ મરહુમ મુલાં ફીરોજ શંગાથે દાંમાંદીની શગાઈ રાખતો હતો અને અતરેનાં નાંમીચા મોટા વેપારી મલેકુલ તુજાર આગા મહમદ રહીમ શીરાજીના બોહલા વેપારની દલાલીનું કામ કરતો હતો તેથી આ ટાપુનાં ખાશોઆંમ શંગાથે મીલંનશારીમો હજા-રેનાં ફુલનો ખવાશ રાખતો હતો. બંનદગી—એબાદત અને રીઆજતમો એ પેશોતંન નીશચે દાવર—અને ખરો હેરબદ નહી કોઈ પકો મોબેદ હતો. ભલમંનશાઈમો શકર ઓ શીર—ઈમાંન-દારીમો કોઈ ખરો પીર—અને મીજાજમો એક શાદો ફકીર હતો. નમંનતાઈમો ગુલે અનાર—મમતામો નરમાંનુ જાહાર—તે શાથે લોકોસે ખુબી હતી અપાર—દઆ અને દેઆંનતમો ભરપુર—પરઉપકારી અને વલી દીન વ ઈમાં-નમો હતો ચકચુર. એ મરનાર પોતાની પછ-

વાડ એક બેશહમજ છોકરાને રડતો મુકી—તરણ કાચી વએનાં છોકરાઓને મોહટો દગો કરી—જાડમો પોસેલી તરણ છોકરીઓને મોહટા વતવતામો નાંખી પોતાનાં ભુખી શાથનો માલો ચુંઠી એકાએક ચાલ પકડી ગએઓ તેથી હેનાં બેહદ એશો અતીશ મીતરોને મોહટો વતવતો રહેઓ અને પેશોતંનને ગુજરવાનો કારી દાગ હેનાં મોહતું કુતંમબ શેવતની ઘડી શુધી હઇડાંથી ભુલસે અને મંનથી મેલસે નહી.

ભભુકો થીઓ પરેમનો પરાંણ ગએઓ આકાશ—
તેહનો હતો—તેહનો થીઓ—તેહનો તેહની પાશ.
માએઆ પરાંણી નોકર—જુઠી જગની આશ—
આએઆ જાંહાં જાવું હકછે—વઇકુનઠ અંનતે ખાશ.

[મુંબઇનાં ચાબુક, ૨૬ મી આપરેલ ૧૮૪૯.]

તા૦ ૩૦ મી આપરેલ.

રોજ ૬ માહ ૮ (શે૦) ૧૨૧૮ યજદજરદી.

પેશતનજી દોરાબજી એલચપોરવાલા—ગએઆ મહીનાંની તા૦ ૩૦ માને દીને શ્રી એલચપોરમો પારશી પેશતંનજી દોરાબજી ડોડા દાહડાનાં માંદમો આશરે ૫૦ વરશની ઉમરમો મરણ પાંમો. એ મરનારે પોતાની ઘણી ખરી વએ દખંનમો કાહાડી. અને એલચપોરમો એ મરનારની ઇઅરોપના માલની દુકાંન હતી તેહનો વહીવાત શારી આબરૂ અને આંટથી ચલાવતો હતો.

[મુંબઇનાં ચાબુક, ૬ થી મેએ ૧૮૪૯.]

તા૦ ૧૨ મી મેએ.

રોજ ૧૮ માહ ૮ (શે૦) ૧૨૧૮ યજદજરદી.

જીજીભાઈ દાદાભાઈ—શંઘલાં પંનેઠામો વખાણાંએલો અને શંઘલા મહજબમો બુજરોગી અને માંન પાંમેલા માજદીઅશની ટોલાનો એક નાંમીચો આલીશાંન દોલતનીશાંન શેઠ જીજીભાઇ દાદાભાઇ મુગાનાં કાંહએક દાહડા માંદ ભોગવી ૬૬ વરશની ઉમરમો ગઇ કાલ દીને આંએ ફાંની બેમતા, અને વગર ભરોશાની દુનીઆંને પોતાનો મીઠીથી શીનગારેલો જાંમો શાફી હેનાં અશોઇ ભરેલાં રૂઉએ જાવેદાંનો અને ખરા ભરોશાના ફલકઉલ અફલાકમો હેનાં પાકીજે પેગંમબરની બગલમો જાઇ વાશો કીધો. એ મરનારની પીછાંન તેહકીક કરવામો—એ નાંમવરે પોતાની ઘણીખરી વએ અતરેનાં નાંમાચા ઇઅરોપીઆંન તુજારો અને પેહેડી વાલાઓને તાંહાં મોહોટી આબરૂ ભારે હોરમત અને અટીશે આંતથી દલાલીનું કાંમ કરતો હતો, તેથી કરી શું ઇઅરોપીઆંન શું હીનદુ—મુશલમાંન અને હમજાતી વેપારી વેહેવારીમો એ મરનાર શારી ઓલખાંન અને જાંન પીછાંન રાખતો હતો એટલુંજ નહી પણ તે શાથે ચીન અને ઇઅરોપ અને બીજા દેશોમો પોતાનો ખાશ વેપાર ચલાવતો હતો તેથી અતરેની શઘલી શોશાઇટી અને મંડલીઓમો જીજીભાઇ એક પેહલા દરજાનાં વેપારીઓની તેક અને તેજ ધરાવતો હતો. આપણી અંનજુમંનનો એ એક અકાબર હતો તે હેવાતો નીવરઓ અને દીપી નીકલેઓ કે ગોએઆ ગરીબ લાચારોનો કોઇ ખરો પીતા હતો. પહરેજગારી—એબાદત અને રીઆજતમો જીજીભાઇની પીછાંન લેવી હોએતો એક દરેમેહરનો ખાશ મુતવલી અને મોબેદોનો એક નમનતાઇ ભરેલો તાબેદાર—દીનદારીમો કોઇ ખરો જરથોશતીઓનો ઇઅાર—દસતુર અને દાવરો ઉપર હમેશે એ કરતો હતો પીઆર. તકલુફ—તાજોવ તવાજોમો જીજીભાઇ એક અછો ઉમરા અને કોઇ ખરો નેકશાહા જરથોશતી હતો. મરનાર નમંનતાઇ હેવીતો ધરાવતો હતો કે એક વેલાએ કમાંન તેહેની આગલ શરમંનદગી હાંશેલ કરતી હતી. ધરમાતમાં અને શખાવતમો લાચારોનો શવાલ શમપુરન કરનાર. શુચી દીઆનત, ચોખા વેહેવાર, ખરી આંત અને વેપારીઓને કરતો હતો રાહાત. દોશતી, બેરખાઇ અને મોહોબતમો એ મરનાર ઓશરો અને શીરીનની ખવાશનો હતો. પારશીમો શાહેબે શલતંનતની ખવાશ ધરાવતો હતો તોપણ જાંને એક માહાજંનના શેઠીઆની ખુબીનો દેખાતો હતો—શોદાગર હતો પણ એક શાદો અને અમીરી મીજાજનો દરદી અને ગરજીઓનો દાદખાં—દુખીઆરાંઓનો નેઘાબાંન.—અને ગરીબોની ફરીઆદો ઉપર કરતો હતો હમેશે કાંન. અકલ અને હોશીઆરીમો કોઇ હતો ચતુરશજાંન.

એ મરનાર હંમેશે દાંનેશમંનદો શંગાથે દોશતી રાખતો હતો અને હેનો અઈઆશી જાંન હેકમત અને એોદાતાલાની પેદાએશની પીછાંન ઉપર કુરબાંન હતો. જીજીભાઈ પોતાની છેલી ઘડી શુધી દોલતથી ભરપુર—એક ભાગ્યેગવંન અને પુતરવાંન થાઈ ગએઓ. એ મરનાર હજાર રાસે વેહવાર રાખતો—સેકડોનું પાલણ કરતો હતો તેથી આખે ટાપુમો એ મરનાર એક ભારી કીરતી અને અતીશે વખાંણ અને ભારે માંન ધરાવતો હતો. જીજીભાઈ એક રેહમદીલનો—ખરી દેઆંનત—એટલુંજ નહી પણ આખે આબાદ વશતીમો હેની એટલીતો ખુબી હતી કે તે શરવેને ઈઆદ રેહશે રોજે કેઆંમત—એ મરનાર ગરીબ અને તવંગરની મોહટાઈને એક કરી જાંનતો—માશકીન હાલ ઉપર ભારે દઆ આંનતો અને મોહટાઈ તો કશી તહરેથી નહી જાંનતો. એ મરનારના છોકરાવો જે આજ શુધી પોતાના માંન અને આબરૂ મેલવનાર બાપની મોહટાઈ ભરેલી પાંખમો હતા તે જુદા પડઆથી તેહનાંઓ રોજ રશતાએજ શુધી પોતાનાં બાપનાં લાડ પેઆર અને માએઆ મંમતાને હઈડેથી મેલશે અને મંનથી ભુલશે નહી. હેની વીઢવા પોતાના અમીરી ભરથારથી જુદી પડઆનાં કારી ઘાઆનાં દરદમો છેલી ઘડી શુધી દેવાંની થાઈ કુહડાપો અને બલાપામો પોતાનો કાલ કાહાડશે. હેનું બોહલું કુતંબ પોતાનાં એક મોહટી આબરૂ—અતીશેમાલ અને જરદાર જીજીભાઈને ગુમ થાએઆથી અંનદર અને શુરીએ ફલક ઉપર ફરતા રેહશે તે મુદતથી શું ભારે ગંમ અને અતીશે વતવતનું પોતીકા જાંન શંગાથે તાવીજ કરી રાખશે. હેનાં બેહદ દોશતો અને અતીશે મીલંનશારો જેહનાંઓ જીજીભાઈની માએઆ અને પરીતીમો રાત અને દાહડો હતા તે લોકો એ મરનારને ગુમ થાએઆ ઉપરથી પોતીકી છાતીમો મોહટો વતવતો અને ભારે કુહડાપો પોતાનાં છેલાં લોહીનાં ટીપાં શુધી કોતરી રાખશે.

જીજીભાઈ આપણથી જુદો થાએઓ બંનધે ફલકો દરમેઆંન—
તંનને તંન શોંકેઉં અને વઈકુંઠમો ગએઓ હેનો પરાંણ.
શરવેશો ભલાઈ કીધી નેકી રહી તાહારી જાવેદાંન—
ધરંમ પુણ તે કીધાં—બીહશતમો તાહરૂં મકાંન.
[મુંબઈના ચાબુક, ૧૭ મી મેએ ૧૮૪૯.]

12*th May* 1849.

JEEJEEBHOY DADABHOY—The Parsee community has lost one of their most active and enterprizing members. Jeejeebhoy Dadabhoy Esq., whose intelligence and activity had raised him to the first rank as a Bombay Merchant and Broker, departed this life on Saturday evening. How he was appreciated by his friends and neighbours might be learned by the crowds of mourners, who filled the street, opposite his residence on saturday evening and yesterday morning, at which time his remains were removed to the Tower of Silence, followed by a long cortege of his compatriots.

He was well-known to many persons in India, as being one of the Parsee Merchants who by the most active commercial operations, during the last 40 years, have advanced themselves and their friends to an unexampled height of prosperity. His sons have, for some years past, carried on bnsiness, and they will, no doubt, endeavour to perpetuate their father's good names.

[*Gentleman's Gazette*, 14*th May.*]

13*th July* 1849.

MANECKBOYE, WIFE OF MANECKJEE CURSETJEE SHROFF—Died, on Friday the 13th instant, Manekbai, the lady of Maneckjee Cursetjee Esq., aged 35 years, leaving her disconsolate husband and six children to bemoan her irreparable loss.

[*Gentleman's Gazette*, 16*th July.*]

તા૦ ૧૮ મી જુલાઈ.

રોજ ૨૫ માહ ૧૦ (શે૦) ૧૨૧૮ યજદજરદી.

ભીખાઈજી તે હોરમજજી ભીખાજી ચીનાઈનાં બેટી—કેહવાને શંનતાપ લાગેચ

કે ગએઆ બુધવારને દીને અતરેનાં નાંમીચા વેપારી અને વખાણાંએલી આબરૂનાં મરનાર હોરમજજી ભીખાજી ચીનાઈની એખલી એકજ છોકરી નાંમે ભીખાઈજી હતી તે હમેલથી છુટા પછે ગએઆ બુધવારને દીને પેહલી રાતનાં પોતાના બાપની ખાશ હવેલી છોડી ગીચ અને ગલીચ ગલીનાં એક ઘરમો પોતાનાં બોલીઆંને આએ જગતને શોંપી બે બાલક છોકરી તેહમો એકને શીરાંને ભુખી રાખી બીજીને દુધથી તરવલાવી હેનો અશોધ ભરેલો આતમાં શવરગવાશી થાએઓ.

[મુંબઈનાં ચાબુક, ૨૨ મી જુલાઈ ૧૮૪૯.]

28th *July* 1849.

DHUNJIBHOY DOSSABHOY SETTNA.--An intimation of the demise of Dhunjeebhoy Dossabhoy Setna, a well known merchant in China, is said to have been received on Monday from Canton via Calcutta.

[*Bombay Times, 9th September.*]

તા૦ ૧૦ મી આગશટ.

રોજ ૧૮ માહ ૧૧ (શે૦) ૧૨૧૮ યજદજરદી.

શાપુરજી હોરમજજી સરાફ—હમોને કેહવાને શંનતાપ લાગેચ કે આગલા નાંમીચા ખરશેદજી માંણેકજી શરાફનાં મરનાર છોકરા હોરમજજીની વશીએતની એક ડાલ શાપુરજી હોરમજજી ગએઆ શુકરવારને દીને શાંહાંજનાં કોટમો હેની માએનાં ઘરમો થોડા દાહડાનાં તાવનાં મરજથી ૧૫ વરશની ઘણીજ ટુકી વએમો મરણ પાંમો. એ મરનાર ઘણો ચંનચલ અને વલી નાંધલો અને લાડકો છોકરો હતો તેથી હેની વીઢવા માએ હેનેથી બીજા તરણ વડા છોકરાઓ તથા બાહલાં બેશ કુટંબને મોહટું દુખ અને ભારે કુહડાપો લાગો.

[મુંબઈનાં ચાબુક, ૧૨ મી આગશટ ૧૮૪૯.]

આગશટ.

દોશાબજી રૂસતમજી મુસા—વાંહાંણ મઆરાંમ રૂઆરાંમમો અતરેથી પારશી દોરાબજી રૂશતમજી મુશા શ્રી શીકાપોર ગએઓ હતો તે ઘણી વીશે હાલ હેવી ખબર મલીચ જે અતરેથી વાંહાંણુમો ચહડેઆ પછે થોડા દીવશે આજારી પડેઓ અને શીકાપોર ઉતરેઆ પછે થોડાજ વારમો મરંણ પાંમેઓછે.

[મુંબઈનાં શમાચાર, ૧૬ મી સપટેમબર ૧૮૪૯.]

તા૦ ૧૬ મી આગશટ.

રોજ ૨૪ માહ ૧૨ (ક૦) ૧૨૧૮ યજદજરદી.

રૂસતમજી હોરમજજી મોદી—હમોને લખવાને દલગીરી લાગેચ કે શ્રી શુરત મધે ચાલતા મહીનાંની તારીખ ૧૬ મી અને ભરે શપતવારને દીને શ્રી શુરતની પારશીની પંનચાએતના અધીકારી તથા તરશટી મોદીજી રૂશતમજી હોરમજજીએ થોડા કલાકના માંદમો આ ખોટી માએઆની જગતમોથી નીકલીને મીનોઈ આલંમમો વાશો કરેઓ. એ ભલા શેઠીઆની માઠી ખબરનું તથા બીજી હકીકત ભરેલું કાગજ હમો ઉપર હમારા આડતીઆએ લખી મોકલેઉં છે તે હેઠલ ઉતારી લીધું છે.

શુરતની તા૦ ૧૭મી આગશટ ૧૮૪૯ વાર શુકરે

. . . . . . બીજું ગઈ રાતનાં કલાક ૧૧ ને અંમલે શ્રી શુરતની પારશીની પંનચાએતનો તરશટી રૂશતંમજી હોરમજી મોદી એ દુશટ મરજથી એકાએક ગુજરી ગીઆછે. તે વીશે હેવું શાંભલિઆમો આવેચ જે એ મરનાર વાડીએ ગીએલા હતા તાંહાંથી પોતાનાં રેહેવાનાં ઘેરમો આવેઆ ને જાંમો પીછોરી છોરીને કુશતી પાએજાબ કીધા ને ચાહ પીવાને વાશતે માંગી તેટલા વારમો એકાએક તબીએત ઘભરાઈ ને અચઅચ મરંણ પાંમાછે. હેવી રીતે ઘણાં જીવની ઘાત થાઈછે. એ મરનારનાં ગુજરવાથી આખી પરજા દલગીર છે શબબ કે એ ઘણો ઘણોજ દાહેઓ ને શઆંનો ને અકલવાંન હતો ને શરાફ લોકોને અરીભારી વખતે નાણાંની મદદ કરતો હતો ને ધીરા શવભાવનો હતો અને શું બચાંને કે મોહોટાંને કે શું ગરીબને કે તવંગરને શરવેને મોહોટી ઈજત ને હોરમત આપતો હતો.

[મુંબઈના શમાચર, ૨૩ મી આગશટ ૧૮૪૯.]

તા૦ ૨૮ મી સપટેમબર.

રોજ ૨ માહ ૧ (શે૦) ૧૨૧૯ યજદજરદી.

રૂસતમજી જીવણજી ઓલીઆ—અતરેની વશતીને જાંણીતો, ભરૂચનાં દશતુરનો અતલગી—પારશીની વશતીનાં નવા હવાકારી ડોશાભાઈ મુનશીનો ખાશ પીતરાઈ—મરનાર જીજીભાઈ દાદાભાઈના કંમપનીનો એક રમુજ ભરેલો પુરાતમ દોશત. અહીંઆ દીનદાર ખરો દીન ચાહાદાર રૂશતંમજી જીવંનજી આશરે વરશની વએમો ગએઆ શુકરવારને દીને રાતનાં કોટમો પોતાનાં રેહવાનાં ઘરમો પુગતી વએમો મરણ પાંમો. એ અહીઆશી ઓલીઓ દોશતોનો એક ખરો ઇઆર અને હેનો શરવે લોકો ઉપર હતો પરીતી અને પેઆર. એ મરનારે પોતાની શઘલી વએ જવાંનીથી વરધભ કાલ શુધા આએ ટાપુનાં ખાશ લોકોમો ગુજરી તથી એ દીનનું થાંમ એક વખાંનવા લાએક અને શરવે મોહટો અતીશે ફાએક એક ખરો માહા પુરશ અને અહીંઆ કોઈ અવલીઓ હતો.

[મુંબઈનાં ચાબુક, ૩૦ મી સપટેમબર ૧૮૪૯.]

તા૦ ૩ જી અકટોબર.

રોજ ૭ માહ ૨ (ક૦) ૧૨૧૯ યજદજરદી.

અરદેસર રતનજી વાડીઆ—હમોને લખવાને મોહોટી દલગીરી લાગેચ કે નાંમાચાં ખાંનદાંનનો અને મોહોટાં કુતંબનો નાંમીચો અને અમીરાઈ ખશલતનો પારશી શેઠ વાડીઆજી અરદેશરજી રતનજીએ દુશટ કોલેરાનાં થોડાએક કલાકનાં રોગથી તારીખ ૩ જી ચાલતા મહીનાંની ગએઆ બુધવારને દીને આશરે ૫૫ વરશની વએમો આએ લોભીત દુનીઆંમાંથી નીકલીને શદાની અમરગી દુનીઆંમો વાશો કીધો. એ સવરગવાશી વાડીઆજી ઘણોજ ભલો તથા નમંનતાઈ તથા ઇજતં ભરેલો નામીચો પુરશ હતો તેથી એ ધણીનાં ગુજરી જાવાથી હેનાં કુટંમબ પરીવારને તથા ભાઇબંધુઓને તથા મલતા વીશેકોને તથા એજ પરમાંણે એ મરનાર શંગાથે જેવોને શબંધી હતી તેવોને હેવું દુખ અને ભારે કુહુડાપો લાગોછે કે તે પોતાનાં દીલથી વીશરવું ભારે પડશે.

[મુંબઇના શમાચાર, ૭ મી અકટોબર ૧૮૪૯.]

તા૦ ૬ ઠી અકટોબર

રોજ ૧૦ માહ ૧ (શે૦) ૧૨૧૯ યજદજરદી.

બેહરાંમજી કાવશજી દારૂખાંનાંવાલા, હમોને લખવાને દલગીરી લાગેચ કે ગઈ કાલ દીને પારશી બેહેરાંમજી કાવશજી દારૂખાંનાંવાલાએ લાંમબા દાહાડાના માંડમો આશરે ૫૦ વરશની વએમો આ જુઠી માએઆની જગતમોથી નીકલીને શદાની શારી માએઆની જેહાંનમો કુચ કીધો. એ મરનાર એક ભલો તથા નમંનતાઈ ભરેલો પુરશ હતો. એ મરનારનાં ગુજરી જાવાથી હેની ઘરડી માતા અને કુટંબ પરીવારને તથા મીતરોને હેવું તો મોહોટું દુખ ઉપજેઉં છે જે તે મંનથી મેલવું તથા હઈડાંથી વીશરવું ભારે પડશે.

[મુંબઈના શમાચાર, ૭ મી અકટોબર ૧૮૪૯.]

23rd October 1849.

Dadabhoy Ruttonjee Parekh.—At Surat, on the 23rd instant, Dadabhoy Ruttonjee Paruck, aged about 70 years.

The deceased was a man of high respectability and excellent character. His kind and affable disposition, his polite and agreeable manners, his engaging address, his unswerving integrity and his sterling worth endeared him to his fellowmen. The condescension with which he stoped to interchange good offices even with his inferiors, and the bold and masculine front he presented to any arbitrary or tyranical disposition on the part of his equals or superiors, and the readiness with which he extended a helping hand to the needy, the innocent or the oppressed, won him universal applause and extorted the admiration even of his enemies. In him the Parsee Community have lost one of its most respected heads and an honored patrons. He has left two sons and one daughter to mourn over his departed worth.

[*Bombay Times, 27th October*.]

23rd October 1849.

SORABJEE FURDOONJEE MOTTA FRAMNA.--The death of Sorabjee Furdoonjee, Head Shroff in the Bank of Bombay, has been announced. The deceased was a man of much respectability amongst his own people, and we believe enjoyed the confidence of his employers. He was attacked by cholera on Monday morning, and died after a few hours' illness. He was a robust man, and enjoyed the best of health up to the time of being seized with the disease which proved fatal to him.

[*Bombay Times, 24th October.*]

તા૦ ૨૫ મી નવેમબર.

રોજ ૩૦ માહ ૩ (કદ૦) ૧૨૧૯ યજદજરદી.

બરજોરજી પેશતનજી લાલા—ખબર આપવાને દલગીરી લાગેચ કે ચાલતા મહીનાંની તારીખ ૨૫ મી ચાલતા નવેમબર મહીનાંની અને ગએઆ આદતવારને દીને પોતાનાં રેહ-વાનાં ઘરમો અતરેનો નાંમીચો અને પંકાએલો નાંમીચાં ખાંનદાંનનો પારશી ઘરહશથ બરજોરજી પેશતનજી લાલાએ આશરે ૭૩ વરશની વએમો આ તરણ પાંચ દાહાડાની જુઠી માએઆની જગતમોથી નીકલીને શવરગી આલંમમો જાઈ વાશો કરેઓ. એ મરનાર ઘણોજ મીલંનશાર તથા નમાંનો તથા શરવેકોઈ શાથે પરીતીથી ચાલતો અને શારી પહરેજગારી રાખતો હતો. વાશતે હેનાં શવરગવાશી થાએઆથી હેનાં છોકરા તથા કુટંમબને તથા મલતા વીશેકો તથા જાંણી મીતરોને હેવોતો ચોલો તથા વટવટો રહી ગીઓછે કે તે પોતાની શેવટની ઘડી સુધી વીશરવો ભારે પડશે.

[મુંબઇના શમાચાર, ૨૯ મી નવેમબર ૧૮૪૯.]

તા૦ ૭ મી ડીજેમબર.

રોજ ૧૨ માહ ૪ (કદ૦) ૧૨૧૯ યજદજરદી.

જામાસપજી શોરાબજી લાલા—ખબર આપવાને મોટું દુખ અને ભારે કકલાટ ઉપજેછે જે ચાલતા મહીનાંની તારીખ ૭ મી અને ગએઆ શુકરવારને દીને શરાફ કોમને જાંણીતો અને મુમબઈ બેંકનો બીજ રેજીશટરાર પારશી જાંમાશજી શોરાબજી લાલા આશરે ૫૫ વરશની વએમો થોડા દાહાડાનાં માંદમો આ ખોટી માએઆની દુનીઆંમોથી નીકલીને જાવેદાંનનાં સુખમો જાઈ મીનોઈ લોકોમો રેહેઠાંન કીધું.—એ નાંમાગી જરતોશતી ફરજીઆત ગુજારનાર, પાકી પવીતરાઈ રાખનાર, અને અશોઈ બશલતનો હતો અને હરદંમ પોતાના પેદા કરનારની નીઆએશ સેતાએશ કરેઆ પછવાડેજ વેઆંન રાખતો હતો તથા શરવ શાથે મીલનશાર તથા નમાંનો અને ટુકાંમો લખી-એચ કે એક માહભલો પુરશ હતો. એ ધણીના ગુજરી જવાથી હેનાં એશ કુટંમબને તથા મલતા વીશેકોને તથા એ બેહુશતા શંગાથે જેવોને શંબંધનો ગાંથ વલગેલો હતો તેઓને મોહોટું દુખ ઉપજેઉં છે કે તે જાંહાંસુધી તેવોની હએ-આતી કાએમ રેહેશે તાંહાંસુધી મંનથી વીશર-નાર નથી અને હઇડાંથી ભુલનાર નથી.

[મુંબઇના શમાચાર, ૯ મી ડીજેમબર ૧૮૪૯.]

તા૦ ૧૭ મી ડીજેમબર.

રોજ ૨૨ માહ ૩ (શે૦) ૧૨૧૯ યજદજરદી.

દશતુર પાલણજી પેશુજી ગોદાવરા—ચાલતા મહીનાંની તારીખ ૧૭ મી અને ગએઆ શોમવારને દીને શ્રી મુમબઈ મધે દુશટ તાવનાં રોગથી આશરે ૭૨ વરશની વએમો શ્રી સુમારી તથા બીજાં ગાંમનાં પંથકનો દશતુર પાલણદારૂ પેશુજી ગોદાવરાએ આએ દુનીઆં-થી પોતાનો અશબાબ ઉઠાવી જાવેદાંનનાં સુખમો જાઈ નચીનતાઇ પકડી. એ મરનાર ઘણી શાદેદેલ તથા નમાંનો હતો અને શઘલાઓ શાથે શારી જાંણ પીછાંણ તથા મીતરાઇનો ઘણોખરો હક રાખતો હતો. એ મરનારનો એકજ પુરો પેહેલવીખાં કાબેલ છોકરો કે જે એ મરનારની શેવટની જીંદગીની માહાભારત પુંજી હતી તેહેને આજ દોહોડ વરશ થાઈઉં ઓહેઆથી (મરણ પાંમેઆથી) એ મરનારને કાલેજે કારી ઘાવ લાગાથી ઘણીખરી ગમગીની પકડી હતી.

[મુંબઈના શમાચાર, ૨૦ મી ડીજેમબર ૧૮૪૯.]

ઈ૦ સ૦ ૧૮૫૦.

તા૦ ૧૩ મી જાનેવારી.

રોજ ૧૯ માહ ૪ (શે૦) ૧૨૧૯ યજદજરદી.

નશરવાંનજી એદલજી પારખ—ખબર આપવાને દલગીરી લાગેચ જે આપણી ટાપુનો આગલો વેપારી પારશી નશરવાંનજી એદલજી પારખ થોડા દીવશનાં માંદમો ગએઆ રવીવારને દીને આએ જેહાંનથી કુચ કરીને મીનોઈ જેહાંનમાં વાશો લીધોછે.

[મુંબઈના શમાચાર, ૧૭ મી જાનેવારી ૧૮૫૦.]

તા૦ ૧૬ મી મારચ.

રોજ ૨૧ માહ ૬ (શે૦) ૧૨૧૯ યજદજરદી.

નશરવાંનજી માણેકજી તબાક—હમોને લખવાને દલગીરી લાગેચ કે ગઈ કાલ દીને જરથોશતી ટોલાનો અતરેનો નાંમીચો રેહેવાશી તથા વેપારી નશરવાંનજી મનચેરજી તબાકનાંએ આશરે ૭૫ વરશની વએમો થોડાએક દાહાડા માંદ ભોગવીને શેવટે મીનોઈ જેહાંનમો જાઈ મુકાંમ કરેઓ. એ મરનાર માએઆલુ—દએઆલુ—તથા પરેહજગાર તથા ધંધો રોજગારમો અછો માહીતગાર પુરશ હતો. એ મરનારનાં હક થાવાથી તેહેનાં નાંમીચાં કુટંમબને તથા મલતા વીશેકો તથા મીતરો વગેરેને ભારે કુહુડાપો ઉપજેઓછે તે શેવટની ઘડી શુધી મનથી મેલવો તથા હઈડાંથી વીશરવો ભારે પડશે.

[મુંબઈના શમાચાર, ૧૭ મી મારચ ૧૮૫૦.]

16*th March* 1850.

Motiboy, Mother of Lady Jamsetjee and Nasserwanjee Maneckjee Tuback.—We are sorry to hear that Death has been busy in the family of Sir J. Jejeebhoy during the past week. On the night of Friday last the mother of Lady Jamsetjee breathed her last, at the advanced age of eighty-five: and at noon the following day her ladyship's maternal uncle, Nasserwanjee Shapoorjee (*Maneckjee Tuback*) Esq., followed his sister to the grave.

[*Bombay Times*, 20*th March.*]

તા૦ ૨૪ મી આપરેલ.

રોજ ૩૦ માહ ૮ (ક૦) ૧૨૧૯ યજદજરદી.

પેશતનજી નવરોજજી રૂસ્તમફરાંમના, હમોને ખબર આપવાને મોહોટી દલગીરી લાગેચ કે તારીખ ૨૪ મી એપરેલ અને બુધવારને દીને પારશી પેશતનજી નવરોજજી શોરાબજી રૂશતમફરાંમનાએ આશરે ૩૦ વરશની ટુંકી આ તરણ પાંચ દાહાડાની જુઠી માએઆની ફાંની દુનીઆંમાથી નીકલીને શદાની મીનોઈ જેહાંનમો જાઈ વાશો કરેઓ. એ શવરગવાશી ઘણી ઘણોજ નમાંનો—માએઆલુ તથા શાદે દેલ હતો. તેહેનાં ગુજરી જાવાથી તેહેની ઘરડી માતા તથા કુટંમબને તથા તેહેનાં જાંણી દોસતો તથા મલતા વીશેકોને મોહોટું દુખ તથા ભારે કકલાટ પેદા થાએઓ છે તે તેઓને એ મરનારનાં ગુણની જેમ ઈઆદ આવતી જાશે તેમ હઈડાંથી વીશરવું મુશકેલ પડશે.

[મુંબઈના શમાચાર, ૨૫ મી આપરેલ ૧૮૫૦.]

તા૦ ૭ મી મેએ.

રોજ ૧૩ માહ ૯ (ક૦) ૧૨૧૯ યજદજરદી.

ફરાંમજી કુવરજી માકીદલાલના—હમોને ખબર આપવાને મોહોટી દલગીરી લાગેચ કે પારશી ફરાંમજી કુવરજી માકીદલાલના શ્રી શુરત મધે થોડા દીવશની માંદગી ભોગવીને ગએઆ મંગલવારને દીને રાતનાં ૫૭ વરશની વએમો મીનોઈ આલંમમો જાઈ પોતાનો વાશો કીધોછે. એ મરનાર ઘણી ધીરા શવભાવનો અને થંડા મીજાજનો તથા નમંનતાઈ ભરેલો એક પુરૂશ હતો તેથી એ મરનારના ગુજરી જાવાથી તેહનાં કુટંમ પરીવારમો એક મોહોટી ગંમગીની પેદા થાઈ છે તથા તેહેનાં ઘરડા બાપને અંત સુધીનો છેલો ઘાવ લાગો છે.

[મુંબઈના શમાચાર, ૧૨ મી મેએ ૧૮૫૦.]

7*th May* 1850.

Framjee Cooverjee Maki-Dalal. At Surat, on the morning of the 6th May, Framjee Cooverjee Esq., aged 57 years, of Dysentery: he was Gene-

ral Agent for Bombay, &c., and has left an aged father with a large family, who, together with a large circle of friends, deeply deplore his loss, he being esteemed by all as a man of the strictest honesty and highest character.

[*Telegraph and Courier* 11*th May.*]

તા૦ ૧૮ મી મેએ.

રોજ ૨૪ માહ ૮ (શે૦) ૧૨૧૯ યજદજરદી.

અરદેસર જીજીભાઈ મુકાદમ—મુલતાંનનો હમારો આડતીઓ પોતાનાં કાગજમો લખેછે કે તા૦ ૧૮ મી મેએ ૧૮૫૦ ને દીને મુમબઈવાલા વેપારી શેઠ જાંહાંગીરજી નશરવાંનજીની પેહેડીનો હેડ મેનીજર પારશી અરદેશરજી જીજીભાઈ મરંણ પાંમેઓ છે.

[મુંબઈના શમાચાર, ૨ જી જુન ૧૮૫૦]

તા૦ ૧૯ મી મેએ.

રોજ ૨૫ માહ ૯ (ક૦) ૧૨૧૯ યજદજરદી.

કાવશજી નવરોજજી પોંહુચા—પોંહોંચાજીનાં નાંમીચાં ખાંનદાંનને ચલકાટનો આપનાર--અને શરવ કોઈ શંગાથે ભલમંનશાઈ મેલવનાર—પોતાનાં ભલા મીતરોથી માંન પામેલો તથા ચોખી અને પાક દીઆંનતનો શાહેબ કાવશજી નવરોજજી પોંહોચાજી ઇઅજદાંનો હોકમ થાએઆથી તેહેની હજુરમો જાવા શારૂં કાંઈએક બીમારી બતલાવીને અતરેથી ચાલતા મહીનાંની તારીખ ૧૯ મી મેએ અને ગએઆ રવીવારને દીને પોતાનો અશબાબ ઉઠાવીને કુચ કીધી તે વીશેની માઠી ખબર આપવાને હમોને મોહોટું દુખ લાગેછે.

[મુંબઇના શમાચાર, ૨૩ મી મેએ ૧૮૫૦.]

તા૦ ૨૮ મી મેએ.

રોજ ૩૦ માહ ૮ (શે૦) ૧૨૧૯ યજદજરદી.

હોરમજજી બેહુરાંમજી ઘડીઆલી—ખબર આપવાને દલગીરી પેદા થાએચ જે આ૦ હોરમજજી બેરાંમજી ઘરીઆલી કેટલાએક દીવશના માંદથી ગએઆ શુકરવારને દીને આશરે ૫૪ વરશની વએમો આએ જેહાંનથી કુચ કરીને મીનોઈ જેહાંનમો વાશો લીધોછે. એ મરનાર ઘણો મીલંનશાર તથા ખુશ દીલ હતો તેથી હેનાં મરણથી ઘણાએક દોશતોને તથા કુટંબબ પરીવારને દલગીરી પેદા થાઈછે.

[મુંબઈના શમાચાર, ૨૬ મી મેએ ૧૮૫૦.]

તા૦ ૨૭ મી મેએ.

રોજ ૩ માહ ૯ (શે૦) ૧૨૧૯ યજદજરદી.

માણેકજી જમશેદજી મુલ્લાં—ખબર આપવાને દલગીરી પેદા થાએચ જે આપણી ટાપુનો આગલો વેપારી પારશી માણેકજી જમશેદજી મુલાં ગઆ શોમવારને દીને આએ જેહાંનથી કુચ કરીને શવરગવાશી લોકોમો વાશો કરો છે.

[મુંબઈના શમાચાર, ૩૦ મી મેએ ૧૮૫૦.]

તા૦ ૨૧ મી જુન.

રોજ ૨૮ માહ ૯ (શે૦) ૧૨૧૯ યજદજરદી.

જમશેદજી કેખશરૂ બનાજી—ખબર આપવાને દલગીરી પેદા થાએચ જે ગીઆ શુકરવારની રાતનાં કલાક ૭ ને અમલે શેઠ કેખશરૂ નસુરવાંનજી બનાજીનો વડો છોકરો જમશેદજી થોડાએક દીવશનાં માંદથી ૨૯ વરશની વએમો આએ જેહાંનથી કુચ કરીને શવરગવાશી લોકોમો વાશો લીધોછે. એ જુવાંન ધણીનાં ગુજરવાથી મોટે વાગેના કુટંબબ પરીવારમો મોહોટી દલગીરી અને કકલાટ પેદા થાઓ છે.

[મુંબઈના શમાચાર, ૨૩ મી જુન ૧૮૫૦.]

તા૦ ૨ જી જુલાઈ.

રોજ ૯ માહ ૧૦ (શે૦) ૧૨૧૯ યજદજરદી.

દોરાબજી જમશેદજી ગજધર—ખબર આપવાને દલગીરી પેદા થાએચ જે ગએઆ મંગલવારને દીને પારશી દોરાબજી જમશેદજી શપલાનાં આએ જુઠી દુનીઆંથી કુચ કરીને શવરગવાશી લોકોમો જાઈ વાશો લીધોછે તેથી મલતા દોશતોને તથા બેશ કુટંબબમો મોટી દલગીરી પેદા થાઈછે.

[મુંબઇના શમાચાર, ૪ થી જુલાઇ ૧૮૫૦.]

તા૦ ૧ લી આગશટ.

રોજ ૯ માહ ૧૧ (શે૦) ૧૨૧૯ યજદજરદી.

બારજોરજી એદલજી ચીનાઈ—(ચીનના) આગે મેલ સાથે શ્રી મુમબઈવાલા પારસી બરજોરજી એદલજીનાં મરણ પાંમીઆની ખબર આવી છે. એ ધણી તારીખ ૧ લી આગશટને દીને શ્રી કંનતાન મધે મરંણ પાંમીઓ હતો.

[મુંબઈના શમાચાર, ૨૬ મી સટેમબર ૧૮૫૦.]

તા૦ ૯ મી આગશટ.

રોજ ૧૭ માહ ૧૧ (શે૦) ૧૨૧૯ યજદજરદી.

પેશતનજી ખરશેદજી મોદી, ખંબાતના—ખબર લખવાને દલગીરી લાગેચ કે નાંમીચા ટોલાનો અને એક આબરૂ ભરેલાં ખાંનદાનનો ધણોજ માએઆલુ—ધરમી અને માંનવંત શેઠ પેશતનજી ખરશેદજી મોદી ચાલતા મહીનાંની તારીખ ૯ મી અને શુકરવારને દીને ૪ દાહાડાની માંદગી ભોગવી શ્રી ખંમબાત મધે ૬૦ વરશની ઉમરમાં હક થાએઆછે. એ ખુબીવંતા ગરહસથનાં મરણ પાંમવાની માઠી ખબર અતરે આવેઆથી હમોને તથા તેજ પરમાંણે તેહેનાં તમાંમ કુટંબને તથા તેહેનાં નાંમીચા મીતરોને ભારે શંનતાપ તથા મોહોટું દુખ ઉપજેઉં છે.

[મુંબઈના શમાચાર, ૧૮ મી આગશટ ૧૮૫૦.]

તા૦ ૧૧ મી શપટેમબર.

રોજ ૧૫ માહ ૧ (ક૦) ૧૨૨૦ યજદજરદી.

અરદેસર બેહરાંમજી લશકરી—હમુને સાંભલીઆથી દલગીરી ઉપજેચ કે આપણી શુપરીમ કોરટનો આગલો વડો દોભાશીઓ અરદેશર બેહેરાંમજી લશકરી ગએઆ બુધવારને દીને કોલારાના રોગથી ૬૦ વરશની વએમાં મરણ પાંમીઓછે. એ મરનાર પોતાના વખતમાં ઈંગરેજી તથા ગુજરાતી ભાશાનો એક બીજામાં તરજુમો કરવામાં પુરવીન ગણાતો હતો, અને આજ કેટલાંએક વરશની વાત પર મીસતર મરેની ઈંગરેજી વીઆકરંણની પોઠી તથા ઈંગરેજી શબદ કોશનો ગુજરાતીમાં તરજુમો કીધો હતો તેથી એ મરનારનું નામ પછવાડેનો જમાનો ઈઆદ રાખશે.—આજ ૨૯ વરશની વાત પર જેવારે હમારૂં આગે ધરકું મુમબઈના શમાચાર પતર પેહેલ વેહલું એલમના સાહેબ મોબેદ ફરદુનજી મરજબાંનજીએ પરવરતાવા માંડાઉં તે વેલાએ એ અરદેશર બેહેરાંમજી લશકરીએ ધણીવાર પોતાની કલંમથી હમારાં પતરનાં આગલાં દફતરોની કતારને સીંગાર આપીઓ હતો.

[મુંબઈના શમાચાર, ૧૫ મી સપટેમબર ૧૮૫૦.]

તા૦ ૧૬ મી અકટોબર.

રોજ ૨૦ માહ ૧ (શે૦) ૧૨૨૦ યજદજરદી.

ખાંનસાહેબ બેજનજી પાલણજી કોટવાલ—શ્રી શુરતના હમારા આડતીઆનો તારીખ ૧૭ મી અકટોબરનો લખેલો કાગજ ખિદમતગાર સાથે ગઈ કાલ દીને હમોને મલીઓ છે તે કાગજ હમોએ હેઠલ પરગટ કરીઓ છે તે ઉપરથી શ્રી શુરતના કોટવાલ અને તાંહાંની પારસીની પંનચાએતના અકાબર શેઠ બેજનજી પાલનજીનાં મરણ પાંમીઆ વીશેની મોહોટી સંનતાપ ભરેલી ખબર હમારા વાંચનારાઓના જાંણીઆમાં આવશે. એ મરનારની ખુબી વીશે હમારા આડતીઆએ વીગતવાર બીના જાહેર કીધીછે તે સબબથી કાંઈ વધારે બોલવાની હમોને અગત પડતી નથી. જે પરમાંણે શેઠ બેજનજી પોતાનો ઓધો ઈમાનદારીથી અને દઆલુ દીલ સાથે બજાવતા હતા તેજ પરમાંણે એ મરનારે શ્રી શુરત મધે વીદીઆના અભિઆશને સંધલી તરફથી મોહોટી મદદ કીધી હતી તેથી એ મરનારની તારીફ ધણી વધેલી માલંમ પડેછે. શ્રી શુરતની વસતી એ મરનારનું નાંમ જલદીથી વીસરશે નહી.

"લખવાને દલગીરી અને ભારે શનતાપ ઉપજેચ કે આપણાં પારશી તોલાનો અકાબર અને અતરેની પંનચાતનો તરશતી શેઠ બેજંનજી પાલંનજી ખાંનશાહેબ કોટવાલ ૪૪ વરશની ઉમરમો ગઈ કાલં દીને બાર ઉપર ચાર વાગતે દશબાર દાહાડાના માંદમો આએ તરંણ પાંચ દાહાડાની ફાંની દુનીઆં અને જુઠી માએઆમોથી નીકલીને મીનોઈ આલંમમો જાઈને વાશો કરો. એ મરનારના ગુજરવાથી

આખી પરજા ઘણીજ દલગીર છે તેની શાથે એ મરનાર ધીરા શવભાવનો ને મીઠી જુબાંનનો હતો ને શું ગરીબ કે શું તવંગર શરવેની શાથે દીલોજાંનથી મોલાખાત લેતા અને શરવે લોકોને નેક શુધી અને વાજબી રશતા બતલાવતો અને દુનીઆંના લોકોને હરેક વાતે શમજાવવામો ઘણોજ એકો હતો. એ મરનારે સરકારની ચાકરી ઘણીજ ઇમાનદારીથી વરશ ૩૦) ને આસરે શુધી કીધીછે. તે મધે કલેકટરી તાલુખામે ૧૬ વરશ સુધી સરકારની ચાકરી કીધી. તાર પછે શરકારી ફરજામે ઇનસપેકટરની જગો ઉપર વરશ ૬ શુધી ચાકરી કીધી. તથા વરશ ૮ ને આશરે શુરતનાં પોલીશનું કોટવાલી કાંમ ચલાવું ને જુમલે ૩૦) વરશ શુધી શરકારી ચાકરી ઘણીજ ઇમાંનદારીથી બજાવી છે.

[મુંબઈના શમાચાર, ૨૭ મી અકટોબર ૧૮૫૦.]

16*th October* 1850.

KHAN SAHIB BEZONJEE PALLONJEE KOTWAL.—We have been supplied with the following account of the career of the late Kotwal of Surat, Bezonjee Pallonjee Khan Sahib, whose death took place in that city on the 16th instant :—

It is with sincere regret that I have to inform you of the death of Bezonjee Pallonjee Khan Sahib, the Kotwal of Surat, which melancholy event occured on the 16th inst. He was a person universally respected in Surat, both by Europeans and Natives, and his death has cast a gloom over the whole city. He held a character for integrity of conduct, and honesty of purpose, that has been rarely obtained by any native, and such as would have done honor to an Englishman educated and brought up under stricter principal of morality than his cast rules enjoin. He had during the last three years held the responsible situation of Kotwal of Surat, having been appointed to succeed Ardaseer Dhunjishaw Bahadoor on his resignation. Ardaseer's career was more brilliant than Bezonjee, but they were men of a different stamp. Ardaseer, during the long period he held the office of Kotwal, was entrusted with greater power, and he exercised that power with great ability, firm and determined in purpose, he sometimes may have acted with severity, but he always acted with good judgment. When he had any measure to carry out he never lost sight of the main object that was to be obtained, all petty objections that came in his road he trampled down and despised. Thus it was that he brought the Surat City Police into the state of efficiency it was in during his time. He was a man of enlarged views, and it was only when he was fethered in the regulation—going times that he stumbled and fell. Had his lot been to have lived in troubled and revolutionary times, his was the master mind that would have surmounted every obstacles and risen to the zenith of power. Bezonjee Kotwal's career was marked by the quiet and unostentatious way in which he did good ; unassuming but pleasing in manners, active and efficient in the discharge of his duty ; of a kind and forgiving disposition, he always tempered justice with mercy. If he had a fault it was that he was too lenient and too kind. He took great interest in the Native Library lately established in this city. He edited a Goojraty "Temperance" Newspaper, and was always ready and anxious to exercise his influence to do

good among his townsmen. Long will his loss be felt in Surat, and long will his name be honored for truth, honesty and rectitude.

[*Bombay Times, 23rd October.*]

તા૦ ૪ થી નવેમબર.

રોજ ૯ માહ ૩ (ક૦) ૧૨૨૦ યજદજરદી.

ડોશાભાઈ માણેકજી પારખ—ખબર આપવાને મોટી દલગીરી પેદા થાએચ જે ગયા શોમવારે તારીખ ૪ થી નવેમબરને દીને બપોરનાં કલાક એકને અમલે પારશી ડોશાભાઈ માણેકજી પારખ આસરે ૮૧ વરસની ઉમરે પોંહોચ્યા આએ જેહાંનથી કુચ કરી શવરગવાશી લોકોમા વાશો કીધો છે. એ મરનાર ઘણુંજ ભલાં માંણશ અને દઆલુ હતા તેથી શેંકડો લોકોને વાશતે અતરેનાં દોલતમંદ શેઠીઆવોની આગલ પોતાની જુબાંની ખુબીથી ગરીબોનું કાંમ કરી જશ લઈ ગઆછે તેથી ઘણાંએક ગરીબ લોકો એ મરનારને હવે પછે ફરીઆદ કરશે.

[મુંબઈના શમાચાર, ૭ મી નવેમબર ૧૮૫૦.]

4th November 1850.

DOSSABHOY MANECKJEE PAREKH.—Near the Borah Bazar, on Monday, the 4th instant, at one P. M. Dossabhoy Maneckjee Paruck, aged 82 years.

[*Bombay Gazette, 7th November*]

ઈ૦ સ૦ ૧૮૫૧.

તા૦ ૨ જી ફેબરવારી.

રોજ ૯ માહ ૬ (ક૦) ૧૨૨૦ યજદજરદી.

જીજીભાઈ બેહરાંમજી છાપગર—હમોને જણાવવાને અતીશે દલગીરી ઉપજેચ કે આપણી પારશીની વશતીનો એક માજીલો અને મેહેનતુ ગરહસથ નાંમે જીજીભાઈ બેહરાંમજી છાપગર ગએઆ રવીવારની બામદાદની બે કલાક આગમજ આ તરણ પાંચ દાહાડાની માઆની દુનીઆંમાથી ૮૭ વરશની વએમાં કુચ કરી સવરગવાસી લોકોમાં વાસો કીધોછે. એ મરનાર નાંધપણથી અતરેનાં બામંય કોરીઅરનાં પુરાતન છાપાખાંનામાં ચાકરી રહેઓ હતો. તેજ કારખાનામાં એ ધણીએ આજ સુધી પોતાનો સઘલો જનમારો ગુજારીઓ હતો. એ મરનાર એક માજીલો અને ખુશ મીજાજના ગરહશથ હતો અને પોતાની ભલમણશાઈ ભરેલી ચાલથી અતરેનાં લોકોમાં ઘણાંએકોને પોતાના પેઆરા મીતરો કરી રાખીઆ હતા. જીજીભાઈનાં બાપ બેહેરાંમજી છાપગરે ગુજરાતી હરફો પેહેલવેહેલા પાડીને એ જુબાનમાં છાપવાનું કાંમ શરૂ કીધું હતું અને ગુજરાતી હરફથી પેહલવેલું અવસતાનું દફતર તઈઆર કરીઉં હતું વાસ્તે એ ધણીને પેહેલવેહેલા ગુજરાતી હરફોથી છાપવાનાં કાંમ શરૂ કરીઆની શાબાશી મલેછે.

[મુંબઈના શમાચાર, ૬ ઠી ફેબરવારી ૧૮૫૧.]

2nd February 1851.

JEEJEEBHOY BYRAMJEE CHAPGUR.—We have to record, and at the same time to deplore, the death of an old and faithful servant of this establishment, in the person of Jeejeebhoy Byramjee who expired yesterday morning at 4½ A. M.

The deceased entered the Office of the *Courier* Newspaper at the age of 15, and he served the successive proprietors of that journal, ourselves included, with zeal, intelligence, industry and integrity for upwards of thirty-seven years. He was a man of independent mind, bold in his bearing and withal respectful. He was untiring in his efforts to perform his duty, and ever willing to adapt himself to the emergencies which a far different style of conducting journalism to that which marked his early efforts, had of late years imposed upon him.

He was much respected by the whole Parsee community amongst whom he was widely and honorably

connected by ties as well of birth as of connection. In his own department as the head Printer of this establishment Jeejeebhoy tempered great determination with a mixture of good nature and kindness which endeared him to his subordinates, and gained him the respect and good will of his superiors.

His remains were conducted to the Tower of silence at 9 A. M. yesterday morning, a cortege of upwards of 300 of his race accompanied the Corpse of their late friend to the precincts of that solemn resting place. *Re-quiescot in pace.*

[*Telegraph and Courier, 3rd Feb.*]

તા૦ ૧૨ મી ફેબરવારી.

રોજ ૧૯ માહ ૬ (ક૦) ૧૨૨૦ યજદજરદી.

ફરાંમજી કાવશજી બનાજી—હમોને ખબર આપવાને મોહોટી દલગીરી અને ભારે શંતાપ પેદા થાએ છે કે જે મુમબઈનાં ટાપુનો પુરાતન શેઠીઓ અને હીનદોશથાંન તથા ઇઅરોપખંડમાં પંકાએલો વેપારી અને જરથોશતી અંજુમનનો વડો અકાબર દઆલુ અને ધરમી શેઠીઓ ફરાંમજી કાવશજી બનાજીનાએ થોડા દીવશની માંદગી ભોગવી આશરે ૮૪ વરશની વએમાં ગઈ કાલ દીંન શહવારનાં આએ જુઠી માએઆની અને જંનજાલી ભરેલી દુનીઆંમાંહેથી કુચ કરી સદા સુખી અને સદા નીરાંતની મીનોઈ જેહાંનમો વાસો કીધો છે. એ શેઠીઆનાં મરણથી હેનાં ઓહલાં કુટુંબને તથા મુમબઈના સરવે જરથોશતીઓને અને બીજી ગનેઆતના લોકોમાં દલગીરી પેદા થાઇછે. કાંએકે એ સવરગવાસી શેઠીઆએ લાંબી મુદત સુધી પોતાનો ઓહોલો વેપાર ચલાવીને સરવે પરકારનાં મનુશો શાથે શારી શલુકાઈ તથા નમનતાઈ જાહેર પાડી હતી. મરનાર શેઠ ફરાંમજી ગરીબી હાલત પરથી મોહોટી આબરૂ અને દરજે તથા જાહોજલાલીએ પોંહોચેઆ હતા તે સબબથી એ સવરગવાસી શેઠીઆ સરવે કોઇની ગરજને પીછાનતા હતા. શેઠ ફરાંમજી ઇનસાફમાં એક અપખશપાતી અને એક ખરા નેઆચીસ હતા તે કારણથી એ મરનારે અતરેની વસતીના લોકો વચે મોહોટું માન મેલવીઉં હતું, એ શેઠીઆએ મુમબઇની વસતીના ગરીબોને વાશતે કેટલાંએક મોહોટાં પુનનાં કામ કીધાં છે તે મધે કામાતીપુરાના રેહેવાશીઓને વાશતે પાણી પોંહોંચતું પાડવાને એક નલ બાંધી મોહોટો ખરચ કીધો હતો તથા કાંપનાં મેદાંનનાં નાકાં ઉપર ધોબીતલાવ બંધાવેઓ હતો, અને જરથોશતી ફીરકામાં પોતાનું નામ ચાલુ રાખવાને વાશતે એક દોખમું અને આતશબેહરાંમ સાહેબની દરગા બનાવીછે. એ શેઠીઆ કેરવણીનાં કામમાં એક ખરા મીતર હતા અને બોરડ આફ એડીકેશન મંડલીના અધીકારી દાખલ લાંબી મુદત સુધી એ કાંમને મોહોટો આશરો આપીઓ હતો. પોતાના દેશીઓની સુધરાઇનાં કામમાં શેઠ ફરાંમજી કધી પછાત હતા નહી અને આ દેશના વતનીઓના લાભને કીજે અને તેઓના રોજગારમાં વધારો કરવાની ધારણાથી પવાઇની મીલકત ઉપર લાખો રૂપીઆનો ખરચ કીધો હતો. એ શેઠીઆએ જે નાંમલેહેણું આ જગતમાં મુકી જાવું જોઇએ તે શરવે નાંમલેહેણું મુકી ગઆછે તેથી લાંમબી મુદત સુધી એ શેઠીઆનું નામ આ જગતમાં કાએમ રહી જાશે. એ શેઠીઆની તારીફનું વધારે બેઆંન કરવાની જરૂર નથી કાંએજે નાહલાં બચાંથી તે મોહોટાં માંણશ સુધી શરવેને એ શેઠીઓ જાંણીતો હતો. હમારાં પુરાતન પતરમાં એ પુરાતન શેઠીઆનું મરતીઉક પરગટ કરવાને હમોને મોહોટું દુખ ઉપજેછે. હવે માતરે હમો એટલુંજ કહીજીએચ કે ફરાંમજી કાવશજી બનાજી જેહેવા શેઠીઆ થાવા મુશકેલ છે.

[મુંબઇના શમાચાર, ૧૩ મી ફેબરવારી ૧૮૫૧.]

12*th* *February* 1851.

FRAMJEE COWASJEE BANAJEE.—It is with much regret that we have to intimate the demise of one of the most venerable and respected members of our native community, Framjee

Cowasjee Esq , of Bandhoop, *(Poway)* who died at his residence, Mazagon, yesterday morning, in the 82nd year of his age. Framjee Cowasjee commenced business as a merchant about the year 1790; in 1795 we find him agent for the Hon'ble the East India Company, and down to within a few months of the present time he has, for considerably upwards of half century, been one of the most able and upright of our merchants, and one of the most zealous and indefatigable promoters of moral and physical improvement. He was one of the most active of those who shared or assisted in the great educational movement, at its height in the bright and memorable æra of our history, Mr. Elphinstone's time,-to which so many auspicious events are referred, and on which the memory so delights to dwell. He was a member of the Education Board from the time of its establishment, till advancing years and increasing infirmities induced him a few months since to withdraw, when he found himself unable longer to discharge the duties in the manner he desired. His notions of native education were from the outset in strict accordance with the views so often expressed in these columns, and nearly a quarter of a century ago he recommended a system of instruction similar to that only now beginning to make its appearance amongst us,—that which enables the pupil in after life to earn his bread, or add to his resources or comforts. He some sixteen years ago proposed to Lord Clare a branch establishment to our other seminaries precisely similar to that embraced in the plan of our Polytechnic Institute, where carpentars, blacksmiths, glaziers, and other artificers should be taught to perform the tasks assigned to them, better, or with a less expenditure of time or labour, than heretofore; and here those classes of the community who must look to the labour of their hands as the means of their support should learn how to do so with most advantage and effect. The luxury of literature, or accomplishments of abstract science, he reserved for those who had time, leisure, and wealth enough for their attainment or enjoyment. Common sense views such as these, long scouted in practice, have since been fully recognised by Sir Erskine Perry and Mr. Willougby, as they have not only been recognised, but acted on, with infinite advantage, by Colonel Jervis—the three distinguished men we have named respectively representing the three great sections of the educationists amongst us. Framjee Cowasjee was one of the greatest of our agricultural improvers, and the efforts he made on his estate of Pawie in Salsette, and its neighbourhood, long justly entitled him to the name of the Lord Leicester of Western India. A vast addition to the number of the European community, and increase to the mercantile enterprise of the presidency having been occasioned by the operations of the new Charter, fostered as they were by the exertions of a succession of able and patriotic administrations in the period just preceding 1840, it became apparent that new life blood was wanted in the press, and that newspapers must from henceforth have much more important tasks to perform than the announcement of the reliefs of the

army, the chronicling of the movements of the Governor, or festivals at Government House, the accidents of the chase, or calamities of famine or conflagration. A free press was desiderated for the advocacy of public measures now that freedom of discussion had been permitted to newspapers, and a public created for their perusal, while the opening up of the overland communications was beginning to permit the transmission of enlightenment to the people at home through the journals of India, To this, as to all other changes in the political sky, the subject of our notice was fully alive, and Framjee Cowasjee was one of the first of those who exerted himself to bring into existence the journal which now chronicles his demise. He lived to receive back again seven times told the amount of his original investments from an adventure entered on without view to profit. With a feeling of fraternal duty which does them honor, Framjee and Cursetjee Cowasjee had become securities for their brother Rustomjee Cowasjee, a distinguished Calcutta merchant, chiefly engaged in the China trade, whose goodness of heart and integrity are celebrated by all who know him. Four years since Rustomjee overtaken by one of those commercial reverses which often prove fatal to the most circumspect and honorable, became unable to meet the claims against him ; and his brothers, in their efforts to assist him, became involved to an extent they had never dreamt of. Cursetjee Cowasjee died three years since : Framjee is now cut off in a ripe old age, but though not in poverty, with a fortune vastly reduced from what he had possessed through the greater part of his life. The intelligence, kind-heartedness, and benevolence, which formed such distinguished traits in his character, honorable as they were, were eclipsed by the stern integrity, the candour, truth, and perfect frankness, for which through life he was conspicuous. Though old age had of late years made him garrulous, it had diminished none of the qualities by which he had all along been marked ; and the same clear views of things ; the same sound sense and far seeing sagacity for which through life he had been remarkable, continued to manifest themselves to the last.

[*Bombay Times, 13th February.*]

તા૦ ૧૪ મી ફેબરવારી.

રોજ ૨૧ માહ ૬ (૪૦) ૧૨૨૦ યજદજરદી.

નશરવાંનજી ખરશેદજી બુમલા—કાલા ગ્રાના દુશટ રોગથી એક ચંચલ અને ભલમણશાઈ ભરેલા જુવાન પુરશનાં મરણ વીશે આજનાં હમારાં પતર મધે સંતાપ ભરેલી ખબર આપવાની ફરજ પડી છે. પારસી નશરવાંનજી ખરશેદજી બુમલા ૨૩ વરશની ટુકી ઉમરમાં ગએઆ શુકરવારને દીને આ દુનીઆં છોડી સવરગવાસી લોકોમાં વાસો કરવા નીકલી ગએઓછે. એ મરનાર એક ભોલો અને ભલમનશાઈ ભરેલો અને એકમારગી ગરહસથ હતો. તેહેનાં અચબુચ મરણ પામવાથી એ મરનારનાં કુટુંબને જેટલું દુખ ઉપજીઊં છે તે કરતાં તેહેના માતરો અને ઓલખપીતાઓને થોડી દલગીરી ઉપજી નથી. એ મરનાર પોતાના એક અતલગીઆ એશને દેશાવર ખાતે રવાને કરવાને આજ ચેઆર દાહડાની વાત પર પનવેલી ગએઓ હતો અને તાંહાંથી પાછો આવીઆ પછી કોલારાના દુસટ રોગે તેહેની નબલી કાયાનો પીછો પકડીઓ તે જાંહાંસુધી તનથી તેહેની ગરીબી ભરેલાં રૂહને જુદો કીધો તાંહાં

શુધી એ પાપી રોગ નીકલીઓ નહી. એ મરનાર ગરાંટ કાલેજ મધે વઇદિક શાશતર શીખવા જાતો હતો અને તે જાગા પર તેહેને મલેલી તાલીમમાં તેહેનો જીવ લેનાર રોગનું નીવારણ કરવાને શકતી રહી નહી. નશરવાંનજી ખરશેદજી પોતાના નીશાલીઆઓ વચે એક કવેસર ગણાતો હતો અને હેવા એલમનો તેહને મોહટો અભીઆશ રાખેઓ હતો અને પોતાના દેશીઓના લાભને કાજે આ ઇઅંતર માંહેથી નીકલનાર જગત મીતર ચોપાંનીઆને કાજે પોતાની કલમથી એક બેએવાર આસરો આપીઓ હતો. એ મરનારે પોતાની ભલમનશાઇ ભરેલી અને રમુજ આપનાર ચાલથી પોતાનાં નાંહાપણમાંથી ઘણાએકોને પોતાના મીતરો કીધા હતા. તેઓને એ ધણીનાં ઉતાવલાં મોહોતથી મોહોટી ગમગીની અને અચંબો રહી ગઓછે.

[મુંબઈના શમાચાર, ૧૬ મી ફેબરવારી ૧૮૫૧.]

તા૦ ૧૪ મી મારચ.

રોજ ૧૯ માહ ૬ (શે૦) ૧૨૨૦ યજદજરદી.

લીમજી બહુમનજી રેડીમનીના—એજ પરમાંણે અંચીતુ મોહોત ગયા શુકરવારની રાતનાં પારશી લીમજીભાઇ બમનજી રેડીમનીનાંનું થાઇઉં છે. એ મરનાર પણ ઘણોજ ભલમંનશાઇ ભરેલો અને શરવે કોઇને માન આપનાર હતો અને લાંમબી મુદત સુધી એ મરનારે શેઠ દાદાભાઇ રૂશતમજી બનાંજીની પેહેડીએ મેતાગરી કરી હતી તેથી શરવે કોઇને ઓલખીતો દોશત થાઇ પડેઓ હતો. પણ એ ગરશથનાં અચબુચ મોહોતથી એ મરનારનાં ભાઇઓને તથા કુટંમબને તથા મલતા દોશતોને મોહોટી દલગીરી પેદા થાઇ છે.

[મુંબઈના શમાચાર, ૧૬ મી મારચ ૧૮૫૧.]

તા૦ ૧૫ મી મારચ.

રોજ ૨૦ માહ ૬ (શે૦) ૧૨૨૦ યજદજરદી.

કેખશરૂ નશરવાંનજી બનાજી—ખબર આપવાને મોહોટી દલગીરી પેદા થાએચ જે શવરગવાશી શેઠ હીરજી રેડીમનીની છોકરી સુનાંબાઇનો છોકરો કેખશરૂ નશરવાંનજી બનાંજીનાં અચબુચ અને અનચીતા ગઈ કાલ દીને શવારનાં કલાક ૯ાા ને અમલે શરેશતા પરમાંણે ચાએ નાશતો ખાઇને માલ ઉપર ગઆ પછે કાંઇએક તબીએત બીગરી અને એક કલાકની વચમાં આશરે ૫૨ વરશની વએમો આએ જુઠી માઆની જેહાંનથી કુચ કરીને શવરગવાશી લોકોમો વાશો કીધો છે. એ ગરહસથ શરવે કોઇને માંન આપનાર તથા નમંનતાઈ અને ભલમંનશાઇ ભરેલો હતો તેથી અંનચીતા મોહોત આવેઆથી હેનાં ઓહોલાં કુટંમબમો અને વલી ઘણાએક દોશત મીતરોમો મોહોટી ગંમગીની પેદા થાઇ છે.

[મુંબઈના શમાચાર, ૧૬ મી મારચ ૧૮૫૧.]

તા૦ ૫ મી આપરેલ.

રોજ ૧૧ માહ ૭ (શે૦) ૧૨૨૦ યજદજરદી.

હોરમજજી ફરાંમજી ખરાસ—પારશી હોરમજજી ફરાંમજી ખરાસ ચાલતા મહીનાંની તારીખ ૫ મીને શનીવારને દીને ગુજરી ગઆ.

[મુંબઇના શમાચાર, ૨૦ મી આપરેલ ૧૮૫૧.]

તા૦ ૨૦ મી આપરેલ.

રોજ ૨૬ માહ ૭ (શે૦) ૧૨૨૦ યજદજરદી.

હોરમજજી ઉકરજી હોરીદલાલ—ગએઆ રવીવારને દીને પા૦ ઉકરજી માંણેકજી હોરીદલાલનો છોકરો હોરમજી આશરે ૨૫ વરશની વએમો અચબુચ થોડા કલાકનાં કોલારાના દુશટ રોગથી મરણ પાંમો છે તેથી એ મરનારના ઘરડા બાપને મોહોટી દલગીરી પેદા થાઇ છે.

[મુંબઈના શમાચાર, ૨૪ મી આપરેલ ૧૮૫૧.]

તા૦ ૨૨ મી આપરેલ.

રોજ ૨૮ માહ ૮ (અ૦) ૧૨૨૦ યજદજરદી.

રતનજી હોરમજજી કામાજી—ખબર આપવાને મોહોટી દલગીરી અને ભારે કકલાટ પેદા થાએ છે જે ગએઆ મંગલવારને દીને બપોરનાં શેઠ રતંનજી હોરમજજી કામાજી બાર કલાકનાં વચમો કોલારાના દુશટ રોગથી હેરાંન થાઇને ૨૭ વરશની વએમો આએ જુઠી માએઆની દુનીઆંથી પોતાનો અશબાબ ઉઠાવી શવરગવાશી દુનીઆંમાં વાશો લીધોછે.

એ મરનાર વીશે હેવું કેવામો આવેચ જે ગઆ શોમવારને દીને રાતનાં પવંનચકીનાં દરવાજાની બાહેર શરકશનો તમાશો થાઓ હતો તે જોવાને ગઆ હતા અને રાતના કલાક અગીઆરને અમલે પોતાને ઘર આવેઆ તાંહાંસુધી શારી તનદરોસતી શાથે હતા. પણ તાર પછે એક કલાકમો પેટ આવવા માંડઆં અને બેચેન થાઈ પડઆ પણ તરત ઘણીએક તરાંની દવાદારૂ લાગુ કરી પણ કશો ઉપાએ ચાલેઓ નહી. એ મરનાર હોરમજજી મંનચેરજી કાંમાના છોકરાવોને નાંમે મુમબાઈમાં અને રતનજી હોરમજજીની કુમપનીને નામે ચીનમો પોતાના ભાઈઓની શાથે બોહોલા વેપારનું કાંમ ચલાવતા હતા અને ઘણીએક ભલમનશાહી તથા શાલેશાહી એ મરનારમાં હતી તેથી એ ધણીનાં મોહોતથી મરનારની ઘરડી માતાને તેજ પરમાંણે ભાઈ તથા કુટમબને મોહોટો કકલાટ પેદા થાએઓછે તેમજ મલતા દોશતોને મોહોટી દલગીરી ઉપજીછે.

[મુંબઈનાં શમાચાર, ૨૪ મી આપરેલ ૧૮૫૧.]

22nd April 1851.

RUTTONJEE HORMUSJEE CAMA.—Ruttonjee Hormusjee Camajee Esq. a merchant well known to the European and Native communities of this place for his integrity, urbanity, and the perseverance with which he pursued his calling, was attacked with Cholera on Tuesday morning, early, and expired seven hours afterwards.

Thus unexpectedly removed, his large circle of relatives and friends, the unprotected and the suffering poor, to whom his bounty was ever liberally extended, cannot but feel the loss of so esteemed a person, cut off in the bloom of life, which, though shortened was made much of.

[*Bombay Gazette, 26th April.*]

તા૦ ૨૯ મી આપરેલ.

રોજ ૫ માહ ૮ (શે૦) ૧૨૨૦ યજદજરદી.

નશરવાનજી દીનશાહ નાનાભાઈ દાવર—ખબર આપવાને દલગીરી પેદા થાએચ જે શવરગવાશી દીનશાજી નાનાભાઈ દાવરનો વડોછોકરો નશરવાનજી થોડાએક દાહાડા થાઆ કોલારાના દુશટ રોગથી હેરાંન થાઈ પડઓ હતો અને તારપછે એ જુવાંન પુરૂશ મોજત મરજથી હેરાંન હતો તે આશરે ૧૭ વરશની વએમાં ગઆ મંગલવારને દીને શાંજનાં આએ જેહાંનથી કુચ કરીને શવરગવાશી લોકોમો વાશો લીધોછે તેથા એ મરનારનાં કુટમબમો મોટી દલગીરી પેદા થાઇ છે.

[મુંબઇના શમાચાર, ૧ લી મેએ ૧૮૫૧.]

તા૦ ૧ લી જુન.

રોજ ૮ માહ ૯ (શે૦) ૧૨૨૦ યજદજરદી.

શોરાબજી કાવશજી શેઠજી, દાવર—ખબર આપવાને દલગીરી પેદા થાએછે જે શરકારી ટરીજોરીનો આગલો વડો શરાફ પારશી શોરાબજી કાવશજી દાવર આએ જેહાંનથી અચબ્રુચ એક દીવશનાં માંદમો કુચ કરીને શવરગવાશી લોકોમો જાઈ વાશો લીધોછે. એ મરનાર ઘણો ભલમનશાઈ ભરેલો હતો તેથી એ ધણીનાં મરણથી મરનારનાં કુટંમબને તથા મલતા દોશતોને મોટી દલગીરી પેદા થાઇછે. એ મરનારે શરકારની ટરીજોરીમાં લાંમબી મુદત શુધી મોહોટી ઇમાંનદારીથી ચાકરી બજાવીછે તેવી થોડાજ પારશીઓએ બજાવી હશે.

[મુંબઇના શમાચાર, ૫ મી જુન ૧૮૫૧.]

તા૦ ૮ મી જુન.

રોજ ૧૫ માહ ૧૦ (ક૦) ૧૨૨૦ યજદજરદી.

કેખશરૂ ફરાંમજી પાટક—ખબર આપવાને મોહોટી દલગીરી અને ભારે શનતાપ પેદા થાએછે જે શવરગવાશી શેઠ ફરાંમજી પેશતનજી પાટકનો એકપુરો ખુબસુરત છોકરો કેખશરૂ ગયા રવીવારને દીને ૨૫ વરશની વએમો અચબ્રુચ આએ જેહાંનથી કુચ કરીને શવરગવાશી લોકોમો વાશો લીધો છે. એ જુવાંન પુરૂશનાં મરવાથી હેનાં આખાં કુટમબને તથા

બીજા ઘણાઓને મોહોટી દલગીરી પેદા થાએછે. એ મરનારનાં મોહોત વીશે હેવું શાંભળવામો આવેઉંછે જે શરેશતા પરમાણે કોઈ દવા ફરંગી દાખતર બાઉતીશનાં દવાખાંનાંમાંથી મંગાવી તે દવા તાંહાં નહી હશે તેથી તેનાં માંણશે મી૦ દશિપરાગનું દવાખાંનું જે હાલમાં મી૦ જાંનશટને રાખેલું છે તાંહાંથી આપવામાં દવાખાંનાંમાંનાં માણશની ચુક થાઈ જે એલોઆનો અરખ આપતાં અફીમનો અરખ આપેઓ તે પીધાથી તરત એ જુવાંન પુરશનાં જાંનની ખુવારી થાએછે. એ બાબેની તપાશ ચાલી હતી અને મરનારને ચુકમાં જેહેરી દવા આપીઆમો આવી એવું શાબેત થાએછે તે હતાં એ મરનારની લાશને હંજા પોહોચાડી તેથી શરવે કોઈને મોહોટો હમહમાટ પેદા થાઓછે.

[મુંબઈના શમાચાર, ૧૨ મી જુન ૧૮૫૧.]

8th June 1851.

KAIKHOSRU FRAMJEE PATUCK.—A respectable Parsee, by name Kaikhusroo Framjee, sent to Doctor Baptista de Rozario a prescription, one of the principal ingredients of which was Tincture of Aloes. Having none in his dispensary, his assistant proceeded to the shop of Mr. Johnson, Chemist. where, in the place of Tincture of Aloes, he got Tincture of Opium. It was mixed with the medicine, and the dose being sufficient to cause the death of two or three men, when taken by the unfortunate Parsee the result will be guessed—he died in about an hour after, on Sunday afternoon. Yesterday an inquest was held over the body, the details of which will be given tomorrow.

[*Bombay Times*, 10*th June*.]

مثنوي عجيب

طرفه هي چرخ صرف مهماني
ها غفلت و ها هي ناداني
ابهرے هاتهمين هي سوسو جام
زهر الود تا هون شيرين كام
قصه كوتاه واردات عجيب
سني يك ماجرى سهو طبيب
پارسي قوم مين تها يك خوشرو
نو جوان مهه جبين هلال ابرو
سينه خورشيد سي تها اسكا نام
ديكه منه جسكا صدقي هو بهرام
نور چشم فرامجي پاتم
سب مين مشهور تها وه رشك صنم
عمركي گزري اسكي سال پچيس
تازه گلشن شباب كا تها نفيس
يهه جواني يهه حسن هاے نصيب
مختصر سني واردات غريب
ايك طبيب اسكے گهر مين اتاتها
الفت اور دوستي جتاتاتها
داكتر قوم كا مسيحا هي
مرگ نے اسكے تهي قسم كهايي
جسكي نبض ديكهه جاليفوس
انگليان كاتے اوردست افسوس
گر نظر اسكے طيب كے موزني
هو فلاطون كے گم فلاطوني
شيشه بالاے طاق پر اوصاف
روح لقمان ترب كرے هي طواف
الغرض اس جوان كي همراه
چاهتهي اسكي في الحقيقت چاه
كبهو بيمار وه صنم هوتا
وه طبيب اپني جان كو كهوتا
كچهه دوا اپني گهرسي بهجواتا
شوق سي نو جوان دوا كهاتا
تها علاج اسكا گويا تير هدف
چومتي چاتتي شفا تهي كف

اندنون ديي فلگ ني كيا هيهات
شعبدہ بازي سي حكيم كو مات
يعني كچهه هو گيا جوان عليل
داكتر جسكا اب هو عزرائل
اپني عادت په اس جوان كي تب
كچهه دوا مانگي اس سي هاے غضب
اسني دهوكي مين شيشه بهجوا يا
شيشه كيا جام موت كا ايا
پيتي هي دم نكل كيا اسكا
خاكي مين جسم مل گيا اسكا
سرپر اس حكيم كي هے قهر
شيشه بهيجا دوا نه تهي تها زهر
طرفه سهو حكيم و حب حكيم
آفرين بر حكيم و طبيب حكيم
قصه كوته رفيق و اهل و لا
ه سب ني مچايا واويلا
سنكي يهه قصه بهر گيي جوري
فكر جوري ني كچهه نه كي تهوري
سب ني سهو حكيم تههرايا
لاشه پهر سوي دخمه بهجوايا
فكر هي گم نشان كيا بولين
اس سخن كي سوانه لب كهولين
كيا كيا هي اجل ني كام عجيب
ملك الموت بن گيا هي طبيب
جزخموشي علي نه چارا هي
ستم چراغ اشكارا هي

[*Shamsul Akhbar*, 11*th June*.]

તા૦ ૧૨ મી જુન.

રોજ ૧૯ માહ ૧૦ (ક૦) ૧૨૨૦ યજદજરદી.

ફરદુનજી હોરમજજી કાવશજી સરાફ, તીજોરીવાલા કાવશજી સરાફનો છોકરો હોરમજજીનો જુવાંન વરસ વીશનો છોકરો ફરદુનજી ગએઆ ભરેશપતવારને દાને આએ જેહાં નથી કુચ કરીને શવરગવાશી લોકોમો વાશો લીધો. એ મરનારને કાંન આગલ કાંઈ દરદ થાઇઉં હતું તે શબબથી ચાર પાંચ દાહાડાની માંદગીમો એ જુવાંન પુરૂશના જાંનનો ઘાત થાઇછે તેથી એ મરનારનાં કુતમબમો મોહોટી દલગીરી પેદા થાઇછે.

[મુંબઇના શમાચાર, ૧૫ મી જુન ૧૮૫૧.]

તા૦ ૮ મા આગશટ.

રોજ ૧૬ માહ ૧૧ (શ૦) ૧૨૨૦ યજદજરદી.

બેહરાંમજી શાપુરજી કોચીવાલા— ગએઆ શુકરવારને દાને સ્ટીમર શીકાપોર આવી તે મધે કોલમબોથી એક માંડી ખબર મલી છે જે પારશી બેરાંમજી શાપુરજી કોચીવાલા કે જેઓને બોવીનના પણ કેહેછે તે ઘણી કોલંબા મધે ગુજરી ગયાછે તેથી મોટી દલગીરી પેદા થાએ છે.

[મુંબઇના શમાચાર, ૨૪ મી આગશટ ૧૮૫૧.]

તા૦ ૨૧ મા આગશટ.

રોજ ૨૯ માહ ૧૨ (ક૦) ૧૨૨૦ યજદજરદી.

ખરશેદજી અરદેસર દાદીશેઠ— ખબર આપવાને દલગીરી પેદા થાએચ જે મુમબઇનાં પુરાતંમ વખાણાએલું અને ઘરમાતુ કુટુંબ દાદીશેઠનું કેહેવાએછે તે કુટંમબ માહેલો હાલનો વડીલ શેઠ ખરશેદજી અરદેશર થોડાએક દીવશની માંદગીથી આશરે ૭૭ વરશની વએમો ગએઆ ભરેશપતવારની રાતનાં આએ જેહાંનથી કુચ કરીને શવરગવાશી લોકોમો વાશો લીધોછે તેથી શવરગવાશી દાદીશેઠનાં બોહોલાં કુટંમબને તેમજ બીજા મલતા વીશેકોને મોટી દલગીરી પેદા થાઇછે. હમો એ શવરગવાશી શેઠીઆની શું તારીફ કરીએ—આખી મુમબઇની વશતીનાં લોકો તારીફ કરતા આવેઆ છે જે એ મરનાર ઘણોજ એક મારગી પુરશ હતો અને ગરીબ અને તવંગર શરવેને એક શરખા ગણતો હતો. તેમાં ગરીબોને ઘણીજ ભલમંનશાઇથી ચાહતો હતો. એ મરનાર શેઠીઆના તરણ જુવાંન શાહેબજાદાવોછે તેઓમાં પણ એવીજ ખુબી છે તે શરવે કોઇને જાણીતું છે—એ મરનાર પાશે દોલત કાંઇ કમી હતી નહી પણ એ નામદાર શેઠીઆએ પોતાની દોલત પરમાંણે કશી મોહોટાઇ રાખી હતી નહી.

[મુંબઈના શમાચાર, ૨૪ મી આગશટ ૧૮૫૧.]

21*st August* 1851.

CURSETJEE ARDASEER DADY.—We hear, with deep regret, of the death of Cursetjee Ardaseer Esq., which occurred on Thursday night, about ten o'clock at his residence in Church Street, Fort. The deceased had reached the venerable age of seventy-five. He was the head of Dady family—one of distinction among the Parsee community of Bombay. He was a merchant by profession, and held in high respect by those who knew him, though his retiring disposition prevented his making many acquaintances, particularly among Europeans. Among his own countrymen, his pious disposition, kind manners, and great though unostentatious benevolence, had earned for him a more than ordinary regard.

The Names of Dady's Buildings, Dady's Screws, Dady's Agiary, Dady's Outushbaharam or the Great Fire-Temple, Dady's Tower of Silence, &c. &c. &c. are derived from this gentleman and his family, which with the Banajees, their relations were the first to settle in Bombay in the early part of last century.

The remains of the deceased were deposited with the customary solemnities of his countrymen, in the Family Tower of Silence, near Malabar Hill, secured from the ravages of birds of prey, yesterday morning. There was a great attendance of Parsees of all classes.

[*Bombay Gazette, 23rd August.*]

તા૦ ૧૮ મી સપટેમબર.

રોજ ૨૩ માહ ૧૨ (શે૦) ૧૨૨૦ યજદજરદી.

ફરાંમજી દાદાભાઈ બનાજી—ખબર આપવાને દલગીરી પેદા થાએચ જે મી૦ પુડી કોમબની કુમપનીનો પંનતીઆલો પારશી ફરાંમજી દાદાભાઈ શીઆના કે જેહોને ઘણાએક દોશત આશનાવો ફરાંમજી હુશીઆર કરી કેહેતા હતા તેઓ ગઆ રવીવારને દીને આશરે પાંચ મહીનાના લકવાના મરજથી હેરાંન થાઇને આએ જેહાંનથી કુચ કરીને શવરગવાશી લોકોમાં વાશો લીધોછે. એ મરનાર ઘણોજ અશરાફ અને ભલમંનશાઈ ભરેલો હતો તેથી હેના ગુજરીઆથી ઘણાએક દોશતોને મોહોટી દલગીરી પેદા થાઇછે તે ઉપરાંત એ મરનારનાં કુટંમબ પરીવારને ભારે શંનતાપ પેદા થાએઓછે.

[મુંબઈના શમાચાર, ૧૮ મી સપટેમબર ૧૮૫૧.]

27*th September* 1851.

POOJIABHOY RUTTONJEE PAREKH.—At Surat, on the 27th ultimo, Poojiabhoy Ruttonjee Pareck, aged 73 years.

[*Bombay Gazette, 3rd October.*]

તા૦ ૨ જી અકટોબર.

રોજ ૬ માહ ૧ (શે૦) ૧૨૨૧ યજદજરદી.

દાદાભાઈ કાવશજી બનાજી—ખબર આપવાને મોહોટી દલગીરી પેદા થાએચ જે ગએઆ બરેશપતવારને દીને રાતનાં કલાક નવને અમલે અચઅુચ લોહીનાં ઉતપાતનાં મરજથી પારશી દાદાભાઈ કાવશજી બનાંજીનાં આએ જુડી માએઆની જેહાંનથી કુચ કરીને શવરગવાશી લોકમાં વાશો લીધોછે તેથી એ મરનારનાં કુટંમબ પરીવારને તથા મલતા દોશતોને ભારે શંનતાંપ તથા દલગીરી પેદા થાઇછે કાંએજે એ મરનાર શરવે કોઈ શાથે ઘણીજ ભલમંનશાઈ તથા નમંનતાઈ રાખતો હતો.

[મુંબઈના શમાચાર, ૫ મી અકટોબર ૧૮૫૧.]

13*th October* 1851.

HAMABOYE, WIFE OF MANECKJEE NASSERWANJEE PETIT.—On the 13th October, at her residence Fort, aged 45 years, the Lady of Manockjee Nasserwanjee Pitty Esq., leaving behind her a large circle of relatives and friends to bewail her irreparable loss. About 5,000 Native Gentle-

men and many Europeans (Civilians and Merchants) attended to express their sympathy towards the bereaved family.

[*Bombay Times, 15th October.*]

તા૦ ૨૩ મી નવેમબર.

રોજ ૨૮ માહ ૨ (શે૦) ૧૨૨૧ યજદજરદી.

બરજોરજી ખરશેદજી જશાંવાલા—તારીખ ૧૮ મી નવેમબરે ઇશટીમર સુરત હંકારી હતી તે કરાંચી ખાતે પોંહતી નથી અને તે લતાના કોશતા તરફ તેહેની કાંઈ નીશાંની પણ માલમ પડતી નથી. કરાંચી તથા કછ અને કાઠીઆવાડથી ખબર મલીછે જે તારીખ ૨૦ મી અને તારીખ ૨૧ મી નવેમબરે તે લતા તરફ ભારે તોફાંન થાઇઉંછે અને કેટલાંએક ગાંમઠી બારકશો તદન ભાગામો આવાંછે અને માણસોના જાંનની ખુવારી થાઇછે તેથી હેવું ધારવામાં આવેચ જે એ ઇશટીમર તે તોફાંનમો ડુબામો આવી હશે.....

એ ઇશટીમરમો ઉતારૂ દાખલ લફટેનેનટ ઇશટાંમફરડ તથા ... અને ૨૫ ગાંમઠીઓ ચહડેલા હતા તેમાં ...વરગવાશી પારશી ખરશેદજી કુવરજી જશાંવાલાના છોકરા બરજોરજી તથા બીજાં બેએ માણુશોછે તથા એક મોબેદ છે તથા પેશતન પગલની અશતરી અને છોકરોછે તેથી એ માંઠી ખબર શાંભલીને તેહનાં કુટંમબમો તથા બીજનવોમો મોહોટી દલગીરી પેદા થાઇછે. પરમેશવર કરેને એ ઇશટીમરની શલાંમતીની ખબર જલદીથી મલી આવેતો સરવે કોઇને ખુશી પેદા થાએ.

[મુંબઈના શમાચાર, ૭ મી ડીસેમબર ૧૮૫૧.]

તા૦ ૨ જી ડીસેમબર.

રોજ ૭ માહ ૩ (શે૦) ૧૨૨૧ યજદજરદી.

પાલણજી કાવશજી શેઠના—ચાલતા મહીનાની તારીખ ૨ જી ડીસેમબર—મંગલવાર અને અમેરદાદ રોજને દીને નેકનાંમ જરથોશતી પાલંનજી કાવશજી શેઠનાંએ આએ જેહાંનથી કુચ કરીને શવરગવાશી લોકોમો વાશો લીધો.

[મુંબઇના શમાચાર, ૭ મી ડીસેમબર ૧૮૫૧.]

ઈ૦ સ૦ ૧૮૫૨.

તા૦ ૫ મી જાનેવારી.

રોજ ૧૧ માહ ૫ (કે૦) ૧૨૨૧ યજદજરદી.

કાવશજી માણેકજી આશબરનર—ખબર આપવાને મોહોટી દલગીરી પેદા થાએચ જે ગએઆ શોમવારને દીને રાતનાં કલાક ૧૧ ને અમલે શેઠ કાવશજી માણેકજી ભાંડુપવાલા થોડાએક દાહાડાના માંદથી ૭૬ વરશની વએમો આએ જેહાંનથી પોતાનો અશબાબ ઉઠાવી શવરગવાશી લોકમો વાશો લીધોછે તેથી એ મરનારનાં બોહલાં કુતંમબને ભારે અફશોશ પેદા થાએઓછે. એ મરનારનો નેકનાંમી—શાલેશાઈ તથા ધરંમબુધ્ધા શરવે કોઇને જાંણીતાંછે તેથી હમારે બોલવાની જરૂર નથી પણ એટલુંજ બોલીએચ જે એવા નેકનાંમ પુરશને હવે પછે ઇઆદ કરવા પડશે.

[મુંબઇના શમાચાર, ૮ મી જાનેવારી ૧૮૫૨.]

5th January 1852.

COWASJEE MANECKJEE ASHBURNER, We regret to announce the death of Mr. Cowasjee Manockjee Ashburner of Bhandoop, at his residence in the Fort, yesterday morning, at the advanced age of 75. This Parsee gentleman occupied a high position amongst his fellow citizens for honor, integrity, and intelligence. Many years ago he established in connection with Mr. Luke Ashburner the extensive Destilleries at Bhandoop, which have ever since supplied the Government with Arrack.

[*Telegraph and Courier, 7th Jan.*]

તા૦ ૨૫ મી જાનેવારી.

રોજ ૧ માહ ૬ (કે૦) ૧૨૨૧ યજદજરદી.

હોરમજજી રૂસતમજી પાંડે—ખબર આપવાને દલગીરી પેદા થાએચ જે ગએઆ રવી-

વારને દીને પાછલી રાતનાં અચ્યબુચ્ય એક દીવશનાં માંદમો પારશી હોરમજજી રૂશતમજી લીમજી ભીખાજીનાં આશરે ૩૫ વરશની વએમો આએ જેહાંનથી કુચ કરીને શવરગવાશી લોકમાં વાશો લીધોછે. તેથી એ અશીલ પુરશનાં મરણથી તેહનાં બોહોલાં કુટંમબમાં તથા મલતા દોશતોમાં ભારે દલગીરી અને શંનતાપ પેદા થાએછે.

[મુંબઈના શમાચાર, ૨૯ મી જાનેવારી ૧૮૫૨.]

તા૦ ૨૮ મી જાનેવારી.

રોજ ૪ માહ ૫ (શે૦) ૧૨૨૧ યજદજરદી.

બહુમનજી બેજનજી કાકા—ગઈ કાલ દીને રાતનાં થોડાએક દાહડાનાં માંદમાં મુમબઈની ટાપુના પુરાતંમ રેવાથી બમનજી બેજનજી કે જેહને ગનાએક લોકો બમનજી કાકા કરીને કેહતા હતા તેઓએ આએ જેહાંનથી કુચ કરીને શવરગવાશી લોકોમો વાશો લીધોછે તેથી એ મરનારનાં મોહોટાં કુટંમબમાં દલગીરી પેદા થાઈછે.

[મુંબઈના શમાચાર, ૨૯ મી જાનેવારી ૧૮૫૨.]

તા૦ ૮ થી ફેબરવારી.

રોજ ૧૧ માહ ૬ (ક૦) ૧૨૨૧ યજદજરદી.

રતનજી બેજનજી દાંતરા—ખબર આપવાને દલગીરી પેદા થાએચ જે ગઈ કાલ દીને શાંહાંજનાં શાલીપોરટ ઈઆને પવંનચકીનાં નાંધલા દરવાજા આગલની ચરમાંથી પારશી બેજનજી નશરવાંનજી દાંતરાનો તરીજો છોકરો રતંનજી આશરે વરશ ૧૪ ની વએનો મુવેલો નીકલેઓછે તેથી એ મરનારનાં કુટમબમો ભારે શંનતાપ પેદા થાએઓછે.

[મુંબઈના શમાચાર, ૫ મી ફેબરવારી ૧૮૫૨.]

તા૦ ૧૫ મી આપરેલ.

રોજ ૨૨ માહ ૮ (ક૦) ૧૨૨૧ યજદજરદી.

રૂસતમજી કાવશજી બનાજી—શવરગવાશી શેઠ કાવશજી બેરાંમજી બનાજીનો શ્રેહલો ચરાગ રૂશતંમજી કાવશજીની કલકતામાં બેહશત મુકાંમ થાએઆનો ખબર આવીઆથી આપણી કોમમાં ભાહારી શંનતાપ ઉતપન થાએઓછે. એ ગીરહશત આપણી કોમનો શંનગાર હતો અને શખાવતને વાશતે પંચમાં શારી રીતે પંકાએલો હતો. હમારા શાંભલેઆમો આવેઉં હતું કે જે કોઇ જરથોશતી ફીરકાનો પુરૂશ એ શખી મરનારને તાંહાં ઉતારો લેતો હતો અને જે મુરાદ ઈછતો હતો તે મુરાદ એ શખી દીલનાં વેપારીથી પાર ઉતારીઆ વગર પાછો ફરતોતો નહી. નાહી કે તે પોતાની રેહેમ આપણીજ તરફ રાખતો હતો પણ કલકતાનાં ગાંમઠીઓના શરવે હકો તથા ફાએદાને ટેકો આપવાને બંનચાવવાને અને વધારવાને પોતે મેદાંન પરી બને તેટલી મેહનત કરી છુટતો હતો તેથી તાંહાંના બાબુઓમાં પણ દલગીરી પેદા થાઈ હોએ તેમાં કાંઈ શંખે નહી. હવે એ મરનારની નેકી—બેરખાહી— શખાવત— રેહેમ— નમનતાઈ અને નરમાશ ઉપર જેટલી આફરીન કરીએ તે કાંઈજ નાહી માટે ઉમેદ રાખીએચ કે એ શખી મરનાર પોતાની નેકીનો બદલો ઈઆને ઈનાંમ હમેશગીમાં ભોગવે.

[મુંબઈના શમાચાર, ૨૯ મી આપરેલ ૧૮૫૨.]

15*th* *April* 1852.

Rustomjee Cowasjee Banajee.—We were sorry to hear on Saturday morning that the oldest and best known of our Parsee merchants had died the preceding evening. Rustomjee Cowasjee has resided about thirty years in Calcutta, and for a great part of that time carried on a very extensive business as a merchant and shipowner, and for his activity and enterprize was well known to men of business all over the east. During his prosperity, he sought European society, and breaking through the restraints usual among his countrymen, did not hesitate to introduce the ladies of his family to his guests, among whom the Governor General of India has more than once been present. When what is called a commercial crisis visited Calcutta Rustomjee shard in the misfortunes

of his neighbours, and lost nearly all that he had been working for during a long and laborious life. He has since that time lived in a very retired manner and his health having also declined, he latterly withdrew in a great measure from business. The cause of his death is stated to have been disease of the heart, which at his advanced age could not be expected to have other than a fatal termination. Rustomjee was extremely liberal while he had the means and there must be many yet living who have felt his kindness when it was of the utmost value to them.—(*Bengal Hurkaru*, 19*th April* 1852.)

[*Bombay Times*, 29*th April.*]

તા૦ ૧૩ મી જુન.

રોજ ૨૧ માહ ૯ (શેં૦) ૧૨૨૧ યજદજરદી.

મેહરવાંનજી શોરાબજી ખરેગાત—ખબર આપવાને દલગીરી પેદા થાએચ જે ચાલતા મહીનાની તારીખ ૧૩ મી ને ગયા રવીવારને દીને પારશી મેરવાંનજી શોરાબજી ખરેગાતનાએ આએ જેહાંનથી અશબાબ ઉઠાવીને શવરગવાશી લોકોમો વાશો લીધોછે. તેથી એ મરનારનાં ઘરડાં માંએ બાપને ભારે અફશોશ પેદા થાએઓછે. અને મળતા વીશેકોને દલગીરી પેદા થાઈછે.

[મુંબઈના શમાચાર, ૧૭ મી જુન ૧૮૫૨.]

તા૦ ૧૫ મી જુન.

રોજ ૨૩ માહ ૯ (શેં૦) ૧૨૨૧ યજદજરદી.

નવરોજજી માણેકજી મેહુતા—તારીખ ૧૫ મીને ગયા મંગલવારને દીને કોલાબા મધેના ઈશકોરૂનો વડો કારભારી પારશી નવરોજજી માણેકજી મેતાના થોડા દીવશના માંડમો આએ જેહાંનથી કુચ કરીને શવરગવાશી લોકમાં વાશો લીધો છે તેથી એ મરનારનાં કુટંમબ તથા દોશતોને મોહોટી દલગીરી પેદા થાઇ છે.

[મુંબઈના શમાચાર, ૧૭ મી જુન ૧૮૫૨.]

15*th June* 1852.

NOWROZJEE MANECKJEE MEHTA.—On the 15th June, at his residence, Rampart Row, aged 61 years, Nowrojee Manockjee Esq. late Supt. of Colaba Press Company's Screws, deeply regretted by his family, and a large circle of friends. He was well known and much respected by all connected with the Cotton trade of this Port.

[*Bombay Gazette*, 16*th June.*]

તા૦ ૨ જી જુલાઈ.

રોજ ૧૦ માહ ૧૦ (શેં૦) ૧૨૨૧ યજદજરદી.

મનચેરજી ખરશેદજી લંગડાના—ગએઆ શુકરવારને દીને પારશી મનચેરજી ખરશેદજી લંગડાના કેટલાએક માશના માંદમાં આએ જેહાંનથી કુચ કરીને શવરગવાશી લોકોમો વાશો લીધોછે તેથી એ મરનારના બંને ભાઇઓને તથા કુટંમબને દલગીરી પેદા થાઈછે. એ મરનારે પોતાનું નામલેહેણું રાખવાને જે આતશ આદરાંનની જગો ગોલવારમો કરીછે તે વીશે શાંભલવામો આવેચ જે અછો બંદોબશત કરેઓ છે.

[મુંબઇના શમાચાર, ૪ થી જુલાઇ ૧૮૫૨.]

તા૦ ૫ મી જુલાઈ.

રોજ ૧૩ માહ ૧૧ (ક૦) ૧૨૨૧ યજદજરદી.

જાંગીરજી ફરદુનજી મોદી—ખબર આપવાને દલગીરી પેદા થાએ છે જે પારશી જાંગીરજી ફરદુનજી મોદી કે જેહને ઘણાએક લોકો બાઇઆઇનો જાંહાંગીર કરી કેહતા હતા તે ગએઆ શોમવારને દીને થોડાએક દીવશનાં માંડમો આએ જેહાંનથી કુચ કરી શવરગવાશી લોકોમો વાશો લીધો છે તેથી એ મરનારનાં કુટંમબને તથા મલતા દોશતોને દલગીરી પેદા થાઇછે.

[મુંબઈના શમાચાર, ૮ મી જુલાઈ ૧૮૫૨.]

તા૦ ૮ મી જુલાઈ.

રોજ ૧૬ માહ ૧૦ (શેં૦) ૧૨૨૧ યજદજરદી.

નશરવાંનજી મનચેરજી વીમાદલાલ, ખબર આપવાને દલગીરી પેદા થાએચ જે

ગએઆ ભરેશપતવારને દીને શહવારનાં આ૦ નશરવાંનજી મનચેરજી વીમાદલાલ અચબુચ આએ જેહાંનથી કુચ કરીને શવરગવાશી લોકોમો વાશો લીધોછે તેથી એ મરનારનાં કુટંમબ તથા મલતા દોશતોમો મોહોટી દલગીરી પેદા થાએછે. કાંએજે એ પુરાંના વીમાદલાલ શાથે મુમબઈના શઘલા વેપારીઓને અછી મીલનશારી હતી.

[મુંબઈના શમાચાર, ૧૧ મી જુલાઇ ૧૮૫૨.]

તા૦ ૧૦ મી જુલાઈ.

રોજ ૧૮ માહ ૧૦ (શે૦) ૧૨૨૧ યજદજરદી.

એદલજી બરજોરજી તીજોરીવાલા—ખબર આપવાને દલગીરી પેદા થાએચ જે નાંમદાર શરકારની તીજોરીનો વડો શરાફ પા૦ એદલજી બરજોરજી થોડાએક દાહાડાનાં માંદમો આએ જાંહાંનથી કુચ કરીને શવરગવાશી લોકોમો વાશો લીધોછે તેથી એ મરનારનાં કુટુંમબમો તથા મલતા દોશતોમો મોહોટી દલગીરી પેદા થાએછે.

[મુંબઈના શમાચાર, ૧૫ મી જુલાઇ ૧૮૫૨.]

તા૦ ૨૬ મી આગશટ.

રોજ ૫ માહ ૧૨ (શે૦) ૧૨૨૧ યજદજરદી.

શોરાબજી જમશેદજી વઈદ, સુરતના—

શુરતની તા૦ ૨ જી સપટેમબર ૧૮૫૨.

જત લખવા કારણ એજે હમારાં શુરતનો એક નામીચો ગરીબ ડાકટર શોરાબજી જમશેદજી કે જે શખશ શું પારશી કે શું હીંદુ તથા મુશલમાંન શઘલી વરણમો પંકાએલો ગરીબ રાંક અને શરમાઉ હતો તે કજા એલાહીથી બેહશતનશીન થાએઆછે. હેના ગુજરવાથી અતરેની શઘલી ગનેઆતના લોકોએ રદન તથા માહેતમપોશી કીધીછે શબબ કે એ મરનારને હાતથી હજારોને તનદરોશતી થાએછે. એ મરનાર કોઈબી ભાશામો પુરવીણ નહી હતો મગર એ મરનારને હાતે હેવો જશ હતો કે થોડાએક દાહાડા એ મરનારની દવાઈ કરેતો તુરત ખોદાના હોકમથી આરાંમ થાઈ જાતો હતો. એ મરનારની પાએદશ તથા ઉઠઆંણાંની મીજલશ હેવીતો ભરાઈ હતી કે અતરેના લોકો કેહચ કે હેવી કોઈનીબી આએ શુરત શેહરમો મીજલશ ભરાએલી જોવામો આવી નથી. હેને અતરેના શરવે લોકોએ "લુકમાંન" નો નાંમીચો ખેતાબ આપેઓ છે. આએ વેરાંન થાએલી શુરતનાં કમનસીબ કે હેવા નામીચાવો અતરેનાં લોકોને ગમ અને દલગીરીમો મુકીને ચાલી જાએચ.

[મુંબઈના શમાચાર, ૧૨ મી સપટેમબર ૧૮૫૨.]

તા૦ ૩ જી સપટેમબર.

રોજ ૧૩ માહ ૧૨ (શે૦) ૧૨૨૧ યજદજરદી.

શોરાબજી રતનજી પટેલ—પુણાંની આવેલી ખબર ઉપરથી જણાવવાને મોહોટી દલગીરી પેદા થાએચ જે પુણાંની પંનથનો વડો શેઠીઓ શોરાબજી રતંનજી પટેલે આએ જેહાંનથી અશબાબ ઉઠાવીને શવરગવાશી લોકોમો વાશો લીધોછે તેથી પુણાંનાં જરથોશતીઓને દલગીરી પેદા થાઈ હશે.

[મુંબઈના શમાચાર, ૫ મી સપટેમબર ૧૮૫૨.]

3rd September 1852.

Sorabjee Ruttonjee Patell, Poona.—Death of Sorabjee Ruttonjee Patell—We regret to have to announce the demise of this gentleman, which took place yesterday morning at 5 o'clock, at his residence Heerabaugh, at the age of 69 years. He was a Sirdar of the Deccan, and head of the Parsee community of Poona His acts of charity and benevolence were too numerous to mention even a little of them. He erected a 'Tower of Silence' at Poona, also an 'Agiaree' and an 'Atush Addurean' for the use of the members of his own religion. His funeral was attended by all the Parsees of the Station, and Cursetjee Jamsetjee Esq. and his Bombay friends; and his remains were deposited in his own 'Tower of Silence'. He is deeply lamented by his acquaintances and friends, both European and Native. The deceased gentleman was held in high estimation by Go-

vernment, and had a handsome Jagheer conferred upon him in perpetuity and some lands for life as rewards for his faithful services rendered during the last Mahratta War.

(Poona Observer, 4th September 1852.)
[*Bombay Times, 7th September.*]

તા૦ ૩ જી સપટેમબર.

રોજ ૮ માહ ૧ (કો૦) ૧૨૨૨ યજદજરદી.

ખરશેદજી નશરવાંનજી કોહીઆર—ખબર આપવાને દલગીરી પેદા થાએચ જે પુરાતંમ શુરત શેહરનો રેહેવાશી અને ખરી દાવરીનો રાખનાર ખરશેદજી નશરવાંનજી કોહિઆના ૭૭ વરશની પુરતી વએમાં ચાલતા મહીનાની તારીખ ૩ જીએ શ્રી થાંણુંમો મેહેશતનશીન થાએઆછે તેથી એ શવરગવાશીનાં કુતમબ પરીવારને તેમજ ખરા મીતરોને મોહોટી દલગીરી પેદા થાએછે.

[મુંબઈના શમાચાર, ૯ મી સપટેમબર ૧૮૫૨.]

તા૦ ૧૬ મી સપટેમબર.

રોજ ૨૬ માહ ૧૨ (શે૦) ૧૨૨૧ યજદજરદી.

રૂસતમજી નવરોજજી મોટાભાઈ—ખબર આપવાને દલગીરી પેદા થાએચ જે મુમબઈની ટાપુનો એક દરવવાંન અને જરથોશતી અંનજુમનનો અકાબર શેઠ રૂશતંમજી નવરોજજી મોટાભાઈ જે ઘણાએક દીવશ થાએઆ બઈના મરજમો દુખી હતો તે ગએઆ ભરેશપતવારને દીને રાતનાં શવરગવાશી થાએઓ છે તેથી એ શેઠીઆના મીતરોને તેમજ કુટંમબને મોટી દલગીરી પેદા થાએછે.—એ મરનાર શેઠીઆનાં ઉઠમનાંની મીજલશની વખતે ધરમખાતાંમો રૂ૫૦૦૦) ની રકમ આપીછે જે તેહેનું વીઆજ ઉપજે તે મધેથી આંધલા પાંગલાવોને કપડાં તથા ખરચ પુરો પાડે.

[મુંબઈના શમાચાર, ૧૯ મી શપટેમબર ૧૮૫૨.]

16*th Septamber* 1852.

Rustomjee Nowrojee Motabhoy. About ten o'clock on the night of Thursday the 16th inst. Rustomjee Nowrojee Motabhoy departed this life. The deceased was for many years a very active member of the Parsee Punchayet, as well as of the Punchayet for the management of the Jamsetjee Jeejeebhoy Parsee Benevolent Institution. He began life, not many years ago, upon rather small means, as a Government Commissariat Contractor, but had latterly entered into rather extensive mercantile pursuits, the fruits of which are estimated at five lacs of rupees, at least. For many months he had been ailing, and he was lately at Poona for a change, but without effect.

[*Bombay Gazette, 18th September.*]

તા૦ ૨૯ મી અકટોબર.

રોજ ૪ માહ ૩ (ક૦) ૧૨૨૨ યજદજરદી.

માણેકજી લીમજી બનાજી—ખબર આપવાને હમોને ઘણું દુખ—ભારે સંતાપ અતીશે દલગીરી અને કકલાટ પેદા થાએચ કે આપણાં જરતોશતી ટોલાનો એક નાંમીચો અકાબર અને બનાજીનાં માંન પામેલાં ખાંનદાંનનો કીરતીવાંન અધીકારી શેઠ માણેકજી લીમજી બનાજીએ ગએઆ શુકરવારની રાતનાં આશરે ૧૧ કલાકને અમલે પોતાની મજગાંમ મધેની "વીલડરનેશ" નાંમની વાડીમાં આએ દુનીઆંમાંથી ગુજરીને મીનોઈ આલમમાં વાશો કીધોછે. એ મરનાર ધરહશત ઘણોજ નમંનતાઈ ભરેલો—મીલનશાર—ગંભીર દેખાવનો—ઠંડા મીજાજનો—પરોપકારી—શખી—દઆલુ—દેશહેતુ—બુધીવાંન અને માહ ધરમી હતો. અને ટુકામાં એ મરનાર શેઠીઆનાં શઘલા ગુણો અને ખુબીઓનું બેઆંન કરવાને હમોને પુરતા શબુનો મલી આવતા નથી. એ મરનાર ધરહશથ એક નાંમીચો અને એકકો વેપારી તથા દલાલ હતો અને તેની આંટ અને શાહુકારી એટલીતો ચોખી અને ભરોશા ભરેલી હતી અને તેનાં વેપારનાં કાંમકાજની માહીતગારી એટલીતો મોહોટી હતી કે તે અતરેના કેટલીએક નાંમીચી

યુરોપીઅંન પેહેડીઓનો દલાલ થાઈ પડઓ હતો. અને અતરેના યુરોપીઅંન તથા ગાંમઠી વેપારીનું મોહોટું માંન મેલવીઉં હતું. એ મરનારનો હાથ શદા શખાવત ભરેલો હતો અને પોતાના દેશીઓને માથેનું દુખ અને જુલંમ ટાલવામાં શેઠ માંણેકજી પેહલો હતો. આએ ટાપુમાં કોઈ એવું ધરમખાતું નથી કે જેને એ પરોપકારી શેઠીઆથી કાંઈ મદદ મલી નહી હતી. હાલમાં બનાજીનાં નાંમીચાં ખાંનદાંનની શઘલી હોરમત અને દરવ શેઠ માણેકજીમાં હતો અને એ ખાંનદાંનનો શેતારો શેઠ માણેકજીનાં કપાલ ઉપર ઝલકતો હતો તે તેહનાં મરણથી ગુરબ થએઓછે, અને એ ખાંનદાંનને ન પુરાએ હેવો ટોટો લાગો છે.

આજ એક મહીનાંથી વધારે થાઈઉં શેઠ માણેકજી જલંનદારના ભુંડા રોગથી કાહેલી પડેલો હતો અને થોડાએક દાહડા થાએઆ તે અતીશે બેમારીની હાલતમાં હતો. અને જો પણ પરથમથી તેની છેલલી ઘડીસુધી તેનાં દરદનું નીવારણ કરવા શારૂં ઘણાંજ કાબેલ અને પેહેલે વાધેનાં યુરોપીઆંન તથા ગાંમઠી તબીબો ગુંતેલા હતા અને શરવે યલાજ અને ઉપાએ કરવામાં તેઓએ બેહદ મેહનત અને કોશેશ કીધી હતી—પણ તેઓ નીરાસ અને નીશફલ થાએઆ હતા. શેઠ માણેકજીની વએ માતરે આશરે ૪૨ વરશની હતી—માટે તે આએ દુનીઆંથી ઉમેદ ભરેલો ગુજરી ગએલો કેહવાએછે અને તેનાં મરણથી જેમ તેના કબીલાને—મીતરોને અને ઓલખાંનવાલા શખશોને માહ દુખ અને અતીશે શંતાપ તથા ગમ લાગો છે તેમજ આએ ટાપુમાં શઘલી ગણેઆતનાં અને શઘલે વાધેનાં લોકોને ભારે દુખ અને દલગીરી ઉપજી છે.

હમો અતીશે દલગીર છૂઇએ કે આએ ટુક મુદતમાં જરતોશતી ટોલાનાં બેએ નાંમીચા અને માંન પામેલા અઘીકારીઓ મરણ પાંમેઆછે. તેમાં શેઠ રૂશતમજી નવરોજજી મોટાભાઈ તથા શેઠ માણેકજી લીમજી બનાજી કે જેઓ થોડા વખતમાં એક બીજાની પછવાડે આએ દુનીઆંમાંથી રવાંને થાએઆછે. તેથી આપણા જરતોશતી ટોલાને મોહોટોટોટો લાગોછે તે એકાએક પુરાએ તેહેવું લાગતું નથી—અફશોશ.

[મુંબઇના શમાચાર, ૩૧ મી અકટોબર ૧૮૫૨.]

29th October 1852.

MANECKJEE LIMJEE BANAJEE.—We regret to have to announce the death of Manockjee Limjee, one of the most distinguished of our Bombay Native Merchants, who was also broker to some of the principal English firms. He had been unwell for some time from dropsy and liver complaint, and it was reported more than once during the past week that he was dead. It was only on Saturday morning, however, that he expired,—at the early age of forty-two. Manockjee was in course of retrieving the fortunes of the Banajee family which, by the misfortunes of his uncles, Framjee Cowasjee and Cursetjee Cowasjee in Bombay, and of Rustomjee in Calcutta, had fallen low of late years. Though so young and engaged more extensively than any other man in Bombay in the perilous business of a guarantee salesman, he had, by strict attention and a prudent arrangement of his affairs, accumulated a princely fortune.

In public, as in personal matters, he was cautious in what he undertook, but once satisfied as to the right course, he pursued the same with a steadiness of purpose which had the effect of preventing the desertion of many a wavering associate, and these qualities gave promise of his turning out a hopeful and public spirited leader for the better part of young Bombay, in coming years.

The estimation in which he wus held in Bombay by all classes, and persons of various creeds and countries, could barely be examplified to the observer by the hundreds who have, during the last two days, paid their short visit of sympathy to the family, at their residence, Claremout, Bycullah.

[*Bombay Gazette, 1st November.*]

ઈ૦ સ૦ ૧૮૫૩.

17*th February* 1853.

PESTONJEE MEHERJEE.—At Hydrabad, Deccan, on the 17th inst., of Diaryhea, after an illness of 25 days, Pestonjee Merjee Esq. brother of the late Viccajee Merjee Esq. in his 55th year. This event has thrown the family into deep grief.

[*Bombay Gazette, 24th February.*]

તા૦ ૩૦ મી આપરેલ.

રોજ ૭ માહ ૮ (શે૦) ૧૨૨૨ યજદજરદી.

ડાકટર નશરવાંનજી બહુમનજી—હમોને જણાવવાને ઘણી દલગીરી અને શંતાપ લાગે છે કે અતરેની ગરાંટ કાલેજમાં કેલવણી પાંમેલો જુવાન ડાકટર નશરવાંનજી બમનજી થોડા દીવસ શુધીની શકત માંદગી ભોગવેઆ પછી આએ દુનીઆંમાંથી અશબાબ ઉઠાવી મીનોઈ જગોમો પોતાનો વાશો કરી ગએઓ છે. એ ડાકટર નશરવાંનજી આજ છ વરશ થાએઆં ગરાંટ કાલેજના પેહેલ વેહેલા વીદીઆરથીઓની શાથે તબીબનો એલમ શીખવા પછવાડે મંડેઓ હતો અને શરીરે કાંઈક દુબલો હોએઆથી તથા બીજી અડચણને લીધે તેહેનાથી પોતાના ભાઈબંદ વીદીઆરથીઓની શાથે ગએ વરશ શનદ મેલવવાની પરીખશામાં પાર ઉતરાઈઉં નહી તેથી ગએ વરશે તેહેને એટલીતો અતીશે મેહેનત કરી કે તેથી આજ તરણ માશ થાએઆ માંદગીએ તેહેની ઉપર શકત અશર કરી હતી તે છતાંપણ ગએઆ આપરેલ મહીના શુધીમાં તેણે કશટ કરી તબીબનું કાંમ કરવાને ગરાંટ કાલેજની છેલી પરીખશાને વખતે શનદ મેલવી હતી. પણ હમોને તેમજ તેહેના બીજા મીતરોને માઠાં ભાએગને લીધે હેવું જોવામાં આવેચ કે છ વરશ શુધી ભારે મેહેનતથી જે અગતની અને આદમીનું દુખ ટાલનારી વીદીઆ તેઓએ મેલવી હતી તે છ દીવશબી તેહેને અને તેહેનાં કુટુંબને કામ લાગી નહી—મોતે પોતાની જાલમ ચુંગાલ તે જુવાન અને ઉમેદવાર ડાકટરનાં પેઆરા જીવના ઉપર નાખી અને ગએઆ શનવારની રાતરે તેહેને તેહનાં કુટુંબ અને મીતરોના હાથમાંથી છીનવી લીધો.

ગરાંટ કાલેજમાં જે જે જુવાન વીદીઆરથીઓ તબીબનો એલમ શીખેઆછે તેઓમાં મી૦ નશરવાંનજી એક અછો આદમી હતો. તેહેની પાશે ઓતમ એલમ શાથે દએઆલુ દીલ—નરમ શવભાવ—નીતીની સુચનાં અને મીતરાઈને લાએકનાં શલુક હતા. તેહેના હેવા ગુણથી તેહને પોતાને અને તેહેનાં પરીવાર તથા મીતરોને ભારે ફાએદો થાવાની ઉમેદ રાખવામાં આવતી હતી તે વેલાએ આદમી જાતનાં દુશમન મોતે એવોતો ગજબ એ શરવે કોઇનાં ઉપર ગુજારેઓચ કે તે ઘણું શુધી મનથી મુકવો અને હઈઆંથી વીશરવો મુશકેલ છે. આએ દુનીઆંની ઉમેદ હેવી આંધલીછે અને શરવે કોઇની પાએદારી હેવી શક ભરેલીછે.

[શારત ગોફતાર, ૮ મી મેએ ૧૮૫૩.]

30*th April* 1853.

DR. NASSERWANJEE BOMANJEE.—At 10 p. m. on Saturday the 30th ultimo, Dr. Nasserwanjee Bomanjee, one of the successful Graduates that obtained their Diplomas only a fortnight since, and a Member of the Masonic Fraternity, a young gentleman of the most promising parts, aged 26 years, of consumption, caused by over-exertion in the prosecution of his late intense studies; sincerely regretted by all his fellow Students and Graduates, and by such of the community as had the pleasure of his professional acquaintance, to whom he had endeared himself no less by his unobtrusive manners and disposition than by his affability and respectful carriage,—leaving his most unfortunate aged parents in humble circumstances, a disconsolate wife, an infant son, and a large circle of

friends, to lament his premature and irreparable loss, occasioned by the ruthless hand of Death.

[*Telegraph and Courier, 3rd May.*]

તા૦ ૧૪ મી આગશટ.

રોજ ૨૩ માહ ૧૧ (શે૦) ૧૨૨૨ યજદજરદી.

નશરવાંનજી માણેકજી પટેલ, ઉમરશના—ખબર આપવાને દલગીર છઈએ કે ઉમરાના પટેલ માણેકજીનો છોકરો નામે નશરવાંનજી જેણે ખરીશટી ધરમ શવીકાર કરી પાછો પારશી ધરમમાં આવેઓ હતો તે અથવા જે આપણા શખી નામદાર શર જમશેદજીની પારશીઓને શારૂં કાડેલી અનતરેની ઈંગરેજી ઈશકુલનો માશતર હતો તે ઘણાએક મહીનાંની લાંબી પીડા ભોગવીને ગએઆ રવીવારે રાતનાં મરણ પાંમો છે. એ મરનાર ઘણાજ શાંત શભાવનો તથા ખબરદાર હતો. તેના જુવાનીમાં આશરે વીશ વરશની ઉમરે મરણથી તેનાં કુટંબમાં ભારે શંતાપ ઉપજો છે.

[શુરત શમાચાર ઉપરથી
જામે જમશેદ, ૨૩ મી આગશટ ૧૮૫૩.]

તા૦ ૨૪ મી શપટેમબર.

ગાથા ૪ (શે૦) ૧૨૨૨ યજદજરદી.

ભીખાજી બહુમનજી શેઠ, સુરતના—ખબર આપવાને હમોને મોટી દલગીરી લાગેચ કે શ્રી શુરતવાલા નાંમીચા શેઠીઆ અને મોટી વખાંણ પાંમેલા અકાબર અંગ્રીઆરૂ શેઠ મનચેરજી ખોરશેદજીના ભતરીજાના છોકરા અંગ્રીઆરૂ શેઠ ભીખાજી બહમનજીએ ચાલતા મહીનાંની તારીખ ૨૫ મીને દીને શ્રી શુરત મધે પોતાની હવેલીમાં ૭૫ વરશની વએમા આએ તરણ પાંચ દાહડાની ખોટી અને વગર ભરોશાની જંજાલી આલમને છોડીને વઈકુંઠવાશી આકાશી લોકોમાં કુચ કરીછે. શ્રી શુરતમાં બેહેશતી શેઠ અરદલજી કાવશજી કે જેહેની દીનદારી અને શારા અખલાકને લીધે તેહેના માંન પામેલા ઉપર કહેલા વડવા શેઠીઆની ઈધાંણી દાખલ જરતોશતી ફીરકામો તેહની હઈઆતી શુધી એક મોટો શીનગાર હતો... તે શીનગારને ઝેબ આપનારા "શેઠીઆ" નો ખેતાબ શ્રી શુરતમો વશનારા પારશીઓમોથી એ બેહેશતી શેઠ ભીખાજીના ગુજરવાથી તદન નાબુદ થએલો જાંણીને શું અનતરેના કે શું બાહેરના દેશાવરવાલા જરતોશતીઓને નાખુશી ઉપજેઆવનાં રેહનાર નથી. બેહેશતી શેઠ ભીખાજીએ પોતાના છેલા વડવા શેઠ અરદલજીનાં મરણ પછે પોતાના જાતભાઈઓ શાથે હેવીતો ઓતમ ચાલ ચલાવી હતી કે તેણે પોતાની પછવાડે આએ ઘરથી ઉપર કોઈ એકને બી પોતાનો શતરૂ નહી કરેઓ હશે. એ મરનારના ગુજરવાથી શ્રી શુરતના પારશીઓમાં જેહેવી નાખુશી ઉપજી હોએ તેહેવીજ દલગીરી એ મરનારના અનતરેના જાંણ પીછાંણવાલા લોકોમો ઉપજેઆ વનાંએ રેહેનાર નથી.

[જામે જમશેદ, ૧ લી અકટોબર ૧૮૫૩.]

તા૦ ૨૯ મી નવેમબર.

રોજ ૫ માહ ૩ (શે૦) ૧૨૨૩ યજદજરદી.

હોરમજજી બહુમનજી શેઠના—ખબર આપવાને હમોને ભારે દુખ અને મોટા શંતાપ ઉપજેચ કે અંગ્રીઆરૂ શેઠ હોરમજજી બહમનજીએ થોડા દીવશનાં માંદમાં આશરે ૭૧ વરશની વએમાં આએ વગર ભરોશાની અને ખોટી આલમને છોડીને ગઈ કાલે શાંજનાં પાંચ કલાકને અમલે વઈકુંઠવાશી લોકોમાં જાઈ વાશો કીધોછે. એ મરનાર પોતાના બાપદાદાથી અથોરનાંનના ટોલાનો વડો અને માજદીઅશની દીનના લોકોનો એક ખાશ મીતર હતો. એ મરનાર શવભાવનો ઘણો ધારો—માએઆલુ—શંનશારનાં કાંમની જોગવાઈનો રાખનાર અને નાચલા શાથે નાંચલો અને મોટા શાથે મોટો હતો. શ્રી શુરતવાલા નાંમીચા અકાબર શેઠ રૂશતમ માંણેક કે જેહનાં શારાં કાંમની મોટી ઈઆદગારી આજ દોડશો વરશ થાએઆં પારશી ટોલાના લોકોમાં રેહેલીછે તે નાંમીચા શખશનાં ખાંનદાંનમાં એ મરનાર એક શારી ઈઆદગારીવાલો પુરશ હતો. એ મરનારે પોતાની ઘણીખરી વએ શંનશારનાં કાંમથી અલગ રહીને પરમેશવરની ભગતી અને તેહ-

વાંજ બીજાં નેક કાંમમાં ગુજારી હતી તેથી એ મરનારને પારશી ટોલાનાં લોકો મોટું માંન આપતા હતા. એ મરનારનાં ગુજરવાથી શેઠ ખાંનદાંનનાં નાંમીચાં વંઉશમાં એ મરનારના જેહવો શેઆનો અને રૂરી બુધીનો કોઇ બીજો પુરૂશ રહેઓ હોએ હેવું હમારેથી કહી શકાતું નથી.

[જામે જમશેદ, ૩૦ મી નવેમબર ૧૮૫૩.]

29th November 1853.

HORMASJEE BOMANJEE SETTNA.—We regret to hear of the death cf an aged and respected member of the Parsee Punchayet, Hormasjee Bomanjee Shet Khandan, whose remains were carried to the Tower of Silence yesterday morning. The ancestors of the deceased had been famous for several generations at Surat, as public benefactors. They had built wells and tanks, and cherished the poor. Yesterday was kept as a holiday in the Schools of the Punchayet, out of respect to the memory of the deceased.

[*Bombay Gazette*, 1*st December*.]

ઈ૦ સ૦ ૧૮૫૪.

તા૦ ૧૭ મી જાનેવારી.

રોજ ૨૪ માહ ૪ (શે૦) ૧૨૨૩ યજદજરદી.

આ૦ શાપુરજી દોરાબજી વાછા—મરતીઉકની ટીપમાં વધારો કરતાં હમોને દલગીરી લાગેછે કે પારશી પનચાએતનો ઘણો જુનનો અને શરવે પાંતીએ માહીતકાર મોબેદ શાપુરજી દોરાબજી વાછાએ થોડાએક દીવશની માંદગી ભોગવેઆ પછે આશરે તોંતેર વરશની વએમાં ગએઆ મંગલવારને દીને અતરેથી અશબાબ ઉઠાવીને આકાશવાશી લોકોમાં જાઈ વાશો કરેઓછે. એ મરનાર શખશે આશરે ૩૩ વરશ શુધી મુંબઈની પારશી પનચાએતની ચાકરી શારી પેઠ બજાવી હતી. એ ઘરહશથ ઘણો શહમજુ અને ડાહેઓ પુરૂશ હતો તે શારૂં તેહેનાં મરણથી જેમ તેહેનાં કુટમબીઓને ઓચંમબો લાગો હોએ તેમજ તેહના દોશત આશનાવોનેબી દલગીરી ઉપજી આવી હોએ.

[જામે જમશેદ, ૧૯ મી જાનેવારી ૧૮૫૪.]

તા૦ ૧૨ મી ફેબરવારી.

રોજ ૨૦ માહ ૫ (શે૦) ૧૨૨૩ યજદજરદી.

આ૦ જીવાજી હોરમજજી સીનોરના, શુરત મધે કોલેરાના દુશટ રોગે પોતાનો દેખાવ દીધોછે અને પરાંણીઓના જાંનની ઘડીપલમાં હાંણી કરેછે. હમારો લખનાર મોટી દલગીરી શાથે જણાવેછે કે શુરતના નાંનપરાના ચોકી મોહલાની દરેમેહરવાલો પંથકી આ૦ જીવાજી હોરમજજી કે જેહેને શીનોરના જીવાજીને નાંમે શુરતની વશતીનો મોટો ભાગ ઓલખેછે તે ઘણી ઉપલી તારીખે શહવારનાં એકાએક મરણ પાંમેઓછે.

[જામે જમશેદ, ૧૯ મી ફેબરવારી ૧૮૫૪.]

તા૦ ૧૪ મી ફેબરવારી.

રોજ ૨૨ માહ ૬ (ક૦) ૧૨૨૩ યજદજરદી.

ખરશેદજી દોરાબજી બંગાલી—લખવાને દલગીરી લાગેછે કે મુમબઈ મધે વશનારો શરવેને જાંણીતો ખરશેદજી દોરાબજી બંગાલી ગેઈ કાલ દીને શહવારનાં આશરે ૧૧ કલાકને અમલે આ શાત પાંચ દીવશની માએઆવાલી દુનીઆંમાંથી નીકલીને આકાશવાશી લોકોમાં જાઈ વશેઓછે. એ ઘરહશથનાં મરણથી હેનાં કુટમબમાં તથા દોશત આશનાવોમાં દલગીરી ઉપજી આવી હોએ કારણ કે એ ઘણી શારી આબરૂ ધરાવતો હતો.

[જામે જમશેદ, ૧૫ મી ફેબરવારી ૧૮૫૪.]

તા૦ ૭ મી મારચ.

રોજ ૧૩ માહ ૬ (શે૦) ૧૨૨૩ યજદજરદી.

આ૦ બરજોરજી બેહરાંમજી કકલીઆ, શ્રી નવશારીથી ચાલતા મહીનાની તારીખ ૮ મીનો લખેલો એક પતર અતરે આવેઓછે તે ઉપરથી જોએઆમાં આવેછે કે શ્રી નવશા-

રીના ગલેશર ફરીઆની દરેમેહેરવાલા વડા પંથકી મોબેદ બરજોરજી બેહરાંમજી કકલીઆએ ૮૫ વરશની વએમાં રોજ ૧૩ મે ને માહા ૬ ઠેને દીને આ ફાંની દુનીઆંમાંથી અશબાબ ઉઠાવીને શવરગવાશીઓમાં જાઇ વાશો કીધોછે. એ મરનાર શારી આબરૂવાલો અને દીનઆ-ઈનનાં કામમાં માહીતકાર તથા મોહબાદાર તથા દુરઅંદેશ પુરશ હતો વાશતે હેનાં મરણથી એખલાં હેનાં કુટમબમાંજ નહી પણ શ્રી નવશારીની આખી વશતીમાં અને તેમજ શુરત અને મુમબઈ માંહેલા હેના પીછાંણવાલાઓમાં દુખ ઉપજીઉં હોએ.

[જામે જમશેદ, ૧૪ મી મારચ ૧૮૫૪.]

તા૦ ૧૩ મી મારચ.

રોજ ૧૯ માહ ૬ (શે૦) ૧૨૨૩ યજદજરદી.

રૂસતમજી એદલજી વાડીઆ, સુરતના—લખવાને દલગીરી લાગેછે કે શ્રી સુરતવાલા શેઠ એદલજી હીરજી વાડીઆના વડા છોકરા ભાઇ રૂશતમજી એદલજી વાડીઆએ કોલેરાના દુશટ મરજથી ચાલતા મહીનાની તારીખ ૧૩ માને ગએઆ શોમવારને દીને શવારનાં શાત કલાકે આશરે વરશ ૫૦ ની વએમાં આ ફાંની દુનીઆંથી નીકલીને આકાશવાશી લોકોમાં જાઈ વાશો કરેઓછે. એ મરનાર શખશ ડાહેઓ, અકલમંદ, ધીરા શવભાવનો, મીલનશાર અને એકમારગી હતો. વાશતે હેનાં મરણથી હેનાં માંનવંનતાં કુટંમબમાં ભારે દલગીરી ઉતપન થાઇછે. એ મરનાર પુરશને રવીવારને દીને કોલેરા થાએઓ હતો અને શોમવારે શહવારનાં તે દુશટ મરજથી એ શેઆંણા પુરશનું મરણ થાઈઉંછે.

[જામે જમશેદ, ૧૬ મી મારચ ૧૮૫૪.]

તા૦ ૨૭ મી મારચ.

રોજ ૩ માહ ૮ (ક૦) ૧૨૨૩ યજદજરદી.

હોરમજજી ફરાંમજી હકીમજી—ગએઆ શોમવારને દંને પાછલી રાતનાં ૪॥ કલાકને અમલે થોડા દાહાડાના શેહેજ માંદમાં આશરે ૮૫ વરશની વએમાં પારશી હોરમજજી ફરાંમજી હકીમજીએ આએ વગર ભરોશાની આલમમાંથી નીકલીને આકાશી લોકોમો વાશો કરેઓ છે. એ મરનાર ઘણા શાહેશત તથા એકમારગી અને તે શાથે બંદગીઓર હતા તેથી એ ધરહશતને ઘણાએક સાહેબો શારી હોરમત આપતા હતા.

[જામે જમશેદ, ૩૦ મી મારચ ૧૮૫૪.]

તા૦ ૨૮ મી મારચ.

રોજ ૪ માહ ૭ (શે૦) ૧૨૨૩ યજદજરદી.

ખરશેદજી રૂસતમજી બાઈસ—ગએઆ મંગલવારને દંને રાતનાં ૩ કલાકને અમલે એકાએક કોલારાના રોગથી આશરે ૫૭ વરશની વએમાં પારશી ખરશેદજી રૂશતમજી બાઇશનાં આએ તરણ પાંચ દાહડાની ખોટી માએઆની આલમમાંથી નીકલીને શદાની શાચી અને આકાશી આલમમાં વાશો કરેઓ છે. એ મરનાર જો પણ મુગો તથા બેહરો હતો તોપણ લખવા પઢવાનાં કામમાં અને તેહેમાં અગત કરીને ગુજરાતી નામાંમો શારી પેઠ વખાણાંએલો હતો. એ મરનારે પોતાની ઘણીખરી વએ વેપાર વણજનાં કાંમમાં ગુજારી હતી તેથી અતરેનાં તથા બાહેરનાં દેશાવરો ખાતે વશનારા ઘણાએક વેપારીઓ શાથે એ મરનારને ગાંઠ પડી હતી, પણ એ મરનારની ચોખખી દેઆંનતને લીધે એકબી વેપારી શાથે એ મરનારને વાંધો પડેઓ હોએ હેવું શાંભલેઆમો આવેઉં નથી. એ મરનારનાં અચબુચ મરંણથી તેહેનાં કબીલામો તથા તેહેનાં બેહદ દોશત આશનાઓમાં એક મોહોટી નાખુશી ઉપજીછે.

[જામે જમશેદ, ૩૦ મી મારચ ૧૮૫૪.]

તા૦ ૩૦ મી મારચ.

રોજ ૬ માહ ૭ (શે૦) ૧૨૨૩ યજદજરદી.

મેહરવાંનજી જીજીભાઈ—લખવાને અતીશે દલગીરી અને ભારે શંતાપ લાગેચ કે આપણી ટાપુનાં નામીચા અને શરવેને જાણીતા ગરહશથ શેઠ મેરવાંનજી જીજીભાઇની ઉપર કોલેરાના દુશટ અને ઘાતકી મરજે હોમલો કરેઆથી એ ધણીએ આશરે ૧૮ કલાકની શખત માંદગી ભોગવીને પોતાનો પરાંણ પોતાના પેદા કરનારને હવાલે કીધો છે. હમોને જે

ખબર મલીછે તે ઉપરથી હેવું જાણેઆમો આવેઉંચ કે ગએઆ બુધવારને દીને રાતનાં એ ગરહશથ પરેલથી ખાંણુ ખાઇને પોતાને ઘેર આવેઓ હતો અને તેજ દીને રાતનાં એક કલાકને અમલે ઉપલા ઘાતકી મરજે એ મરનાર ઉપર હોમલો કીધો તેથી ઉપર જણાવેઆ પરમાંણે ૧૮ કલાક શુધી માંદગી ભોગવીને એ બચારાએ ગઈ કાલ દીને રાતનાં આશરે શાત કલાકને અમલે પોતાનો પરાંણ છોડી શવરગી લોકોમાં જાઈ વાશો કીધોછે. આએ માહા તથા દુખ ધરવાજોગ બનાવનો અટકાવ કરવાને શારૂં તહરેવાર ડાકટરોએ જેટલી બને તેટલી કોશેશો કરવામાં કાંઈ બાકી રાખેઉં નહી હતું પણ પરવરંદગારના હોકમ આગલ કોઈનું ચાલેઉં નહી. એ મરનાર આપણા ટોલાના આગલા નાંમીચા અને માનવંત અકાબર શેઠ જીજીભાઈ દાદાભાઈ મુગાજીનાંનો વડો છોકરો થાએ અને હેની વએ ૪૬ વરશની કેહેછે. એ મરનારની સાથે જેવો વેહવારમાં અથવા શંબંધમાં આવેઆ હતા તે શઘલાવો એ મરનારનાં શારા ગુણો અને તેહની વખાંણવા લાએક ખુબીથી ઘણી તારીફ કરેછે—અને એ મરનાર આપણાંટોલામાં એક નાંમીચો અને આબરૂદાર ગરહશથ ગણાતો હતો. કેહવાને ભારી શંતાપ લાગેચ કે એ મરનારનાં મરણથી તેહનાં બોહોલાં કુટંમબમાં અને દોશતોમાં હેવુંતો દુખ ઉપજેઉંચ કે તે એકાએક મનથી મેલવું અને હઈઆંથી વીશરવું મુશકેલછે.

[જામે જમશેદ, ૩૧ મી મારચ ૧૮૫૪.]

તા૦ ૨૩ મી આપરેલ.

રોજ ૩૦ માહ ૮ (ક૦) ૧૨૨૩ યજદજરદી.

દસ્તુર રૂસતમજી કેકોબાદજી મુલ્લાં ફીરોજના—ગીઆ આઇતવારે કદમીના દશતુર મુલાં રૂશતમજી કેટલાક મહીનાની શખત માંદગી ભોગવીઆ પછી આ દુનીઆં છોડી ગએઆ. એ મરનારનાં બોહોલાં કુતંબને તથા તેના દોશત આશનાવોને એ મરણથી ભારી દલગીરી ઉપજી હતી. એ ધણી જો કે એના કામેલ કાકા જેટલી એલંમ તથા ખબરદારી નહી ધરાવતો હતો તોબી એનામાં એ ખુબી હતી કે કેટલીએક બાબદ પોતાની શાધારણ અકલે જોઈ શકતો હતો. દશતુરોની બેવકુફાઈ અને હઠીલાઈ એનામાં જોવામાં નહી આવતી હતી અને કેટલીએક બાબદ તે મુગું રેહવાને નેક જાણતો હતો. પોતાની નબલી કાએઆને લીધે છેલાં કેટલાંએક વરશવેર એ ધણીને જાહેર રીતે આવવાનું બનીઉં નહી હતું તોબી જેઓ એને ઓલખેચ તેઓ કેહેચ કે ફારશી ભાશામો તેને ઘણી શારી માહીતગારી હતી. એ ધણી ઘણો માએઆલુ અને રાંક હતો અને એની મીલનશારી ઘણા શખશોના જોએઆમાં આવી હશે. પાછલા દાહાડામાં દેહનાં દુખ શેવાએ બીજી તરેહનું દુખ પણ તેને જોવું પડીઉં હતું પણ તે શંધું શબર કરી ખમીઉં હતું. હાલ એનાં બેશમાંના કેટલાએકો કદાચ પશતાવો કરતા હશે કે મરનાર શાથે તેઓ શારી રીતે ચાલીઆ નહી. એનાં મરણથી એની ખાલી પડેલી જગો કદમાની અનજુમને એના વડા દીકરા અરદેશરને બખશી અને અમુને આશાછે કે દશતુર અરદેશર પોતાનો ઓધો શારાં અને પાક દીલથી તથા અકલ હોશીઆરીથી ચલાવશે.

[રાસ્ત ગોફ્તાર, ૩૦ મી આપરેલ ૧૮૫૪.]

23rd *April* 1854.

Dastur Rustomjee Kaikobadjee Moola Firoz.—The high priest of the Cudmee sect of the Parsee community Moola Rustomjee Kekobad, died on the 23rd instant, at his residence in the Native town. He was aged about sixty years, and was much respected by the laity for his learning, and for his noble and patient disposition. During his life time he had rendered several Persian works into the Guzerati language, and was also the author of some original books. He has left behind him six sons and two daughters, and fourteen grand-children. On the day follow-

ing his death, a meeting of the principal members belonging to the Kudmee sect was held in their fire-temple, for the purpose of electing his successor; when Ardeshir Rustomjee, one of his sons, was elected by an overwhelming majority. It was then unanimously resolved to raise a fund for the purpose of founding a School, in which instructions in the Persian, Pehlvi, and Zend should be given to the children of the priests and of the laity.

[*Bombay Gazette*, *26th April*.]

તા૦ ૨૯ મી આપરેલ.

રોજ ૬ માહ ૮ (શે૦) ૧૨૨૩ યજદજરદી.

વીકાજી મેહરજી—ખબર આપવાને ભારે દલગીરી લાગેચ કે મુમબઈનાં અને દખણનાં લોકોને શારી પેઠે જાંણીતા શેઠ વીકાજી મેહરજીનાં મરણની ખબર મુમબઈ આવી પોંહોતીછે. એ દુખ ભરેલો બનાવ ગએઆ એપરેલ મહીનાંની તારીખ ૨૯ માને દીને દખણ હેદરાબાદમાં બનેઓછે. શેઠ વીકાજીની વએ ૭૧ વરશની હતી. એ મરનાર શેઠ ઘણોજ ધરમાતુ—શખી અને દએઆલુ દીલનો ગરહશથ હતો અને તેણે અગીઆરીઓ તથા પુલો તથા ધરંમશાલાવો તથા દખમાં બાંધેઆંછે—અને એ પરમાંણે એ ગરહસથે કીધેલાં કાંમોથી તેહની યાદગારી લાંમબી મુદત શુધી રેહેશે. એ મરનાર ગરહશથનાં શવભાવની તથા અકલ હોશીઆરીની ઘણી વખાંણ કરેઆમાં આવેછે. હમો ધારીએચ કે શેઠ વીકાજીનાં મરંણની ખબર શાંભલેઆથી ઘણાએક પારશીઓને દલગીરી ઉપજશે અને તે મરનાર ગરહસથનાં બોહોલાં કુટંમબનેતો એટલું દુખ ઉપજેઉં હશે કે તે મનથી મેલવું અને હઈડાંથી વીશરવું મુશકેલછે. શેઠ વીકાજી વીશે હેવું જણાવેઆમાં આવેઉંચ કે તેહનાં માએ બાપ ગરીબ હતાં પણ આબરૂવાલાં હતાં અને તેહનાં વડવાઓ થાંનાં જીલ્લામાં તારાપોરનાં પટેલ હતા. તે વેલાએ ઉપલો જીલલો પેશવાના હશતકમાં હતો. શેઠ વીકાજી ૧૬ વરશની જુવાંન વએમાંથી દુનીઆંદારીના ધંધામાં પડેઆ હતા અને તે વેલાએ પોતાના કાકાની શાથે પુને ગએઆ હતા. તાંહાં તેવણે પોતાની હોશીઆરી અને અકલને કાંમે લગાડીને પોતાની હાલતને ઘણી શુધારી હતી. એક નાધલા ધંધાદારની હાલતમાંથી એ ગરહશથ પેહલલે વાંધેનો શરાફ થાએઓ હતો અને તેથી કરીને તેહને શેઠ ખરશેદજી મોદીની શાથે ઓલખાંન થાઈ હતી કે જે ઓલખાંનથી પેશવાનાં છેલલા રાજાની દરબારમાં શેઠ વીકાજીનો કાંહએક વગ થાએઓ હતો. પેશવાનું રાજ ભાગી પડેઆં પછે શેઠ વીકાજીએ મુમબઈમાં પોતાની પેહડી કાહાડી હતી પણ શને ૧૮૪૭—૪૮ નાં વરશમાં વેપારને જે જે મોહોટી નુકશાંની થાઈ હતી તે કાલમાં તે પેહડી ભાગી પડી હતી. આખી મુમબઈની પરેશીડેનશીની ખુશકીની જગાતનો ઈજારો કેટલાંએક વરશ શુધી શેઠ વીકાજીની પાશે હતો તે ઈજારો જેહવારે શર ચારલશ ટરેવેલીઅંનની ભલાંમણ ઉપરથી લારડ વીલીઅમ બેનટીનકે હેવી જગાત કાહાડી નાંખવાનો ધારો પશાર કરેઓ હતો તેહવારે શેઠ વીકાજીનાં હાથમાંથી ગએઓ હતો. વીકાજીનાં કેટલાએક દોશતોની શલાહથી એ ગરહશથે નીજાંમની શાથે નાણાંનો વેહેવાર ચલાવેઓ કે જેથી કરીને પછવાડેથી કેહવાં માઠાં ફલ નીપજેઆં અને એ નાંમીચા ગરહશથને તથા તેહનાં કુટંબને કેટલી નુકશાંની થાઈ તે વીશે હમારા વાંચનારાવો કાંઈ અંનજાંણા નથી તેથી એ બાબદ ઉપર આએ વેલાએ વધારે બોલવાની જરૂર નથી. હેવું જણાવેઆમાં આવેઉંચ કે આપણી ટાપુનાં રૂઉનાં વેપારની બાબદમાં પણ એ મરનાર ગરહશથના આપણ ઘણાએક આભારી છઈએ. કાંએજે શ્રી બીરારનાં મુલકનાં એતરો મધે એ ગરહશથે પેહલલો શંધેશો ચલાવેઓ હતો. એ ઉપરાંત એ મરનાર ગરહશથનાં ઉદીઓગપણાં વીશેનું તથા તેહની શખી અને ધરમાતુ ચાલનું ઘણું બએઆંન થાઈ શકે. આએ વેલાએ હમો એટલું કેહવાને ચુકતા નથી કે શેઠ વીકાજીનું નીજાંમ ઉપરનું

શઘલું લેહણું વશુલ થાઈ શકતે તો એ ગરહ-શથની પેહડીના માંગનારાવોને પુરેપુરાં નાણાં મલેઆ વનાં રેહેતે નહી.

[જામે જમશેદ, ૬ ઠી મેએ ૧૮૫૪.]

29th April 1854.

VICCAJEE MEHERJEE.—We regret to announce the death of Vecajee Merjee Esq. at Hydrabad (Deccan) on the 29th April last. He had attained the good old age of seventy-one years. He was one of the leading members of the Parsi community in his time. He was born of poor though respectable parents. His ancestors were Patells of Tarapore in the Tannah Collectorate, then belonging to the Peshwas. He commenced his career at the early age of sixteen, having accompanied his uncle to Poona on business. Here ample opportunities were offered him for the development of his eminently practical talents and shrewd intellect. From a petty trader he gradually rose to the high position of a first-class Banker, and became in consequence the intimate friend of the celebrate Khurshedji Mody, which led to his introduction to the courtly circle of the last of the Peshwa's Government, Vecajee established his firm at Bombay, which continued to flourish till the crisis of 1847-48, when it failed. The transit duty of nearly the whole of the Bombay Presidency had been formed out to him for many years till its abolition by Lord William Bentinck at the suggestion of Sir Charles Trevelyan in 1836. At the recommendation of some of Vecajee's European friends, he entered into pecuniary transactions with the Nizam's Government, the history of which is well known. The Cotton Trade of this island is in a great measure indebted to the enterprizing individual, who was the first to open up communications with the extensive cotton fields of Berar. He was a kind hearted and generous man, and free from all caste prejudices. He had built many Dhurumshalas, Tower of Silence, and Fire-Temples in different parts of the Deccan.

[*Bombay Gazette, 5th May.*]

તા૦ ૧૪ મી મેએ.

રોજ ૨૧ માહ ૮ (શે૦) ૧૨૨૩ યજદજરદી.

જાંગીરજી ફરાંમજી દાવર—મરતીઉકની ટીપમાં વધારવાને હમોને દલગીરી લાગેછે કે ગએઆ રવીવારને દીને રાતનાં ૯ કલાકને અમલે શેઠ જાંગીરજી ફરાંમજી દાવરે આસરે ૭૨ વરશની વએમાં આએ જુઠી જગતમાંથી પોતાનો અશબાબ ઉઠાવીને શાચી દુનીઆના આકાશી લોકોમો જાઇ વાશો કીધોછે. એ ઘરહશથ પારશીટોલાના આગલા માનવંત અકાબર શેઠ ફરાંમજી નાનાભાઈ દાવરનો વડો છોકરો થાએ અને એ શવરગવાશી શેઠે પણ ઘણું એક શુધી અકાબરીનો માંન ભરેલો ઓહોદો શારી ઇજત શાથે બજાવેઓ હતો. પણ આંખનાં દરદને લીધે આજ લાંમબી મુદત થાઈ શંશારનો શઘલો કારભાર છોડીને એ મરનારે પોતાના આઈ-ઉશના બાકી રહેલા દાહડા પરમેશવરની ઇબાદ કરવામાં ગુજારેઆ હતા. એ મરનાર ધીરા શવભાવનો—નમનતાઈ ભરેલો અને એકમા-રગી પુરશ હતો. એ મરનારનાં ગુજરવાથી હેનાં બોહલાં કુટમબમાં મોટી દલગીરી પેદા થાઇછે.

[જામે જમશેદ, ૧૬ મી મેએ ૧૮૫૪.]

તા૦ ૨૧ મી મેએ.

રોજ ૨૮ માહ ૯ (ક૦) ૧૨૨૩ યજદજરદી.

રતનજી ફરાંમજી બાટલીબોઈ—જાહેર કરવાને હમોને મોટી દલગીરી ઉપજેછે કે શેઠ રતનજી ફરાંમજી બાટલીબોઇનાંએ આશરે ૭૦ વરશની વએમાં આએ ખોટી અને વગર ભરો-

શાની આલમને છોડીને શાચી અને શુખ-વાશી આકાશી આલમમાં ગેઈ કાલ દીને શહ-વારનાં ૮ કલાકને અમલે કુચ કરીછે. એ મર-નારે પોતાની ઘણી ખરી વએ વેપાર વનજનાં કાંમમાં ગુજારી હતી અને તે સાથે જીવનો ઉદાર અને મનનો ભોલો તથા શરવે શાથે મીલન-શાર હતો તેથી એ મરનારે ઘણાએક લોકોને પોતાના મીતરો કરી રાખેઆ હતા. એ મર-નારના ગુજરવાથી તેહનાં બોહલાં કુટંમબમાં તથા દોશત આશનાંવોમા જે મોટો શંતાપ ઉપજે-ઓછે તે શંતાપને એકેદમ વેગલો કરવાને કાંઈ એક અડચણ જોહેવું લાગશે.

[જામે જમશેદ, ૨૨ મી મેએ ૧૮૫૪.]

તા૦ ૩૦ મી મેએ.

રોજ ૭ માહ ૯ (શે૦) ૧૨૨૩ યજદજરદી.

જમશેદજી રૂસતમજી મોદી—હમોને જણાવવાને ભારે દલગીરી લાગેછે કે આપણી ટાપુમાં શરવેને જાંણીતા ભાઇ કુવરજી રૂશતમજી મોદીનો ભાઈ જમશેદજી રૂશતમજી મોદી ગેઇ કાલ દીને શાંજરે આશરે ૭ કલાકને અમલે આ જુઠી અને વગર ભરોશાની દુનીઆંમાંથી નીકલીને આકાશવાશી થાએઓછે. હેવું કેહેછે કે એ મરનાર પુરશને ગેઇ કાલે પેહલા પોહ-રનાં ૧૧ કલાકને અમલે કોલેરાનો દુશટ મરજ લાગુ થાએઓ હતો. તેહને દરે કરવાને કીજે ઘણાખી ઉપાએ કીધામાં આવેઆ હતા પણ તે શગલી મેહનત વેઅરથ ગેઇછે અને એજ દીને શાંજરે ૭ કલાકને અમલે એ મરનારે આશરે ૨૬ વરશની વએમાં પોતાનો પરાંણ પોતાના કીરતારને હવાલે કીધોછે. એ મરનાર પુરશ ઘણો ડાહેઓ, અકલમંદ, શાહલેશ અને નમનતાઈ ભરેલો પુરશ હતો. અને અતરેની એલફીનશટન નેટીવ ઈનશટીટીઉશન કાલેજની કોટ મથેની બરાંચ ઈશકુલનો એક શીકશક હતો. તે જગોએ એ મરનારે શારૂં માન મેલ-વીઉંછે. એ મરનારનાં મરણથી હેનાં કુટમબમાં તથા દોશત આશનાવોમાં મોટું દરદ ઉપજીઉંછે કે જે મનથી મેલવાને અને હઈડાંથી દુર કર-વાને ખરેખર અડચણ ભરેલું થાઈ લાગશે.

[જામે જમશેદ, ૩૧ મી મેએ ૧૮૫૪.]

તા૦ ૧ લી જુન.

રોજ ૯ માહ ૯ (શે૦) ૧૨૨૩ યજદજરદી.

પેશતનજી જમશેદજી મોતીવાલા—ગેઈ કાલ દીને પાછલા પોહરના તરણ કલાકને અમલે પારશી પેશતનજી જમશેદજી મોતીવા-લાએ તાવના થોડા દીવશનાં માંદમાં આશરે ૬૧ વરશની વએમાં આએ દુખીઆરી આલ-મને છોડીને શવરગવાશી લોકોમાં કુચ કીધીછે. એ મરનાર ઘરહશથ પોતાની જાતી ભલમન-શાઈ અને શારાં શલુખને લીધે ઘણો વખાણા-એલો હતો. એ મરનારે આશરે ૧૧ વરશ શુધી આપણા મુમબઈવાલા પારશી વેપારી શેઠ કાવશજી શાપુરજી લંગડાની શ્રી ચીન ખાતેની પેહેડીમાં એક મુખતેઆર અધીકારી દાખલ મોટાં માન શાથે કામ બજાવીઉં હતું તેથી એ મરનાર શ્રી ચીનના શઘલા વેપારીઓમાં શારૂં માંન ધરાવતો હતો. એ મરનારના ગુજરવાથી હેના એશ કબીલામાં અને અગનીત મીતરોમાં મોટી દલગીરી પેદા થાઇછે.

[જામે જમશેદ, ૨ જી જુન ૧૮૫૪.]

તા૦ ૨૩ મી જુન.

રોજ ૧ માહ ૧૧ (ક૦) ૧૨૨૩ યજદજરદી.

ડોશાભાઈ ફરાંમજી મામા—હમોને ખબર આપવાને દલગીરી લાગેછે કે આપણા મુમબઈવાલા પારશી વેપારી શેઠ ડોશાભાઇ ફરાં-મજી મામાનાએ આશરે ૫૮ વરશની વએમાં ચાલતા મહીનાની તારીખ ૨૩ મીને ગએઆ શુકરવારને દીને આએ દુનીઆંથી અશબાબ ઉઠાવેઓછે. એ મરનાર પોતાની ઈઆદગારીમાં પોતાની પછવાડે ૭ છોકરા અને સાત છોકરી અને એક વીધવા અશતરીને મેલી ગએઓછે.

[જામે જમશેદ, ૨૬ મી જુન ૧૮૫૪.]

તા૦ ૨૮ મી જુલાઇ.

રોજ ૬ માહ ૧૨ (ક૦) ૧૨૨૩ યજદજરદી.

દસ્તુર બેજનજી રૂસતમજી—અમોને જણાવાને દલગીરી લાગેચ કે શેઠ ફરાંમજી કાવ-શજીનાં આતશબેહરાંમના દશતુર બેજનદારૂ રૂશ-તમજી ગીઆ શુકરવારને દીને ગુજરેઆછે. એ દશતુર ઘણોખરો પોતાનાં કામશર એકમારગી

રેહતો હતો અને જોકે તેને ફારશીની માહીતગારી થોડી ઘણી હતી તોબી તેને કાંઈ ગરંથ નથી બનાવીઓ તથા કોઇબી રીતે બાહેર આવીઓ નથી. એક લેખ એ ચાલ દરૂશત છે....

....દશતુર બેજનદારૂમાં શાધારણ અકલ હતી એમ તેઓની શાથના ફરનારાઓ કેહચ અને એને મરતી વખતે જે પોતાનાં ફરજંદોને હોકમ કરી ગીઓ તેથી તેની તારીફ અમારેથી કરેઆ વગર રેહવાતી નથી. હાલના વખતમાં અમો દશતુર એવા માંગીએચ કે તેઓમાં ઓછામાં ઓછી શાધારણ અકલ હોએ, તથા વખતને શમજે અને દુનીઆંની શાધારણ ચીજો તથા બનાવોથી વાકેફ હોએ. પેહલવી તથા જંદ શીખવાને માહાભારત અકલ જોઇતી નથી અને એક વીદીઆરથીની મેહનત એ એલમ હાંશેલ કરવાને બશ છે અને જે ધરમની કેતાબો છે તે શમજવા તથા બીજાઓને શમજાવા તેઓ જો પોતાની જીંદગી ગુજારે તો બશ છે. શાધારણ અકલનો દશતુર બેવકુફ જીતી અને ગુમાની પેહલવીખાં તથા ફારશીખાં કરતાં શો દરજજે બેહતૅર છે. એ મરનાર આપણા ટોલામાં જે માઠા રેવાજો દાખલ થાએઆ હતા તેથી દલગીર હતો. મરતી વખતે તેને પોતાની આગલ પોતાનાં ફરજંદોને પાશે બોલાવી કેટલીએક શીખામણો દીધી અને મોત પછવાડે જે બઈરાંઓ મોટે આવાજે રડેચ તથા કુટેચ તે બંધ કરવા તથા તેજ દીને ઓટલો અને પાંથરણું ઉંચકી નાખવા તથા ઉઠમણું પાછલી રાતનાં કરવા માતરે કેહેઉં એટલુંજ નહી પણ જોએઉં કે રખેને કાંઈ વાંધો પડે તેથી કશમ આપી ગીઓ. અમો ઘણા ખુશી થએઆ કે દશતુર બેજનદારૂનાં ફરજંદોએ પોતાના બાપનો મરતી વખતનો શખુન રાખીઓ.

[રાસ્ત ગોફતાર, ૩૦ મી જુલાઇ ૧૮૫૪.]

તા૦ ૪ થી આગશટ.

રોજ ૧૩ માહ ૧૧ (શેં૦) ૧૨૨૩ યજદજરદી.

ધનજીભાઈ રૂસતમજી વાડીઆ—મરતીઉકની ટીપમાં વધારવાને હમોને મોટો શંતાપ અને ભારે દલગીરી ઉપજેચ કે વાડીઆજીનાં નાંમીચાં ખાંનદાંનના એક વખાણાએલા અધીકારી શેઠ ધનજીભાઈ રૂશતમજી વાડીઆએ આશરે ૫૫ વરશની વએમાં અતેશારના લાંમબા દાહાડાનાં માંદમાં ગેઈ કાલ દીને બપોરનાં આએ જંજાલી આલમને છોડીને શદાની શુખવાશી આલમમાં કુચ કરીછે. વાંહાંણ બાંધવાનાં કાંમમાં વાડીઆજીનું નાંમીચું ખાંનદાંન આખી હીનદુશથાંનમાં અને તેજ પરમાંણે શ્રી ઈઉરોપ ખંડમાં શારી પેઠ વખાણાએલું છે તે વાતથી કોઈ અનજાંણું નથી, પણ એ મરનાર વાડીઆએ વાંહાંણ બાંધવાની કારીગરીમાં હાલના બીજા વાડીઆઓની શાથે ઘણુંજ શારૂં નામ મેલવેઉં હતું. એ મરનાર વાડીઆ એકમારગી અને શેઆંણાં અને તે શાથે ધીરા શવભાવના હતા તેથી ઘણાએક લોકો એ મરનારની શાથે મીતરાચારી રાખવાને ઘણા ખુશી હતા. એ મરનારનાં મરણથી વાડીઆજીનાં ખાંનદાંનમાં તથા એ મરનારનાં દોશત આશનાવોમાં મોટી દલગીરી ઉપજીછે.

[જામે જમશેદ, ૫ મી આગશટ ૧૮૫૪.]

તા૦ ૬ થી આગશટ.

રોજ ૧૫ માહ ૧૨ (કo) ૧૨૨૩ યજદજરદી.

એ૦ દોરાબજી ચાંનદારૂ—હમોને ખબર આપવાને દલગીરી લાગેછે કે મુમબઈ ચાબુક આખબારના માલેક મોબેદ દોરાબજી ચાંનદારૂએ ૭૪ વરશની વએમાં આ ફનાં થાનારી અને વગર વીશવાશની દુનીઆંમાંથી નીકલીને ગએઆ રવીવારને દીને આકાશી લોકોમાં વાશો કીધોછે તેથી કરીને અલબતાં એ મરનાર પુરશનાં બોહલાં કુટમબમાં શંતાપ ઉપજેઓ હોએ—એખલું એજ નહી પણ એ મરનારના દોશત આશનાવોમાં પણ દલગીરી ઉપજી હોએ.

[જામે જમશેદ, ૮ મી આગશટ ૧૮૫૪.]

6th August 1854.

Dorabjee Chandaroo.—On the 5th August, at Agiary Lane, Bombay, Dorabjee Chandaroo, late proprietor of the "Chabook," and father to the present Editor of that Newspaper.

[*Telegraph & Courier, 7th August.*]

તા૦ ૯ મી સપટેમબર.

રોજ ૧૯ માહ ૧૨ (શે૦) ૧૨૨૩ યજદજરદી.

અરદેસર ફરદુનજી પુણેગર—મરતીઉ-ક્ની ટીપમાં વધારવાને હમોને મોટો શંતાપ અને ભારે દુખ ઉપજેચ કે ભાઈ અરદેશરજી ફરદુનજી પુણેકર કે જેઓને ઘણાખરા લોકો દીવેતરીનાં અરદેશરને નાંમે ઓલખતા હતા તેઓએ આશરે ૫૦ વરશની વએમાં અને થોડા દાહાડાનાં માંદમાં ગએઆ શનીવારને દીને રાતનાં આએ વગર ભરોશાની આલમને છોડીને શવરગવાશી આકાશી લોકોમાં કુચ કરી છે. એ મરનાર મુમબઈનાં ઇંગરેજ બજારનાં પારશી વેપારીઓમો એક શુધો, આપઅખતેઆર અને શારી દેઆંનતવાલો પુરશ હતો. એ મરનારનાં ગુજરવાથી તેહેનાં બોહોલાં કુટમબમાં તથા ઘણાએક મીતરોમાં મોટો શંતાપ ઉપજેઓછે તે તેઓને હઇડથી વીશરવો ઘણો મુશકેલ છે.

[જામે જમશેદ, ૧૧ મી સપટેમબર ૧૮૫૪.]

9th September 1854.

ARDASEER FURDOONJEE DEVITRE. We sincerely regret to announce the death of Mr. Ardaseer Furdoonjee, DiVitre, an old, and much respected shopkeeper. The melancholy event occurred at the country house of the deceased yesterday morning.

[*Telegraph and Courier*, 11*th Sept.*]

તા૦ ૧૨ મી અકટોબર.

રોજ ૧૭ માહ ૨ (ક૦) ૧૨૨૪ યજદજરદી.

કાવશજી અરદેસર શાઓર—લખવાને હમોને દલગીરી લાગેચ કે આપણી ટાપુ માંહેલા શાહેરનાં ખાંનદાંનવાલા શેઠ કાવશજી અરદેશરજી શાહેરે આ જુઠી માએઆની દુનીઆંમોથી ચાલતા મહીનાંની તારીખ ૧૨ મીને રોજે પોતાનો અશબાબ ઉઠાવીને શદાની શુખી અને નીરાંતી આલમમાં જાઈ પોતાનો વાશો કીધોછે. એ મરનાર ઘણોજ નમાંનો—ભલમનશાઇ ભરેલો અને અકલમંદ પુરશ હતો તેથા કરીને જેમ હેનાં કુટંમબને તેમજ હેનાં ઇઆર આશનાવ અને મીતરોને ભારે દલગીરી ઉપજી આવીછે.

[જામે જમશેદ, ૧૫ મી અકટોબર ૧૮૫૪.]

તા૦ ૨૮ મી અકટોબર.

રોજ ૩ માહ ૩ (ક૦) ૧૨૨૪ યજદજરદી.

બરજોરજી એદલજી પોંહુચા—પોંહોંચાજીનાં ઘરહશથ ખાંનદાંનવાલા શેઠ બરજોરજી એદલજી કે જેઓને મુમબઈનાં ઘણાખરા જરતોશતીઓ બરજોરજી લોહડાંવાલાને નાંમે ઓલખતા આવેઆછે તેઓએ ગેઈ કાલ દીને પાછલા પોહોરનાં આશરે ૩।। કલાકને અમલે એકાએક આએ જંજાલી દુનીઆંને છોડીને ૭૧ વરશની વએમાં શદાની શુખવાશી આલમમાં કુચ કીધીછે. એ શવરગવાશી જરતોશતીનું મોહોત હેવુંતો અણચીતી રીતે થાઈઉંચ કે તેહેની નોધ હમારાં પતરમાં કરી રાખવાને હમોએ ઘટતું વીચારીઉંછે. ગેઈ કાલે શહવારથી તે એ મરનારનાં મોહોતે શીતાબી કીધી તાંહાંશુધી એ બેહેશતી શાહાજો અને તાજો હતો અને રાબેતા મુજબ આજ દીને વાડીમાં કપડાં બદલવાને વાશતે કપડાંની એક જોરી પોતાની શાથે લેઇને ગાડામાં બેશીને ગેઈ કાલે પાછલા પોહોરનાં જાતો હતો પણ ભાએગ માઠાં તેથી મુમબઈની પાંજરાંપોલની દખણ બાજુનાં દરવાજા શુધી જાઈ પોંહોંતા પછે એ મરનારનો જીવ એકાએક ગારીમાં બીગડી આવીઓ અને તરત એક વાંમીટ કીધું અને તે પછે થોડાવારમાં એ મરનાર હેવીતો માંઠી હાલતમાં આવીઓ કે તેહેને બચવાની કોઈ રીતે આશા રાએઆમાં આવી નહી તેથી તુરત એ મરનારને પાલખીમાં બેશાડીને તે પાલખી ચાર પારશીઓ એ મરનારનાં ઘેર શુધી ઉંચકી લાવેઆ અને પોતાને ઘેર પોંહચતા શુધીમાં એ મરનારે પોતાનો પીઆરો પરાંણ પોતાને પેદા કરનાર કીરતારને હવાલે કરેઓ. આજ લાંમબી મુદત થાઈ એ મરનારને હમો શારી પઠે ઓલખતા આંવીઆ છેઇએ તે ઉપરથી કેહેવાને હમોને બની આવેછે કે એ મરનાર

ઘણો મીલનશાર—શારી દીઆંનતનો—પરહેજગાર અને મોટી અમંનાવાલો પુરશ હતો તેથી ઘણાએક શારી આબરૂવાલા લોકો એ મરનાર ઉપર ઘણો પીઆર રાખતા હતા. હાવા શારા ગુણવાલા શખશનું હાવી અણચીતી રીતે મોત આવીઆથી તેહનાં મોટાં કુટંમબમાં અને અગણીત મીતરોમાં કેહેવું મોટું દુખ ઉપજી આવીઉં હશે તે વીશતારીને લખવાથી હમારૂં હઈડું હમોને પાછા રાખેછે.

[જામે જમશેદ, ૨૯ મી અકટોબર ૧૮૫૪.]

તા૦ ૨૦ મી નવેમબર.

રોજ ૨૬ માહ ૩ (ક૦) ૧૨૨૪ યજદજરદી.

જાંગીરજી કાવશજી પટેલ—હમોને લખવાને દલગીરી લાગેછે કે આપણી ટાપુવાલા શારાં ખાંનદાંનના અને નાંમીચાં કુટંમબના પારશી શેઠ જાંહાંગીરજી કાવશજી પટેલ ગએઆ શોમવારની શાંજરે આશરે ૭૦ વરશની વએમાં આએ ફાંની દુનીઆંમોથી પોતાનો અશબાબ ઉઠાવીને આકાશી લોકોમાં જાઇને વાશો કીધો છે. એ મરનાર પુરશ ઘણોજ રાંક અને એક મારગી હતો અને પોતાના પેદા કરનારની ઇઆદમાં પોતાનો ઘણોખરો વખત રોકતો હતો.

[જામે જમશેદ, ૨૨ મી નવેમબર ૧૮૫૪.]

તા૦ ૯ મી ડીજેમબર.

રોજ ૧૫ માહ ૩ (શે૦) ૧૨૨૪ યજદજરદી.

અરદેસર ફરાંમજી દાવર—લખવાને દલગીરી લાગેછે કે શેઠ અરદેશરજી ફરાંમજી દાવરે ગએઆ શનીવારને દીને આશરે ૬૪ વરશની વએમાં અતરેથી પોતાનો અશબાબ ઉઠાવીને આકાશી લોકોમાં વાશો કીધોછે. એ મરનાર પુરશ અકલમંદ અને ડાહેઓ તથા નમનતાઈ ભરેલો હતો તે વાશતે હેનાં મરણથી હેનાં કુટંમબને તથા દોશત આશનાવોને મોટી દલગીરી ઉપજી આવી હોએ.

[જામે જમશેદ, ૧૨ મી ડીજેમબર ૧૮૫૪.]

9th December 1854.

Ardaseer Framjee Davur.—We have to announce the death on Saturday night, of Mr. Ardaseer Framjee Davur, a well known and highly respectable Parsee merchant. Mr. Ardaseer had attained a green old age full of honours; but his departure from amongst us was quite unexpected until within the last three days. The whole Parsee community testified their respect at 8 o'clock, yesterday morning, by following his remains to the Tower of Silence.

[*Telegraph and Courier*, 14*th Dec.*]

December 1854.

A Centenarian.—A respectable Parsee citizen died the other day at the advanced age of a hundred years. He was in possession of all his faculties to the last, and until a few days before his death, enjoyed good health.

[*Telegraph and Courier*, 20*th Dec.*]

ઈ૦ સ૦ ૧૮૫૫.

તા૦ ૨૬ મી જાનેવારી.

રોજ ૩ માહ ૫ (શે૦) ૧૨૨૪ યજદજરદી.

જમશેદજી હોરમજજી કાબરાજી—ખબર આપવાને હમોને દલગીરી લાગેછે કે શેઠ જમશેદજી હોરમજજી કાંબરાજીના કે જે શખશે આજ આશરે પચીશ વરશની લાંમબી મુદત થાઈ અતરેના લીલાંઉવાલા વેપારી મી૦ રાબર્ટ ફરીથની કમપનીની દુકાંનમાં "કેઆશ કીપર" દાખલ ચાકરી કરીછે તે શખશે આશરે પચાશ દીવશ શુધી માંદગી ભોગવીને આશરે ૪૫ વરશની વએમાં ગેઈ રાતનાં આશરે એક કલાકે આએ ફાંની દુનીઆંમોથી પોતાનો અશબાબ ઉઠાવીને શદાની શુખવાશી દુનીઆંમાં જાઈ વાશો કીધોછે. એ મરનાર પુરશ જાતે ડાહેઓ અને નમાંનો પુરશ હતો તેથી કરીને તેહેના દોશતોમાં અને કુટમબમાં ભારે વશવશો

ઉપજીઓ હોએ. એ મરનાર પોતાનાં નાંમ લેહણાં દાખલ ચાર છોકરાવો મેલી ગએઓછે.

[જામે જમશેદ, ૨૭ મી જાનેવારી ૧૮૫૫.]

તા૦ ૨૬ મી મારચ.

રોજ ૨ માહ ૭ (શે૦) ૧૨૨૪ યજદજરદી.

ડોશાભાઈ ખરશેદજી સુરતી—શેઠ ડોશાભાઈ ખરશેદજી શુરતીએ ચાલતા મહીનાંની તારીખ ૨૬ મી અને ગએઆ શોમવારને દીને આએ ફાંની દુનીઆંમાંથી પોતાનો અશબાબ ઉઠાવીને શદાની શુખવાશી દુનીઆંમાં જાઈ વાશો કીધોછે.

[જામે જમશેદ, ૩૦ મી મારચ ૧૮૫૫.]

તા૦ ૧૧ મી આપરેલ.

રોજ ૧૮ માહ ૭ (શે૦) ૧૨૨૪ યજદજરદી.

મનચેરજી મેહરવાંનજી જીજીભાઈ—લખવાને શંતાપ લાગેચ કે આપણી ટાપુવાલા બેહેશતનશીન શેઠ જીજીભાઈ દાદાભાઈના વડા પુતર શવરગવાશી શેઠ મેહેરવાંનજી જીજીભાઈના છોકરા શેઠ મનચેરજી મેહરવાંનજીએ આએ ફાંની દુનીઆં મધેથી આશરે ચોવીશ વરશની વએમાં પોતાનો અશબાબ ઉઠાવીને થોડા દીવશની માંદગી ભોગવેઆ પછી ગેઈ કાલ દીને પેહેલા પોહરના આકાશવાશી લોકોમાં જાઈ વાશો કીધોછે. એ મરનાર પુરશ હેવોતો નમનો—મીલનશાર—નમનતાઈ ભરેલો—શવભાવીક અને અકલમંદ નીવરેઓ હતો કે તેહેના મરનાર બાપ તથા બપાવાનાં નામને જેબ આપતો હતો. આએ મરનાર પુરશનાં દુખનું નીવારણ કરવાને કીજે શગલી તરફથી અતીઘણી કોશેશ કીધામાં આવી હતી પણ ઈશવરી બનાવની આગલ તે શગલી વેઅરથ ગઈ અને અંતે એ મરનારના પેઆરા પરાંણની ઓહવારી થાઈ કે જે જોવાથી હેનાં બોહલાં કુટમબમાં ભારે દલગીરી અને મોહોટો શંતાપ ઉતપન થાએઓછે. શવરગવાશી શેઠ મેહરવાંનજી જીજીભાઈનાં દુખ ભરેલાં મરણની ઈઆંદદાશતને આએ મરનાર મનચેરજીએ પોતાની શારી ચાલ ચલણથી વીશરાવી નાંખી હતી પણ હેનાં પોતાનાં મરણથી હેનાં મોટાં કુટમબમાં ઉતપન થાએલા ભારે વતવતાને વીશરવો મુશકેલછે.

[જામે જમશેદ, ૧૨ મી આપરેલ ૧૮૫૫.]

11*th April* 1855.

MANCHERJEE MERWANJEE JEEJEEBHOY.—We deeply regret to have to announce the death of Muncherjee Merwanjee, eldest son of the late Merwanjeo Jeejeebhoy. Muncherjee was a young man of amiable disposition, and well known to a large circle of Natives and Europeans. He was broker to the late firm of Messrs. Sillar & Co. of Bombay. This melancholy event took place yesterday morning, and his remains were carried to the Tower of Silence in the afternoon, the funeral procession being attended by several hundreds of relatives, friends and acquaintances.

[*Bombay Gazette, 12th April.*]

તા૦ ૧ લી મેએ.

રોજ ૮ માહ ૯ (ક૦) ૧૨૨૪ યજદજરદી.

નાનાભાઈ બહુમનજી દાવર—લખવાને દલગીરી લાગેછે કે આપણી ટાપુવાલા આગલા વેપારી બેહેશતનશીન શેઠ બરજોરજી નાંહાંનાભાઈ દાવરના નબીરા શેઠ નાંહાંનાભાઈ બહમનજી દાવરે આએ જુઠી માએઆની અને આકેબત ફના થાનારી દુનીઆંમાંથી થોડાએક દીવશની માંદગી ભોગવેઆ પછે આશરે તીશ વરશની વએમાં ગેઈ કાલ દીને રાતનાં આશરે એક કલાકને અંમલે આકાશવાશી લોકોમાં જાઈ વાશો કીધોછે. એ મરનાર પુરશ ઘણો ડાહેઓ—અકલમંદ—નમનતાઈ ભરેલો અને મીલનશાર હતો. અને આપણી ટાપુમાંના લીલાંઉખાંનાંવાલા વેપારી મીશીઆરશ કરાફુરડની કમપનીનો એક ભાગીઓ હતો. એ મરનારે પોતાનાં ડાહપંણ અને અકલથી ઘણીજ શારી હોરમત મેલવી હતી તેથી કરીને હેનાં દુખ ભરેલાં મરણની ખબર વાંચે-

આથી હેનાં દોશત મીતરોને ભારી દલગીરી ઉપજેઆ વીના રેહેશે નહી.

[જામે જમશેદ, ૨ જી મેએ ૧૮૫૫.]

તા૦ ૨ જી મેએ.

રોજ ૯ માહ ૮ (શે૦) ૧૨૨૪ યજદજરદી.

ખરશેદજી રૂસતમજી દેસાઈ, નવસારીના—શ્રી નોશારીના ચાલતા મહીનાની તારીખ ૨ જીના લખેલા પરભાડા કાગલ ઉપરથી જાહેર કરવાને હમોને મોટી દલગીરી લાગેચ કે—શ્રી નોશારીના દેશાઇજીનાં નાંમીચાં અને પુરાતન ખાંનદાંનનાં હાલના વડા દેશાઇજી શેઠ ખોરશેદજી રૂશતમજીએ આશરે ૭૨ વરશની વએમાં થોડાએક દીવશ માંદ ભોગવેઆ પછે ચાલતા મહીનાંની તારીખ ૨ જીને દીને આએ જુઠી અને વગર ભરોશાની દુનીઆંમાથી પોતાનો અશબાબ ઉઠાવીને શદાના શુખવાશી આકાશી લોકોમાં જાઈ વાશો કરેઓછે. એ મરનાર દેશાઇજી જેહેવા ગમભીર અને ચંચલ હતા તેહેવાજ દએઆલુ અને શારા શવભાવના હતા તેથી કરીને એ મરનારે પોતાના ગરીબ ટોલાને શંશારી કાંમમાં પોતાથી બની આવતી મદદ આપેઆને લીધે શરવે કોઇ એ મરનારને મોટું માન આપતા હતા. એ દેશાઇજીનાં મરણથી જેમ એવણનાં બોહલાં કુટમબને તેમજ તેઓના દોશત આશનાવોને તથા પીછાંણવાલા ઘરહશથોને મોટી દલગીરી ઉપજીઆ વનાએ રહી નહી હશે. એ શવરગવાશી દેશાઇજીની ખાલી પડેલી જગો ધારેઆમેલ એવણના ભાઈ દેશાઇજી હોરમજજી રૂશતમજીને આપેઆમાં આવી હશે—કાંએજે હમો શારી પેઠે જાંણીએચ કે દેશાઈ હોરમજજી પોતાના વડવાઓની જગો માંનભરેલી રીતે ચલાવવાને લાએક છે.

[જામે જમશેદ, ૬ ઠી મેએ ૧૮૫૫.]

જુન.

પેશતનજી રૂસતમજી બાટલા—શીગણુપોર ગાંમના એક પારશી નાંમે પેશતનજી રૂશતમજી બાટલાએ ઓદા માલમ કે શું કારણને વાશતે વીખ ખાઇને પોતાનો પરાંણઘાત કરેઓ છે. આએ પારશી એટલોતો શાહલેશ—નમનતાઈ તથા શાચવત ભરેલો અને મીલનશાર હતો કે તેહેનાં મરણની આએ દુખ ભરેલી ખબર શાંભલવાથી જેમ શીગણપોર તેમજ શુરત મધેનાં લોકોમાં ઘણીજ દલગીરી ઉપજી રહીછે.

[જામે જમશેદ, ૮ મી જુન ૧૮૫૫.]

તા૦ ૬ ઠી જુન.

રોજ ૧૪ માહ ૯ (શે૦) ૧૨૨૪ યજદજરદી.

ખરશેદજી એદલજી ધનજીમેહતાના—લખવાને દલગીરી લાગેછે કે શ્રી શુરતવાલા શેઠ ખરશેદજી એદલજી ધનજીમેહતાનાએ એક દીવશના લકવાના મરજથી આશરે છાશઠ વરશની વએમાં ગેઈ કાલ દીને શહવારનાં આએ ફાંની દુનીઆંમાથી પોતાનો અશબાબ ઉઠાવીને શવરગવાશી લોકોમાં જાઇ વાશો કીધોછે. એ મરનાર પુરશ જાતે નમાંનો અને શાહલેશાઈ ભરેલો તથા શારાં ખાંનદાંનનો અને આગલા દાહડા ઉપર એક નામીચો વેપારી કેહેવાતો હતો. વાશતે હેવા લાએકીવાલા એક પુરશનાં મરણથી જેમ તેહેનાં કુટમબ પરીવારને તેમજ તેહેના દોશત મીતરોને મોટી દલગીરી ઉપજી આવી હોએ.

[જામે જમશેદ, ૭ મી જુન ૧૮૫૫.]

તા૦ ૨૩ મી જુલાઈ.

રોજ ૧ માહ ૧૧ (શે૦) ૧૨૨૪ યજદજરદી.

નાનાભાઈ નવરોજજી વાડીઆ—મરતીઉ લોકોની ટીપમાં ઉમએરો કરવાને હમોને ભારે દલગીરી અને મોટો શંતાપ લાગેછે કે મુમબઇની ટાપુ મધે શગલી ગનેઆતમાં વખણાએલા અને પારશી પંચાએતનાં માંનવંત અને બુજોરગવાર અકાબર વાડીઆજી શેઠ નવરોજજી જમશેદજીના વડા પુતર શેઠ નાંહાંનાંભાઈ નવરોજજીએ થોડાએક દીવશનાં શનેહપાત અને લીવરના મરજથી હેરાંન થાઇને ગેઈ કાલ દીને આશરે ૩૮ વરશની વએમાં પોતાનો પરાંણ પોતાના કીરતારને હવાલે કીધો છે. આએ મરનાર પુરશને ૩૮ મું વરશ પુરૂં થાઇને ગેઈ પરમ દીને ૩૯ મું વરશ બેઠું હતું કે જેહેની ખુશાલીને બદલે હેનાં બોહલાં

કુટમબમાં મોટી ગમગીની અને માહતમપોશીએ દેખાવ દીધોછે. એ મરનાર ઘણોજ ડાહેઓ—અકલમંદ—મીલનશાર—નમનતાઈ અને ભલમનશાઈ ભરેલો હતો વાશતે હેનાં દુખ ભરેલાં મરણથી જેમ હેનાં બોહોલાં કુટમબ પરીવારને તેમજ હેના દોશત મીતરો અને પીછાંણુવાલા ધરહશથોને અતીઘણી દલગીરી ઉપજેઆ વનાએ રેહેશે નહી. અફશોશછે જમાનાની બરગશતે ચાલ ઉપર કે આપણા બુજોરગવાર વાડીઆજી શેઠ નવરોજજીનાં ઘડપણની વેલાએ તેઓને નહી ઘટે તેહવો ચાહ કીધોછે.

[જામે જમશેદ, ૨૪ મી જુલાઇ ૧૮૫૫.]

તા૦ ૨૫ મી આગશટ.

રોજ ૪ માહ ૧૨ (શે૦) ૧૨૨૪ યજદજરદી.

બેહરાંમજી હીરાજી કોહલા—હમોને લખવાને દલગીરી લાગેછે કે આપણી ટાપુ મધે શરવેને જાંણીતા અને શારાં ખાંનદાંનવાલા અને નામીચા વેપારી શેઠ બેહરાંમજી હીરાજી કોહલાએ રોજ ૪ થો માહા ૧૨ મો શેહેનશાહી શને ૧૨૨૪ યજદજરદીને દીને થોડાએક દીવશની માંદગીથી આશરે ૪૯ વરશની વએમાં પોતાનો પરાંન પોતાના પેદા કરનારને શોંપીઓ છે. એ મરનાર પુરશ ડાહેઓ અકલમંદ અને પરેહેજગાર હતો વાશતે હેનાં મરણથી ખરેખર હેનાં કુટમબમાં અને હેનાં પીછાંણવાલા લોકોમાં દલગીરી પેદા થાઈ હોએ. એ મરનાર ધરહશથનાં ઉઠીઆંણાંની કીરીઆનું કાંમ ગેઈ કાલ દીને કીધામાં આવીઉં હતું તે વેલાએ જુદાં જુદાં ધરમખાતાંઓમાં શગલા મલીને ૩૭૪૭૫) આપેઆમાં આવેઆ હતા.

[જામે જમશેદ, ૨૮ મી આગશટ ૧૮૫૫.]

તા૦ ૧૧ મી સપટેમબર.

રોજ ૨૧ માહ ૧૨ (શે૦) ૧૨૨૪ યજદજરદી.

દસ્તુર જમશેદજી બરજોરજી, સુરતના, લખવાને મોટી દલગીરી અને ભારે શંતાપ લાગેછે કે મુમબઈનાં શઘલા જરતોશતીઓને જાંણીતા અને જેમ શુરત તેમજ તેહેની આશપાશની વશતીમાં અને તેજ પરમાંણે મુમબઈના લોકોમાં વખાંણ પાંમેલા શ્રી શુરત ખાતેના શેહેનશાહી પારશી ટોલાના વડા દશતુરજી શાહેબ જમશેદજી બરજોરજીએ થોડાએક દીવશના તાવના મરજથી ચાલતા મહીનાની તારીખ ૧૧ મીને દીને પાછલા પોહરના તરણ કલાકને અમલે આશરે ૩૯ વરશની વએમાં આએ માહજંજાલી દુનીઆંને તરક કરીને શદાની નીરાંત ભરેલી અને શુખવારી દુનીઆંમાં જાઈ વાશો કીધો છે. આએ કાંમેલ દશતુરજી શાહેબ શઘલી પરકારે શુત્રા—શાચા અને જરતોશતી મજહબનો ખરો તરીકો બતલાવનારા હતા અને જંદ—પેહલવી—ઈંગરેજી—ફારશી—એરબી—શંશકરત અને ગુજરાતી એ શાતે ભાશા જાણતા હતા કે જે વીદીઆનાં બલથી તેઓએ મોટી વખાંણ મેલવી હતી. આએ દીનદાર દશતુરજી ગએઆં તરણ વરશ ઉપર મુમબઈની વશતીમાં રેહેતા હતા કે જે અરશામાં તેવણ આએ દેશના કેટલાએક પારશીઓને જરતોશતી ધરમ શંબંધી કેટલીએક વાતો શહમજાવતા હતા અને જે કોઈ જરતોશતી તેઓને મજહબ શંબંધી હકાએત પુછતો હતો તેહને એ દશતુરજી શાહેબ તે હકાએતથી પુરતી રીતે વાકેફગાર કરતા હતા. જે વેલાએ આએ દશતુરજીએ મુમબઈ છોડીને શુરત જવાનો ગએ વરશે જારે ઈરાદો કીધો હતો તારે એવણના કેટલાએક દોશત મીતરોને દલગીરી ઉપજી હતી. તારે હવડાં એ નેક દશતુરજીનાં દુખ ભરેલાં મરણની ખબર શાંભલવાથી તેઓને કેટલી અને કેહેવી ગમગીની ઉપજશે તે વીશે હમો હમારી તરફથી કાંઈ કેહી શકતા નથી. આએ દશતુરજી શાહેબે ગએ વરશે અતરેથી શુરત પધારેઆ પછે તાંહાંના જરતોશતીઓને માજદીઅશની ધરમ પુશતકો મધે કેહેવી કેહેવી બાબતો આવેલીછે અને જરતોશતી ધરમ પુશતકોમાં શું અને કેહેવું ફરમાવેલું છે તે હકીકતથી જાણીતા કરવા શારૂં વારે ઘડીએ મીજલશ ભરીને શુરતનાં શેહેનશાહી આતશબેહેરાંમ શાહેબની દરગાહમાં ભાશાંણ કરતા હતા. અને વલી તે શાથે પોતાની તરફથી એક મદરેશા ઉભો કરીને તે મધે જંદ—પેહલવી અને

ફારશી ભાશાની કેલવની જરતોશતીઓને આપતા હતા કે જે મારગ પકડ્આથી તાંહાંની જરતોશતી અંજુમનને તેઓ ઘણાજ મનગમતા થાઈ પડ્આ હતા—એબલું એજ નહી પણ તે શાથે શું નાઘલાં કે શું મોટા અને શું ગરીબ કે તવંગર જે જરતોશતી એ મજકુર દશતુરજીને જરતોશતી ધરમ શંબંધી હરેક બીના પુછતા હતા તો તેહનો ખોલાશો ધીરજથી અને મનપતીજે તેહેવી રીતે કરતા હતા તેથી કરીને તેવણનાં આએ મોટાં દુખ અને શંતાપ ભરેલાં મરણથી શઘલા જરતોશતીઓનાં દીલમાં દરદનો જોશો ઉતપન થાશે—અને તેજ પરમાંણે એ દશતુરજીનાં શંતાપ ભરેલાં મરણની આએ ખબર હમારા જરતોશતી વાંચનારાઓની હજુરમાં મેલવાને ખરેખર હમોને મોટું દુખ ઉપજી આવીઉં છે.

[જામે જમશેદ, ૧૪ મી સપટેમબર ૧૮૫૫.]

તા૦ ૨૪ અકટોબર.

રોજ ૨૯ માહ ૨ (ક૦) ૧૨૨૫ યજદજરદી.

શોરાબજી હોરમજજી મેહતા—લખવાને અતીઘણી દલગીરી અને ભારે શંતાપ લાગેચ કે કમરશીઅલ બેંકનો ડેપીઉટી અકાઉનટેનટ મી૦ શોરાબજી હોરમજજી મેહતા નવ માશની લાંમબી અને કંટાલા ભરેલી માંદગી ભોગવીને ગઈ કાલ દને રાતનાં આઠ કલાકને અમલે પોતાનો પવીતર આતમાં તે શરવે શકતીવાંન કીરતારને શોંપીને આએ જાંહાંનથી પોતાનો અશબાબ ઉઠાવી ચાલતી પકડી ગીઓ છે. એ મરનાર આજ નવ માશ થાએઆ બીમારી હાલતમાં ચાલેઓ જતો હતો અને છેહેલલા તરણ માશ થાએઆ "લીવર કમપલેનટ" શરખા પલીટ મરજે એ મરનારનો પીછો પકડેઓ હતો કે જે મરજ મટાડવાને માટે ડાકટર ભાઉ દાજી—ડાકટર આરબકલ અને ડાકટર પીટ શરખા કાબેલ અને પંકાએલા તબીબોએ ઘણીબી કોશેશ કીધી અને અનેક પરકારની ગોઠવણ કીધી પણ એ પલીત મરજે અંતે એક માએઆલુ અને શઉથી શેઆંણા તથા લાએકીવાલા ઘરહશથનો પીછો છોડ્એો નહી અને શેવટે તેહને પોતાના બેહદ મીતરોથી તથા તેહેની પતીવરતા ઓરતથી અને તેમજ એકપુરાં બાલકથી છુટો પાડ્ઓ. એ મરનાર પોતે જે કાંઈ ગુણો ધરાવતો હતો અને પોતાના દોશત આશનાવોમાં તથા કુટંમ કબીલામાં જે પરકારની આબરૂ અને માંન મેલવતો હતો તે બાબેનું જો વીગતવાર દાશતાંન હમો કરવા બેશીએતો હમારા દરેક અને શઘલા વાંચનારાઓની આંખમાંથી આંશુની ધાર ચાલેઆ વગર રહે નહી. એ મરનાર બેશક કોઈ બરોજ લાએકીવાલો અને મીલનશાર તેમજ શેઆંણો—શુધો અને ચાતુર પુરશ હતો અને જે જે શખશોને એ મરનાર શાથે કાંમ પડેઉં હશે તેઓ આએ વેલાએ પોતાની બેહદ દલગીરી જાહેર કરીને અતીઘણો અફશોશ કરશે હેમાં કશો શંદેહ નથી. એ મરનાર રેહેમ ભરેલો પીતા—લાએક ભરથાર—અને શેઆંનો દોશત હતો. હેનાં મરણથી શેંકડો શખશો દુખ ભરેલા શોગમાં ગીરફતાર થાઈને આંશુ રેડશે. ગરીબ અને તવંગર ઉપર એક નજરે જોવું—અદના અને આલાને એક શરખી રીતે નમનતાઈ બતલાવવી—દુખી આદમીઓને શદા મદદ આપવી અને ગુમરાહને શદા મારગ બતલાવવો એ ગુણો આએ મરનારમાં હેવાતો પુર હતા કે તેથી શઘલા લોકો ભારી અફશોશ સાથે આએ દુખ ભરેલાં અને શંતાપ ઉપજાવનારાં મરતીઉકની ખબર શાંભલશે.

[જામે જમશેદ, ૨૫ મી અકટોબર ૧૮૫૫.]

24*th* *October* 1855.

Sorabjee Hormasjee Mehta.—It is with much regret we have to announce the death of Mr. Sorabjee Hormasjee Mehta, Deputy Accountant of the Commercial Bank. For some months past he had been suffering from liver complaint, for which he was recommended by his medical advisers to proceed to Penang. He had, however, immediately to return to Bombay, as the climate proved uncongenial to him. Soon

after his return his disorder grew worse, and has now terminated fatally. He has left behind him a widow and an only son of about five years of age. Mr. Sorabjee was a young man well known to the Parsee public and in some degree to the European community, for his public spirit, independence and integrity.

[*Bombay Gazette, 26th October.*]

તા૦ ૧૧ મી નવેમબર.

રોજ ૧૭ માહ ૩ (ક૦) ૧૨૨૫ યજદજરદી.

શોરાબજી પેશતનજી હાંડીસન—ખબર આપવાને દલગીરી લાગેછે કે શેઠ શોરાબજી પેશતનજી હાંડીશનનાએ ગેઈ પરમ દીને શહવારનાં એકાએક લોહીનો જોશ ચહડી આવેઆથી અચબુચ રીતે પોતાનો પરાંણ પોતાને પેદા કરનારને હવાલે કીધોછે. આએ પરમાંણેનાં અંચીતાં મરણથી એ મરનાર ધરહશથની અશતરીને અને હેનાં એક પુરા છોકરાને તથા હેનાં શગલાં કુટમબ પરીવારને મોટો આચંબો લાગો હોએ કે જે આચંબો રૂહુજાવવાને તેઓને એકાએક બની આવશે નહી. આએ મરનાર પુરશ ધીરા શભાવનો અને નમનતાઇવાલો હતો તેથી કરીને હેનાં હાવી રીતનાં ઉતાવલાં મોતથી હમો ખરેખર દલગીર થાએઆ છેઇએ.

[જામે જમશેદ, ૧૩ મી નવેમબર ૧૮૫૫.]

તા૦ ૧૧ મી નવેમબર.

રોજ ૧૭ માહ ૨ (શે૦) ૧૨૨૫ યજદજરદી,

દશ્તુર દોરાબજી બેહરાંમજી, ઉદવાડેના—આએ ટીપમાં વધારવાને હમોને મોટી દલગીરી ઉપજેચ કે શ્રી ઉદેપોરના વડા દશતુરજી શાહેબ દોરાબજી બેહરાંમજીએ પાંચ શાત દાહડાની માંદગી ભોગવીને આશરે તરાંણું વરશની વએમાં રોજ ૧૭ મો ને માહ ૨ જો શેહેનશાહી શને ૧૨૨૫ ઇઅજદેજરદી—તારીખ ૧૧ મી નવેમબર શને ૧૮૫૫ ને દીને રાતનાં ૯ કલાકને અમલે આએ તરણ પાંચ દાહડાની ફાંની દુનીઆં છોડીને શદાની શુખવાશી આલમમાં કુચ કરીછે. શ્રી ઉદેપોરમાં એ મરનાર દશતુરે લાંબી મુદત શુધી પોતાનો જનમારો શારી ઇજત અને હોરમત શાથે ભોગવેઓ હતો અને પોતાના ગરીબ ટોલા ઉપર શદા મીઠી નજર અને શારી શેઆનત રાખતો હતો અને તે શાથે ધીરા શવભાવનો—મીલનશાર અને આપઅખતેઆર હતો તેથી શરવે કોઈ એ મરનાર દશતુરને મોટું માન આપતા હતા.

[જામે જમશેદ, ૧૬ મી નવેમબર ૧૮૫૫.]

1*st December* 1855.

Jeevanboy, wife of Homjee Cursetjee Dady.—We have heard with much regret of a heavy domestic affliction which has befallen Sir Jamsetjee Jeejeebhoy, in the death of a grand child, the eldest daughter of his son Cursetjee. The melancholy event occured on Saturday last.

[*Bombay Times, 4th December.*]

તા૦ ૧૮ મી ડીશેમબર.

રોજ ૨૦ માહ ૪ (ક૦) ૧૨૨૫ યજદજરદી.

નશરવાંનજી મનચેરજી કામાજી—ખબર આપવાને દલગીરી લાગેછે કે કાંમાંજીનાં ખાંનદાંનનાં એક નાંમીચા અને વડા અધીકારી શેઠ નશરવાંનજી મનચેરજી કાંમાજીએ ચાલતા મહીનાંની તારીખ ૧૮ મી અને ગએઆ શુકરવારને દીને થોડા દાહાડાનાં માંદમાં અને આશરે બોતેર વરશની વએમાં આએ દુખીઆરી આલમને છોડીને મીનોઇ જેહાંનમાં વાશો કીધોછે. એ મરનાર ધરહશથે પોતાની ઘણી ખરી વએ વેપારનાં બોહલાં કાંમમાં ગુજારી હતી અને તે શાથે ગુજરાતી નાંમાંમાં ઘણો પાકો અને શહમજુ હતો તેથી ઘણાએક વેપારીઓ હેવાં કાંમશર એ મરનારની શહલા લેવાને વાજબી વીચારતા હતા અને તે સાથે વેહવારનો ચોખો અને શુધો તથા આપઅખતેઆર હતો તેથી ઘણાએક લોકો એ મરનારને ઘટતું માંન આપતા હતા. એ મરનાર પોતાની ઇઆદગારીમાં ચાર પુતર તથા એક પુતરી અને તે શાથે તેઓને વાશતે એક શારી દોલત મેલી ગએઓછે. એ

ઘરહથથનાં મરણને લીધે તેહેનાં બાહલાં કુટમ-બમાં તથા દોશત આશનાવમાં મોટી દલગીરી પેદા થાઇછે.

"આપણા ટોલામાં શુધારામાં તથા નજીવી અને બેશમજ રશમો કાહાડી નાખવામાં એ ઘણી આગેવાંન હતો. તથા ઇશતરી કેલવણીનો એક મદદગાર હતો અને ઇશટુડેનટશ શોશા-એટીની છોકરીઓની નીશાલોને શરૂથી પેહલા અને મોટા મદદગારમાંનો એક હતો. જે ચાર શખશોનો આભાર ઇશટુડેનટશ શોશાએટી પોતાના રપોરટમાં માનતી આવીચ અને જેઓ-ની મદદથી છોકરીઓની નીશાલોનું શુભ કામ પેહલાં આગલ ચાલીઉં તે ચારમાંના એક શેઠ નશરવાંનજી મનચેરજી કામા હતા."

[જામે જમશેદ, ૧૭ મી ડીશેમબર ૧૮૫૫.]
[રાશ્ત ગોફતાર, ૧૬ મી ડીશેમબર ૧૮૫૫.]

14*th December* 1855.

NASSERWANJEE MUNCHERJEF CAMA

We regret to have to announce the death, on Friday night, of Nusserwanjee Muncherjee Esq , the eldest member of the Cama family, aged about 72 years. Our worthy contemporary of the *Rast Goftar* in noticing this melancholy event, says that the deceased "was foremost in introducing social reforms and eradicating superstitions and ridiculous usages from among the Parsee community. He was a staunch friend of female educations, and one of the first and largest contributors towards the maintenance of the Students' Society's Girl's Schools. Of the four Parsi gentlemen to whose name the said Society has so often referred in their annual reports for their valuable aid in this laudable cause, the late Nusserwanjee Muncherjee Camajee was one." He has left a daughter and four sons, two of whom have already proved, as is well known to most of our readers, liberal supporters of all social and intellectual improvements among the natives. The Cama family has of late years taken a leading part in every effort calculated to promote native amelioration.

[*Bombay Gazette, 17th December.*]

ઈ૦ સ૦ ૧૮૫૬.

તા૦ ૯ મા જાનેવારી.

રોજ ૧૬ માહ ૪ (શે૦) ૧૨૨૫ યજદજરદી.

ધનજીભાઈ મોટાભાઈ દીવાંનના—ગનદેવીવાલા દેવાંન મોટાભાઈ શાપુરજીના છોકરા શેઠ ધનજીભાઇ મોટાભાઇ કે જે અગાઉ ગનદેવી તથા વલશાડ અને હવડાં ભરૂચ ખાતે મામલતદારનું કામ ચલાવતા હતા તેવણે ચાલતા મહીનાની તારીખ ૯ મીને દીને ૬૫ વરશની વએમાં થોડાએક દીવશની માંદગીમાં પોતાનો પરાંણ પોતાના પેદા કરનારને શોંપીઓછે. આએ મરનાર ઘરહથથ ચાલતા મહીનાની તારીખ ૯ મીને દીને કાંઇએક માંદગીને લીધે અતરેથી ઇશટીમર કેઆરનાક ઉપર શવાર થાઇને શુરત જાવાને શીજે નીકલેઓ હતો—પણ તેહેની અજલની ઘહડી નજદીક આવેઆથી એજ દીને તેણે પોતાનો અમુલીખ પરાંણ ઇશટીમર ઉપરજ ખોહેઓ હતો અને તેહેની લાશને તરીજે દીને શુરત મધે અવલ મનજલ પોહોં-ચાડેઆમાં આવી હતી. શુરતનાં ચોરેઆસી પરગણાં મધે આએ મરનાર શીવાએ હવડાં કોઈ બીજા પારશીએ મામલતદારીનું કામ ચલા-વેઉં નથી અને એણે પોતાના વખતમાં પોતાની ચંચલાઇથી શારી શાબાશી મેલવી હતી.

[જામે જમશેદ, ૧૬ મી જાનેવારી ૧૮૫૬.]

તા૦ ૧૫ મી ફેબરવારી.

રોજ ૨૩ માહ ૫ (શે૦) ૧૨૨૫ યજદજરદી.

અરદેસર ધનજીશાહ બાહદુર, ખાંન-સાહેબ—ખબર આપવાને બારે દુખ અને અતીઘણો કકલાટ ઉપજેચ કે શેઠ અરદેશરજી ધનજીશાહજી ખાંનબાહદુર રોજ ૨૩ મા

માહ ૫ મો શેહનશાહી તથા માહ ૬ ઠો કદમી શને ૧૨૨૫ ઈઅમદજરદી—તારીખ ૧૫ મી મી ફેબરવારી શને ૧૮૫૬ અને શુકરવારને દીને રાતનાં આશરે બાર કલાકને અમલે શુરત મધેની પોતાની વાડીમાં ગુજરી ગએઆછે. શેઠ અરદેશરજી હીંદુશથાંનના ઘણાખરા ભાગમાં એટલાતો પરશીધ થાએલા હતા કે તે વીશે હમોને આએ શમે વધારે બોલવાની કશી જરૂરે નથી—તોપણ આપણાં હીંદુશથાંનના પારશીઓમાં એ ધણી જે નાંમીચા આબરૂ અને નાંમદારી ધરાવતો હતો તે વીશે થોડાએક શબદો આવે વખતે હમોને નોંધી રાખવાની જરૂરછે. શેઠ અરદેશરજીની તાખમ—તેહેની શખાવત—તેહેની હીમત—તેહેની કાબેલીઅત અને તેહેનું માએઆલુ દેલ એ શઘલા ગુણોથી ગુજરાતની વશતીમાં તેણે ગરીબ લોકોનો જે પેઆર અને તેઓમાં જે નામદારી મેલવી હતી તે લાંમબી મુદતશુધી કોઈથી ભુલી જવાશે નહી. એ ધણીએ પોતાની શતાનાં વખતમાં કદાચ ઈનેશાફની રાહે કોઈને દુખ પોંહચાડીઉં હોય અથવા પોતાની જાહોજલાલી કાએમ રાખવાને કીજે મરજાદાને પડતી મેલીને મુગલાઈ ગરવ રાખેઓ હોએ અથવા કોઈ ગંભીર માણશના શારા વીચારની દરકાર નહી કીધી હોએ તોપણ એ મરનારે ગુજરાત ખાતેની કંગાલ પરજાના ફાએદાને વાશતે જે જેહમત એંચીચ તથા પોતાની ગીરોના જે પઈશા ખરચેઆચ તે વાત કોઈથી મુનકેર જવાશે નહી. એ મરનાર શને ૧૧૬૭ ઈઅજદજરદી અને ઈશવી શને ૧૭૯૭ નાં વરશમાં શુરત મધે જનમેઓ હતો. તે હીશાબ પરમાણે એ મરનારે પોતાની વએ ૬૦ વરશની પણ પુરી કીધી નથી. શેઠ અરદેશરજીના વડવાઓ આજ એકશોથી વધારે વરશ થાએઆં પોતાના ટોલાના લોકોમાં અમીરી એતાબ ધરાવતા આવેઆચ કે જે એતાબને "નેકશાતખાંન" કરીને કેહેછે. એ એતાબ પરથમમાં અરદેશરના બાપના બપાવા બરજોરજીને મલેઓ હતો અને એ બરજોરજી વીશે હેવું કેહેછે કે શુરતમાં એ ધણી ઘડીઆલીનો ધંધો કરતો હતો તાંહથી નવાબે તેહેને દીલીના શેહેનશાહની હજુરમાં મોકલેઓ હતો અને દીલી મધે બરજોરજીએ પાદશાહના મેહલનાં ઘડીઆલો શમારવામાં તથા બીજાં વજંતરો દરૂશત રાખવામાં કેટલાએક દાહડા ગુજારેઆ હતા અને તેહની ચંચલાઈ તથા હોશીઆરી જોઈને શેહેનશાહે બરજોરજીને ૩૦૦ પેદલ અને ૫૦૦ ઘોડઅશવારનાં લશકરનો "મનશબદાર" ઠેડવેઓ હતો અને તે પછે શેહેનશાહે મઘન થાઈને બરજોરજીને "નેકશાત ખાંન" એટલે જે ભલા વખતનો શાહેબ હેવો એતાબ આપેઓ અને તે શાથે કેટલીએક જાગીરો બખશેશ કીધી. શેઠ અરદેશરજીનો બાપ ધનજીશાહ "મેહરેમંદ ખાંન" શુરતમાં ઈંગરેજ શરકારના ગાંમઠી આડતીઆનો ઓહોદો ચલાવતો હતો અને જે વખતે એટલે જે ઈશવી શને ૧૮૦૦ માં શુરતમાં ઈંગરેજોનો અમલ શહરૂ થાએઓ તે વખતે ઈંગરેજ શરકારની તરફથી ઠેડવેલા વડા અમલદારના હાથ હેઠલ ધનજીશાહ એક ગાંમઠી આડતીઓ હતા અને તે ચાકરી શેઠ ધનજીશાહએ શારી ઈમાનદારી તથા ચાલાકીથી બજાવી હતી અને તેજ ચાકરીમાં તે મારેઓ ગએઓ હતો. શેઠ ધનજીશાહના બેએ દીકરા હતા તેહેમાં એક ફીરોજશાહ અને બીજો અરદેશર. જે વેલાએ ધનજીશાહ મારેઓ ગએઓ તે વખતે શેઠ અરદેશર માતરે ૧૩ વરશની વએનો હતો. ફીરોજશાહ શરકારની ચાકરીમાં શદર અમીનના ઓહોધા ઉપર રેહેઓ હતો અને તે શીવાએ બીજા કેટલાએક ઓહોધા તેહેને મલેલા હતા. અરદેશર ઘણીજ નાંધલી વએમાં શુરત શેહેરનો નાંધલો કોટવાલ થાએઓ હતો અને તે પછે તેહેને અમીનની જગો આપેઆમાં આવી હતી. અરદેશરે પોતાની શગલી નાંમદારી કોટવાલનો અખતીઆર મલેઆ પછે મેલવી હતી અને તે નાંમદારી કોઈબી રીતે ગેરવાજબી નહી હતી. શુરત અને તેહેની પડોશનાં પરગણાંઓમાં ભીલ—ગરાશીઆ—કોલી અને બીજા લુટારાઓની લાંમબી મુદત થાઈ ધાશતી ચાલતી હતી તે લોકોને અરદેશરે પોતાનાં ડાહપણથી હેવી રીતે જેર કીધા હતા કે આજે શુરતના લોકોમાં તે વાતની બીલકુલ ધાશતી

રેહી નથી અને તેજ પરમાંણે કોલી લોકો શદા શમુદરમાં ચોરી કરતા હતા તે શગલા લોકોને અરદેશરે જડ મુખ્થી ઉખેડી નાખેઆ હતા અને એ શીવાએ શુરતનાં ફોજદારી ખાતાંમાં અરદેશરે પોતાની ગીરોથી પઈશા ખરચીને વખાંણવા જોગ શુધારો કીધો હતો તથા બંધવાઓને કીજે તુરંગમાં કાગજ બનાવવાનું એક કારખાનું કાહડેઉં હતું—એટલુંજ નહી પણ તે શાથે ઇંગરેજી અમલદારોને ઘણીએક વખતે ઘટતી મદદ આપી હતી કે જે વીશે ઘણાએક નાંમીચા ઇંગરેજ સરદારોએ શેઠ અરદેશરજીને ઘણીએકવાર શાબાશી આપી હતી. શેઠ અરદેશરજીની હેવી ચાકરીના બદલામાં શને ૧૮૨૫ નાં વરશમાં એક જાહેર દરબાર ભરીને મુમબઇની શરકારની તરફથી એક "ખેલાત" આપેઆમાં આવેઓ હતો અને શને ૧૮૨૮ નાં વરશમાં મુમબઇનો આગલો ગવરનર નાંમદાર શર જાંન માલકમ જે વખતે શુરત ગએઓ હતો તે વખતે તેણે એક બીજી દરબાર ભરીને અરદેશરની તારીફ લાએક ચાકરીના અવેજમાં એક બીજો "ખેલાત" તથા "બાહધર" નો ખેતાબ આપેઓ હતો અને તે શાથે ૩૩૦૦૦ ની જાગીર બખશી હતી અને શને ૧૮૩૦ નાં વરશમાં અરદેશરને કીજે ઇંગરેજ શરકારની તરફથી જાહેર દરબાર ભરીને એક શુનાનો "ચાંદ" આપેઆમાં આવેઓ હતો અને તે ચાંદની બંધે બાજુએ શેઠ અરદેશરની શારી ચાકરીની વખાંણ કોતરેઆમાં આવી હતી. પોતાના ભાઈ ફીરોજશાહનાં મરણ પછે અરદેશર પોતે શદર અમીન થાએઓ હતો. શેઠ અરદેશરે બીજા ગાંમઠી રાજવાલાઓની બાબતમાં આપણી ઈંગરેજ શરકારને રાજદરબારી કાંમમાં ઘણી વખતે શારી મશલેહતો આપી હતી તે શઘલું એક કોરે મુકીને થોડાંએક વરશની વાતપર અરદેશર ઉપર તેહનાં દુશમનોએ લાંચ અને ગેરઇનશાફનો અનેઆએ મેલેઓ હતો—પણ તેહની તપાશ કીધાથી અરદેશરને અંગે કોઇબી પરકારનો ડાગ લાગો નહી તેથી શરકારે પોતાના એ વીશવાશુ અને ઇમાંનદાર અમલદારને માંન શાથે તેહેના ઓહોદા ઉપર પાછો મુકરર કરેઓ હતો અને તે પછે એ મરનારે પોતાની રાજી ખુશીથી શરકારી ચ કરી છોડી દીધી હતી અને પોતાના બેઠા મુશારા ઉપર તથા પોતાની જાગીરની આએપત ઉપર રેહીને પોતાની જીંદગીનાં બાકી રેહેલા દાહડા ગુજારેઆ હતા. શેઠ અરદેશરજીએ પોતાની શરકારી ચાકરી છોડી દીધા પછે શુરતના પારશીઓને વાશતે આપણા મુમબઇ વાલા નાંમીચા અકાબર શર જમશેદજી જીજીભાઇ નાઇટની તરફથી તથા પંચાએતની તરફથી ઉભાં થાએલાં ધરમ ખાતાંઓની તપાશ તથા જાલવણી કરવાનાં કારણ શર એટલું તો ધેઆંન પોંહચાડેઉં હતું કે તે વીશેની વખાંણ કરવાને હમારી પાશે પુરતા શબદો મલી આવતા નથી અને તે શાથે શુરતના ગરીબ જરતોશતીઓની હાલત શુધારવાના ઉપાએઓ કરવાને વાશતે વખતેવખત ઘટતી અને લાએક તજવીજો ચલાવી હતી તે શગલાંનું બએઆંન આએ જગોએ હમારેથી થાઇ શકતું નથી—પણ આએ દુખ ભરેલો હેવાલ બંધ કરતી વેલાએ એટલુંજ કહીજીએચ કે શેઠ અરદેશરજીની ખાલી પડેલી જગો શુરતમાં હવે પછે પુરાએ તે વીશે થોડીજ આશા રાખેઆમાં આવેચ.

[જામે જમશેદ, ૧૯ મી ફેબરવારી ૧૮૫૬.]

15*th* *February* 1856.

ARDASEER DHUNJISHA BAHADUR, OF SURAT.—The celebrated Ardaseer Dhunjeeshaw Bahadhoor, late Kotewal and principal Sudder Ameen of Surat, died at that place on the 15th instant. His celebrity was chiefly owing to the great service which he did to the state, and also for the hostility which existed between him and Mr. Luard, with regard to what has been called the great Surat robbery case. Mr. Luard's last enemy has thus followed in the footsteps of his predecessors. He was a man of great energy and ability, and introduced

many wholesome and useful reforms into Surat and its neighbourhood, both as regards the suppression of robberies, organising an efficient Police, and other salutary improvements.

His name will be long remembered in Surat.

[*Telegraph & Courier*, 19*th Feb.*]

February 17*th* 1856.

Dajibhoy Rustomjee Oonwalla.– On Sunday the 17th instant, at 5 p. m. Mr. Dajeebhoy Rustomjee Oonwalla, in his mature age of 72 years.

[*Bombay Times*, 19*th February.*]

તા૦ ૭ મી મારચ.

રોજ ૧૪ માહ ૭ (કo) ૧૨૨૫ યજદજરદી.

શોરાબજી કાવશજી આશબરનર—બેહશતનશીન શેઠ કાવશજી માણેકજી આશબરનરના વડા છોકરા શેઠ શોહરાબજી કાવશજીએ થોડાએક દીવશની માંદગી ભોગવેઆ પછે ગએઆ શુકરવારને દીને રાતનાં આશરે આઠ કલાકને અમલે આશરે અડાવણ વરશની વએમાં શવરગવાશી લોકોમાં જાઈ વાશો કીધોછે. એ મરનાર ડાહેઓ—ધીરા શવભાવનો અને અકલમંદ તથા એકમારગી પુરૂશ હતો વાશતે હેનાં મરણથી હેના મીતરો અને કુટુમબ પરીવારમાં ખરેખર ઉદાશી પેદા થાઈ હોએ.

[જામે જમશેદ, ૧૦ મી મારચ ૧૮૫૬.]

તા૦ ૨૩ મી આપરેલ.

રોજ ૧ માહ ૮ (શે૦) ૧૨૨૫ યજદજરદી.

શાપુરજી શોરાબજી કપાવાલા—આપણી મુમબાઈની ટાપુમાં શરવેને જાંણીતા શેઠ શાપુરજી શોહરાબજી કપાવાલાએ આએ કંટાળા ભરેલી અને અંતે ફના થનારી દુનીઆંમાંથી પોતાનો અશબાબ ઉઠાવીને શદા શુખી અને આશાએશ ભરેલી દુનીઆંમાં આશરે હેંશી વરશની વએમાં ગેઈ કાલ દીને શહવારનાં આશરે દશ કલાકને અંમલે વાશો કીધો છે. આએ પુરાંણો ઘરહશથ એક મારગી—ડાહેઓ—ધીરજવંત— અકલમંદ— અને માએઆવંત હતો અને તે શાથે ધરમ શંબંધી કાંમોને ફીજે પોતાની ખુશી શારી દોડાવતો હતો. અને પોતાની ગુંજાશ પરમાંણે ગરીબ લોકોની દાદને પોંહચતો હતો વાશતે હેનાં મરણની ખબર શાંભલીને જેમ હેના દોશત મીતરો તેમજ બીજા ઘણાએક પુરશોને નાખુશી ઉપજેઆ વના રેહશે નહી. હાવા એક લાએકીવાલા અને શેઆંણુ પણ ભરેલા પુરશનું મરતીઉક હમારાં પતરમાં દાખલ કરતી વેલાએ હમો ખરેખર દલગીર છોઇએ.

[જામે જમશેદ, ૨૪ મી આપરેલ ૧૮૫૬.]

તા૦ ૨૭ મી આપરેલ.

રોજ ૫ માહ ૮ (શે૦) ૧૨૨૫ યજદજરદી.

બેહરાંમજી ફરાંમજી વાડીઆ—લખવાને દલગીરી લાગેચ કે મુમબઈની પારશીની અંનજુમનના આગલા નાંમીચા અકાબર વાડીઆજી શેઠ ફરાંમજી માણેકજીના વડા છોકરા વાડીઆજી શેઠ બેહેરાંમજી ફરાંમજી લાંમબા દાહાડાની બીમારીમાં આશરે ૬૫ વરૂશની વએમાં આએ તરણ પાંચ દાહડાની દુનીઆંને છોડીને ગેઈ કાલ દીને શદાની શુખવાશી આલમમાં કુચ કરી ગએઆછે. એ મરનાર વાડીઆ ઘણાજ એકમારગી અને શરવે શાથે મીલનશાર હતા.

[જામે જમશેદ, ૨૮ મી આપરેલ ૧૮૫૬.]

તા૦ ૨૭ મી આપરેલ.

રોજ ૫ માહ ૮ (શે૦) ૧૨૨૫ યજદજરદી.

અરદેશર દાદાભાઈ મેહતા—આએ ટીપમાં વધારવાને હમોને મોટો શંતાપ અને ભારે દલગીરી લાગેચ કે ભાઈ અરદેશર દાદાભાઈ મેહતાએ તાવના લાંમબા દાહડાની બીમારીમાં આશરે બાવણ વરશની વએમાં આએ જંજાલી આલમને છોડીને ગઈ કાલ દીને શહવારનાં મીનોઇ આલમમાં કુચ કીધીછે. એ ઘરહશથે આશરે અઠાવીશ વરશ સુધી મુમબઈની પારશીની પંનચાએતના મેહતાની માંન ભરેલી ચાકરી શારી ઇમાંનદારી શાથે તથા પોતાના ધણીઓની ખાતરી થાએ હેવી રીતે

બજાવી હતી. એ મરનારની જાહેર તથા ખાંનગી ચાલચલણની વખાંણ વીશે હમો જેટલું બોલવા માંગીએ તેટલું થોડું છે માટે ટુકાંમાંજ કહીએચ કે અરદેશર દાદાભાઈ મેહતાના જેહેવા લાએકીવાલા શખશો આએ ટાપુમાં થોડાજ હશે. એ મરનારના ગુજરવાથી હેનાં બોહોલાં કુટમબમાં તથા દોશત આશનાવોમાં મોટી દલગીરી અને ભારે નાખુશી પેદા થાઇછે તે એકાએક તેઓથી વીશરાશે નહી.

[જામે જમશેદ, ૨૮ મી આપરેલ ૧૮૫૬.]

તા૦ ૧૯ મી જુન.

રોજ ૨૮ માહ ૧૦ (ક૦) ૧૨૨૫ યજદજરદી.

નવરોજજી દસ્તુર અરદેસર મુલાં ફીરોજના—લખવાને દલગીરી લાગેચ કે કદમી જરથોશતીઓનાં વડા દશતુર મુલાં અરદેશરનો છોકરો નવરોજજી ગેઈ કાલ દીને બપોરનાં બાર કલાકને અમલે મરણ પાંમેઓ છે. એ મરનાર ધરહશથ ગેઈ પરમ દીને રાત શુધી શઘલી પરકારે શારી શુખાકારીમાં હતો પણ શુતા પછે મોડી રાતનાં લોહીનો જોશ ચહડી આવેઆનાં શબબથી તે બેશુધ થાઈ પડેઓ હતો કે જે હાલતમાંથી તેહને છોડવવાને શારૂં ગરાંટ મેડીકલ કાલેજના કેટલાએક કાબેલ તબીબોએ ઘણી મેહનત કીધી પણ અજલની દોરી ટુટવાનો વખત નજદીક આવેઆથી તેઓની શઘલી મેહનત ફોકટ ગેઈ. થોડુંએક થાઇઉં એ મરનારે હેવીતો છપછાપ પકડી હતી કે જેથી કદમી જરથોશતીઓ કાંઇએક મોહબત ભરેલી નજરે એ જુવાંન પુરૂશ તરફ જોતા હતા અને મુલાં ફીરોજ મકતબને લગતી પેહલવી—જંદ અને ફારશી નીશાલમાં તેણે હેવીતો શારી માહીતકારી મેલવી હતી કે તેહેને લીધે કદમી લોકો ઘણા મગ્રન થાતા દીશતા હતા. હમો આએ શંતાપ ભરેલાં મરતીઉકની ખબર શાંભલીને અતીઘણા દલગીર થએઆચ અને તેજ પરમાંણે એ મરનારનાં કુટમબીઓને આએ ગજબનાક મોહતથી જે કાંઇ વશવશો અને દુખ ઉતપન થાએઉંચ તે ઉતાવલેથી મટે હેવું દીશતું નથી.

[જામે જમશેદ, ૨૦ મી જુન ૧૮૫૬.]

ઈ૦ સ૦ ૧૮૫૭.

તા૦ ૫ મી ફેબરવારી.

રોજ ૧૪ માહ ૫ (શે૦) ૧૨૨૬ યજદજરદી.

બેજનજી ફરાંમજી આલબલેસ—ખબર આપવાને દલગીરી લાગેચ કે આપણાં મુમબઈવાલા પારશી વેપારી શેઠ બેજંનજી ફરાંમજી કરાંણીનાંએ ગેઈ કાલ દંને બપોરનાં તાવનાં રોગથી આએ ફના થાનારી આલમમાંથી નીકલીને શદાની શુખવાશી આલંમમાં કુચ કરીછે. એ મરનાર પોતે જાતે ઘણો શેઆંણો તથા મીલનશાર અને તે શાથે ધીરા શવભાવનો હતો. એ મરનારનાં ગુજરવાથી તેહનાં બોહલાં કુટંમબમાં તથા બેહદ મીતરોમો મોહોટો શંતાપ ઉપજેઓછે તે તેવોનાં મનથી વીશરવો ઘણો મુશકેલછે.

[જામે જમશેદ, ૬ ઠી ફેબરવારી ૧૮૫૭.]

તા૦ ૧૩ મી ફેબરવારી.

રોજ ૨૨ માહ ૫ (શે૦) ૧૨૨૬ યજદજરદી.

માણેકજી શોરાબજી વાડીઆ, સુરતના—લખવાને હમોને મોટો શંતાપ લાગેચ કે શ્રી સુરતવાલા પારશી વેપારી શેઠ માણેકજી શોરાબજી વાડીઆએ તરણ દાહડાનાં લખવાનાં રોગથી આશરે ૬૦ વરશની વએમાં આએ જુઠી જગતમોથી નીકલીને શાચી માએઆનાં શવરગવાશી લોકોમો કુચ કરી છે. એ મરનાર જાતે ઘણો વીશી તથા નમાંનો અને તે સાથે વીશવાશુ તથા દએઆવંતો વેપારી હતો તેથી સુરતનાં ઘણાંખરાં લોકો એ મરનારને મોટું આદરમાંન આપતા હતા. એ મરનારનાં ગુજરવાથી તેહેનાં બોહોલાં કુટંમબમાં અને અગણીત મીતરોમો મોહોટી દલગીરી ઉપજીછે.

[જામે જમશેદ, ૧૬ મી ફેબરવારી ૧૮૫૭.]

તા૦ ૧૫ મી ફેબરવારી.

રોજ ૨૪ માહ ૫ (શે૦) ૧૨૨૬ યજદજરદી.

દસ્તુર બેહુરાંમજી દારાબજી સંજાણા—હમોને ખબર આપવાને મોહોટો શંતાપ ઉપજેચ કે ગેઈ કાલ દીને શહવારનાં છઅ કલાકને અમલે શેહેનશાહી જરથોશતીઓના આતશ-

બેહેરાંમવાલા દશતુર બેહેરાંમજી દારાબજી શંજાણાંએ માશ બેએની માંદગી ભોગવીને આશરે ૭૩ વરશની વએમાં આએ ફાંની જેહાંનમાંથી પોતાનો અશબાબ ઉઠાવીને માનોઈ આલમમાં કુચ કરીછે. જોકે એ શવરગવાશી દશતુર પોતાના જીનતગુજીન કેબલેગાહ દશતુર એદલજી દારાબજી શંજાણાની માશાલે અવશતા તથા પેહેલવી અને પુરવ પરાંતના બીજા એલમોમાં માહીતગાર નાહી હતો તોએપણ માજદીઅશની દીનની કીરીઆ કાનુનોનાં કામમાં એક અછછો વાકેફગાર પુરૂશ હતો. અને તે શાથે દીલનો શાદો અને શદા નમાનો ઘરહસથ હતો. એ બેહેશતી દશતુરે પોતાના મુરબીના ગુજરવા પછે શવરગવાશી વાડીઆજી શાહેબ શેઠ હોરમજજી બહમનજીનાં આતશબેહરાંમ શાહેબની પવીતર દરગાહમાં જે જે દીનઆઈનને લગતાં કામો કરેઆં હતાં તે વીશે વાજબીની રાહે એ મરનાર દશતુરની છેલલી ઘડી શુધી કોઈએ ફરીઆદ કરીતી નાહી. હમો ઉમેદ રાખીએચ કે દશતુર બેહેરાંમજીએ જેવી પાક દેઆનત અને દેઆનતદારીથી પોતાનો જોખમ ભરેલો ઓધો બજાવેઓ હતો તેવીજ નેક નઈઅત અને દીલશોજીથી એ મરહુમ દશતુરની જગો લેનાર ઘરહસથ પોતાનો નવો અખતીકાર શંગલા જરથોશતીઓને મંનગમતી રીતે ચલાવે.

[જામે જમશેદ, ૧૬ મી ફેબરવારી ૧૮૫૭.]

તા૦ ૧૫ મી ફેબરવારી.

રોજ ૨૪ માહ ૫ (શે૦) ૧૨૨૬ યજદજરદી.

કાવશજી શાપુરજી લંગડાના—ખબર આપવાને અતીઘણી દલગીરી લાગેચ કે શેઠ કાવશજી શાપુરજી લંગડાનાં ઘણાં દાહડાનાં તાવનાં અને પાછલથી અતેશારનાં રોગથી આશરે ૫૦ વરશની વએમાં આએ ખોટી અને વગર ભરોશાની આલમને તરક કરીને સાચી અને માનોઇ આલમમાં ગેઈ કાલે રાતનાં આશરે ૭ કલાકને અમલે કુચ કરી છે. એ મરનાર એક સારી લાએકીવાલો તથા ધીરા શવભાવનો અને મોટી આબરૂ વાલો હતો. એ મરનારે પોતાની ઘણી ખરી વએ શ્રી ચીન તથા કલકતા ખાતેનાં વેપારનાં કામમાં કાહડી હતી અને તે સાથે સ્વભાવમાં એક અમીરનાં જેહવી ખાશીઅત રાખતો હતો તેથી ઘણાંએક વેપારીઓ તથા બીજા શારી આબરૂવાલા ઘરહશથો એ મરનારને ઘટતું માન આપતા હતા. એ મરનારનાં ગુજરવાથી તેહનાં કુટંમબમાં તથા દોશત આશનાંઓમાં એક મોહોટી નાખુશી ઉપજીછે.

[જામે જમશેદ, ૧૬ મી ફેબરવારી ૧૮૫૭.]

તા૦ ૬ ઠી મારચ.

રોજ ૧૩ માહ ૬ (શે૦) ૧૨૨૬ યજદજરદી.

બેજનજી ડોશાભાઈ બાકસટરના—લખવાને શંતાપ લાગેચ કે ભાઈ બેજનજી ડોશાભાઈ બાકશટરનાએ એક અઠવાડીઆંનાં તાવનાં રોગથી આશરે ૪૨ વરશની વએમાં આએ ફનાં થનારી આલમમાંથી નીકલીને શદાનાં શુખવાશી આકાશી લોકોમાં ગએઆ શુકરવારને દીને રાતનાં કુચ કરીછે. એ મરનાર આપણાં મુમબઈવાલા પુરાંણા લીલાંઉ કરનારા શેઠ ડોશાભાઈ એદલજી બાકશટરનો છોકરો થાએ. એ મરનારે ભર જવાંનીમો આએ દુનીઆંથી અસબાબ ઉઠાવેઆને લીધે તેહનાં ઘરડાં માએ બાપ તથા શગાં વાહલાંઓ અને દોશત આશનાવોમાં હેવોતો કકલાટ ઉપજેઓચ કે તે એકાએક મનથી મેલવો અને હઈડેથી છોડવો ઘણો મુશકેલછે.

[જામે જમશેદ, તા૦ ૯ મી મારચ ૧૮૫૭.]

તા૦ ૨૨ મી મારચ.

રોજ ૨૯ માહ ૬ (શે૦) ૧૨૨૬ યજદજરદી.

ખરશેદજી દાદાભાઈ વાડીઆ—અમોને જણાવવાને ભારે દુખ લાગેચ કે શેઠ ખરશેદજી દાદાભાઈ વાડીઆ કેટલાએક દાહાડાની માંદગી ભોગવી ગેઈ કાલે રાતનાં ગુજરીઆછ. એ શખશ વાડીઆ ખાંનદાંનમાં ઘણો હોશીઆર અને શવતંતર હતો અને હાલ પોતાની મેહનતથી પોતાનાં કામમાં વધતો જાતો હતો, પણ તેની પુખત જુવાન ૩૫ વરશની ઉમરમાં તેને મોતે છીનવી લીધો. અગરજો એ ઘણી જીવીઓ હતે તો આગલ ચાલતાં આપણા પારશી ટોલામાં શારી કીરતીએ પુગતે એવું માલુમ પડતું હતું.

[રાસ્ત ગોફતાર, ૨૯ મી મારચ ૧૮૫૭.]

22nd *March* 1857.

CURSETJEE DADABHOY WADIA.—It is with much regret that we have to record the demise of Mr. Cursetjee Dadabhoy Wadia, eldest son of our well-known townsman Dadabhoy Pestonjee Wadia Esq. The deceased, after a severe illness of nearly three weeks, died on Sunday night about 8 o'clock, at his father's residence at Parell. He had the merit, rare amongst the natives of this country, of being a man of truly independent spirit, and of kind and affable disposition. He had received his English education at the Elphinstone Institution, and it was subsequently improved by extensive reading of English literature. He was possessed of a large stock of commercial knowledge, which enabled him to rise to a high position in the mercantile community of Bombay. For the last five or six years he had been broker to the firm of Messrs. Martin, Young, and Co. He was in the full bloom of manhood, being only thirty-five years of age. His remains were carried to the Tower of Silence yesterday morning at eight o'clock, followed by nearly all the principal members of the Parsee community.

[*Bombay Gazette*, 24*th March*.]

તા૦ ૨૩ મી આપરેલ.

રોજ ૧ માહ ૮ (શે૦) ૧૨૨૬ યજદજરદી.

મેહેરવાંનજી હોરમજજી ફરેજરના—લખવાને બેહદ દલગીરી અને નાખુશી ઉપજેચ કે શુરતવાલા પારશી વેપારી શેઠ મેહરવાંનજી હોરમજજી ફરેજરવાલાએ આશરે ૭૧ વરશની વએમાં ચાલતા મહીનાની તારીખ ૨૩ મીએ આએ દુનીઆંથી અશબાબ ઉઠાવીને મીનોઈ આલમમાં કુચ કીધીછે. એ મરનારના ગુજરવાથી શુરતના જરતોશતીઓમાં મોટી નાંખુશી અને ભારે શંતાપ પેદા થાએઓછે—કાંએજે હાલના બારીક શમેમાં શુરત ખાતે વશનારા ગરીબ જરતોશતીઓને એ મરનાર શેઠીઓ પોતાથી બનતી મદદ આપવાને શદા તઇઆર થાતો હતો. એ મરનાર ઘરહશથ ઘણો ગરવો અને તે શાથે ન્માંના પુરૂશ હતો માટે શુરતની વશતીમાં એ મરનારને ઘણું શારૂં માંન આપેઆમાં આવતું હતું.

[જામે જમશેદ, ૨૮ મી આપરેલ ૧૮૫૭.]

તા૦ ૧૫ મી મેએ.

રોજ ૨૩ માહ ૮ (શે૦) ૧૨૨૬ યજદજરદી.

દશતુર અરદેસર હોરમજજી કામદીનના, ભરૂચવાલા—આજ રોજે ભરૂચ મધે ગાંમેગાંમના મુશલમાંન લોકો આવી એકઠા થાઇ દીન બોલાવીને ઘણાંએક પારશીઓને તલવારનાં જખમથી ઘાહેલ કરેઆછે તેહેમાં દશતુર અરદેશરજી હોરમજજી જે ઘણાંએક પરહેજગાર અને એકમારગી હતા તેવણનું બાહેરકોટની અગીઆરીનાં બારણાં ભાંજી લાકડાંની ચીરથી માથું ફાડી નાંખીઉં કે જે જખમથી તેવણની આંખનો દોરો ફુટી ગએઓ અને આજ દીને તેઓ બેહેશતી થાએઆછે.

[જામે જમશેદ, ૧૯ મી મેએ ૧૮૫૭.]

તા૦ ૧૦ મી જુલાઇ.

રોજ ૧૯ માહ ૧૦ (શે૦) ૧૨૨૬ યજદજરદી.

કાવશજી એદલજી બીશની—લખવાને દલગીરી લાગેચ કે મુમબઇની વશતીમાં જાંણીતા થાએલા શેઠ કાવશજી એદલજી બીશનીએ ગેઈ કાલ દીને શાંજનાં પાંચ કલાકને અમલે આએ જુઠી માએઆની અને જંજાલી ભરેલી દુનીઆંમાંથી ચાપણ વરશની વએમાં કુચ કરીને આકાશી લોકોમાં જાઈ વાશો કીધોછે. આએ ઘરહશથે મુમબઇ મધે વશનારા જરતોશતીઓને શેવટના વખતની આશાએશને વાશતે એક મોટી રકમ ખરચીને એક દુખમું બાંધીઉંછે. અને વલી શુરત મધેનાં નાહનપરા મધે એક દરેમેહરનો મકાંન બાંધેઓછે તેથી કરીને એ બંધે મકાનોથી હેનાં નામની યાદગારી કાએમ રેહશે. એ ઘહરશથ નમનતાઇ અને

શાહેબશાળી ભરેલો એકમારગી પુરશ હતો તેથી કરીને હેનાં મરણથી હેના દોશત મીતરોને તથા પીછાંણવાલા શખશોને ખરેખર દલગીરી ઉપજી આવશે અને તેજ પરમાંણે હેનાં બાહોલાં કુટ-મબને જે દુખ ઉતપન થાશે તે ઉતાવલેથી વીશરવાને મુશકેલ શરીખું થાઇ પડશે.

[જામે જમશેદ, ૧૧ મી જુલાઈ ૧૮૫૭.]

તા૦ ૩૦ મી ડીસેમબર.

રોજ ૭ માહ ૪ (શે૦) ૧૨૨૭ યજદજરદી.

શોરાબજી નશરવાંનજી બાટલીવાલા—હમુને જનાવાને અતીઅંનત દલગીરી ઉપજેચ કે આપણી તાપુના નામીચા વેપારી શેઠ શોરાબજી નશરવાંનજી બાટલીવાલાએ ગઈ કાલ દીને શવારનાં ૭ કલાકને અમલે થોડા દાહડાની માંદગી ભોગવી પોતાનો પીઆરો જાંન તે હક-તાલાને શોંપી મીનોઈ જેહાંનમાં વાશો લીધોછે. એ મરનાર ઘણોજ શલુકમંદ શારી આબરૂ અને ચોખી દીઆંનતનો હતો—તથા પોતાના દોશત આશનાવોમાં એટલીતો મીલંનશારી રાખતો હતો કે તેનાં મરણથી જે દલગીરી તેનાં કુતંમ પરીવાર અને દોશત આશનાવમાં ઉથીચ તે મંનથી વીશરાવી અને દીલથી ભુલાવી ઘણીજ મુશકેલ થાઈ પડવાની.

[મુમબઇના શમાચાર, ૩૧ મી ડીસેમબર ૧૮૫૭.]

ઈ૦ સ૦ ૧૮૫૮.

25th January 1858.

Pestonjee Nasserwanjee Malligaumwalla.—On the 25th January, at his residence in the Fort, of asthma, after a fortnight's illness, Pestonjee Nusserwanjee Malligaumwalla, a respectable shopkeeper of Malligaum, and merchant and general agent of Bombay, aged 63 years; deeply regretted by all who knew him.

[*Bombay Times, 4th February.*]

તા૦ ૧૦ મી ફેબરવારી.

રોજ ૧૯ માહ ૬ (ક૦) ૧૨૨૭ યજદજરદી.

અરદેસર ફરદુનજી પાંડે—હમોને ખબર આપવાને મોટું દુખ અને ભારે શંતાપ લાગેચ કે આપણી વશતીમોનો નાંમીચો અને પંકાએલો વેપારી તથા પારશીની કોમનો પુરા-તમ ખાંનદાંનનો નાંમવર ગરહસથ શેઠ અરદે-શર ફરદુનજી લીમજી ભીખા બેહેરાંમના તરણ દાહડાના શનેપાતની તાવનાં ઘાતકી મરજથી આશરે એકાવણ વરશની જુવાંન વએમાં મોટમો પોતાના રેહવાના બંગલામો ગએઆ બુધવારની પાછલી રાતનાં આએ જફા ભરેલી જાંહાંનમોથી પોતાનો અશબાબ ઉઠાવી મીનોઈ લોકોમો વાશો કીધો. એ મરનાર અતરેની નાંમીચી ઇઓરોપીઆંન વેપારીઓ માશીઅરશ રીચી ઇશટુવરટની પુરાતમ પેહડી ઉપર પોતાનાં શવરગવાશી બાપ શેઠ ફરદુનજી લીમજીની જગો ઉપર દલાલીનું કામ ચલાવતો હતો. એ મર-નાર વેપાર, વેહેવાર અને લેણદેણમો ઘણોજ શુધો અને ચોખો હતો તથા પોતાના ધંધાંમો હેવોતો માહીતકાર હતો કે તેથી પોતાનાં ધણી-ઓનો વાહાલો થાઈ પડેઓતો. એ મરનાર ઘણોજ નમાંનો દેઆંનતદાર તથા શીધો અને શાચ વચાણનો ઇમાનદાર અને એકમારગી પુરશ હતો—તે શાથે દીનદાર અને પરેજગાર તેમજ શખી તબેહનો હતો. હેનાં ગુજરવાથી હેનાં બાહોલાં કુટમબ તથા બેહદ દોશતોનાં દીલમો જે દરદ અને ગમ પેદા થાએઓચ તે એકાએક વીશરાએ તેહવો નથી.

[મુંબઇનાં ચાબુક, ૧૨ મી ફેબરવારી ૧૮૫૮.]

તા૦ ૧૫ મી મારચ.

રોજ ૨૨ માહ ૬ (શે૦) ૧૨૨૭ યજદજરદી.

પેશતનજી માણેકજી જામે જમશેદના—જામે જમશેદ વરતમાંન પતરના માલેક તથા સર જમશેદજી જીજીભાઇએ પારશીઓને વાશતે કરેલી શખાવતનાં ધરમખાતાંના અને મુંબ-ઇના પારશીઓની પંચાએતના શેકરેટરી શેઠ પેશતનજી માંણેકજીએ કેટલાએક દાહાડાની

માંદગી ભોગવીને ૪૯ વરશની ટુક ઉમરમાં ગએઆ શોમવારની રાતરે આ ફાંની દુનીઆં મધેથી અશબાબ ઉઠાવીને પોતાનો આતમાં પોતાના પેદાના કરનારને શોંફીઓછે. એ મરનાર મુંબઇના જરતોશતીઓ વચે એક જાહેર પુરૂશ ગણાંતો હતો, અને તેણે પોતાની હઈઆતીનો મોહોટો ભાગ પારશીઓના ધરમ તથા તેઓની શનશારી હાલતને લગતાં કામોના શંબંધમાં રોકેઓ હતો, કે જે ઉપરથી એ મરનાર ગહરશથનાં ગુજરવા પછી તેહેને વીશે થોડાએક શબ્દુનો બોલવાનું હમો દુરશત વીચારીએચ.

શેઠ પેશતનજી માંણેકજી આબરૂવાલાં પણ ગરીબ માબાપને પેટે જનમ પાંમેઓ હતો. એ માંબાપની તરફથી તેહેને શારી કેલવણી મલી હતી નહી, તેથી એ ગહરશથે પોતાની જવાંનીનો પરથમનો કેટલોએક વખત વગર રોજગારે બરબાદ કરેઓ હતો, તોપણ તેહેની જાતી બુધી તથા મનશકતી ઘણી શારી હતી, તેથી કરીને તેણે પોતાની થોડી કેલવણીની ખાંમીને કેટલેએક દરજજે શુધારી હતી. શેઠ પેશતનજી માંણેકજી પેહલ વેહલો ઇશવી શને ૧૮૨૭ નાં વરશમાં એક જાહેર શખશ તરીકે પારશીઓમાં પરશીધ થાએઓ હતો. એ વખતમાં મુંબઇનાં કદમી તથા શેહેનશાહી જરતોશતીઓ વચે કબીસાની ઇઆને કશરનાં દાહાડા બાબેની ભાંજગડ ઘણીજ જોશમાં ચાલતી હતી, કે જેથી શેહેનશાહી જરતોશતીઓની તરફથી "અખબારે કબીશે" નામનું શીલા છાપા ઉપર પરગટ થાતું એક પતર ઉભું થાએઉં હતું. એ પતરનું અધીપતીપણું દશતુર ફરદુનજી દારાબજી જામાશપ આશાવાલાનાં અશતેકમાં હતું, અને તેવણુના હાથ નીચે હરાડ વરશની ટુક ઉમરમાં પેશતનજી ચાકરી રેહેઆ હતા. એ છાપખાંનાં શાથે તે વખતના શેનશાહી જરતોશતી અકાબરોને મોહોટો શંબંધ હતો, અને તેમાં અગત કરીને મરનાર શેઠ ખરશેદજી માંણેકજી સરાફ એ કારખાંનાં શાથે અતલગનો શેહેવાર રાખતા હતા. શેઠ ખરશેદજી માણેકજીને જુવાન પેશતનજી માણેકજીની બુધી તથા ચાલાકી પશંદ પડી હતી, તેથી એ ગહરશથને તેવણુ પોતાના ભાઇબંધ બીજા અકાબરોની નજર શાંહાંમને લાવેઆ હતા. શેઠ ખરશેદજી માંણેકજીની મારફતથી શેઠ પેશતનજીને પારશીઓનાં હવડેનાં વડા અકાબર શર જમશેદજી જીજીભાઇની શંગાથે મોલાકાત થાઈ હતી, અને એ છેલલા જણાવેલા શાહેબનાં આશરાથી મરહુમ પેશતનજીએ ઇશવી શને ૧૮૩૧ નાં વરશમાં "જામે જમશેદ" નું દર અઠવાડીએ પરગટ થાતું વરતમાંન પતર બાહેર પાડેઉં હતું, અને તેહેનું અત્રીપતીપણું એક બેએ ગહરશથોની શેહેજ મદદ લઇને તેવણુ પોતે ચલાવતા હતા. એ પતર નીકલેઆ પછી આશરે શાત વરશે હોરમજજી પેશતનજી તથા ધનજીભાઇ નવરોજજી હેવે નાંમનાં પારશીઓના બેએ છોકરાઓ પોતાના વડવાઓનો ધરમ છોડીને ઇશાઈ ધરમમાં વટલી ગએઆ હતા, કે જેથી પારશી લોકોમો મોહોટો શોહોર ઉઠેઓ હતો, અને એ છોકરાઓને જબરદશતીથી પાછા જરથોશતી ધરમમાં લાવવાને શારૂં અતરેની શુપરીમ કોરટમાં એક મુકદમો ચલાવેઆમાં આવેઓ હતો, કે જે કામ મધે બેહેદીન પેશતનજી માંણેકજીએ પારશીઓની તરફથી ઘણીએક મેહેનત લીધી હતી, અને એ વખતથી એ ગહરશથ આગલનાં કરતાં વધારે છતો પડેઓ હતો. ઇશવી શને ૧૮૪૨ નાં વરશમાં મુંબઇના કેટલાએક જરતોશતીઓ તથા ખરીશટી ધરમનાં ઉપાધીઆઓ વચે જરતોશતી તથા ઇશાઈ ધરમ બાબે ભારે જોશથી તકરાર ચાલતી હતી, તે શમેમાં "જામે જમશેદ" છાપાખાંનાં મધેથી ઇશાઈ ધરમની વીરૂધ અને જરતોશતી મજહબની તરફેનમાં "રાહાનુમાએ જરતોશતી" નામનું એક માહવરી ચોપાંનીઉં બાહેર પડેઉં હતું, જેહેનાં બનાવનાર તરીકે બેહેદીન પેશતનજી માંણેકજીએ પોતાનું નાંમ બોલલું કીધું હતું, પણ એ ચોપાંનીઉં શેનશાહી જરતોશતીઓનાં મરહુમ દશતુર એદલજી દારાબજી શનજાંણાં તથા આપણાં ટાપુના ચંચલ અને માન પાંમેલા પારશી ગહરશથ શેઠ નવરોજજી ફરદુનજી ચલાવતા હતા, કે જેહેની

અશર તે વખતનાં બુઢા તથા જુવાંન જરતોશતીઓનાં દીલમાં શારી રીતે દાખલ થાઈ હતી. ઇશિવી શને ૧૮૪૫ નાં વરશમાં ખરીશટી ધરમની વીરૂધમાં ઇંગરેજી ભાશા મધે શેઠ પેશતનજીનાં નામથી એક ચોપડી પરગટ થાઈ હતી, તે પણ શેઠ નવરોજજી ફરદુનજીએ બનાવી હતી. એ રીતે એ મરનાર ગહરશથ એક ગરંથકરતા ગણાતો * નથી, તોપણ તેહેનાં છાપખાંનાં મધેથી અને તેણે કરેલી કોશેશને લીધે ગુજરાતી જુબાંનમાં અને તેમાં અગત કરીને પારશીઓના ધરમને લગતાં ઘણાંએક કીમતી પુશતકો બાહેર પડ્યાંછે. બેહદીન પેશતનજી માણેકજીએ પોતાનાં છાપાખાંનાંની મારફતે તથા બીજી પરકારે જરતોશતી ટોલાનાં જાહેર કામોમાં જે કાંઈ મેહેનત લીધી હતી તેહેનાં બદલામાં ઇશવી શને ૧૮૪૯ નાં વરશમાં શર જમશેદજી જીજીભાઇએ પોતાનાં નામથી ઉભાં કરેલાં પારશીઓને વાશતે શખાવતનાં ધરમખાતાંનો એ ગહરસથને મુશારેદાર શેક્રેટરી મુકરર કરેઓ હતો, અને મુંબઇની પારશીની પંચાએતને લગતો કેટલોએક કારોબાર ચલાવવાનો તેહેને અખતીઆર આપીઓ હતો. ખાનગી વેહેવારમાં મરનાર પેશતનજી માણેકજી મીલનશાર, મોહોબત બતલાવનાર, ધીરજવાલો, અને અશરાફ ગહરશથ હતો, કે જેથી તેહેનાં ટુક ઉમરમાં ગુજરી જવાથી તેહેના એશીઓ તથા દોશતો વચે અતીશે ગમગીની પેદા થાઈ હશે તેમાં કશો શક નથી.

[રાસ્ત ગોફતાર, ૨૧ મો મારચ ૧૮૫૮.]

15*th* *March* 1858.

PESTONJEE MANECKJEE JAME-JAMSHEDNA.—We regret to announce the death of Pestonjee Maneckjee, Proprietor of the *Jami-Jamshed*, and Secretary to the Parsee Punchayet. The melancholy event took place at his residence in the Fort at 9 o'clock on the night of Monday last in the fiftieth year of his age.

[*Telegraph & Courier, 17th March.*]

તા૦ ૩ જી મેએ.

રોજ ૧૧ માહ ૮ (શે૦) ૧૨૨૭ યજદજરદી.

ફરાંમજી નવરોજજી દારૂખાંનાંવાલા—શેઠ નવરોજજી કાવશજી દારૂખાંનાંવાલાના છોકરા ભાઈ ફરાંમજીએ થોડાએક દીવશ તાવના મરજથી માંદગી ભોગવીને ગેઇ કાલ દીને પોતાનો પેઆરો પરાંણ તે કીરતારને હવાલે કીધોછે. આએ પાહડ શરીખા પુરૂશનાં અણચીતાં મરણની દુખ ભરેલી ખબર શાંભલવાથી તેહનાં દોશત માતરોમાં બચીત મોટ્ઠી દલગીરી ઉપજવાની.

[જામે જમશેદ, ૪ થી મેએ ૧૮૫૮.]

તા૦ ૮ મી મેએ.

રોજ ૧૬ માહ ૯ (ક૦) ૧૨૨૭ યજદજરદી.

જાંગીરજી શોરાબજી પાટક—હમુને જણાંવાને દલગીરી ઉપજેચ કે ગઈ પરમ દીને રાતનાં ભાઈ જાંહાંગીર શોરાબજી પાતકે આએ ફાંની દુનીઆંની જુઠી માઆ છોડીને શવરગવાશી લોકોમાં વાશો કરીઓછે. એ મરનાર મીલનશાર અને શારા શવભાવનો હતો તેથી તેહેનાં મરણથી તેહનાં બોહલાં કુટંમ અને બેહદ દોશત આશનાવોમો મોહટ્ઠી દલગીરી ઉપજીછે.

[મુંબઈનાં શમાચાર, ૧૦ મી મેએ ૧૮૫૮.]

તા૦ ૧૨ મી મેએ.

રોજ ૨૦ માહ ૯ (ક૦) ૧૨૨૭ યજદજરદી.

મેહરવાંનજી જીવાજી ઢોંડી—હમુને જણાંવાને દલગીરી લાગેચ કે ગઈ કાલ દીને શહવારનાં બાંમદાદની વખતે આપણી ટાપુનાં નાંમીચા પારશી શેઠ મેરવાનજી જીવાજી ધોંડીએ આએ જાંહાંનમાંથી પોતાનો અશબાબ ઉઠાવીને મીનોઈ જાંહાંનમાં વાશો કરેઓછે. એ મરનારે પોતાની શારી ચાલ તથા મીલનશાર શવભાવથી શારી આબરૂ અને પરીત પોતાનાં દોશત આશનાંવોમાં મેલવી હતી તેથી તેહનાં મરણથી મોહોટી દલગીરી તેહનાં એશાવંદો અને દોશત આશનાંવોમાં ઉઠીછે.

[મુંબઈનાં શમાચાર, ૧૩ મી મેએ ૧૮૫૮.]

તા૦ ૨૯ મી મેએ.

રોજ ૭ માહ ૯ (શે૦) ૧૨૨૭ યજદજરદી.

શોરાબજી ખરશેદજી કુંઠી—મોબેદ શોહોરાબદારૂ—— થુથી જેણે રેલવેનાં નાંમીચા કનટરાકટર મીશતર જમશેદજી દોરાબજી સાથે પંતીઆલાનું નાતું કરીને મોટી દોલત મેલવીચ તે ગરહશથ ગીઆં અઠવાડીઆંમો મુંમબઈમો પોતાનાં રેહેવાનાં ઘેરમો ગુજરી ગીઓ.

[મુંબઈનાં ચાબુક, ૪ થી જુન ૧૮૫૮.]

તા૦ ૧૯ મી જુન.

રોજ ૨૮ માહ ૯ (શે૦) ૧૨૨૭ યજદજરદી.

આ૦ રૂસતમજી માણેકજી માદન—હમોને જણાવવાને હદથી જેઆદા શંતાપ પેદા થાએછે કે બેહેશતનશીન દશતુર એદલજી દારાબજી શંજાણાંની વંશ માંહેલા પુરૂશ દશતુર રૂશતંમજી માંણેકજી માંદનનાએ ચાલતા મહીનાંની તા૦ ૧૯ મીને દીને શહવારનાં આએ ફાંની દુનીઆં છોડી શવરગવાશીઓમાં પોતાનો વાશો કીધોછે. એ પુરૂશનાં મરણથી તેહની જઈફ માતાનાં શીનાંમાં મોહટો જખમ પેદા થાએઓછે હેમાં કશો શક નથી, પણ તે શાથે એ અશરાફ પુરૂશનાં બાલગોપાલની અવશથા ઘણી દએઆ ભરેલી થાઈ પડીછે. એ મરનારનાં એક મીતર દાખલ હમોને જેટલો શંતાપ પેદા થાએછે તેથી તેહેના એશાવંદોને કેટલું દરદ પેદા થાએઉં હશે તેહનો એઆલ હમોથી થાઈ શકતો નથી. માહાતંમપોંશી અને ગમી શીવાએ આએ બનાવની આશપાશ કશું નજર આવતું નથી. એ મરનારની શલુકાઈ કાંઈ છાંણી નથી—અને તેહેની ઓલખમાં જેઓ આવેઆ હશે તેઓ તેહેની નમનતાઈ શાથે ખુશ ચેહેરા ઉપર મથન રેહેઆ હશે હેમાં કશો શક નથી. આએ દુનીઆંમાં એ ગુણવાંન પુરૂશે કાંઈ આલશુ જનંમ લીધો નહી હતો. તે પોતાના કબીલાની પરવરશી કરવાનાં કાંમમાં રોકાએઆ છતાં દરરોજની પોતાની ફરજીઆત અદા કરવામાં મશગુલ રેહેતો હતો—અને હરેક તરેહનો એલંમ હાંશલ કરવાની ખાહેશ ઘણી બતલાવતો હતો. એ મરહુમ પુરૂશે કાંઈએક ફારશી અને શંનશકરૂત ભાશાનો અભેઆશ કીધો હતો—તથા જમાનાના રેવાજ પરમાંણે જોતીશ વીદેઆના કાએદાથી વાકેફગાર પણ થાએઓ હતો. જે વેલાએ તે કોઈ શાથે તકરાર કરતો હતો તે વેલાએ તે હમેશાં પોતાનો મીજાજ ખુશ અને જુબાંન શીરીન રાખતો હતો તથા દલીલના કાએદાથી તે કદી દુર નહી રેહતો હતો. એ પુરૂશની ચંચલાઈ વીશે હમારૂં મત ઘણું શારૂં હતું—પણ માઠાં ભાએગે તેહની ચંચલાઈ અને ખુબી એક વખત પણ જાહેરમાં નહી આવી હતી તેથી હમોને નીશચે શંતાપ ઉતપન થાએછે.

[જામે જમશેદ, ૨૧ મી જુન ૧૮૫૮.]

તા૦ ૨૨ મી જુન.

રોજ ૧ માહ ૧૦ (શે૦) ૧૨૨૭ યજદજરદી.

આદરજી શાપુરજી મોદી—હમુને જનાવાને અતીઅંતત દલગીરી અને મોહતો શંતાપ લાગેચ કે આપણી વશતીનો નાંમીચો ઘરશથ શેઠ આદરજી શાપુરજી મોદી ગઈ કાલ દીને શવારનાં ૯ા કલાકને અમલે આએ દુનીઆંમાંથી પોતાનો અશબાબ ઉઠાવીને મીનોઈ જાંહાંનમાં વાશો કરીઓચ. એ મરનાર ઘણોજ મઆલુ અને ખુબીવંનતો હતો અને તેને પોતાનો આખો જનમારો પોતાનાં બોહલાં કુતંમની પરવરશી કરવામાં ગુજારીઓ હતો. તે મીલનશાર અને એક શારા શવભાવનો મીતર હતો અને પોતાંની શારી ચાલથી તેને લોકોમાં અતીશએ પીઆર મેલવેઓ હતો. એ ઘરશથનાં ગુજરવાથી તેનાં બોહલાં કુતંમ અને દોશત આશનાવોમાં જે ગમી પેડા થાઇચિ તે દીલથી વીશરાવી મુશકેલછે.

[મુંબઈનાં શમાચાર, ૨૩ મી જુન ૧૮૫૮.]

તા૦ ૧૦ મી સપટેમબર.

રોજ ૨૧ માહ ૧૨ (શે૦) ૧૨૨૭ યજદજરદી.

બેહુરાંમજી દીનશાહ ધનાપટેલના—ગેઈ કાલે અતરે આવેલી ચીનની ઇશટીમર સાથે બેરાંમજી દીનશાહ ઘણાં પટેલનાં મરણની ખબર આવી છે.

[જામે જમશેદ, ૬ ઠી અકટોબર ૧૮૫૮.]

10*th September* 1858.

Byramjee Dinsha Dhuna-Patel. At Hongkong, in China, on the 10th September, Byramjee Dinshaw Patell, Assistant to the Naval Dubash of H. M's. Navy, and the son of Dinshaw Hormusjee Patell, H. M's. Dubash, aged 40, leaving a wife and family to deplore his loss.

[*Bombay Gazette*, 22*nd October.*]

તા૦ ૨૪ મી અકટોબર,
રોજ ૩૦ માહ ૧ (શે૦) ૧૨૨૮ યજદજરદી.

દાદાભાઈ ધનજીભાઈ દારૂખાંનાંવાલા, હમુને જણાંવવાને દલગીરી લાગેચ કે ગઈ કાલે પાછલા પોહોરનાં તરણ કલાકને અમલે દાદાભાઈ ધનજીભાઈ દારૂખાંનાંવાલા હક થાએઆ છે—આએ મરનારની ઉમર આશરે ૬૩ વરશની હતી.

[મુંબઈના શમાચાર, ૨૫ મી અકટોબર ૧૮૫૮.]

તા૦ ૨ જી નવેમબર.
રોજ ૯ માહ ૩ (ક૦) ૧૨૨૮ યજદજરદી.

બચુબાઈ તે ફરાંમજી કાવશજી બનાજીનાં વાંધવા—આએ જગતમાં સરવે કોઈએ મરવાને શારૂં જનમ લીધોછે પણ માંણશનો પરાંણ જતી વખતે કેટલાએક બનાવો બનેચ કે જેહેની ઉપર ઈનિશાંનનાં હવેપછેનાં શુખની આશા રાખવાનો આધાર થાએચ. હાવો એક બનાવ હાલ બનેઓછે તે હમારા વાંચનારાંઓની હજુરમાં મેલવાને હમો ચુકતા નથી. શવરગવાશી શેઠ ફરાંમજી કાવશજી બનાજીનાની ઓલખ આપવાની જાહાજી જરૂર નથી. એ મરનાર શેઠનાં ધણીઆંણી ગએઆ મંગલવારનાં પાછલા પોહોરે ૯૨ વરશની ઉમરે પોંહોચી હક થાએઆં છે કે જે ખબર હમોએ મોહોટાં દુખ સાથે શરેશતાની જગોએ આપી હતી. હાલ એ મરનાર બાઈની પવીતરાઈ વીશે માંન ભરેલા શખુનો શાંભલેઆમાં આવેછે કે, જે વેલાએ તેવો પોતાનાં મોહોતનાં બીછાંણાં ઉપર શુતાં હતાં તે વેલાએ તેવોએ પોતાનાં ધણીનાં વકીલોને હેવો શવાલ કીધો હતો કે "હું માહારા ધણીની હજુરમાં જવાની તઈઆરી કરૂંચ વાશતે તમો મહને કેઈ ખુશખબરી આપોચ કે હું તાંહાં શરખરૂ જઈને ઉભી થાઉં, અને તે ખુશાલી ભરેલો પેગાંમ માહારા ધણીને કેહું?" હેનો ઉતર વકીલોએ હેવો વાલેઓ હતો કે મરહુમ શેઠ ફરાંમજી કાવશજીના માંગણારાઓનો હીશાબ દોકડે પાએકે ચુકવી આપેઓછે, અને તેવોનાં ઈશટેટમાંથી તેઓના વારેશોને માટે પણ કાંઈએક બચાવીઉંછે. આએ ખુશાલી ભરેલી ખબર મનજુર રાખી મરનાર બાઈએ વકીલો પાશે એ ખબર વીશે પતીજી માંગી હતી, કે જે પતીજી વકીલોએ મરહુમ શેઠ ફરાંમજી કાવશજીનાં માંગનારાઓને બાઈની હજુરમાં ઉભા કરી આપી હતી. એ મરનાર બાઈના છેલલા દીવશ મોહોડાં ઉપર જેંદ અવશતાથી ગુજરેઆ હતા.

[જામે જમશેદ, ૬ ઠી નવેમબર ૧૮૫૮.]

તા૦ ૮ મી નવેમબર,
રોજ ૧૫ માહ ૨ (શે૦) ૧૨૨૮ યજદજરદી.

ધનજીભાઈ ભીમજી ઉમરીગર—હમોને જનાવવાને અતીશે દલગીરી લાગેચ કે આપણી કોમમો જાનીતા મરનાર શેઠીઆ ભીમજીભાઈ ઉમરીગરના છોકરા ભાઈ ધંનજીભાઈ ગઈ કાલ દીને હક થાએઆ છે. એ મરનાર નાંમદાર રાંણીના ઢંઢેરાની વખતે થાએલી આતશબાજી જોતાં એક ઘોડાના આચકાથી પડી ગએઓ હતો અને પગ ઉપરથી ગારી ફરી વલેઆના શબબથી શાત દાહાડા સુધી હેરાંન રહેઆ પછી પોતાનો પરાંન પેદા કરનારને હવાલે કરેઓછે.

[મુંબઈના શમાચાર, ૧૦ મી નવેમબર ૧૮૫૮.]

તા૦ ૧૩ નવેમબર.
રોજ ૨૦ માહ ૨ (શે૦) ૧૨૨૮ યજદજરદી.

શેહરીઆરજી નવરોજજી ભરૂચા—શેહરીઆરજી નવરોજજી ભરૂચા અથવા દારૂવાલા જે અતરેના ઘણાએક લોકોમાં જાંણીતો અને ભરૂચા લોકોમાં એક લાએકીવાલો—**શવ-**

ભાવીક અને દીનદાર પુરૂશ હતો તેણે એક મહીનાંની માંદગી ભોગવેચ્યા પછે પાંશઠ વરશની વએમાં ગએચ્યા શનીવારની રાતનાં આકાશી લોકોમાં વાશો કીધોછે જેથી તેહના દોશત આશનાઓમાં અને ખશુશ કરીને ભઇચા લોકોમાં દલગીરી ઉપજીછે.

[જામે જમશેદ, ૧૫ મી નવેમબર ૧૮૫૮.]

તા૦ ૩ જી ડીશેમબર.

રોજ ૧૦ માહ ૩ (શે૦) ૧૨૨૮ યજદજરદી.

કાવશજી એદલજી મોદી—હમોને જનાવવાને બેહદ દલગીરી લાગેચ કે આપણી ટાપુમાં જાંનીતો ધરહશથ શેઠ કાવશજી એદલજી મોદી ગઇ કાલ દંને કેટલાએક દીવશની બીમારી પછી હક થાએચ્યાછે.

[મુંબઇના શમાચાર, ૪ થી ડીશેમબર ૧૮૫૮.]

ઈ૦ સ૦ ૧૮૫૯.

તા૦ ૭ મી જાનેવારી.

રોજ ૧૫ માહ ૫ (ક૦) ૧૨૨૮ યજદજરદી.

મેહેરવાંનજી હીરજીભાઈ પટેલ—હમુને જનાવવાને દલગીરી લાગેચ કે ગએચ્યા શુકરવારની રાતનાં આપણી ટાપુનાં નાંમીચાં પતેલ આંનદાંનનો જુવાંન ગરહશથ ભાઈ મેરવાંનજી (હીરજીભાઇ) રૂશતમજીએ ચાર દાહાડાની માંદગી ભોગવી આએ જીઆંનમાંથી પોતાનો અશબાબ ઉઠાવી મીનોઈ જાંહાંનમાં વાશો કરીઓચ. એ જુવાંન ગરહશથ ઘણો મીલંનશાર ખુશઆશી અને નમાના શવભાવનો હતો તેથી તેના કવખતનાં ગુજરવાથી તેનાં ઓહલાં કુતંમ અને દોશત આશનાઓમાં મોહટી દલગીરી ઉઠીછે.

[મુંબઇના શમાચાર, ૧૦ મી જાનેવારી ૧૮૫૯.]

તા૦ ૯ મી જાનેવારી.

રોજ ૧૭ માહ ૪ (શે૦) ૧૨૨૮ યજદજરદી.

રૂસતમજી જીવણજી અપુ—મરતીઉકની ટીપ ઉપરથી હમારા વાંચનારાઓ કાંઇએક દલગીરી શાથે જોશે કે બાહેરકોટનો પરએચ્યાત પારશી ધરહશથ શેઠ રૂશતમજી જીવણજી અપુ ગેઇ પરમદીને હક થાએચ્યાછે.

[જામે જમશેદ, ૧૧ મી જાનેવારી ૧૮૫૯.]

તા૦ ૨૦ મી જાનેવારી.

રોજ ૨૮ માહ ૪ (શે૦) ૧૨૨૮ યજદજરદી.

ભીમજીભાઈ પેશતનજી ડાકટર, સુરતના—શ્રી શુરતનાં હમારા આડતીઆનાં આવેલાં કાગજ ઉપરથી જણાવવાને દલગીરી લાગેચ કે ચાલતા મહીનાંની તારીખ ૨૦ માંએ ડાકટર ભીમજીભાઇ પેશતનજી થોડા દાહાડાની માંદગી ભોગવીને ગુજરી ગએચ્યાછે.

[મુંબઇના શમાચાર, ૨૭ મી જાનેવારી ૧૮૫૯.]

તા૦ ૨૭ મી જાનેવારી.

રોજ ૫ માહ ૫ (શે૦) ૧૨૨૮ યજદજરદી.

ધનબાઈજી તે નવરોજજી પદમજી પેશતનજીનાં ધણીઆંની—શ્રી પુણાનાં એક મીતરનાં પતરમો તાંહાંનાં નાંમવર વેપારી તથા રેહેવાશી શેઠ પેશતનજી શોરાબજીના છોકરા શેઠ પદમજી પેશતનજીની વહુ જે શ્રી ભાવનગરવાલા નાંમીચા ગરહશથ ભાઈ દારાંજી કઇઓજી મીરજાંની દીકરી થાએચ—તેહનાં અકશમાત ગુજરવા વીશેની શંતાપ ભરેલી ખબર લખેચ. કેહચ કે એ જુવાંન છોકરીની વએ આશરે શતર વરશની હતી અને તેહને હમેલનાં પુરા દાહડા હતા પણ જણતાં ઘણી કશરાઈ તેથી કાબેલ અંગરેજ ડાકટરે તેહનું છોકરું કાપીને કાહાડીઉં—પણ ભાએગ માઠાં તેથી તેહને બીજે દીને દ્રુઆને રોજ ૫ મો માહા ૫ મો શેહેનશાહી તારીખ ૨૭ મી જાનેવારીને દીને એ બાઈ શવરગવાશી થાઈ. આએ દુખદાએક બનાવથી બુજરગ શેઠ પેશતનજીને તેહનાં જઈફીનાં વખતમો ઘણો વીલાપ અને શંતાપ ઉપજેઓછે તેમજ તેહનાં દોશત આશનાવ અને કુટંમબ પરીવારમો પણ મોટી નાંખુશી ઉપજીછે.

[મુંબઇના ચાબુક, ૪ થી ફેબરવારી ૧૮૫૯.]

તા૦ ૫ મી મારચ.

રોજ ૧૨ માહ ૭ (ક૦) ૧૨૨૮ યજદજરદી.

જાંગીરશાહ અરદેસર કોટવાલ, સુરતવાલા—હમોને ખબર આપવાને અતી ઘણું

દુખ ઉપજેચ કે શુરતનાં માજી કોટવાલ શેઠ અરદેશર ધનજીશાહ ખાંન શાહેબ બાહાદુરનો એક પુરો છોકરો જાંગીરશાહ ગઈ પરમ દીને શુરત મધે ગુજરી ગએઓછે, જેહેનાં મરણની શંતાપ ઉપજાવનારી ખબર વીજલીના તારની મારફતે એજ દને અતરે આવી પુગીછે. શુરતનાં રેહેવાશીઓ, જેઓ બાહાદુર અરદેશરની મેહેનત અને કોશેશથી વાતપાડાઓ અને દરોરો મારનારા ભીલ લોકોનાં જુલમમાંથી મોકલા થાઈ હવડાં શુલેહ શાથે નચીંતથી પોતાનો વખત ગુજારેચ તેઓ વચચે આએ દુખ ભરેલાં મરણથી ઘણી ગમગીની ઉતપન થાઈ હશે હેમાં થોડોજ શકછે.

[જામે જમશેદ, ૭ મી મારચ ૧૮૫૯.]

તા૦ ૧૪ મી આપરેલ.

રોજ ૨૨ માહ ૭ (શે૦) ૧૨૨૮ યજદજરદી.

સર જમશેદજી જીજીભાઈ બારોનેટ—પારસીઓની કોમ વચેનો સઉથી જહલકતો સેતારો હવડાં ગુમ થાએઓછે. સર જમશેદજી જીજીભાઈ બારોનેટે લગભગ ૭૫) વરસની કીરતી ભરેલી ઉમર ભોગવીને પોતાનો ભલો આતમાં ગએઆ ભરેશપતવારની પાછલી રાતનાં ૨) કલાકે પોતાનાં કીરતારને સોંફેઓછે. આજ આસરે એક માંશ થાએઓ એ બુજોરગી પામેલા દેશી ગહરશથની તંદુરશતીમાં શરેશતા કરતાં વધારે બીગાડ થાએઓ હતો, અને તેથી કરીને તેવણનાં એશીઓ તથા દોશતોને ધાશતી પેદા થાઈ હતી કે તેઓના મુરબીની આએ દુનીઆં મધેની મુશાફરીની આખેરીનો વખત નજદીક આવેઓછે. એ ધાશતી માંડાં ભાએગે અંતે ખરી ઠડીછે. પારસીઓ આજ આશરે ૧૧૦૦) વરશ થાએઆં પોતાનાં કદીમોનું વતન ઈરાન છોડીને હીંદુશથાંનમાં આવી વસેઆ તે લાંમબી મુદતમાં સર જમશેદજી જીજીભાઈ એકકો નર નીકલેઆછે, અને તેવણે પોતાનાં કીરતી ભરેલાં કાંમથી પારસીની કોમને જે હોરમત આપીછે, તથા પરએઆત કરીછે, તે મીસાલે આજ ૧૧૦૦) વરશની મુદતમાં કોઇએ કરેઉં નથી. માંટે એ બુજોરગી પાંમેલા અને ખરા પરોપકારી જરતોસતીનું આ દુખ ભરેલું મરતીઉક જાહેર કરતી વખતે તેવણની જીનદેગાંનેનું થોડું એક બએઆંન કરવાની હમો રજા લઈજીએછે, અને એ બએઆંન કીધાથી દુનીઆંનાં લોકોની નજદીક હમો એક કીમતી દાખલો મુકીએછે કે કોઈબી માણસનાં દીલમાં આ ધરતી ઉપર પોતાની નેક બખતીની ખુશબો કાએમ રાખવાની જો ઇછા હોએ તો તેણે સર જમશેદજી જીજીભાઈનો દાખલો લેઈને તે ઉપર પોતાની શકતી મુજબ અભેઆસ કરવો.

સર જમશેદજી જીજીભાઈનો જનમ ઈસવી સને ૧૭૮૩ નાં વરશની તારીખ ૧૫ મી જુલાઈને દીને ગુજરાત પરાંતમાં નોસારી કશબામાં "મલેશર" મધે થાએઓ હતો. સર જમશેદજીના બાપનું નાંમ જીજીભાઈ ચાંનજીભાઈ કરીને હતું. જીજીભાઈ મલેસરનો એક ગરીબ તોપણ આબરૂવાલો રેહેવાસી હતો. સર જમશેદજીની ઉમર ૧૬) વરશની પુરી થાઈ નહી હતી એટલામાં તેવણના બાવા તથા માતાજી (જીવનબાઈ) એક વરસનાં અરશાની અંદર બંધે ગુજરી ગએઆં હતાં. એ માંબાપોએ સર જમશેદજીને નાંહાંનપણથી ગુજરાંન સોધવાને સારૂં મુંબાઈ ખાતે મોકલેઆ હતા. મુંબાઈ મધે જમશેદજીએ પોતાનાં શશરા મરનાર શેઠ ફરાંમજી નશરવાંનજી બાટલીવાલાનાં ઘરમાં ઉતારો લીધો હતો. તે વખતે શેઠ ફરાંમજી નશરવાંનજીએ મુંબઈનો કોટ મધે બાટલીઓ વેચવાની એક નાંધલી દુકાંન કાહાડેલી હતી, અને તે દુકાંનનાં કામમાં આપણાં મરહુમ બારોનેટ તેવણનાં મદદગાર થાએઆ હતા. એ વખતમાં સર જમશેદજીએ ગુજરાતી જુબાન લખવા તથા વાંચવાની તથા ઈંગરેજી શમજવાની શેહેજ માહીતગારી મેલવી હતી. થોડું એક શુધી એ પરમાંણે પોતાનાં શશરાને તેવણનાં ધંધામાં મદત કરેઆ બાદ ઈસવી સને ૧૭૯૯ નાં વરસમાં સર જમશેદજી જીજીભાઈ પોતાની માસીનાં છોકરા મરનાર શેઠ મેહેરવાંનજી માણેકજી તબાકનાં હાત નીચે મેહેતાગીરી કરવાને સારૂં ચાકરી રહેઆ હતા. એ છેહલો જણાવેલો ગહરસથ ચીન દેશ ખાતે વેપાર કરતો હતો, અને વેપારનાં કાંમશર તે તરફ

આવજાવ કરતો હતો. શેઠ મેહેરવાનજીની સાથે સર જમશેદજીએ સને ૧૭૯૯ નાં વરસમાં પેહેલી સફર ચીન દેશની કરી હતી. એ સફર તથા એ પછીની બીજી સફરોથી ચંચલ મનના સર જમશેદજીએ વેપાર સંબંધી ઘણીએક માહીતગારી મેલવી હતી, તેહેવી રીતે કે થોડી મુદતમાં તેવણે પોતાના શશરા શેઠ ફરામજી નશરવાંનજીની શાથે પંતીઆલાંપણું ચાલુ કરીને પોતાનો વેપાર વધારીઓ હતો. કેહેછે કે એ વખતમાં સર જમશેદજી પાસે ૨૦૦૦) રૂપીઆ કરતાં વધારે પુંજી હતી નહી, પણ તેવણે પોતાની શારી આંટથી ઉછીકું નાણું લેઇને, તથા પોતાના શશરાની મદત મેલવીને, વેપારને કીજે ૩૫૦૦૦) રૂપીઆની થાપણ ભેગી કરી હતી. એ રકમ ઉપરથી સર જમશેદજીની શંગલી પછવાડેની દોલતનો પાએઓ બંધાએઓ હતો.

સર જમશેદજી પોતાનાં શશરાને મુંબઇમાં રાખીને ચીન જતા હતા. ચીનથી આવતાં એક વેલાએ સર જમશેદજીએ "ઇશિટ ઇનડીઆ કંપની" નાં લડાઇનાં એક બારકશ મધે ઉતારો લીધો હતો કે જે બારકશ આડમીરલ સર નાઠનીઅલ ડાનશની સરદારી તલે હતું. તે વખતમાં ઇંગરેજ તથા ફરેંચ લોકોને ઘણો જઘડો ચાલતો હતો, સર જમશેદજીવાલાં બારકશને બેંગાલ સમુદરમાં ફરેંચ વાવટાનાં લડાઇનાં એક બારકશ શાથે લડાઈ થાઈ હતી, કે જેહેમાં ઇંગરેજ લોકો ફતેહમંદ થાએઆ હતા, અને તેથી સર જમશેદજી ખુશહાલી સાથે પોતાને ઘેર આવેઆ હતા. મુંબઈ આવેઆ પછી સર જમશેદજીને એક દીલગીરી ભરેલો દેખાવ જોવો પડેઓ હતો, કે જેથી તેવણની વેપાર સંબંધી આબાદીમાં ખલલ પોહોંચવાની ઘણી ધાશતી પેદા થઈ હતી. એ બનાવ ઇસવી સને ૧૮૦૩ નાં વરશની મુંબઈ મધેની મોહોટી આગથી બનેઓ હતો. એ આગમાં સર જમશેદજીનો કેટલોએક માલ બલી ગએઓ હતો તથા તેવણને બીજું કેટલુંએક નુકશાન થાઇઉં હતું.

સર જમશેદજીએ સગલી મલીને ચીન ખાતે પાંચ સફર કરી હતી, અને તે મધેની છેલલી સફર સને ૧૮૦૭ નાં વરસમાં થાઈ હતી. એ વખતની આગમજ ઇઆને ચોથી સફરમાં ચીનથી મુંબઈ આવતી વખતે જે વાહાણમાં સર જમશેદજીએ સવારી કરેલી હતી તેહેને ફરેંચ લોકોનાં બે લડાઇનાં બારકશોએ જપત કરેઉં હતું. વાહાણ જપત થાએઆથી સર જમશેદજી પાશેનો સગલો અવેજ ફરેંચ લોકોએ છીનવી લીધો હતો, અને તેવણને લડાઇના બંધવા દાખલ પકડીને "કેપ આવ ગુડહોપ" ખાતે લઇ ગએઆ હતા. "કેપ આવ ગુડહોપ" નું સવસથાંન તે વેલાએ વલનદા લોકોનાં હાતમાં હતું. કેપ મધે ફરેંચ લોકોએ સર જમશેદજીને છોડી દીધા તે વેલાએ તેવણ પાશે આંગ ઉપર કપડાં સીવાએ બીજી કોઇબી ચીજ હતી નહી. એ સંકટની વખતે કેટલીએક ઇઉરોપીઅન લેડીઓ સર જમશેદજીને મદદગાર થાઈ હતી. સર જમશેદજીનાં શાંભલેઆમાં આવેઉં કે એ લેડીઓ કેપથી "ડાંનીશ" વાવટાનાં એક બારકશમાં કલકતા ખાતે જનારછે તે ઉપરથી સર જમશેદજીએ જઇને એ લેડીઓની આગલ પોતાનો હેવાલ કહી શંભલાવેઓ, તારે તેણીઓએ દએઆ લાવીને સર જમશેદજીની હાલત વીશે કેપ ખાતેના ઇંગરેજી "કાંનશલ" ને વાકેફ કીધો. એ દએઆલુ કાંનશલે સર જમશેદજીને વીશ ડાલર રોકડા અને થોડોએક ખોરાક આપીને ઉપલાં બારકશ મધે કલકતા ખાતે ચહડાવેઆ. કલકતે જઈ પોહચેઆ પછી થોડાંએક અઠવાડીઆંમાં તેઓ મુંબઈ આવેઆ. મુંબઈ સલાંમત આવી પોહોંચેલા જોઇને સર જમશેદજીના એશીઓને મોહોટી ખુશહાલી ઉતપન થાઈ હતી, કાંએ કે તેઓએ એ ગહરશથને પાછો જોવાની ઉમેદ થોડીજ રાખી હતી.

સને ૧૮૦૭ પછી સર જમશેદજીએ કોઇબી મુશાફરી કરી હતી નહીં. તેવણે પોતાનું મથક મુંબઇમાંજ રાખીને ચીન, કલકતા, શીકાપોર, શીઆંમ, મનીલા, અને એ વગેરે બીજાં દેશાવરોનો વેપાર ચાલુ કરેઓ હતો. વેપારની કુનેહ અને ગણતરીમાં થોડાજ દેશીઓ સર જમશેદજીની બરોબરી કરી શકશે. સને ૧૮૦૭

થી તે સને ૧૮૪૨ શુધીનાં વેપારમાં સર જમશેદજીએ પાદશાહી લાએક દોલત મેલવી હતી એટલુંજ નહીં પણ એક નામીચા વેપારી દાખલ તેવણુની કીરતી દેશેદેશ ફેલાઈ હતી. એ દોલતનો ભલો ઉપીઓગ સર જમશેદજીએ જેવો કીધોછે તે માફક થોડાજ લોકો ઉપીઓગ કરી શકશે. તેવણુની ખાતરી હતી કે ઓદાતાલાએ આ દુનીઆં.મધે માણુસને ફકત પઇશા ભેગા કરવાને ખાતર સરજેલું નથી. પઇસા ભેગા કીધા પછી માંણુશોની ફરજ ઇનિશાંનીએતના હકમાં ફાએદો કરવાનીછે, કે જેથી ઓદાતાલાની બખશેશનો તે માંણુસ વાજબી લાભ લેઈ શકેછે. આ વીચાર ઉપરથી સર જમશેદજીએ પોતાની નેમ પોતાના જાતભાઇઓ તથા બીજાઓનું ભલું ઇછ્વાની, અને તેઓનાં દુખનું નીવારણ કરવાની, અને તેઓનાં ફાએદાનાં કાંમો કરવાની, રાખી હતી, કે જે ઉપરથી સર જમશેદજીએ પોતાની સખાવતથી પોતાનું નાંમ જગત પરશીધ કીધુંછે, અને તેથી કરીને જે ટોલાનાં લોકોમાં તેવણુ જનમ પાંમેઆ હતા તે ટોલાની હોરમતમાં તેવણે વધારો કીધોછે.

સર જમશેદજીએ કરેલી શખાવતની શરૂઆત ઇસવી શને ૧૮૨૨ નાં વરશથી થાએછે, કે જે વરશમાં એ નાંમીચા પુરૂશે મુંબઇની જેલ મધે કેટલાએક ગરીબ બંધવાઓનું કરજ આપીને તેઓનો છુટકારો કરાવેઓ હતો. એ વરશ પછી સર જમશેદજીની સખાવત પાંણીનાં એક જહરાની માંફક હવડાં શુધી વેહતી રહીછે, અને જે માફક એક નદીનું મુલ નાંધલાં નાંલાંથી શરૂ થાએછે, પછી જેમ આગલ ચાલેછે તેમ વધારે ફેલાએછે, તેજ માફક સર જમશેદજીની સખાવત વરશ દર વરશ વધતી ચાલીછે. એ નાંમીચા પુરૂશની બેશુમાર ખાંનગી અને ચાલુ સખાવતોની ગણુતરીનો આધાર હમારી પાશે નથી, તોપણ તેવણે સખાવતનાં જે મોટાં કાંમો કીધાંછે અને તે વીશે આલંમના લોકો જાંણીતાછે, તેની વીગત હમો નીચે આપીએછે.

૧ સર જમશેદજી જીજીભાઇએ મુંબઇના પારસીઓને વાશતે કરેલી શખાવતનાં ધરમખાતાંમાં ૪૪૦૦૦૦

૨ શુરતનાં પારશીઓને વાશતે કરેલાં ધરમખાતાંમાં... .... ૧૨૫૦૦૦

૩ નોશારીનાં જરતોશતીઓને વાશતે કરેલી શખાવતનાં ધરમખાતાંમાં........... ૬૨૫૦૦

૪ એલાહી બાગ અને બીજી ઈમારતો મુંબઈના પારશીઓને વાપરવાને સારૂં ધરમ ખાતે આપી તેના ૭૦૦૦૦

૫ પુણાં મધે અગીઆરી બંધાવી તેહેના. ૪૫૦૦૦

૬ નોશારી મધે પારશીઓને વાસતે ધરમશાલા તથા બાગના ૨૦૦૦૦

૭ નોશારી મધે પારસીઓની તરફથી ગાએકવાડ સરકારમાં ભરેઆ......... ૧૭૦૦૦

૮ મુંબઈની પારશીની પંચાએતનાં ધરમખાતાંમાં પરચુટણ વેલાએ ભરેલી રકમ. ૧૫૦૦૦

૯ શુરત તથા નોશારીની અંનજુમંનનાં ફંડ મધે જુદી જુદી વેલાએ ભરેલી રકમો, તથા શુરત મધે મોટી આગ લાગી તે વેલાએ રવાને કરેલી બખશેશ, અને ગુજરાતના પારશીઓના ફાએદાને સારૂં આપેલી બીજી રકમો.. ૨૫૦૦૦૦

૧૦ દોખમાંઓ, અગીઆરીઓ અને એ વગેરે બીજાં ધરમનાં મુકામો ઉપર ખરચેલી રકમ...... .... ૪૦૦૦૦

૧૧ શેઠ મોતીચંદ અમીચંદનાં પુનને શારૂં કરેલું ધરમખાતું ૩૦૦૦૦

૧૨ મુંબઇનાં પાંજરાપોલમાં ૭૨૦૦૦

૧૩ દેશી કુટંબોને આપેલો આશરો...... ૪૪૦૦૦

૧૪ સર જમશેદજી જીજીભાઈ હાશપીટલ બાંધવાના ખરચને ફીજે આપેલી રકમ. ૧૬૦૫૦૦

૧૫ ઉપલી હાશપીટલને લગતું શુવાવડખાંનું બંધાવેઉં તે ઉપર ખરચના... ૩૦૦૦૦

૧૬ મેહેમનો પુલ બંધાવેઓ તે ઉપર... ૧૫૫૦૦૦

૧૭ મેહેમનાં પુલ આગલનો મોહોટો રસતો બંધાવેઓ ૨૨૦૦૦

૧૮ વાંદરામાં તલાવ તથા એરલાપારલાનો પુલ ૧૦૦૦૦

૧૯ પુણાંનો બંદ બંધાવેઓ ૧૮૦૦૦૦

૨૦ ભાંએખલાના રસતા ઉપર તલાવ બંધાવેઓ તેના ૨૩૦૦૦

૨૧ ખંડાલા મધે ધરમશાલા ઈતીઆદી ઉપર. ૨૦૦૦૦

૨૨ મુંબઈ મધે "ડીશટરીકટ બેનવોલેનટ" ની ધરમશાલા ખાતે ૧૫૦૦૦૦

૨૩ મુંબઈ મધે ચીતાર તથા બીજી ઉમદા કારીગીરી શીખાડવાને શારૂં "ઇશકુલ આવ ડીશાએન" કાહાડી તેના...... ૧૦૦૦૦૦

૨૪ કુવા—તલાવ ઈતીઆદી બંધાવેઆ તેના ૨૫૦૦૦

૨૫ બાઠાં મધે પુલ બંધાવેઓ તેના ... ૭૦૦૦

૨૬ "ગરાંટ મેડીકલ" કાલેજ મધે ઈનાં-મનું ફંડ	૧૫૦૦૦
૨૭ "એલફીનસટન કાલેજ" ની પરોફેશ-રશીપનાં ફંડમાં....................	૧૧૦૦૦
૨૮ પરચુટણ જાહેર ધરમખાતાંઓની ટીપમાં.	૭૦૦૦૦
૨૯ નોશારીમાં કરવા ધારેલું દવાખાનું...	૭૫૦૦૦
રૂપીઆ	૨૨૯૧૦૦૦

જારે કોઈબી માંણુશ ઉપલી રીતનાં ભલાં કામો કરવા પછવાડે કશદ કરે તારે અલબત જે કાંઈ ઈજત તેહેને આપવી ઘટેછે તે આપવાની સરવે કોઈની ફરજછે. જમશેદજી જીજીભાઈની પોતાના દેશીઓ તરફની ભલી શુચનાં અને તેવણની અતી ઘણી મોહોટી સખાવત મુંબઈના આગલા ગવરનર સર જેમશ રીવટ કરનાંકે જોએઆથી એ અમલદાર જારે ઇંગલંડ ગએઓ તારે તેણે ઇંગલંડનાં સતાવાલાઓની નજદીક સર જમશેદજીનાં ખુબી ભરેલાં કાંમો વીશે ઓલાસો કીધો. એ ઓલાશા ઉપરથી આપણી નામદાર રાંણીએ આપણા હીનદી હાકમને "નાઈટ" નો એતાબ આપવાનો ઠરાવ કરેઓ હતો. એ એતાબ આપવા વીશેની નામદાર રાંણીની તરફની સનદ ઈશ્વી સને ૧૮૪૨ ના મેએ મહીનાંમાં અતરે આવી પોહોંચી હતી, અને તે સનદ તે વખતનાં મુંબઈનાં ગવરનર નામદાર મી૦ એનડરશને પરેલનાં સરકારી મેહેલ મધે એક મોહોટી મીજલશ ભરીને આપી હતી. એ મીજલશમાં નામદાર ગવરનરે જે ભાશણ કરેઉં હતું તેનો તરજુમો હમો નીચે ઉતારી લઈજીએછે—

"સર જમશેદજી જીજીભાઈ—નામદાર રાણી વીકટોરીઆ તમારા ઉપર મેહેરબાંન થાઈને તમોને ગરેટ બરીટનના રાજના નાઈટનો એતાબ આપેઓછે, અને તેની સનદ તમોને મારી મારફતે મોકલાવીછે. બોરડ આવ કનટરોલનો સરનશીન લારડ ફીટજેરલડ તથા નામદાર કોરટ આવ ડરેકટરો તમોને આ માન ભરેલો એતાબ મલેલો જોઈને ઘણા ખુશી થએઆછે.

"નાઈટની પદવી ઇઉરોપના રેહેવાસીઓની અંદર ઘણી માંન ભરેલી ગણાએછે. મોટા મોટા બુધીવાંન શખસો તથા બીજા ગરહસથો બાહાદુરીનાં કાંમો કરીને અથવા પોતાની ખુબી બતલાવીને આ માંન ભરેલો એતાબ મેલવવાની હમેશાં કોશેશ કરેછે.

"તમોએ માણસ જાતનાં કલેઆંણ કરવાનાં કામોની અંદર તથા માણસો ઉપરનાં સંકટો તથા દુખોમાં ઘટારો કરવાની અંદર જે પાહાદશાહી સખાવત કીધીછે, તે સખાવતથી આ માન ભરેલો એતાબ તમોએ મેલવીઓછે, અને પરથવીનાં નામાંકીત પુરૂસોની ટીપ મધે તમોએ પોતાનું નામ નોધાવીઉંછે.

"જે મોટો માન ભરેલો એલકાબ તમોને મલીઓછે તે જોઈને તમારા દેશીઓ ઘણા ખુશી થશે, તથા તેઓનાં જોવામાં આવશે કે નામદાર રાંણી વીકટોરીઆ સગલી કોમ વાલી પોતાની રઈઅતને એકસરખી ગણેછે, અને જેઓ સારાં કામો કરેછે તેઓ રાણીની રાજધાનીથી ગમે તેટલા દુર રેહેતા હોએ, અથવા તેઓ રાણીનાં રાજની કોમથી જુદી કોમના લોકો હોએ, તે છતાં પણ તેઓનાં નેક કામને લીધે તેઓને મોટું માન આપવામાં આવેછે.

"તમોને લાંબી મુદત થાઈ ઓલખુંછું, તથા તમારી વખાણવા લાએક ચાલથી પુરતી રીતે વાકેફછું, તેથી તમોને નાઈટના એતાબની સનદ મારા હાતથી આપવી જોઈને મને ઘણી ખુશી લાગેછે. એ સનદ તમોને હું નજર કરુંછું, અને તમોને જે માન ભરેલો એલકાબ મલીઓ તે વાસતે મોબારકબાદી આપુંછું."

ઇઉરોપ ખંડના રાજવાલાઓની તરફથી હીંદુસથાંન અથવા એશીઆ ખંડના કોઈબી વતનીને આ એતાબ પેહલ વેલાજ આપેઆમાં આવેઓ હતો. હમોએ કેહેવાને ભુલવું નહી જોઈએ કે સર જમશેદજીને ઉપલો એતાબ આપતી વેલાએ પરેલવાલા સરકારી બંગલામાં એક મોહોટી જીઆફત આપેઆમાં આવી હતી. ઉપલો એતાબ આપેઆ પછી નામદાર રાંણીએ સર જમશેદજીને વધારે માંન આપવાનો ઠરાવ કરીને સને ૧૮૪૩ ના ડીશેમબર મહીનાંમાં સુનાનો એક ચાંદ તેવણને ભેટ મોકલેઓ હતો. એ ચાંદની એક બાજુએ નામદાર રાંણીની તશવીર કોતરેલીછે, અને

તેહેની બીજી બોરદુએ આ રીતે લખેલુંછે—"સર જમશેદજી જીજીભાઈને તેવણુની સખાવત તથા દેશહીતકારીપણાંનાં માંન દાખલ બરીટીશ સરકારે ભેટ આપેલીછે."

એ ચાંદ આપતી વેલાએ પરેલના સરકારી મેહેલ મધે ફરીને મોહોટી મીજલશ ભરેઆમાં આવી હતી, તે વખતે મુંબઈનો ગવરનર સર જારજ આરથર હતો. એ વખતે નામદાર ગવરનરને તાંહાં જે મેહેમાનો ભેગા થાએઆ હતા, તેઓ મધે કલકતાનો બાબુ દુવારકાનાથ ટાગોર પોતાના રેશાલા સાથે હાજર હતો. એ મીજલશમાં નામદાર ગવરનર સર જારજ આરથરે નીચે મુજબ ભાશાણ કરેઉં હતું.

"સર જમશેદજી જીજીભાઈ,—બરીટીશ સરકારની તરફથી તમોને એક ચાંદ આપવાને બોરડ આવ કનટરોલે મને હોકમ કીધોછે. સગલા સરકારી અમલદારો તથા તમારા કેટલાએક મીતરોની હજુર તમોને એ ચાંદ આપવાની જે મેં આજ દીને ગોઠવણ કીધીછે તે તમોને પસંદ પડશે હેવી મારી આશાછે.

"આ ચાંદની એક બાજુએ રાણીની તસવીર હીરાથી જડીછે. રાણી વીકટોરીઆ પોતાનાં સંગલાં રાજને માથે વડીછે. એ ચાંદની બીજી બાજુએ કોટરવામાં આવીઉંછે કે, "સર જમ-
"શેદજી જીજીભાઈને તેવણુની સખાવત તથા
"દેશહીતકારીપણાંનાં માન દાખલ બરીટીશ
"સરકારે ભેટ આપીઓછે."

"સર જમશેદજી, આ ચાંદ તમોને તમારાં જે સખાવતનાં કામોને વાસતે બખશીશ કરવામાં આવેઓછે તે બાબે પુછપરછ કરેઆથી મારા જાણવામાં આવેઉંછે કે તમોએ જે નાણાંની મોટી રકમ ઉપીઓગી કામો પછવાડે ખરચીછે તેની સંખીઆ નવ લાખ રૂપીઆછે. હાવાં કામને નામદાર રાણીની સરકારે "સખાવત તથા દેશાભીમાન" નો એલકાબ આપીઓ છે તે વાજબીછે.

"કેટલાએક લોકો લશકરી માન મેલવવાને બાહાદુરી તથા હીમતનાં કાંમો લડાઈનાં મેદાનમાં કરીને માંન મેલવેછે. બીજાઓ માન મેલવવાને કીજે ધારા બાંધનારી સભાઓ મધે તથા રાજકારોબાર મંડલીમાં ઘણી કોશેશ કરેછે. પણ તમો સાહેબે, માન મેલવવાને કીજે પરોપકારી અને માણસોનાં દુખો ઓછાં કરવાનાં, અને સખાવતનાં કામોથી માન મેલવવાની કોશેશ કીધીછે, અને તે કોશેશનો બદલો તમોને મલીઓછે. આ ઉમદા ચાંદ રાંણીના હોકમથી તમોને બખશીશ કરવામાં આવેઓછે, તે ઉપરથીજ તમારી લાએકી માલમ પડેછે. હાવો સારો બદલો તમારી પાદશાહી સખાવત તથા દેશનાં કલેઆંણને વાસતે આપવામાં આવેઓછે.

"તમોએ જે જાહેર સખાવતનાં કામો કીધાંછે તેની સાથે તમોએ જે ખાંનગી સખાવત કીધીછે તે બાબે પુછપરછ કરતાં માલમ પડીઉંછે કે તે સખાવત બાબે તમારાં કુટંબનાં માણસોનેબી માલમ નથી, અને તે સખાવત પણ બેહદછે.

"સાહેબ, હાવાં શારાં કામોને વાશતે તમોને આ કરતાં વધારે સારૂં માન ખોદાતાલાની દરગાહમાં તમારી જીંદગીની આખેર થ.એઆ પછી મલશે. જારે તમો મરવાનાં બીછાંણાં ઉપર પડશો તારે તમોને ખોદાએ મોટી દોલત આપી તે દોલત તમોએ સારી રીતે વાપરી જાણી તે સખાવતનાં કામોની ઈઆદદાસત તમોને મોટો દીલાશો આપશે.

"તમોને આ ચાંદ બખશીશ કરવાની હું રજા લઉંછું, અને આશા રાખુંછું, કે તમો એ ચાંદ લાંબી મુદત તુલીક પેહેરો."

સર જમશેદજી જીજીભાઈને "નાઈટ" નો ખેતાબ મલેઓ તેહેની ખુશાલીમાં મુંબઈનાં જરતોશતી ગહરશથોએ પોતપોતામાં રૂપીઆ ૧૫૦૦૦ ની એક ટીપ ઉભી કરીને "સર જમશેદજી જીજીભાઈ ટરાંનસલેશન ફંડ" હેવાં નાંમથી પુસતકો પરસીધ કરવા સારૂં એક ખાતું ઉભું કરેઉં હતું, કે જે વીશે હમારા જરતોસતી વાંચનારાઓ સારીપેઠે જાણીતાછે.

ઈંગલંડની રાંણીની તરફથી "નાઈટ" નો ખેતાબ જે ગહરસથોને આપેઆમાં આવેછે તે માંતરે તે ગહરસથની જીનદગી સુધીજ કાએમ રેહેછે, અને જીનદગી પછી તે ખેતાબ તેહેનાં કુટુંબમાં ચાલુ રેહેતો નથી. એ સબબ ઉપ-

રથી, અને સર જમશેદજી જીજીભાઈએ કરેલાં ભલાં કામોની ઈજત તેવણનાં કુટંબમાં વંઉશ પરમપરા ચાલુ રેહે એટલા માટે, નામદાર રાંણીએ ગએઆં શાલમાં સર જમશેદજીને "બારોનેટ" નો એતાબ બખશેઓ હતો. એ એતાબ સર જમશેદજીનાં કુટંબમાં તેવણનાં વડા છોકરાથી હવે પછે ચાલુ રેહશે, અને તેવણનો વડો પુતર શેઠ ખરશેદજી જમશેદજી હવે પછી "સર જમશેદજી જીજીભાઈ બારોનેટ" હેવાં પોતાના બાપની માંફકનાં નાંમથીજ ઓલખાશે. એ નામ શાથે તેવણના વડા પુતરને રૂપીઆ પચીસ લાખની હલાએદી દોલત મલીછે, તે વીશે હીંદુસથાનની ધારા બાંધનારી સભાના આકટથી હેવો બંદોબસત કરેઆમાં આવીઓછે કે એ નાણાંની દર શાલની એક લાખ રૂપીઆની આએપત તેવણનો એતાબ ધરાવનાર શખસને મલે. સર જમશેદજી જીજીભાઈએ પોતાની કોમના લોકોને વાસતે તથા બીજી સંગલી ગનેઆતનાં લોકોનાં ફાએદાને સારૂં જે મોહોટાં અને નાંમીચાં કામો કીધાંછે તેહેની બફાદારી બતલાવવાને સારૂં સને ૧૮૫૬ ના જુન મહીનાંમાં મુંબઈનાં યઉરોપીઅન તથા દેશી લોકોની એક મોટી શભા મુંબઈનાં "ટાંઉનહાલ" મધે મલી હતી, અને એ સભામાં આલમના લોકોની તરફથી ખરચ કરીને સર જમશેદજી જીજીભાઈનું સંગેમરમરનું એક બાહાવલું બનાવી "ટાઉનહાલ" મધે મુકવાનો ઠરાવ થાએઓ હતો. એ બાહાવલું જે ઇંગલંડથી આવી પોહોંચીઉંછે તેહેને "ટાઉનહાલ" માં કોઈ લાએક જગા ઉપર મુકવાની હવડાં ગોઠવણ થાએછે. "ટાઉનહાલ" મધે ભરાએલી શભાના સરનશીનનું કામ આપણા હાલના નામદાર ગવરનર લારડ એલફીનસટને ચલાવીઉ હતું. એ શભામાં એ નાંમદારે જે ભાશાણ કરેઉં હતું તે સર જમશેદજીને એટલું તો માંન આપનારૂં છે કે તે નીચે ઉતારી લેવાની હમો અગત જાંણીએછે.

"આ શભામાં ખુરશી લેવાની મને જે અરજ કરવામાં આવી હતી તે અરજ કબુલ કરતી વખતે મને અતીઅંત ખુશાલી લાગી હતી. આજે આપણે સંગલા સર જમશેદજી જીજીભાઈને માંન આપવાને કીજે ભેગા થએઆછે. જે મતલબથી આપણે આજે ભેગા મલેલા છેઈએ તે મતલબ સગલા લોકોને પસંદ પડશે. જેઓ આ દેશના રેહેવાશીઓની હાલત શુધારવાનાં કામ ઇછવાંક ઉલટ લેછે તેઓ તેમાં વધારે મધન થશે. જે વખતે લોકો પોતાની રાજી ખુશીથી પોતાના દેશના એક પરોપકારી અને સખી નરનાં કામોની કદર પીછાણીને તેને માન આપવાને કીજે શભા ભરીને એકઠા થાએછે એ શારા વખતની એક નીશાનછે. જે ગરહસથો સર જમશેદજી જીજીભાઈને તેની મોટી પાહાદશાહી સખાવતને કીજે માન આપવાને એકઠા થએઆછે તેઓ એ કામથી પોતાનાં દીલને મોટી જેબ આપેછે. આજે જે શભા એકઠી થઈછે તે શભાજ પોતાનીમેલે ખુલી રીતે જાહેર કરેછે કે સર જમશેદજી જીજીભાઈને લોકો કેવી રીતે ચાહેછે તથા તેનાં નામને તેઓ કેટલું માંન આપેછે. આ માન જે એ ઉમરાવે મેલવીઉંછે તેનો સગલો આધાર તેની સખાવત ઉપરછે હેવું નથી. એ ઉમરાવ ગરહસથની સખાવતથી ફકત આ ટાપુના રેહેવાસીઓને ફાએદા થએઆછે એટલુંજ નહી પણ આ આખા ઇલાકાના લોકના હકમાં જે ફાએદા હાંસલ થએઆછે તે બાબે બોલીને તમારો કીમતી વખત રોકવાને હું ઇછિતો નથી, પણ ટુકમાં એટલું જણાવવાની રજા લઉંછું કે, તેણે પચીસ લાખ રૂપીઆ સખાવતનાં કામોની અંદર ખરચીઆછે. હાવી પાહાદશાહી સખાવતનો દાખલો આપણને કીઆ દેશની અંદર અને કીઆ જમાનાની અંદર બીજો મલી આવશે?

"આપણી ટાપુ મધે પાણી લાવવાનાં બાંધકાંમને સારૂં જે ખરચ થશે તેનો અડશતો પચીસ લાખ રૂપીઆ થએઓછે. બે કરોડ રૂપીઆની મોટી રકમ ખરચીને ગરેટ બરીટનમાં લીવરપુલ, માનચેશટર, અને ગલાશગો એ તરણ નાંમીચાં શેહેરોમાં પાણી લાવવાનાં બાંધકાંમો તઈઆર કરવામાં આવીઆંછે. એ તરણ શેહેરની દોલત આપણી ટાપુની દોલત

કરતાં આઠ ઘણી વધારેછે ખરી, પણ એ તરણુડ શેહેરો મધેથી હેવો એકબી કોઈ નર નીકલીઓ નથી કે જેણે સખાવત પછવાડે પચીસ લાખ રૂપીઆની મોટી રકમ સર જમશેદજીની માફક ખરચ કીધી હોએ.

"સર જમશેદજી જીજીભાઈ વીશે જે સારો વીચાર મારો છે તે વીચાર કંઈ એ ઉમરાવ ગરહશથની ફકત સખાવતની રકમની મોટી સંખીઆને લીધે નથી પણ તે સખાવત કરવાની ભલી રીતથી છે. બે હજાર વરસની વાત ઉપર સુંધ ધરમ પાલનારા લોકો તથા થોડીએક સદીની વાત ઉપરના ખરીસટીઅનો પોતાનાં ઘર બાહાર તથા કુટંબનો તીઆગ કરીને પોતાના જાતભાઈઓનાં કલીઆંણ કરતા હતા તથા પોતાની દોલત બખશીશ આપતા હતા. હેવી સખાવતની સાથે સર જમશેદજીની સખાવતનો મોકાબલો કરવાનો મારો વીચાર નથી. સર જમશેદજીની સખાવતનાં સંગલાં જાહેર કામો પારસી બેનીવલંટ ઈનસટીટીઉશન વતરોગે એખલા પારસીઓને સારૂં નથી પણ હીંદુ, મુસલમાંન, ખરીસટીઅન, ઈહોઉદી, અને બીજી સગલી વરણના લોકોને સારૂં ઉભાં કરવામાં આવેઆં છે.

"સર જમશેદજી જીજીભાઈની સખાવતના ઉપલા સારા ગુણને લીધે તથા તે સખાવત જે ગરીબ ગુરબાંનાં દુખ ઓછાં કરવાની ધારણાથી કરવામાં આવીછે તેને લીધે એ ઉમરાવ ગરહસથનું નાંમ સગલે પરસીધ થએઉં છે, અને તે નામને સંગલી કોમના લોકો એક સરખી રીતે માન આપેછે. હાવા ગરહસથને સાન આપવાને કીજે આપણે સંગલાઓ આજે આ જગાએ એકઠા મલીઆછે. એ ગરહસથે જેવી મોટી સખાવતથી પોતાનું નાંમ પરશીધ કીધું છે તેવીજ રીતે તેનું નામ તેની દોલતને કીજે દુનીઆમાં વખાણાએલું છે. પરમાણીકપણે તથા પોતાના ધંધાની અંદર જાતી ઉદીઓગ અને જાતી ચાલાકીથી તેણે મોટી દોલત મેલવીછે. પરમાણીકપણાં તથા ઉદીઓગ, દોલત મેલવવાનો રસતો ખુલો કરેછે તે બાબે શર જમશેદજી જીજીભાઈનો દાખલો નકલ કરવા લાએકછે. એ ગરહશથને આપણે શા વાશતે માન આપવું જોઈએછે તે બાબે જેટલું મારે બોલવું જોઈએ તે કરતાં હું ઘણું થોડું બોલીઓછું. તોપણ આપણે એ નામીચા ગરહસથની ઈઆદદાશત કેવી રીતે કાએમ રાખવાને આજે આ શભામાં આવેઆ છઈએ તે બાબે થોડાએક ખોલાસો કરવાની તમારી પાસે હું રજા માગી લઉં છેઉં.

"મારા સાંભલવામાં આવેઉંછે કે કેટલાએક લોકોનો વીચાર સર જમશેદજીની ઈઆદદાસત કાએમ રાખવાને કીજે એક પુતલું બનાવવાનો નથી. પણ તેનાં બુજરગ નામને માન આપે હેવાં એક પરોપકારી કામ સાથે જોડવાનોછે. આ વીચાર સાથે મારો વીચાર મલતો આવતો નથી, કારણ કે એ ઉમરાવ ગરહસથે દરેક પરોપકારી કામની અંદર પોતાને હાતે પોતાની સખાવત કામે લગાડેલીછે. તેણે જે હાશપીટલ, કેલવણી ખાતાંની નીશાલો, કુવા તથા તલાવો, પુલો, અને બીજાં ઉપઈઓગી કામો પોતાની જાતી કમાઈના પઈસાથી બંધાવીઆં છે તે સંગલાં એ ઉમરાવ ગરહસથની ઈઆંદદાસત કાએમ રાખશે. આ ટાઉનહાલ મધે તથા મોહોલાઓમાં જે માહાન પુરૂસોનાં પુતલાં મુકવામાં આવેઆંછે, તેઓની સાથે એ પરખીઆત ગરહસથનું બાવલું મુકવું એ વીચાર મને ઘણો પશંદછે. કારણ કે, સર જમશેદજી જીજીભાઈએ સંગલી કોમોના લોકોને જે ફાએદા કીધાછે તથા પઈસા મેલવીને તેનો સારો ઉપીઓગ કેમ કરવો તેનો એક જલકાટ ભરેલો ચીતાર એ ઉમરાવ ગરહસથનું નામીચું બાવલું આવતા જમાનાના લોકોને આપશે.

"અસલના તથા હાલના જમાનાના લોકોમાં નામાંકીત તથા ખુબીવાલા પુરૂશને માન આપવાને કીજે તેઓને જાહેર જગામાં મુકવાની ચાલ પડેલીછે. સર જમશેદજીનું બાવલું એ નામીચા ગરહસથ ઉપર તેના દેશીઓનો પીઆર તથા તેના જાતી ગુણોની એક અછી ઈઆદદાસત આવતી ઓલાદના લોકોને આપશે."

ઈસવી સને ૧૮૫૭ નાં વરસમાં લંડન શેહેરના રેહેવાશીઓએ પોતાનાં શેહેરનું છુટાપણું

ભોગવનાર એક રેહેવાશી તરીકેનો નામી તોપણ આબરૂ ભરેલો "ફ્રીડમ આવ ધી સીટી આવ લંડન" નો હક આપેઓ હતો.

લારડ એલફીનસટને પોતાનાં ઉપલાં ભાશાણુમો કહીઉં છે તેમ સર જમશેદજીની ખુબી ફકત તેવણુની બોહોલી સખાવત ઉપરજ આધાર રાખતી નથી, સર જમશેદજીમાં બીજા કેટલાએક સારા ગુણો હેવા હતા કે જેથી તેવણે પોતાની શાથે સંબંધ રાખનાર માણસોનો ઘણો પેઆર મેલવીઓ હતો. સર જમશેદજીએ પોતાની તેમજ પારકી કોમનાં લોકોનાં કુટંબો વચેના ઘણાએક બીકટ ટંટા પટાવી આપીઆ હતા, અને તેહેવાં કામોમાં છુપી રીતે ઘણી વેલાએ પોતાની પદરનું નાણું આપીને સમાધાણી કરી હતી. સર જમશેદજીએ પોતાના ઘણાએક તંગ હાલતમાં આવી પડેલા દોસતોને અથવા તેઓનાં કુટંબોને પાલીઆંછે, અને હેવી તેવણની સખાવત તેવણની હઇઆતીની છેલી ઘડી સુધી બંધ પડીતી નહી. સર જમશેદજીએ પરજા ઉપીઓગી કામોમાં જાંહાંસુધી ઓગમાં શકતી હતી તાંહાં તુલીક ઘણી મદદ કરી હતી. મુબઇ, સુરત, અને એ વગરે બીજાં મુકામોની પારસીની અનજુમનનાં ધરમ ખાતાંની પુંજી જે આજ સલાંમતી ભરેલી હાલતમાં છે, અને જેહેના સંભાલને સારૂં મજબુત બંદોબસત થાએલાછે તે કામ સર જમશેદજી જીજીભાઇની કોશેશથી બનીઉં હતું. મુંબઇની પારસીની અનજુમનનાં ધરમખાતાંનાં ફંડનો દાખલો લઇ હમો કહીજીએ છે કે એ ફંડ ગઆં એકશો વરશની મુદતમાં તરણ વખત ઉભું થાઇને તરણ વેલા બારેવાટ થાઇઉં હતું, તેહેને ચોઠીવાર સર જમશેદજીએ મજબુત પાએઆથી સજીવન કરીઉં હતું, તથા અતીઘણું વધારીઉં હતું, અને તેહેનો હીસાબ દર શાલે વીગતવારે છપાએ તે બાબેની તેવણે ગોઠવણ કરી આપી હતી, કે. જે ગોઠવણનો દાખલો હાલમાં બીજાં ધરમખાતાંવાલાઓએ પકડેલો આપણા જોવામાં આવેછે. પોતાની કોમમાં છોકરા તથા છોકરીઓને કેલવણી અપાવવાનાં કામમાં સર જમશેદજી એક મીતર હતા. આજ આસરે નવ વરશની વાત ઉપર જારે મુંબઇ મધે જરતોસતીઓની છોકરીઓને સારા પાએઆથી કેલવણી આપવાનું કામ આરંભીઆમાં આવીઉં હતું તે વેલાએ એકવાર તેવણે એ કામ ઉઠાવનાર શખશોને નાણાંની મદદ આપવાની ધારણા રાખી હતી, પણ પાછલથી એજ શખસોની તેમને મલતી રીતે છોકરીઓની તરણ નીશાલો પોતાને ખરચે તેવણે ચાલુ કરી હતી. સર જમશેદજી પોતાની કોમના લોકોમાંથી બુરી રસમો ટલી ગએલી જોવાને ખુશી હતા, પણ તેવણની દાએબાંએનાં માણસોના ભુલાવીઆંથી એવાં કાંમો માંથે લેનાર શખસોને તેવણથી આશરો મલીઓતો નહી. નઠારી રશમો તરક કરવાની સર જમશેદજીમાં ખાએશ હતી તેહેનો એક દાખલો હમો આપીએ છે, કે પારસીઓમાં જો કોઇ મરદ કે બઇરી ગુજરી જાએછે તો તેહનાં શકતીવાલાં એશીઓ મરનારની વરશી ઇઆ હેવીજ બીજી તીરથો ઉપર પોતાના દોસત આશનાવોનું જમન કરેછે. જો કે એ મુરખાઇ ભરેલી ચાલ હમણાં પારસીઓ વચે આગલના કરતાં ગણી કમતર થાઇછે તોપણ સર જમશેદજીની ચાલચલણથી વાકેફ રેહેનાર સરવે કોઇને ખબર છે કે તેવણ હેવું ખાનું કરનાર શખસોને હમેશાં ધીકારતા હતા, અને પોતે તેહેવી મીજલશમાં કધી શામેલ થાતા નહી હતા.

સર જમશેદજી જીજીભાઇએ એક ગરંથ લખનાર તરીકે પણ પોતાનું નામ કાએમ રાખીઉં છે. ઇશિવી શને ૧૮૪૩ નાં વરશમાં મુંબઇના પારશીઓની પંચાએત અને એ વગરે બીજી બાબદોના ઓલાશાની જે કેતાબ "ઓલાશે પંચાએત" હેવાં નામથી છપાઇ પરગટ થાઇ હતી તે કેતાબ સર જમશેદજીની પોતાની કલમથી લખાએલીછે, અને સર જમશેદજીને હાતની તેહેની અશલ નકલ હાલ મોજુદ છે. એ કેતાબ ઉપરથી તેહેના-મરતબો પાંમેલા બનાવનારની ચંચલાઇ, તેવણનાં ખવાશ, સારાં કામો કરવા પછવાડે ઉલટ, અને દાનાઇ વીશે આપણને કીમતી અનુભવ મલેછે. સર જમશેદજીનાં સારાં કામોની કીમત

આજ કેટલાંએક વરશની વાત ઉપર તેવણુના ઘણુાખરા જાતભાઈ પારશીઓ બરોબર રીતે સમજી શકતા નહી હતા, તેઓને આ "ઓલાશે પંચાએત" કેતાબ મધે જે જવાબ મલીઓછે તે પુરતોછે. સર જમશેદજી પોતાની સંગલી ખુબી છતાં પોતાના જાતભાઈઓને આગલા દાહડાઓ ઉપર એક કરતાં વધારેવાર અનગમતા થાઈ પડ્યા હતા, તેનાં કારણો જારે આપણે તેવણના બીજા ગુણો સાથે સરખાવી જોઈએછે તારે તે વીશે આપણી ખાતરી થાએ છે કે જો સર જમશેદજીની આસપાસનાં માણસો મતલબવાલાં અને નઠાડી ચાલનાં નહી હતે તો તેવણ પોતાની કોમમાં એક ઘડીભરબી અનગમતા થાતે નહી. પાછલથી સર જમશેદજી ઉપર સંગલા પારસીઓનો પેઆર વધીઓ હતો, અને તેઓ સંગલા એ બાજોરગ મરદને માન આપવા આહતા હતા તેમાં કશો સંધે નથી. એલમનો વધારો કરવા, એલમની વાતો સાંભલવા, અને એ તમના ફેલાવાને સારૂં પુસતકો છાપી પરગટ કરવાની ખાએશ સર જમશેદજીમાં પુર હતી.

